દૈનિક
# મુંબઈ સમાચાર
૨૦૪ વર્ષ
R.N.I. No. 1563/1957 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 120 ■ વિક્રમ સંવત ૨૦૮૨
અધિક જયેષ્ઠ સુદ- ૬ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 22 May 2026, Friday ■ REGD.No. MCS/058/2024-26
શુક્રવાર, ૨૨ મે ૨૦૨૬, (૧૨ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦
મેટિની પૂર્તિ ૫ ૬ ૭
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ડૉલર સામે રૂપિયામાં ૫૦ પૈસાનું બાઉન્સબૅક

OLD GOLD UPGRADE
Festival
GET 100% VALUE
+ ₹250 PER GRAM EXTRA
ON EXCHANGE OF OLD GOLD
TODAY'S GOLD RATE
₹ 14,562/-
PER 1 GRAM OF 22KT
ANTARA
GOLD & DIAMONDS
T&C Apply
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વૈશ્વિક સ્તરે ભૂરાજકીય તણાવ હળવો થવાની શક્યતા સાથે ક્રૂડતેલના ભાવમાં વધ્યા મથાળેથી જોવા મળેલી પીછેહઠ અને સંભવિતપણે રિઝર્વ બૅન્કે હાજર બજારમાં હસ્તક્ષેપ કરતાં ડૉલર સામે રૂપિયામાં ઘટ્યા મથાળેથી ૫૦ પૈસાનું બાઉન્સબૅક જોવા મળ્યું હતું અને ૯૬.૩૬ની સપાટીએ બંધ રહ્યો હતો. ફોરેક્સ ટ્રેડરોના જણાવ્યાનુસાર પશ્ચિમ એશિયાના ભૂરાજકીય તણાવ અંગેનાં સકારાત્મક અહેવાલે રૂપિયામાં સુધારો જોવા મળ્યો હતો, પરંતુ રોકાણકારો હજુ જોખમી પરિબળો જોઈ રહ્યા હોવાથી વિશ્વ બજારમાં ક્રૂડતેલના ભાવમાં ભારે ચંચળતાનું વલણ જોવા મળી રહ્યું છે.

આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૯૬.૮૬ના બંધ સામે સુધારાના અન્ડરટોને ૯૬.૨૫ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૯૬.૬૦ અને ઉપરમાં ૯૬.૦૫ સુધી મજબૂત થયા બાદ અંતે ગઈકાલના બંધ સામે ૫૦ પૈસાના સુધારા સાથે ૯૬.૩૬ના મથાળે બંધ રહ્યો હતો. અત્રે નોંધનીય બાબત એ છે કે ગઈકાલે રૂપિયાના એક વર્ષે પાકતા વાયદામાં ડૉલર સામે રૂપિયાએ ૧૦૦ની સપાટી દાખવી હતી,

(જુઓ પાનું ૨) ▶▶

## મોદીએ કેન્દ્રીય પ્રધાનોની બેઠક યોજી

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ દિલ્હીમાં ગુરુવારે 'સેવા તીર્થ' ખાતે કેન્દ્રના પ્રધાનોની બેઠક યોજી હતી.

મોદી અનેક વિદેશની યાત્રા પરથી પાછા ફર્યા બાદ તુરંત આ બેઠક યોજાઈ હતી અને તેમાં બધા કેબિનેટ પ્રધાનો અને રાજ્ય કક્ષાના સ્વતંત્ર અખત્યાર સંભાળતા પ્રધાનો હાજર રહ્યા હતા.

અખાતના યુદ્ધને લીધે દેશમાં ઊભી થયેલી પેટ્રોલ, ડીઝલ અને ગૅસની અછત અને ઈંધણના વધેલા ભાવ, ડૉલર સામે નબળો પડેલો રૂપિયો, કેન્દ્રના પ્રધાનમંડળમાંના સૂચિત ફેરફારને ધ્યાનમાં રાખીને આ બેઠક ઘણી મહત્ત્વની હતી.

કેન્દ્રના અનેક પ્રધાને આ બેઠકમાં પોતાના મંત્રાલયની કામગીરી અંગે રજૂઆત કરી હતી અને તે સંબંધમાં જરૂરી સૂચના અપાઈ હતી.

પ્રાદેશિક તણાવ વધી રહ્યો હોવા વચ્ચે સરકાર ક્રૂડ તેલના ભાવ, ઈંધણના પુરવઠાની ચેઈન અને ફુગાવા સાથે સંકળાયેલી બાબતો પર ચાંપતી નજર રાખી રહી છે.

વિદેશ પ્રવાસથી પાછા ફરેલા વડા પ્રધાને દેશમાં નિર્માણ પામેલી પરિસ્થિતિની સમીક્ષા કરી હતી. બદલાઇ રહેલી પરિસ્થિતિ પર નજર રાખવા સરકારે સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહના વડપણ હેઠળ ઉચ્ચ સ્તરીય પ્રધાનોના ગ્રૂપની ઔપચારિક રચના કરી હતી. કેન્દ્રીય

(જુઓ પાનું ૨) ▶▶

## પુલવામા હુમલાનો સૂત્રધાર હમઝા બુરહાન હણાયો

મુઝફ્ફરાબાદઃ પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીર (પીઓકે)માં પુલવામા આતંકવાદી હુમલામાં સામેલ આતંકવાદી હમઝા બુરહાનની ગોળી મારીને હત્યા કરવામાં આવી છે.

સૂત્રો અનુસાર પીઓકેના મુઝફ્ફરાબાદમાં અજાણ્યા હુમલાખોરોએ હમઝાને નિશાન બનાવીને અનેક ગોળીઓ ચલાવી હતી. હમઝાનું ઘટનાસ્થળે જ મોત થયું હતું.

ભારતે ૨૦૨૨માં હમઝા બુરહાનને ગેરકાનૂની પ્રવૃત્તિઓ (પ્રતિબંધ) અધિનિયમ યુએપીએ હેઠળ આતંકવાદી જાહેર કર્યો હતો.

સૂત્રો અનુસાર, હમઝા બુરહાન લાંબા સમયથી પાકિસ્તાન અને પીઓકેમાં સક્રિય હતો. બુરહાન મુઝફ્ફરાબાદની એઇમ્સ કોલેજની બહાર માર્યો ગયો હતો. તે અબુ દુજાના, અબુ કાસિમ, બુરહાન વાની અને ઝાકિર મૂસાનો નજીકનો સહયોગી હતો. તેને ૨૦૧૯ના

(જુઓ પાનું ૨) ▶▶

## બંગાળની બધી મદરેસામાં વંદે માતરમ્ ગાવું ફરજિયાત

કોલકાતાઃ પશ્ચિમ બંગાળની ભાજપ સરકારે એક મોટો નિર્ણય લીધો છે. હવે બંગાળના તમામ મદરેસાઓમાં વર્ગો શરૂ થાય તે પહેલા પ્રાર્થના દરમિયાન વંદે માતરમ્ ગાવાનું ફરજિયાત હશે. આ અંગે લઘુમતી બાબતો અને મદરેસા શિક્ષણ વિભાગે એક આદેશ જારી કર્યો છે.

હવે મદરેસાઓએ જૂના નિયમોને બદલે આ આદેશનું પાલન કરવું જરૂરી બનશે. આ નવો નિયમ સરકારી મોડલ મદરેસા (અંગ્રેજી માધ્યમ) થી લઇને તમામ સહાયતા પ્રાપ્ત અને બિન-સહાયતા પ્રાપ્ત મદરેસાઓ પર સમાન રીતે લાગુ થશે.

મદરેસા શિક્ષણ નિયામક દ્વારા જારી આદેશમાં જણાવાયું છે કે અગાઉના તમામ આદેશો અને પ્રથાઓને રદ કરતાં પશ્ચિમ બંગાળ રાજ્યમાં લઘુમતી બાબતો અને મદરેસા શિક્ષણ વિભાગ હેઠળ આવતા બધા

(જુઓ પાનું ૨) ▶▶

## ઉત્તર પ્રદેશની બધી યુનિવર્સિટીઓ-કૉલેજોમાં યુનિફોર્મ ફરજિયાત

### રાજ્યપાલ આનંદીબેન પટેલે આપ્યા નિર્દેશ

લખનઊઃ ઉત્તર પ્રદેશના રાજ્યપાલ અને રાજ્ય યુનિવર્સિટીઓના ચાન્સેલર આનંદીબેન પટેલે રાજ્યની તમામ યુનિવર્સિટીઓ અને કોલેજોમાં વિદ્યાર્થીઓ માટે ગણવેશ ફરજિયાત કરવાના નિર્દેશ આપ્યા છે. ઉત્તર પ્રદેશના રાજ્યપાલ અને તમામ રાજ્ય યુનિવર્સિટીઓના ચાન્સેલર તરીકે તેમણે જનભવનમાં આયોજિત બેઠક દરમિયાન આ જાહેરાત કરી હતી. જોકે, આ અંગે હજુ સુધી કોઈ સત્તાવાર આદેશ જાહેર કરવામાં આવ્યો નથી.

હાલમાં ઉત્તર પ્રદેશમાં કેટલીક મહિલા કોલેજો અને સેલ્ફ ફાઈનાન્સ અભ્યાસક્રમોમાં ડ્રેસ કોડ લાગુ કરવામાં આવ્યો છે, પરંતુ મોટાભાગની રાજ્ય યુનિવર્સિટીઓ અને ડિગ્રી કોલેજોમાં વિદ્યાર્થીઓ મનપસંદ કપડા પહેરીને આવે છે. નવા આદેશ હેઠળ બધી સંસ્થાઓ તેમના પસંદગીના રંગો અને ડિઝાઇન નક્કી કરીને ગણવેશ લાગુ કરશે, જેનાથી સમગ્ર કેમ્પસમાં

(જુઓ પાનું ૨) ▶▶

## ત્રણ ભારતીય સહિત ૨૭૪ પર્વતારોહકે એક જ દિવસે માઉન્ટ એવરેસ્ટ સર કર્યું

કાઠમંડુઃ નેપાળ તરફથી માઉન્ટ એવરેસ્ટ પર બુધવારે (એક જ દિવસે) સફળતાપૂર્વક ચઢાણ કરનારા ૨૭૪ પર્વતારોહકોમાં ત્રણ ભારતીયોનો સમાવેશ થાય છે, જે એક દિવસમાં અત્યાર સુધી નોંધાયેલા સૌથી વધુ ચઢાણનો નવો રેકોર્ડ બનાવે છે. બુધવારે બધા ૨૭૪ પર્વતારોહકો ૮૮૪૮.૮૬ મીટર ઊંચા શિખર પર પહોંચ્યા હતા. નેપાળમાં એક્સપિડિશન ઓપરેટર્સ એસોસિએશનના જનરલ સેક્રેટરી ઋષિ રામ ભંડારીએ જણાવ્યું કે નેપાળી શેરપાઓ સહિત આ પર્વતારોહકો એક જ દિવસમાં શિખર પર પહોંચ્યા હતા. વર્લ્ડ રેકોર્ડ બનાવનાર ટીમમાં સામેલ ત્રણ ભારતીય પર્વતારોહકોમાં તુલસી રેડ્ડી

(જુઓ પાનું ૨) ▶▶

## રશિયાની બીજી રિફાઇનરી પર યુક્રેનનો હુમલો

કિવઃ યુક્રેનિયન ડ્રોન રાતોરાત બીજી રશિયન રિફાઇનરીમાં અથડાયા, જેનાથી આગ લાગી અને કાળા ધુમાડાના મોટા વાદળો નીકળ્યા, તેવું રાષ્ટ્રપતિ વોલોદિમીર ઝેલેન્સ્કીએ ગુરુવારે જણાવ્યું હતું.

મોસ્કોના મહત્ત્વપૂર્ણ તેલ ઉદ્યોગ પરનો આ તાજેતરનો લાંબા અંતરનો હુમલો હતો.

ઝેલેન્સ્કીએ સોશ્યલ મીડિયા પર જણાવ્યું હતું કે ડ્રોન દ્વારા રશિયાની અંદર ૮૦૦ કિમીથી વધુ અંતરે સ્થિત સિઝ્રાન તેલ રિફાઇનરીને નિશાન બનાવવામાં આવ્યું હતું અને તેમણે આ ઘટનાનો એક વીડિયો પોસ્ટ કર્યો હતો.

વીડિયોની ચકાસણી કરવી કે હુમલાની સ્વતંત્ર રીતે પુષ્ટિ કરવી શક્ય નથી. રશિયાના સમારા

(જુઓ પાનું ૨) ▶▶

દીયા ફંડ
તમારા KYC ને અપ-ટુ-ડેટ રાખો
અવિરત બેંકિંગ સેવાઓ માટે

જો તમારી KYC વિગતો બદલાઈ નથી,
તો પત્ર/ઓનલાઈન બેંકિંગ/મોબાઈલ બેંકિંગ/એટીએમ/તમારા મોબાઈલ નંબર/ઈમેલ, જે તમારી બેંક અથવા બિઝનેસ કોરસપોનડેન્ટસ (BCs) પાસે નોંધાયેલા હોય તેના દ્વારા Re-KYC માટે સ્વ-ઘોષણા પત્ર મોકલો.
જો તમારી KYC વિગતો બદલાઈ ગઈ હોય,
તો નવીનતમ જાણકારી વાળા કોઈપણ એક દસ્તાવેજની નકલ પ્રદાન કરોઃ આધાર/મતદાન ઓળખ પત્ર/NREGA જોબ કાર્ડ/ડ્રાઈવિંગ લાયસન્સ/પાસપોર્ટ/નેશનલ પોપ્યુલેશન રજિસ્ટર દ્વારા જારી કરાયેલ પત્ર.


તમે તમારી નજીકની બેંક શાખાની મુલાકાત લઈને પણ તમારા KYC અપડેટ કરી શકો છો.
વધુ જાણકારી માટે, https://rbikehtahai.rbi.org.in/KYC પર જાઓ
સત્તાવાર વોટ્સએપ નંબરો 99990 41935 / 99309 91935
જનહિતમાં પ્રકાશિત
ભારતીય રિઝર્વ બેંક
RESERVE BANK OF INDIA
www.rbi.org.in



વીણા વર્લ્ડ - કસ્ટમાઇઝ્ડ હોલિડેઝ ડિવિઝન લઈને આવ્યું છે, મોસ્ટ અફોર્ડેબલ
ફિક્સ્ડ-ડેટ ગેરન્ટીડ હોલિડે
ઇન્ડિપેન્ડન્ટ હોલિડેઝ જેવી ફ્લેક્સિબિલિટી સાથે
હવે તમારો સમર હોલિડે તમેજ નક્કી કરો... તમારી પસંદગી મુજબ, એકદમ અફોર્ડેબલ કિંમતે. અને હા, ચિંતા બિલકુલ નહીં... કારણ કે વીણા વર્લ્ડ વર્ચ્યુઅલી રહેશે તમારી સાથે 24x7. છેલ્લાં અનેક વર્ષોથી વીણા વર્લ્ડનું 'કસ્ટમાઇઝ્ડ હોલિડેઝ' ડિવિઝન વિશ્વાસ સાથે પ્રવાસીઓને તેમની મનપસંદ હોલિડે ગોઠવી આપી રહ્યું છે. હવે તમે પણ નીકળી પડો... વીણા વર્લ્ડ તૈયાર છે તમારા માટે, એનિટાઇમ, એનીવેર, અરાઉન્ડ ધ વર્લ્ડ!
આજે જ નક્કી કરો, ક્યાં જવું છે અને પહોંચી જાઓ વીણા વર્લ્ડના ઓફિસે.
ફરો બિન્દાસ... વીણા વર્લ્ડ છે ને!
પસંદ કરો તમારી ફિક્સ્ડ-ડેટ હોલિડે.
Holidays @ ₹ 19,000 કેરલમ 4D / જયપૂર 4D / ઉદયપૂર 4D / ગુજરાત 5D / ઇંદોર 4D
Holidays @ ₹ 29,000 ધરમશાલા ડલહાઉઝી 6D / શિમલા મનાલી 6D / લડાખ 7D / આંદામાન 6D નૈનિતાલ મસુરી 6D / ગેંગટોક દાર્જિલિંગ 6D / કાશ્મીર 5D / આયોધ્યા વારાણસી 6D / ઊટી કોડાઈ 5D / દિલ્હી આગ્રા 6D / શ્રીલંકા 5D બેંગકોક પટ્ટાયા 5D / બાલી પૂલ વ્હિલા સ્ટે 6D / નેપાળ 6D / મલેશિયા 5D
Holidays @ ₹ 39,000 ફુકેત ક્રાબી 6D વિયેટનામ 5D
Holidays @ ₹ 49,000 ભૂતાન 8D સિંગાપોર 4D જ્યોર્જિયા 6D
*Price Per person on twin sharing (Excluding airfare, visa & insurance)
*T&C Apply
Scan for more details
હનિમૂનર્સ/ફેમિલીઝ માટે ટેલરમેડ હોલિડેઝ ઉપલબ્ધ.
Guaranteed Price | Assistance for Air ticket, Visa and Insurance | Shared Transfers & Sightseeing Included | 24x7 Travel Support
Plan your next holiday with Veena World.
Call: 1800 313 5555
customizedholidays@veenaworld.com
VEENA WORLD
Travel. Explore. Celebrate Life.

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ઓબીસી અનામતમાં ઘટાડોઃ બંગાળમાં થઈ શકે એ બીજે કેમ નહીં?

**પશ્ચિમ** બંગાળમાં નવી નવી બનેલી ભાજપની શુભેન્દુ અધિકારી સરકાર કાર્યભાર સંભાળતાં જ ધડાધડ નિર્ણયો લઈ રહી છે. શુભેન્દુની સરકારના મોટા ભાગના નિર્ણય ભાજપે ચૂંટણી ઢંઢેરામાં આપેલાં વચનોના અમલના છે પણ શુભેન્દુની સરકારે એક અત્યંત રસપ્રદ અને ચર્ચાસ્પદ નિર્ણય અન્ય પછાત વર્ગ (ઓબીસી) અનામતમાં ઘટાડાનો લીધો છે.

બંગાળમાં અત્યાર સુધી સરકારી નોકરીઓ અને શિક્ષણમાં ઓબીસી અનામત ૧૭ ટકા હતી એ ઘટાડીને સાત ટકા કરી દેવાઈ છે. પહેલાં કુલ ૧૪૭ જ્ઞાતિઓને ઓબીસી અનામતનો લાભ મળતો હતો. તેના બદલે હવે ૬૬ જ્ઞાતિઓને જ અનામતનો લાભ મળશે.

શુભેન્દુની સરકારે હાઈ કોર્ટના ચુકાદાને કારણે આ નિર્ણય લીધો છે તેથી તેને ભાજપની પહેલ ના ગણી શકાય પણ આપણે ત્યાં અનામતની વાત આવે ત્યારે રાજકારણીઓ સુપ્રીમ કોર્ટ સુધ્ધાંને ઘોળીને પી જતા હોય છે. અનામતના પ્રમાણમાં ઘટાડા માટે તો તૈયાર જ નથી થતા ત્યારે શુભેન્દુ સરકારે અનામતમાં ઘટાડાનો નિર્ણય લીધો એ મોટી વાત છે.

ભાજપ મતબેંક માટે થઈને અત્યારે ઓબીસી મતદારોના પગોમાં આળોટી રહ્યો છે ત્યારે ઓબીસી અનામતનું પ્રમાણ સીધું ૧૦ ટકા ઘટાડી દીધું તેના કારણે ઘણાંને આશ્ચર્ય થયું છે. જો કે તેમાં આશ્ચર્ય પામવા જેવું કશું નથી કેમ કે લાલો લાભ વિના લોટતો નથી. આ નિર્ણય પાછળ ભાજપનો રાજકીય ફાયદો છે જ કેમ કે ઓબીસી અનામતનો લાભ બંધ કરાયો તેમાં બહુમતી મુસ્લિમ જ્ઞાતિઓ છે. તેના કારણે ભાજપની હિંદુવાદી છાપ મજબૂત બનશે તેથી ભાજપે લોકોનું હિત નહીં પણ પોતાનો ફાયદો જ જોયો છે પણ તેના કારણે એક વાત સાબિત થઈ છે કે, સત્તાધીશો ધારે તો અનામતનું પ્રમાણ ચોક્કસ ઘટાડી શકે છે.

સવાલ એ છે કે, રાજકીય ફાયદા માટે અનામતનું પ્રમાણ ઘટાડી શકાય તો લોકોના ફાયદા માટે એવો નિર્ણય કેમ ના લઈ શકાય ? બંગાળમાં અનામતનું પ્રમાણ ઘટાડી શકાય તો બીજાં રાજ્યોમાં કેમ ના ઘટાડી શકાય ?

બંગાળ સરકારે જાહેર કર્યું છે કે, સરકાર ઓબીસી માળખાની સમીક્ષા કરવા માટે સમિતિ બનાવશે અને તેના આધારે આખી નવી યાદી બનશે. સમીક્ષા પછી જરૂર પડ્યે કેટલાક સમુદાયોને કાનૂની પ્રક્રિયા હેઠળ ફરીથી ઓબીસી યાદીમાં સામેલ કરી શકાય છે. બીજો સવાલ એ છે કે, બંગાળમાં જે કરી શકાય એ બીજાં રાજ્યોમાં કેમ ના કરી શકાય ? ઓબીસીનો લાભ મેળવવા માટે લાયક ના હોય એવી જ્ઞાતિઓને કેમ દૂર ના કરી શકાય ?

મમતા બેનરજીની સરકારે ઓબીસી અનામતને ઓબીસી-એ અને ઓબીસી-બી એમ બે ભાગમાં વહેંચી હતી. ઓબીસી-એને ૧૦ ટકા જ્યારે ઓબીસી-બીને સાત ટકા અનામત અપાતી હતી. મમતાની સરકારે મુસ્લિમ સમુદાયની કેટલીક જ્ઞાતિઓને પણ અનામતનો લાભ આપ્યો હતો. શુભેન્દુની સરકારે ઓબીસી-એ અને ઓબીસી-બી વર્ગીકરણ કાઢી નાંખીને ઓબીસી અનામતની એક જ સામાન્ય કેટેગરી કરી નાંખી છે.

મમતા ૨૦૧૧માં સત્તામાં આવ્યાં એ પહેલાંની ડાબેરી સરકારે રાજકીય ફાયદા માટે ઓબીસી અનામતનો વ્યાપ વધારવાની શરૂઆત કરીને કેટલીક નવી જ્ઞાતિઓનો ઓબીસી અનામતની યાદીમાં સમાવેશ કરી નાંખેલો. મમતા બેનરજીએ આ પ્રક્રિયા ચાલુ રાખીને બીજી કેટલીક જ્ઞાતિઓને અનામતનો લાભ આપી દીધેલો. આ રીતે ૨૦૧૦ થી ૨૦૧૨ ની વચ્ચે ઓબીસી યાદીમાં ૭૭ નવી જ્ઞાતિઓનો સમાવેશ કરાયો હતો.

શુભેન્દુની સરકારે આ તમામ જ્ઞાતિઓને ઓબીસી અનામતની યાદીમાંથી બહાર કાઢીને ૨૦૧૦ પહેલાં જે ૬૬ જ્ઞાતિને અનામતનો લાભ મળતો હતો તેમને જ અમાનતનો લાભ આપવાનો નિર્ણય પણ લીધો છે. નવી જ્ઞાતિનાં જેમને ઓબીસી ક્વોટામાંથી નોકરી અપાઈ હોય તેમની નિમણૂકો પર અસર નહીં પડે ને એ રીતે પાડાને વાંકે પખાલીને ડામ નહીં આપવાનો પ્રશંસનિય નિર્ણય પણ શુભેન્દુ સરકારે લીધો છે પણ હવે પછી ૨૦૧૦ પહેલાંની યાદીની જ્ઞાતિઓને જ અનામતનો લાભ મળશે.

મમતા અને ડાબેરીઓ મુસ્લિમ તુષ્ટિકરણનાં ચેમ્પિયન હતાં તેથી મુસ્લિમોને રાજી રાખવા મમતા અને ડાબેરીઓએ જે જ્ઞાતિઓને ઓબીસી અનામતનો લાભ આપવાનું નક્કી કર્યું તેમાં સંખ્યાબંધ મુસ્લિમ જ્ઞાતિઓ પણ હતી. આ જ્ઞાતિઓને હવે અનામતનો લાભ નહીં મળે પણ ૨૦૧૦ પહેલાં પહાડિયા, હજામ અને ચૌધુલી એ ત્રણ મુસ્લિમ જ્ઞાતિઓને મળતો અનામતનો લાભ પણ ચાલુ રહેશે.

મમતા અને ડાબેરીઓએ ઓબીસી અનામતનો લાભ વધારે જ્ઞાતિઓને આપવા માંડ્યો તેની સામે કલકત્તા હાઈ કોર્ટમાં અરજી થયેલી. હાઈ કોર્ટે ૨૦૨૪માં ચુકાદો આપેલો કે, ૨૦૧૦ થી ૨૦૧૨ ની વચ્ચે ઓબીસી યાદીમાં ૭૭ વધારાની જ્ઞાતિઓને ઉમેરવાની પ્રક્રિયા ગેરકાયદેસ અને ગેરબંધારણીય હતી તેથી તેમને રદ કરવી જોઈએ.

હાઈ કોર્ટના ચુકાદાને કારણે બંગાળ સરકાર દ્વારા ૨૦૧૦ પછી અપાયેલાં લગભગ ૧૨ લાખ ઓબીસી પ્રમાણપત્રો રદ કરાયાં હતાં. નવી ભરતીમાં આ જ્ઞાતિઓને અનામતનો લાભ નહીં અપાય એવું પણ મમતાની સરકારે નક્કી કરવું પડ્યું હતું. હાઈકોર્ટમાં થયેલી અરજીઓ પાછળ ભાજપનો દોરીસંચાર હતો તેથી ભાજપે સત્તામાં આવતાંવેંત આ ચુકાદાને આધારે અનામતની યાદીમા કાપ મૂકીને ટકાવારી પણ ઘટાડી દીધી.

ભાજપે રાજકીય ફાયદાને ખાતર પણ એક સારું કામ કર્યું છે ને દેશના દરેક રાજ્યમાં તેનું અનુસરણ થવું જોઈએ. ભારતમાં અનામત પેચીદો પ્રશ્ન છે ને મતબેંક સાથે સંકળાયેલો છે તેથી રાજકીય પક્ષો તેને અડતા નથી પણ રાજકીય પક્ષોના સ્વાર્થની બહુ ખરાબ અસરો દેશ પર પડી રહી છે. ખાસ કરીને ઓબીસી અનામતના કારણે દેશને મોટો ફટકો પડી રહ્યો છે.

આ અનામતના કારણે જનરલ કેટેગરીના તેજસ્વી વિદ્યાર્થીઓ માટે દેશમાં તકો ઓછી થઈ ગઈ છે તેથી હતાશ થઈને એ બધા વિદેશ ભણી ભાગી રહ્યા છે. આ દેશમાં પેદા થયેલા, દેશમાં પ્રાથિમક ને મોટા ભાગના કિસ્સામાં તો છેક ગ્રેજ્યુએશન સુધીનું શિક્ષણ મેળવનારા વિદ્યાર્થીઓ તકના અભાવે વિદેશ ભાગી જાય છે ને ત્યાં જ સ્થાયી થઈ જાય છે. તેના કારણે આપણે તેમનામાં કરેલું રોકાણ તો વેડફાઈ જ જાય છે પણ ટેલેન્ટેડ યુવાઓના જોરે મહાન રાષ્ટ્રનું નિર્માણ કરવાનું સપનું પણ ચકનાચૂર થઈ રહ્યું છે. જે ટેલેન્ટ ભારતના નિર્માણમાં યોગદાન આપવી જોઈએ એ ટેલેન્ટ બીજાં દેશોના વિકાસમાં ફાળો આપી રહી છે તેનું કારણ અનામત છે.

ભારતમાં અનામતનો વિચાર સદીઓથી દબાયેલા અને કચડાયેલા દલિતો તથા આદિવાસીઓને યોગ્ય તક આપવા માટે અમલી બનાવાયેલો. આ વિચાર યોગ્ય હતો તેથી અનુસૂચિત જાતિ (એસસી) અને અનુસૂચિત જનજાતિ (એસટી)ને મળતા કુલ ૨૨.૭ ટકા અનામતમાં કશું ખોટું નથી પણ રાજકીય સ્વાર્થને ખાતર ૨૭ ટકા ઓબીસી અનામત દાખલ કરાઈ તેમાં મેરિટ બાજુ પર રહી ગયું ને અનામત હાવી થઈ ગઈ. આ તમામ ૨૭ ટકા અનામત નાબૂદ ના થઈ શકે પણ ઓબીસીમાં ઘણી જ્ઞાતિ સવર્ણોની સમકક્ષ છે તેમને ચોક્કસ કાઢી શકાય ને અનામતનું પ્રમાણ ઘટાડી શકાય.

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ – સૌર ગ્રીષ્મ ઋતુ, શુક્રવાર, તા. ૨૨–૫–૨૦૨૬, ભારતીય જયેષ્ઠ માસારંભ

- ભારતીય દિનાંક ૧, માહે જયેષ્ઠ, શકે ૧૯૪૮
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, અધિક જયેષ્ઠ સુદ–૬
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે અધિક જયેષ્ઠ, તિથિ સુદ–૬
- પારસી શહેનશાહી રોજ ૧૧મો ખોરશેદ, માહે ૧૦મો દએ, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૧૧મો ખોરશેદ, માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૩જો અર્દીબહેશ્ત, માહે ૩જો ખોરદાદ, સને ૧૩૯૫
- મુસ્લિમ રોજ ૫મો, માહે ૧૨મો જિલ્હજ, સને ૧૪૪૭
- મીસરી રોજ ૬ઠ્ઠો, માહે ૧૨મો જિલ્હજ, સને ૧૪૪૭
- નક્ષત્ર આશ્લેષા મધ્યરાત્રિ પછી ક. ૨૬–૦૭ સુધી, પછી મઘા
- ચંદ્ર કર્કમાં મધ્યરાત્રિ પછી ક. ૨૬–૦૭ સુધી, પછી સિંહમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ કર્ક (ડ, હ), સિંહ (મ, ટ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૦૪, અમદાવાદ ક. ૦૫ મિ. ૫૮, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૦૬, અમદાવાદ ક. ૧૯ મિ. ૧૪, સ્ટા. ટા.
- –ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ ઃ–
- ભરતીઃ સાંજે ક. ૧૬–૩૩, મધ્યરાત્રિ પછી ક. ૦૪–૪૬ (તા. ૨૩)
- ઓટઃ સવારે ક. ૦૯–૪૮, રાત્રે ક. ૨૩–૨૩
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, 'પરાભવ'નામ સંવત્સર, અધિક જયેષ્ઠ શુક્લ–ષષ્ઠી. સપ્તમી ક્ષય તિથિ છે, ભારતીય જયેષ્ઠ માસારંભ, જરથોસ્તનો દિશો. શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ આશ્લેષા જન્મ નક્ષત્ર શાંતિ પૂજા, બુધ ગ્રહદેવતાનું પૂજન, ચંપો વાવવો, ઔષધ ઉપચાર, માલ વેંચવો, ધાન્ય ઘરે લાવવું, ઘર–જમીન મકાન, લેવડદેવડ, શ્રી વિષ્ણુ–લક્ષ્મી પૂજા.
- પુરુષોત્તમ માસ મહિમાઃ પુરુષોત્તમ માસ એ બે જવાબદાર, બેદરકાર મનુષ્યને ફળ ચેતનાર દીવાદાંડી સમાન છે. સમજુ, શ્રદ્ધાળુ મનુષ્ય, ચેતી જઈ પુરુષોત્તમ માસનો બાકીનો સમય પરમાર્થ માટે જો ઉપયોગ કરે તો આવેલા ઉત્તમ પુરુષોત્તમ યોગની કૃપા પ્રાપ્ત કરી શકે છે માટે આ માસ નિરર્થક જવા દેવો નહીં. આ મહિનામાં દરરોજ સવારે સૂર્યોદય પહેલાં સ્નાન કરી ભગવાન વિષ્ણુના 'ૐ નમો ભગવતે વાસુદેવાય' મંત્રની ઓછામાં ઓછી એક માળા અવશ્ય કરવી.
- આચમનઃ ચંદ્ર–શનિ ત્રિકોણ કામમાં મંડ્યા રહે, શુક્ર–નેપ્ચૂન ચતુષ્કોણ બદનામીનો ભય, સૂર્ય–હર્ષલ યુતિ જાહેર પ્રસંગોમાં હાનિ પહોંચે. ખગોળ જ્યોતિષઃ ચંદ્ર–શનિ ત્રિકોણ, શુક્ર–નેપ્ચૂન ચતુષ્કોણ, સૂર્ય–હર્ષલ યુતિ.
- ગ્રહગોચરઃ સૂર્ય–વૃષભ, મંગળ–મેષ, માર્ગી બુધ–વૃષભ, માર્ગી ગુરુ–મિથુન, શુક્ર–મિથુન, માર્ગી શનિ–મીન, રાહુ–કુંભ, કેતુ–સિંહ, માર્ગી હર્ષલ–વૃષભ, માર્ગી નેપ્ચ્યુન–મીન, વક્રી પ્લુટો–મકર.

# યુનોમાં કાશ્મીરનો મુદ્દો ઉખેળનાર પાકને ભારતની જોરદાર લપડાક

નવી દિલ્હીઃ ભારતે બુધવારે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ (યુએનએસસી)માં પાકિસ્તાન દ્વારા કાશ્મીરનો મુદ્દો ઉઠાવવામાં આવ્યા બાદ એનો જડબાતોડ જવાબમાં પાકિસ્તાનની આકરી ટીકા કરી હતી. ભારતે સ્પષ્ટપણે કહ્યું કે પાકિસ્તાનનો નરસંહાર અને હિંસાનો ઊંડો કલંકિત ઇતિહાસ છે, અને તે પોતાની નિષ્ફળતાઓ છુપાવવા માટે દેશની અંદર અને બહાર આતંક ફેલાવે છે.

"સશસ્ત્ર સંઘર્ષોમાં નાગરિકોનું રક્ષણ" વિષય પર યુએનએસસીની વાર્ષિક ચર્ચા દરમિયાન આ ઉગ્ર ચર્ચા થઈ હતી.

ભારતે કાશ્મીર મુદ્દો ઉઠાવવાના પાકિસ્તાનના પ્રયાસને સ્પષ્ટપણે નકારી કાઢ્યો હતો, જેનાથી પાકિસ્તાનનો હિંસક ચહેરો દુનિયા સમક્ષ ઉજાગર થયો. બેઠક દરમિયાન જ્યારે પાકિસ્તાની પ્રતિનિધિએ જમ્મુ અને કાશ્મીરનો મુદ્દો ઉઠાવવાનો પ્રયાસ કર્યો, ત્યારે સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના કાયમી પ્રતિનિધિ, રાજદૂત હરીશ પર્વતનેનીએ એનો જડબાતોડ જવાબ આપ્યો હતો.

એમણે કહ્યું હતું કે, 'એ ખૂબ જ વિચિત્ર અને હાસ્યાસ્પદ છે કે નરસંહારનો લાંબો અને કલંકિત ઇતિહાસ ધરાવતો પાકિસ્તાન આજે એવા મુદ્દાઓ પર વાત કરી રહ્યો છે જે સંપૂર્ણપણે ભારતનો આંતરિક મામલો છે.'

ભારતે આ વર્ષે માર્ચમાં અફઘાનિસ્તાન પર પાકિસ્તાનના હવાઈ હુમલાનો મુદ્દો પણ વૈશ્વિક મંચ પર ઉઠાવ્યો હતો. રાજદૂત પર્વતાનેનીએ કહ્યું કે, "દુનિયા એ ભૂલી નથી કે માર્ચમાં, રમઝાનના પવિત્ર મહિનામાં, જ્યારે સર્વત્ર શાંતિ અને પૂજાનું વાતાવરણ હતું, ત્યારે પાકિસ્તાને કાબુલમાં 'ઉમીદ ડ્રગ ડિ-એડિક્શન હૉસ્પિટલ' પર ક્રૂર હવાઈ હુમલો કર્યો હતો."

સંયુક્ત રાષ્ટ્રના આંકડા ટાંકીને, ભારતે જણાવ્યું હતું કે આ કાયરતાપૂર્ણ હુમલામાં ૨૬૯ નિર્દોષ નાગરિક માર્યા ગયા હતા અને ૧૨૨ ઘાયલ થયા હતા. હૉસ્પિટલને કોઈપણ રીતે લશ્કરી સ્થાપન ગણી શકાય નહીં. આ હુમલો ત્યારે થયો જ્યારે લોકો સાંજની નમાજ પછી મસ્જિદમાંથી બહાર નીકળી રહ્યા હતા.

પાકિસ્તાનને 'ઢોંગી' ગણાવતા ભારતે કહ્યું કે જે દેશ અંધારામાં નિર્દોષ નાગરિકોને નિશાન બનાવે છે તે આંતરરાષ્ટ્રીય કાયદાનું પાલન કેવી રીતે કરી શકે છે. ભારતીય રાજદૂતે વધુમાં જણાવ્યું હતું કે પાકિસ્તાન પાસેથી આવા વર્તનની અપેક્ષા રાખી શકાય છે, એક એવો દેશ જે પોતાના લોકો પર બોમ્બમારો કરે છે અને આયોજનબદ્ધ નરસંહાર કરે છે.

ભારતે યાદ કર્યું કે ૧૯૭૧માં ઓપરેશન સર્ચલાઇટ દરમિયાન, પાકિસ્તાની સેનાએ તેના પોતાના દેશ (તે સમયે પૂર્વ પાકિસ્તાન, હવે બાંગ્લાદેશ)માં ૪,૦૦,૦૦૦ મહિલા પર સામૂહિક બળાત્કાર અને અત્યાચારોને સત્તાવાર રીતે મંજૂરી આપી હતી.

# જયપુર ડેરીએ દૂધના ભાવમાં કર્યો પ્રતિ લિટર બે રૂપિયાનો વધારો

જયપુર : જયપુરમાં ગ્રાહકોને મોંઘવારીનો વધુ એક મોટો ઝટકો લાગ્યો છે. જયપુર જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘ (સરસ) એ દૂધ, દહીં, છાશ, લસ્સી અને પનીરના ભાવમાં વધારો કર્યો છે. જયપુર જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘ લિમિટેડ જે જયપુર ડેરી તરીકે પણ જાણીતી છે. તેણે ગુરુવારથી સરસ દૂધના ભાવમાં પ્રતિ લિટર ૨ રૂપિયાનો વધારો કર્યો છે.

ડેરી દ્વારા જાહેર કરાયેલા સુધારેલા દરની યાદી અનુસાર, સરસ ટોન્ડ દૂધના ભાવ ૫૪ રૂપિયાથી વધીને ૫૬ રૂપિયા પ્રતિ લિટર થશે, જ્યારે સ્ટાન્ડર્ડ દૂધની કિંમત ૬૦ રૂપિયાથી વધીને ૬૨ રૂપિયા પ્રતિ લિટર થશે. સરસ ગોલ્ડ દૂધ હવે ૭૦ રૂપિયા પ્રતિ લિટર ઉપલબ્ધ થશે, જે પહેલા ૬૮ રૂપિયા હતું. ડેરીએ દહીં, છાશ, લસ્સી અને પનીરના ભાવમાં પણ વધારો કર્યો છે.

૨૦૦ ગ્રામ પનીરના પેકેટની કિંમત ૬ રૂપિયા વધારીને ૮૦ રૂપિયા કરવામાં આવી છે, જ્યારે એક કિલોના પેકેટની કિંમત હવે ૩૬૨ રૂપિયાને બદલે ૩૮૫ રૂપિયા થશે. તેવી જ રીતે ૨૦૦ ગ્રામ દહીંના પેકેટની કિંમત ૧૬ રૂપિયાથી વધારીને ૧૮ રૂપિયા કરવામાં આવી છે, જ્યારે ૪૦૦ ગ્રામના પેકેટની કિંમત હવે ૩૨ રૂપિયાથી વધારીને ૩૬ રૂપિયા કરવામાં આવી છે. સાદી છાશના ભાવમાં પ્રતિ પેકેટ ૧ રૂપિયાનો વધારો થયો છે, જ્યારે લસ્સી અને મીઠું મિક્સ કરવામાં આવેલી છાશની કિંમતમાં બે રૂપિયાનો વધારો કરાયો છે.

# લખનઊમાં વીજળી ગુલ થતાં લોકોએ પાવર સ્ટેશનનો ઘેરાવ કર્યો

લખનઊઃ ઉત્તર પ્રદેશમાં ભારે ગરમી વચ્ચે બુધવારે રાત્રે રાજધાની લખનઊમાં વીજળી સંકટને લઇને લોકો રોષે ભરાયા હતા. શકુંતલા મિશ્રા પાવર હાઉસ સાથે જોડાયેલા ઘણા વિસ્તારોમાં ૨૦ મેના રોજ રાત્રે ૧૦ વાગ્યાથી ૧ વાગ્યા સુધી વીજળી ગુલ રહી હતી. દુબગ્ગામાં રોષે ભરાયેલા લોકોએ સીતાપુર હાઇવે બ્લોક કરી વિરોધ નોંધાવ્યો હતો.

લખનઊમાં ભીષણ ગરમી દરમિયાન વીજ સંકટે વીજળી વ્યવસ્થા પર ગંભીર પ્રશ્નો ઊભા કર્યા છે. મંગળવારે મોડી રાત્રે વીજળી ગુલ રહેવાથી લોકોમાં રોષ ફેલાયો હતો. રહેવાસીઓએ મોડી રાત્રે બુધેશ્વરમાં આલમનગર રોડ બ્લોક કરી દીધો હતો. તેમજ વીજળી વિભાગ વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતા.

આ વિસ્તારોના રહેવાસીઓનો આરોપ છે કે ભીષણ ગરમીમાં વારંવાર વીજળી ગુલ થવાની અને લો વોલ્ટેજની સમસ્યા રહે છે. વીજળી વિભાગને અનેક વખત ફરિયાદ કરી પરંતુ અધિકારીઓ તેમની સમસ્યાઓના કાયમી સમાધાર પર ધ્યાન આપતા નથી.

મંગળવારે રાત્રે ત્રણ કલાક સુધી વીજળી જતી રહ્યા બાદ રહેવાસીઓએ વિભાગને ફોન કરીને ફરિયાદ કરી હતી. પરંતુ તેમને કોઇ સંતોષકારક જવાબ ન મળતાં લોકોનો ગુસ્સો ફાટી નીકળ્યો હતો. રોષે ભરાયેલા લોકો એકઠા થઇને રસ્તા પર ઉતરી આવ્યા હતા. તેઓએ મુખ્ય માર્ગ પર વિરોધ પ્રદર્શન શરૂ કર્યું હતું. કેટલાક લોકો પાવર સ્ટેશનનો ઘેરાવ કરવા પણ પહોંચી ગયા હતા. વિરોધ પ્રદર્શનને કારણે થોડા સમય માટે ટ્રાફિક પણ ખોરવાઇ ગયો હતો. લોકોમાં રોષ ભભૂકી ઊઠ્યો હોવા અંગે માહિતી મળતાં જ સ્થાનિક પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી અને લોકોને શાંત પાડ્યા હતા. દરમિયાન વીજળી વિભાગે જણાવ્યું કે ટેક્નિકલ ખામીને કારણે વીજપુરવઠો ખોરવાયો હતો. તેમણે જલદી પરિસ્થિતિ સુધારવાનું વચન આપ્યું હતું.

# એર ઈન્ડિયાનું વિમાન રન વે સાથે અથડાયું

બેંગલૂરુઃ એર ઈન્ડિયાનું વિમાન બેંગલૂરુ એરપોર્ટ પર રન વે સાથે અથડાયું હતું. તેની બાદ વિમાનને ગ્રાઉન્ડેડ કરવામાં આવ્યું હતું. તેમજ દિલ્હી જતી ફ્લાઇટ રદ કરવામાં આવી હતી. આ દુર્ઘટના સમયે વિમાનમાં પાઇલોટ અને કેબિન ક્રૂ સહિત ૧૭૯ લોકો સવાર હતા. જો કે, ઘટના દરમિયાન કોઈને પણ કોઈ ઈજા થઈ નથી અને બધા સંપૂર્ણપણે સુરક્ષિત છે.

આ વિમાન બેંગલૂરુથી દિલ્હી પરત ફરવાનું હતું. પરંતુ આ ઘટનાને કારણે ફ્લાઇટ રદ કરવામાં આવી હતી. એર ઇન્ડિયાએ જણાવ્યું હતું કે તેની ગ્રાઉન્ડ ટીમ મુસાફરોને મદદ કરી રહી છે.

આ અંગે એર ઇન્ડિયાના પ્રવક્તાએ જણાવ્યું હતું કે ફ્લાઇટ એઆઈ ૨૬૫૧ને લેન્ડિંગ દરમિયાન ટેકનિકલ ખામી સર્જાતા તેને નિરીક્ષણ માટે ગ્રાઉન્ડ કરવામાં આવી છે. પરિણામે, ફ્લાઇટ એઆઈ૨૬૫૨ બેંગલૂરુથી દિલ્હી પરત ફરતી ફ્લાઇટ - પણ રદ કરવામાં આવી છે. નિષ્ણાતોની એક ટીમ વિમાનનું સંપૂર્ણ નિરીક્ષણ કરશે.

આ દરમિયાન વિમાનમાં ફસાયેલા મુસાફરોને મદદ કરવા માટે બેંગલુરુમાં એક ટીમ હાજર છે. આ મુસાફરોને દિલ્હી લઈ જવા માટે હાલમાં વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવી રહી છે. પ્રવક્તાએ થયેલી અસુવિધા બદલ દિલગીરી વ્યક્ત કરી હતી ભાર મૂક્યો કે સ્ટાફ અને મુસાફરો બંનેની સલામતી તેમની સર્વોચ્ચ પ્રાથમિકતા છે.

# ઈબોલાનો રોગચાળોઃ દિલ્હીની સમિટ મોકૂફ

નવી દિલ્હીઃ ૨૮ થી ૩૧ મે દરમિયાન યોજાનારી ઈન્ડિયા-આફ્રિકા ફોરમ સમિટ મુલતવી રાખવાનો ભારત અને આફ્રિકા યુનિયને નિર્ણય લીધો હોવાની વિદેશ ખાતાએ ગુરુવારે જાહેરાત કરી હતી. સમિટ મુલતવી રાખવા માટે કોઈ સત્તાવાર કારણની જાહેરાત કરવામાં નથી આવી, પરંતુ મળેલી જાણકારી મુજબ આફ્રિકામાં ફાટી નીકળેલો ઈબોલા રોગચાળો આ માટે કારણભૂત હોવાનું માનવામાં આવે છે. અરસપરસની વાતચીત બાદ સમિટ તેમ જ તેને સંબંધિત અન્ય બેઠક માટેની નવી તારીખ નક્કી કરવામાં આવશે. (એજન્સી)

## પહેલા પાનાનું ચાલુ

### ડૉલર સામે

જે દર્શાવે છે કે આગામી એક વર્ષ સુધી રૂપિયામાં એકંદરે નરમાઈનો અન્ડરટોન જોવા મળશે.

ભૂરાજકીય તણાવ હળવો થવાના આશાવાદે ક્રૂડતેલના ભાવમાં જોવા મળેલા ઘટાડા અને રિઝર્વ બૅન્કની છેલ્લી નાણાનીતિની સમીક્ષાની બેઠકની મિનિટ્સની જાહેરાત પૂર્વે શક્યતઃ કેન્દ્રવર્તી બૅન્કનો બજારમાં હસ્તક્ષેપ રહેતાં રૂપિયામાં સુધારો જોવા મળ્યો હોવાનું એચડીએફસી સિક્યોરિટીઝનાં વિશ્લેષક દિલીપ પરમારે જણાવતાં ઉમેર્યું હતું કે અમારા મતે આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયા માટે ૯૫.૭૪ની ટેકાની અને ૯૬.૫૦ની સપાટી મહત્ત્વની પ્રતિકારક સપાટી પુરવાર થાય તેવી શક્યતા જણાય છે.

જોકે, ડીબીએસ બૅન્કના ફોરેક્સ સ્ટ્રેટેજિસ્ટ ફિલિપ વી અને વરિષ્ઠ અર્થશાસ્ત્રી રાધીકા રાવે તૈયાર કરેલા એક અહેવાલમાં જણાવ્યું હતું કે કેલેન્ડર વર્ષ ૨૦૨૬માં અત્યાર સુધીમાં ડૉલર સામે રૂપિયામાં થયેલા છ ટકા આસપાસના ધોવાણ પશ્ચાત્ અમે શેષ વર્ષ ૨૦૨૬માં ડૉલર સામે રૂપિયાની રેન્જ ૯૫થી ૧૦૦ આસપાસની રહે તેવો અંદાજ મૂક્યો છે.

દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ૦.૨૨ ટકા વધીને ૯૯.૩૦ આસપાસ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૭૫ ટકા ઘટીને બેરલદીઠ ૧૦૪.૨૩ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે સ્થાનિક સ્તરે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૧૩૫.૦૩ પૉઈન્ટનો અને ૪.૩૦ પૉઈન્ટનો ઘટાડો આવ્યો હતો. તેમ જ ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૧૫૯૭.૩૫ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાથી રૂપિયામાં સુધારો મર્યાદિત રહ્યો હોવાનું સૂત્રોએ ઉમેર્યું હતું.

### મોદીએ કેન્દ્રીય

પ્રધાન અમિત શાહ, નિર્મલા સીતારમણ અને હરદીપ સિંહ પૂરી આ ગ્રૂપનો હિસ્સો છે. રાજનાથ સિંહે તાજેતરમાં જ કહ્યું હતું કે દેશમાં બદલાઇ રહેલી પરિસ્થિતિ પર અમે ૨૪ કલાક સતત ચાંપતી નજર રાખી રહ્યા છીએ. ક્રૂડ તેલ, ઊર્જા કે એલપીજી સહિતના ઈંધણનો આજની તારીખે પણ ભારત પાસે તેનો પૂરતો જથ્થો ઉપલબ્ધ છે. (એજન્સી)

### પુલવામા હુમલાનો

પુલવામા આતંકવાદી હુમલાના કાવતરાખોરોમાંનો એક માનવામાં આવતો હતો. આ હુમલામાં ૪૦ જવાનો શહીદ થયા હતા.

અર્જુમંદ ગુલઝાર ડાર ઉર્ફે હમઝા બુરહાન ઉર્ફે ડોક્ટર પુલવામાના રત્નીપોરા વિસ્તારનો રહેવાસી હતો. ૨૩ વર્ષનો હમઝા, આતંકવાદી સંગઠન અલ બદ્ર સાથે જોડાયેલો હતો. અલ બદ્રને સરકારે આતંકવાદી સંગઠન જાહેર કર્યું છે.

સરકારી દસ્તાવેજો મુજબ તે કાયદેસર રીતે પાકિસ્તાન ગયો હતો. ત્યાં જઈને તે અલ બદ્રમાં સામેલ થઈ ગયો અને બાદમાં સંગઠનનો સક્રિય આતંકવાદી અને કમાન્ડર બની ગયો. હાલ તે પાકિસ્તાનથી જ કામ કરી રહ્યો હતો.

તેના પર આરોપ છે કે તે યુવાનોને અલ બદ્રમાં સામેલ થવા માટે ઉશ્કેરતો હતો અને સંગઠનની આતંકવાદી ગતિવિધિઓ માટે ભંડોળ પણ પૂરું પાડતો હતો.

તપાસ એજન્સીઓ અનુસાર તે પુલવામામાં વિસ્ફોટક જપ્તીના કેસો, ૧૮ નવેમ્બર ૨૦૨૦ના રોજ સીઆરપીએફ જવાનો પર થયેલા ગ્રેનેડ હુમલા અને યુવાનોને આતંકવાદી સંગઠનમાં ભરતી કરાવવા જેવી ગતિવિધિઓમાં સામેલ રહ્યો છે.

### બંગાળની બધી

મદરેસાઓ એટલે કે સરકારી મોડલ મદરેસા, સહાયતા પ્રાપ્ત મદરેસા, માન્યતા પ્રાપ્ત એમએસકેએસ, માન્યતા પ્રાપ્ત એસએસકેએસ અને માન્ય બિન-સહાયતા પ્રાપ્ત મદરેસાઓમાં વર્ગો શરૂ થતાં પહેલા પ્રાર્થના દરમિયાન વંદે માતરમ્ ગાવાનું ફરજિયાત છે.

અગાઉ ૧૪ મે, ૨૦૨૬ના રોજ મુખ્ય પ્રધાન સુવેન્દુ અધિકારી સરકારે શાળા શિક્ષણ વિભાગ હેઠળની તમામ સરકારી અને સહાયતા પ્રાપ્ત શાળાઓમાં વંદે માતરમ્ ફરજિયાત બનાવ્યું હતું. હવે આ નીતિને આગળ ધપાવતા મદરેસાઓમાં પણ લાગુ કરવામાં આવી છે. બધા મદરેસા સંચાલકો અને સંસ્થાના વડાઓને આ આદેશનું કડક પાલન કરવા સૂચના આપવામાં આવી છે.

### ઉત્તર પ્રદેશની

એકરૂપતા સુનિશ્ચિત થશે.

બેઠક દરમિયાન રાજ્યપાલે શિક્ષકોની જવાબદારીઓ પર ખાસ ભાર મૂક્યો. તેમણે વિનંતી કરી કે શિક્ષકો તેમના વ્યવસાયની ગરિમા અને આદરને નુકસાન પહોંચાડે તેવી કોઈપણ બાબતમાં સામેલ ન થાય. તેમણે શિક્ષકોને સમયસર વર્ગોમાં હાજરી આપવા અને નિયમિત હાજરી સુનિશ્ચિત કરવા પણ સૂચના આપી હતી. રાજ્યપાલે ભાર મૂક્યો કે શિક્ષણ ફક્ત પુસ્તકો સુધી મર્યાદિત ન હોવું જોઈએ. વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરવું પણ મહત્વપૂર્ણ છે.

આનંદીબેન પટેલે મહિલા છાત્રાલયોની સ્થિતિ સુધારવા અને નકારાત્મક સામાજિક પ્રભાવોથી વિદ્યાર્થિનીઓને બચાવવા માટે હાકલ કરી હતી. તેમણે વિદ્યાર્થિનીઓને આત્મનિર્ભર બનાવવા માટે કોલેજો અને યુનિવર્સિટીઓમાં રોજગાર સંબંધિત કૌશલ્ય આધારિત અભ્યાસક્રમો શરૂ કરવાનું સૂચન કર્યું હતું. તેમણે જણાવ્યું કે બ્યૂટિશિયન તાલીમ, મહેંદી કલા, જીએસટી, બિંદી બનાવવા, એકાઉન્ટિંગ અને બાજરીમાંથી ફૂડ તૈયાર કરવા જેવા અભ્યાસક્રમો વિદ્યાર્થિનીઓ માટે ઉપયોગી સાબિત થઈ શકે છે. આનાથી તેમને રોજગારની વધુ સારી તકો મળશે અને તેઓ આર્થિક રીતે મજબૂત બનશે.

રાજ્યપાલે વિદ્યાર્થીઓને ઓર્ગેનિક ખેતી અપનાવવા માટે પણ પ્રોત્સાહિત કર્યા. તેમણે જણાવ્યું કે વિદ્યાર્થીઓ પોતાની જમીન પર ઓર્ગેનિક ખેતી કરીને વધારાની આવક મેળવી શકે છે. તેમણે રાષ્ટ્રીય શિક્ષણ નીતિને અસરકારક રીતે અમલમાં મૂકવાની જરૂરિયાત પર પણ ભાર મૂક્યો હતો. તેમણે શૈક્ષણિક સંસ્થાઓને વિદ્યાર્થીઓને વિષયો પસંદ કરવાની સ્વતંત્રતા આપવા અને બહુ-શાખાકીય શિક્ષણને પ્રોત્સાહન આપવા વિનંતી કરી હતી.

### ત્રણ ભારતીય

પાલપુનૂરી, સંદીપ અરે અને અજય પાલ સિંહ ધાલીવાલનો સમાવેશ થાય છે. આ વસંતમાં એવરેસ્ટ પર ચઢાણ કરનારાઓ દ્વારા સ્થાપિત આ નવો રેકોર્ડ છે. ૨૦૨૬ના વસંતમાં ૫૦૨ પર્વતારોહકોએ એવરેસ્ટ પર ચઢાણ કરવાની પરવાનગી મેળવી હતી.

અગાઉ મે ૨૦૧૯ નેપાળ તરફથી એક જ દિવસમાં ૨૨૩ પર્વતારોહકો શિખર પર પહોંચ્યા હતા. ગુરુવારે, ભારતના લક્ષ્મીકાંત મંડલ પણ વિશ્વના સૌથી ઊંચા શિખર પર પહોંચ્યા હતા. આ અભિયાનના આયોજક, પાયોનિયર એડવેન્ચર પ્રાઇવેટ લિમિટેડના જણાવ્યા અનુસાર, મંડલે છ નેપાળી શેરપા સહિત આઠ અન્ય લોકો સાથે એવરેસ્ટ પર ચઢાણ કર્યું. આ વસંતમાં બનાવવામાં આવેલા અન્ય રેકોર્ડ નેપાળના કામી રીતા શેરપા દ્વારા સ્થાપિત અન્ય નવા રેકોર્ડ છે, જેમણે ૩૨મી વખત શિખર પર ચઢાણ કરીને પોતાનો જ રેકોર્ડ તોડ્યો હતો. એ જ રીતે નેપાળના લક્ષ્મીકાંત શેરપા આ સિઝનમાં રેકોર્ડ ૧૧ વખત માઉન્ટ એવરેસ્ટ પર ચઢાણ કરનાર પ્રથમ મહિલા બન્યા હતા.

### રશિયાની બીજી

પ્રદેશના ગવર્નર, વ્યાચેસ્લાવ ફેડોરિશ્ચેવે જણાવ્યું હતું કે સિઝ્રાનમાં યુક્રેનિયન ડ્રોન દ્વારા બે લોકો માર્યા ગયા હતા પરંતુ તેમણે રિફાઇનરીનો ઉલ્લેખ કર્યો નથી. રશિયાના એસ્ટ્રા ન્યૂઝ આઉટલેટે જણાવ્યું હતું કે યુક્રેનિયન ડ્રોન તેલ અને ગેસ જાયન્ટ રોઝનેફ્ટની માલિકીની સિઝ્રાન રિફાઇનરીમાં અથડાયા હતા.

યુક્રેને તેની મધ્યમ અને લાંબા અંતરની મારક ક્ષમતાઓનો વિસ્તાર કર્યો છે, રશિયાના ૪ વર્ષ જૂના આક્રમણને ખાળવા માટે સ્થાનિક સ્તરે વિકસાવેલી આકર્ષક ડ્રોન અને મિસાઇલ ટેકનોલોજીનો ઉપયોગ કર્યો છે.

યુક્રેનિયન શસ્ત્રો અને કુશળતા હવે અન્ય દેશો દ્વારા માંગવામાં આવે છે, જ્યારે યુદ્ધની શરૂઆતમાં કિવને મોટા પાયે વિદેશી લશ્કરી સહાય માટે વિનંતી કરવી પડી હતી.

ઝેલેન્સ્કીએ જણાવ્યું હતું કે, યુક્રેનિયન ડ્રોન દ્વારા અગાઉના દિવસે બીજી રિફાઇનરીને નિશાન બનાવવામાં આવ્યું હતું.

યુદ્ધને ભંડોળ પૂરું પાડવામાં મુખ્ય ભૂમિકા ભજવતી રશિયન તેલ સંપત્તિ પર હુમલા લગભગ રોજિંદા બની ગયા છે.

શ્રી જૈન વિશા પોરવાડ પારચોલા સમાજ મુંબઈ



**સ્વ. શ્રીમતી અલ્કાબેન જીતેન્દ્રભાઈ શાહ**
નું દુઃખદ અવસાન ગુરૂવાર, તા. ૨૧-૫-૨૦૨૬ ના રોજ થએલ છે.
તે જીતેન્દ્રભાઈના પત્ની, પ્રાચી, રૂચી ના માતુશ્રી, બ્રિજેશભાઈ, નિલયભાઈ ના સાસુ, ક્રિશ હિતાર્થ ના નાની, સ્વ. મુકેશભાઈ શાહ - ભદ્રિકાબેન સ્વ. સુનીલભાઈ શાહ - કેટીબેન ના બહેનની.

**પ્રાર્થના સભા**
આજે - શુક્રવાર તા. ૨૨/૦૫/૨૦૨૬ સાંજે ૪.૩૦ થી ૬.૩૦ ના સમયમાં
**વનિતા વિશ્રામ શાળા**
પ્રાર્થના સમાજ, રિલાયન્સ હોસ્પિટલ ની બાજુમાં રાખેલ છે.



કપુર મેહતા નો પાડો, પાટણ નિવાસી, હાલ ભાયખલા.
**અ.સૌ.શ્રીમતી આશાબેન શાહ (ઉ.વ.૭૪)**
તા. ૨૧-૦૫-૨૦૨૬ ના જૈઠ સુદ પાંચમ ના ગુરુવાર ના રોજ અરિહંત શરણ પામેલ છે.
તે
શ્રી. રજનીભાઈ શાહ ના ધર્મપત્ની, સંસારે શ્રી. રમણિકલાલ કચરાચંદ શાહ (શ્રી. નિરાલાશ્રીજી સાધુ મ.સા.) અને ચંદ્રાબેન (ચારુશિલાશ્રીજી સાધ્વીજી મ.સા.) ના પુત્રવધુ, શ્રી મહેશભાઈ શાહ અને શ્રી કમલેશભાઈ શાહ ના ભાભી, શ્રીમતી પરેશાબેન શાહ ના દેરાણી, સ્વ. શ્રીમતી સુલસાબેન શાહ ના જેઠાણી, યોગેશભાઈ અને નેહાબેન ના માતોશ્રી, શ્રીમતી નિશાબેન અને શ્રી ભાવિનભાઈ ના સાસુ, ધ્રુવ અને આકાશ ના દાદી, સલોની ના દાદી સાસુ, જશ અને સાંચી ના નાની, યસ્વી ના નાની સાસુ, પિયર પક્ષે સ્વ. શ્રીમતી ધીરજબેન રમણીકલાલ સંઘવી ના સુપુત્રી, સ્વ. શ્રી. સતીશભાઈ અને શ્રી. જગદીશભાઈ ના બેન.
**લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.**
**પ્રાર્થના સભા રાખવામા આવેલ નથી.**

# પાણીની અછતને પહોંચી વળવા નાગરિકોને થાણે પાલિકાની ટેન્કર સેવા

## ૧૦ હજાર લિટર ક્ષમતાવાળા ટેન્કર માટે દર ૧૦૦૦ રૂપિયા વસૂલવામાં આવશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ઉનાળામાં પાણીની વધતી જતી અછતની પૃષ્ઠભૂમિમાં, થાણે મહાનગરપાલિકા દ્વારા સ્વતંત્ર ટેન્કર ભરણાં કેન્દ્ર શરૂ કરવામાં આવ્યા છે. હાલના તીવ્ર ઉનાળાને કારણે, પાણી પુરવઠાની માંગ વધી છે, તેથી કેટલીક બિલ્ડિંગ અને રેસિડેન્શિયલ કૉમ્પ્લેક્સ ટેન્કરની માગ કરી રહ્યા છે. આ પૃષ્ઠભૂમિમાં, થાણે પાલિકાના પાણીપુરવઠા વિભાગે નાગરિકો માટે એક સ્વતંત્ર ટેન્કર ભરણાં કેન્દ્ર શરૂ કર્યું છે અને ટેન્કર દ્વારા પાણીપુરવઠો સુગમ બનાવવા માટે ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે.

થાણે પાલિકાની હદમાં આવતી સાત વોર્ડ સમિતિઓમાં ટેન્કર દ્વારા પાણી પૂરું પાડવા માટે સાકેત ખાતે એક જ ટેન્કર ભરણાં કેન્દ્ર કાર્યરત છે. જોકે, અહીં મોટી માંગને કારણે, નાગરિકોને સમયસર ટેન્કર દ્વારા પાણી પૂરું પાડવું શક્ય નહોતું. ખાસ કરીને ઘોડબંદર રોડ વિસ્તાર માટે, બ્રહ્માંડ જલકુંભ ખાતે એક સ્વતંત્ર ટેન્કર ભરણાં કેન્દ્ર શરૂ કરવામાં આવ્યું છે.આ ટેન્કર ભરણાં સ્ટેશનથી, ખાનગી અને જાહેર ટેન્કર દ્વારા જરૂરિયાત મુજબ નાગરિકોને પીવાનું પાણી પૂરું પાડવામાં આવશે.

મહાનગરપાલિકાના નિયમો મુજબ, ટેન્કર સેવાઓ ફી વસૂલીને પૂરી પાડવામાં આવશે, અને નાગરિકોએ સંબંધિત સોસાયટીના લેટરહેડ પર માંગ પત્ર રજૂ કરવો જરૂરી છે. આ પત્ર પર એક્ઝિક્યુટિવ એન્જિનિયર અને ડેપ્યુટી એન્જિનિયરની સહી તેમજ પાણીપુરવઠા સંબંધિત જરૂરી માહિતી આપવી ફરજિયાત રહેશે.

મહાનગરપાલિકા દ્વારા પૂરા પાડવામાં આવતા ટેન્કર ફક્ત ઘરેલુ ઉપયોગ માટે રહેશે. આ પાણીનો ઉપયોગ શૌચાલય, બાથરૂમ ફ્લશિંગ અથવા બાંધકામ માટે થઈ શકશે નહીં. મહાનગરપાલિકાની સામાન્ય સભામાં લેવાયેલા નિર્ણય મુજબ, મ્યુનિસિપલ ટેન્કર અને પરિવહન સહિત ૧૦ હજાર લિટર ક્ષમતાવાળા ટેન્કર માટે દર ૧૦૦૦ રૂપિયા નક્કી કરવામાં આવ્યા છે.

ઘરેલુ ઉપયોગ માટે તમારા પોતાના ખાનગી ટેન્કરમાં ૧૦ હજાર લિટર પાણી ભરવા માટે, દર ૭૦૦ રૂપિયા પ્રતિ રાઉન્ડ નક્કી કરવામાં આવ્યા છે, જ્યારે ફક્ત કમર્શિયલ ઉપયોગ માટે પાણી ભરવાનો દર ૧૫૦૦ રૂપિયા નક્કી કરવામાં આવ્યો છે. ઉપરાંત, જો ટેન્કર માલિકો નિયત દર કરતા વધુ વસૂલ કરશે, અને જો નાગરિકો ફરિયાદ કરશે, તો સંબંધિતો સામે યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે એવું પાણી પુરવઠા વિભાગે જણાવ્યું છે. ■

# બસ ઊંધી વળતાં સાત મહિનાના બાળક સહિત ત્રણ જણનાં મોતઃ ૩૩ જખમી

ગઢચિરોલીઃ ગઢચિરોલી જિલ્લામાં એક વળાંક પાસે મહારાષ્ટ્ર સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કૉર્પોરેશન (એમએસઆરટીસી)ની બસ સુરક્ષા માટે લગાવાયેલા લોખંડના બૅરિકેડ સાથે ટકરાયા પછી ઊંધી વળી ગઈ હતી. આ ઘટનામાં સાત મહિનાના બાળક સહિત ત્રણે જીવ ગુમાવ્યા હતા, જ્યારે ૩૩ જણ ઘવાયા હતા.

પોલીસના જણાવ્યા મુજબ ઘટના ગુરુવારની સવારે ૭.૩૦ વાગ્યાની આસપાસ ચંદ્રપુર રોડ પર નવેગાંવ-મુરખાલા નજીક બની હતી. એક વળાંક પાસે ડ્રાઈવરે સ્ટિયરિંગ પરનો કાબૂ ગુમાવતાં અકસ્માત થયો હતો.

યવતમાળમાં ઉમરખેડ જઈ રહેલી બસ રસ્તાને કિનારે સુરક્ષા માટે લગાવાયેલા લોખંડના બૅરિકેડ સાથે ટકરાયા પછી પાસેના ખેતરમાં ઊંધી વળી ગઈ હતી. અકસ્માતમાં જીવ ગુમાવનારા ત્રણેય ગઢચિરોલીના રહેવાસી હતા. તેમની ઓળખ ખ્વાજા શાહબુદ્દીન (૬૦), લક્ષ્મી દુરકિવાર (૫૫) અને સાત મહિનાના શિવાંશ નવઘરે તરીકે થઈ હતી. બાળકે સારવાર દરમિયાન હૉસ્પિટલમાં દમ તોડ્યો હતો.

અકસ્માતમાં પ્રવાસીઓ અને ડ્રાઈવર તેમ જ કન્ડક્ટર મળી ૩૩ જણ ઘવાયા હતા. સારવાર માટે તેમને ડિસ્ટ્રિક્ટ જનરલ હૉસ્પિટલમાં દાખલ કરાયા હતા. સારવાર પછી જખમીઓનું સ્વાસ્થ્ય સુધારા પર હોવાનું ડૉક્ટરે કહ્યું હતું. ઘટનાની નોંધ કરી પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી. (પીટીઆઈ)

# અગિયારમા ધોરણના ઓનલાઇન પ્રવેશના પ્રથમ દિવસે જ ધાંધિયા!

## કેપ રાઉન્ડ-૧ શરૂ થતાં જ વેબસાઈટ ઠપ્પ

મુંબઈઃ રાજ્યમાં ધોરણ ૧૧ની ઓનલાઇન પ્રવેશ પ્રક્રિયાના 'નિયમિત કેપ રાઉન્ડ-૧'ના પ્રથમ દિવસે જ ધાંધિયા જોવા મળ્યા હતા. ૨૧ મે ૨૦૨૬ના રોજ કોલેજોની પસંદગી ભરવાના પહેલા જ દિવસે સત્તાવાર વેબસાઇટ સંપૂર્ણપણે ઠપ્પ થઈ ગઈ હતી. વેબસાઇટ પર 'એપ્લિકેશન અન્ડર મેઇન્ટેનન્સ'નો મેસેજ આવી રહ્યો હોવાથી રાજ્યભરના લાખો વિદ્યાર્થીઓ અને વાલીઓ મૂંઝવણમાં મુકાયા હતા.કારણ કે, માત્ર બે દિવસની જ સમયમર્યાદા મળી હોવાથી સમયસર ફોર્મ કેવી રીતે ભરવું, તેવો પ્રશ્ન ઊભો થયો હતો.

શિક્ષણ વિભાગ દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ માટે ધોરણ ૧૧ની ઓનલાઇન પ્રવેશ પ્રક્રિયા ૧૦ એપ્રિલથી શરૂ કરવામાં આવી હતી. ધોરણ ૧૦નાં પરિણામ બાદ રજિસ્ટ્રેશનમાં વેગ આવ્યો હતો. ૧૧ મેથી વિદ્યાર્થીઓને ભાગ-૧ અને ભાગ-૨ ભરીને પ્રવેશ નોંધણી કરાવવાની સુવિધા ઉપલબ્ધ કરી આપવામાં આવી હતી. મેરિટ લિસ્ટ જાહેર થયા બાદ ૨૧ મેથી પ્રથમ પ્રવેશ રાઉન્ડ માટે કોલેજોની પસંદગી ભરવાની પ્રક્રિયાની સાથે નવી નોંધણી અને અરજીનો ભાગ-૨ ભરવાની પ્રક્રિયા શરૂ થવાની હતી. પરંતુ, આ રાઉન્ડના પહેલા જ દિવસે વેબસાઇટ ઠપ્પ થઈ ગઈ હતી.

શરૂઆતમાં થોડો સમય વેબસાઇટ ચાલુ થયા બાદ સ્લો થઈને બંધ પડી ગઈ અને 'એપ્લિકેશન અન્ડર મેઇન્ટેનન્સ'નો મેસેજ આવવા લાગ્યો હતો. ૧૧મા ધોરણની ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયાના વિભાગીય સંયોજક ડી. જી. હરકલે જણાવ્યું હતું કે સવારથી ઘણા વિદ્યાર્થીઓ અને વાલીઓને વેબસાઇટ ડાઉન થયા અંગે ફોન આવ્યા હતા. અમે આ અંગે સિનિયરોને જાણ કરીશું. સિનિયરોના સૂચનો મુજબ આગળની કાર્યવાહી કરવામાં આવશે. ■

# પાંચ મહિનામાં સાયબર ફ્રોડમાં ગુમાવેલા ૧૦૧ કરોડ રૂપિયા પોલીસે બચાવ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સાયબર ગુનેગારોએ વિવિધ પ્રકારના સાયબર ફ્રોડમાં નાગરિકો પાસેથી પડાવેલી રકમમાંથી છેલ્લા પાંચ મહિનામાં ૧૦૧ કરોડ રૂપિયા બચાવવામાં સાયબર પોલીસને સફળતા મળી હતી.સાયબર ગુનેગારીનું પ્રમાણ વધતાં છેતરાયેલા નાગરિકોનાં નાણાં બચાવવાને ઇરાદે મુંબઈ પોલીસ દ્વારા મે, ૨૦૨૨માં હેલ્પલાઈન નંબર ૧૯૩૦ શરૂ કરવામાં આવી હતી. આ હેલ્પલાઈનનો મુખ્ય ઉદ્દેશ સાયબર ફ્રોડમાં છેતરાયેલા નાગરિકોનાં વધુમાં વધુ નાણાં બચાવવાનો હતો.વરિષ્ઠ પોલીસ અધિકારીના જણાવ્યા મુજબ જાન્યુઆરી, ૨૦૨૬થી ૧૯ મે, ૨૦૨૬ દરમિયાન હેલ્પલાઈનના અધિકારીઓને સાયબર ફ્રોડમાં નાણાં ગુમાવ્યાના ૨,૫૫,૦૯૨ કૉલ્સ આવ્યા હતા. આમાંથી ૩૦,૩૦૨ મામલામાં વિવિધ બૅન્ક ખાતાઓમાં રૂપિયા ૧૦૧,૩૯,૦૬,૫૫૬ રૂપિયા અટકાવી દેવામાં અધિકારીઓને સફળતા મળી હતી. શૅર ટ્રેડિંગ-ઈન્વેસ્ટમેન્ટ ફ્રોડ, ડિજિટલ એરેસ્ટ, ઑનલાઈન ટાસ્ક, જૉબ ફ્રોડ, ડેબિટ-ક્રેડિટ કાર્ડ ફ્રોડ સહિત વિવિધ રીતે છેતરીને નાગરિકોને ઑનલાઈન નાણાં ટ્રાન્સફર કરવાની ફરજ પાડવામાં આવે છે. ■

# સંજય ગાંધી નેશનલ પાર્કમાં યુનિવર્સિટી સ્થાપવાના પગલાનો આદિત્યએ વિરોધ કર્યો

મુંબઈઃ શિવસેના (યુબીટી)ના નેતા આદિત્ય ઠાકરેએ ગુરુવારે સંજય ગાંધી નેશનલ પાર્કમાં (એસજીએનપી) યુનિવર્સિટી સ્થાપવાના પગલાનો વિરોધ કરતા કહ્યું કે મુંબઈવાસીઓને આવા પ્રોજેક્ટ્સની જરૂર નથી.

સંજય ગાંધી નેશનલ પાર્કનું નામ બદલીને અટલ બિહારી વાજપેયી પાર્ક રાખવા અને 'ભારતરત્ન અટલ બિહારી વાજપેયી યુનિવર્સિટી' સ્થાપવાના પ્રસ્તાવો અંગેના અહેવાલો પર પ્રતિક્રિયા આપતા ઠાકરેએ કહ્યું, 'આ નરી મૂર્ખતા અને સ્વાર્થ છે. જેણે પણ આવા પ્રસ્તાવ મૂક્યા છે તેને કાં તો જેલમાં ધકેલી દેવા જોઈએ અથવા સારવાર આપવી જોઈએ.'

મુંબઈ શહેરની હદમાં ૧૦૩ ચોરસ કિલોમીટરમાં ફેલાયેલું સંરક્ષિત જંગલ, એસજીએનપીમાં મોટા પ્રમાણમાં દીપડાઓની વસ્તી છે.

સંજય ગાંધી રાષ્ટ્રીય ઉદ્યાનની અંદર યુનિવર્સિટી બનાવવાનું અને ૫ લાખ લોકો માટે આવાસ પ્રોજેક્ટ બનાવવાનું કોઈ કેવી રીતે વિચારી શકે છે, સેના (યુબીટી )ના નેતાએ અહેવાલોનો ઉલ્લેખ કરીને આશ્ચર્ય વ્યક્ત કર્યું. (પીટીઆઈ) ■

# બે સંતાનને બસમાં છોડી માતા પ્રેમી સાથે ભાગી ગઈ

## પિતાનો મોબાઈલ નંબર અને સરનામું લખેલી ચિઠ્ઠી બાળકને આપી મહિલા બસમાંથી ઊતરી ગઈ અને પછી પ્રેમી સાથે સ્કૂટર પર રવાના થઈ

બીડઃ બે માસૂમ સંતાનને સ્ટેટ ટ્રાન્સપોર્ટની બસમાં છોડીને માતા પ્રેમી સાથે ભાગી ગઈ હોવાની આંચકાજનક ઘટના બીડ જિલ્લામાં બની હતી. પિતાનો મોબાઈલ નંબર અને યવતમાળનું સરનામું લખેલી ચિઠ્ઠી બાળકના શર્ટના ખીસામાં મૂકી મહિલા બસમાંથી ઊતરી ગઈ હતી અને પછી પ્રેમી સાથે સ્કૂટર પર બેસી રફુચક્કર થઈ ગઈ હતી.

શિવાજીનગર પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે ચાલતી બસમાં રડતા બાળકો તરફ કન્ડક્ટરનું ધ્યાન ગયું હતું. બાળકની આસપાસ તેમના કોઈ વાલી ન હોવાની ખાતરી પોલીસનો સંપર્ક સાધવામાં આવ્યો હતો.

અધિકારીના જણાવ્યા મુજબ યવતમાળમાં રહેતી મહિલા બન્ને સંતાન સાથે તુળજાપુર-સંભાજીનગરની એસટી બસમાં રવિવારે ચઢી હતી. પછી એક ચિઠ્ઠી બાળકને સોંપી મહિલા માર્ગમાં બસ ઊભી રહી ત્યારે બસમાંથી ઊતરી ગઈ હતી.

કહેવાય છે કે બસની પાછળ મહિલાનો પ્રેમી સ્કૂટર પર આવતો હતો. બસ એક સ્ટોપ પર ઊભી રહી ત્યારે પ્રેમી સ્કૂટર પર ત્યાં પહોંચ્યો હતો. પછી બસમાંથી ઊતરેલી મહિલાને સ્કૂટર પર બેસાડી બન્ને રવાના થઈ ગયાં હતાં.

થોડો સમય પછી બાળક રડવા લાગ્યા ત્યારે કન્ડક્ટરે તેમને પૂછ્યું હતું. તેમની પાસેથી મળેલી ચિઠ્ઠીમાં 'આ બાળકો સાથે કોઈ વાલી નથી. મહેરબાની કરીને તેમને યવતમાળ પહોંચાડવાની તસ્દી લેશો અને બન્ને સુરક્ષિત પહોંચ્યા હોવાની ખાતરી કરશો,' એવા મતલબનું લખાણ હતું. એ સિવાય યવતમાળનું સરનામું અને બાળકોના નાનાનો મોબાઈલ નંબર પણ ચિઠ્ઠીમાં લખવામાં આવ્યો હતો, એવું પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

બાળકોને સુરક્ષિત કસ્ટડીમાં લેવામાં આવ્યા હતા અને પછી તેમને કાસર તહેસીલમાં શિરુર નજીક આરવી ખાતેના ચાઈલ્ડ કૅર હોમમાં મોકલી દેવાયા હતા, એમ સ્થાનિક ચાઈલ્ડ વેલ્ફેર કમિટીના અધિકારીએ જણાવ્યું હતું.

દરમિયાન પોલીસે ચિઠ્ઠીમાંના નંબર પર કૉલ કરી બાળકોના નાનાનો સંપર્ક સાધ્યો હતો અને તેમને ૧૮ મેના બીડ બોલાવવામાં આવ્યા હતા.

પોલીસનું કહેવું છે કે નાના સાથેની વાતચીતમાં દોહિત્રો કરતાં તેમની દીકરી પોતાની સાથે લઈ ગયેલી સ્કૂટર, મોબાઈલ ફોન અને ૨૦ હજાર રૂપિયાની ચિંતા વધુ હોવાનું જણાયું હતું. આ મામલે કાનૂની સલાહ લેવામાં આવી રહી છે. (પીટીઆઈ) ■

# 'નીટ - યુજીસી' ફેર પરીક્ષાને કારણે મહારાષ્ટ્રમાં એન્જિનિયરિંગ, ફાર્મસી એડમિશનમાં વિલંબ

મુંબઈઃ મહારાષ્ટ્રના ઉચ્ચ અને ટેક્નિકલ શિક્ષણ પ્રધાન ચંદ્રકાંત પાટીલે જણાવ્યું છે કે આવતા મહિને યોજાનારી 'નીટ - યુજી' ફેર પરીક્ષા થવાને કારણે રાજ્યમાં એન્જિનિયરિંગ અને ફાર્મસી કૉલેજોમાં એડમિશન અને શૈક્ષણિક સત્ર શરૂ થવામાં વિલંબ થશે.

કોમન એન્ટ્રન્સ ટેસ્ટ વિભાગ દ્વારા જૂનના અંત સુધીમાં એડમિશન પૂર્ણ કરવાની યોજના હતી, પરંતુ ફેર પરીક્ષા ૨૧ જૂને યોજાવાની હોવાથી એડમિશન પ્રક્રિયામાં મોડું થશે એમ, પાટીલે બુધવારે સંવાદદાતાઓને જણાવ્યું હતું.

પ્રધાને જણાવ્યું હતું કે નવ એન્જિનિયરિંગ શાખા અને ઓલ-ઇન્ડિયા ક્વોટા હેઠળ અનામત ૧૫ ટકા ફાર્મસી બેઠકોમાં પ્રવેશ રાષ્ટ્રીય પાત્રતા-કમ-પ્રવેશ પરીક્ષા (નીટ) ના માર્ક પર આધાર રાખે છે. પરિણામે જ્યાં સુધી ફરીથી પરીક્ષા લેવામાં નહીં આવે અને પરિણામ નહીં આવે ત્યાં સુધી પ્રક્રિયા આગળ નહીં વધારી શકાય. નીટમાં સારો દેખાવ નહીં કરી શકતા વિદ્યાર્થીઓ પાછળથી એન્જિનિયરિંગ અભ્યાસક્રમો પસંદ કરતા હોવાથી એન્જિનિયરિંગ એડમિશન વહેલા નથી શરૂ કરી શકાતા.

કૉલેજ ફી વસૂલાત પરના નિયમો કડક બનાવવા અને ઉચ્ચ શિક્ષણ મેળવતી મહિલા વિદ્યાર્થીઓ માટે નાણાકીય સહાય વધારવાના પગલાંનું અનાવરણ કરતી વખતે તેમણે આ ટિપ્પણી કરી હતી.

મેડિકલ કૉલેજોમાં અંડરગ્રેજ્યુએટ અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે નિટ ૨૦૨૬ ની પરીક્ષા ત્રીજી મેએ ૫૫૧ ભારતીય શહેરો અને ૧૪ વિદેશી કેન્દ્રો પર લેવામાં આવી હતી. સાતમી મેએ સાંજે કથિત ગેરરીતિની માહિતી મળ્યા બાદ પરીક્ષા રદ કરવામાં આવી હતી. લગભગ ૨૩ લાખ ઉમેદવારોએ આ પરીક્ષા માટે નોંધણી કરાવી હતી. ફેર પરીક્ષા ૨૧ જૂનના દિવસે લેવાનું નક્કી કરવામાં આવ્યું છે' (પીટીઆઈ) ■

# મહારાષ્ટ્ર - દક્ષિણ કોરિયાની સંસ્થાના ત્રણ એમઓયુ પર હસ્તાક્ષર

મુંબઈઃ મહારાષ્ટ્ર સરકારે ગુરુવારે દક્ષિણ કોરિયાની અગ્રણી સંસ્થાઓ સાથે કૌશલ્ય વિકાસને મજબૂત બનાવવા અને વિદ્યાર્થીઓ અને યુવાનો માટે વૈશ્વિક તકોનું સર્જન કરવા માટે ત્રણ સમજૂતી કરાર (એમઓયુ) પર હસ્તાક્ષર કર્યા હોવાનું મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે જણાવ્યું હતું.

સહ્યાદ્રી ગેસ્ટ હાઉસ ખાતે વ્યાવસાયિક શિક્ષણ અને તાલીમ નિયામકમંડળ અને કોરિયા પોલિટેકનિક, મહારાષ્ટ્ર રાજ્ય કૌશલ્ય વિકાસ સોસાયટી અને રાષ્ટ્રીય જીવનપર્યંત શિક્ષણ સંસ્થા તેમજ રતન ટાટા મહારાષ્ટ્ર રાજ્ય કૌશલ્ય યુનિવર્સિટી અને કોરિયા એડવાન્સ્ડ ઇન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજીની બે શાળાઓ વચ્ચે એમઓયુ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

ફડણવીસે જાણકારી આપી હતી કે દક્ષિણ કોરિયાએ નવા યુગના ઉદ્યોગો, વ્યવસાય અને કૌશલ્ય વિકાસમાં એક અલગ વૈશ્વિક ઓળખ સ્થાપિત કરી છે. એમઓયુથી ભારતમાં કોરિયન કુશળતા અને અદ્યતન ટેકનોલોજી આવશે. આ ભાગીદારી મૂળભૂત ઔદ્યોગિક કૌશલ્યોથી લઈને અદ્યતન ટેકનોલોજી સુધીના તમામ સ્તરે તાલીમને ટેકો આપશે, જેનો સીધો લાભ ભારતીય વિદ્યાર્થીઓને થશે અને દેશની યુવા વસ્તીને કુશળ માનવ સંસાધનોમાં રૂપાંતરિત કરવામાં મદદ મળશે. ભારતની લગભગ ૬૫ ટકા વસ્તી ૩૫ વર્ષથી ઓછી ઉંમરની છે અને આ વય જૂથ આપણી ખરી તાકાત છે.

ફડણવીસે જણાવ્યું હતું કે હાલમાં લગભગ ૬૬૦ બિલ્યન ડૉલરનું અર્થતંત્ર ધરાવતું મહારાષ્ટ્ર એક ટ્રિલિયન ડૉલરનું અર્થતંત્ર બનવાનું લક્ષ્ય રાખે છે અને એ પ્રાપ્ત કરવા ઉચ્ચ કુશળતા આવશ્યક બનશે.

આ એમઓયુ ટૂંક સમયમાં લાગુ કરવામાં આવશે અને ઉદ્યોગોને કુશળ માનવશક્તિ પૂરી પાડવામાં મદદ કરશે અને ભારતીય યુવાનો માટે નવી આંતરરાષ્ટ્રીય રોજગાર તકો ખોલશે.

આ કરાર હેઠળ, યુનિવર્સિટીના પસંદગીના ફેકલ્ટી સભ્યો, સ્ટાફ અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને દક્ષિણ કોરિયામાં માસ્ટર અને ડોક્ટરલ પ્રોગ્રામ્સ મેળવવાની તકો મળશે. (પીટીઆઈ) ■






# ભૂતપૂર્વ ડીજીપી સંજય પાંડે સામેની એફઆઈઆર વ્યક્તિગત અદાવતથી પ્રેરિતઃ બૉમ્બે હાઈ કોર્ટ

મુંબઈઃ બૉમ્બે હાઈ કોર્ટે મહારાષ્ટ્રના ભૂતપૂર્વ ડીજીપી સંજય પાંડે, વરિષ્ઠ વકીલ શેખર જગતાપ અને અન્ય લોકો સામેની અનેક એફઆઈઆરને 'વ્યક્તિગત અદાવત'નું પરિણામ ગણાવી છે, જ્યારે ફોજદારી કાર્યવાહી રદ કરી છે.

પાંડે અને અન્ય લોકો સામેના કેસોને ફગાવી દેતા, મુખ્ય ન્યાયાધીશ શ્રી ચંદ્રશેખર અને ન્યાયાધીશ સુમન શ્યામની બેન્ચે બુધવારે ફોજદારી કાર્યવાહીને કાયદાની પ્રક્રિયાનો દુરુપયોગ ગણાવ્યો. ગુરુવારે ઉપલબ્ધ રિલીઝ ઓર્ડરમાં, કોર્ટે ભારપૂર્વક જણાવ્યું હતું કે ફરિયાદી દ્વારા ભૂતપૂર્વ પોલીસ મહાનિર્દેશક (ડીજીપી) અને અન્ય લોકો સામે કરવામાં આવેલા આરોપો અસ્પષ્ટ અને વિગતોનો અભાવ હતા. આ આરોપો કાલ્પનિક છે અને પોલીસ દ્વારા દાખલ કરાયેલા 'ઈ' સમરી (ક્લોઝર) રિપોર્ટને ધ્યાનમાં રાખીને ખોટા સાબિત થયા છે, એમ બેન્ચે જણાવ્યું હતું.

ઉદ્યોગપતિ સંજય મિશ્રીમલ પુનમિયાએ ૨૦૨૪ માં અનેક ફરિયાદો દાખલ કરી હતી, જેમાં પાંડે, જગતાપ અને સહાયક પોલીસ કમિશનર સરદાર પાટિલ અને ઇન્સ્પેક્ટર મનોહર પાટિલ જેવા વરિષ્ઠ પોલીસ અધિકારીઓની સંડોવણીનો આરોપ મૂકવામાં આવ્યો હતો. પુનમિયાએ દાવો કર્યો હતો કે તેમને વિવિધ ખંડણી અને છેતરપિંડીના કેસોમાં લાંબા સમય સુધી ન્યાયિક કસ્ટડીમાં રાખવા માટે આરોપીઓએ ૨૦૨૧માં જગતાપના બનાવટી નિમણૂક પત્રો બનાવ્યા હતા જેથી ખાસ સરકારી વકીલ તરીકે ખોટી રીતે સ્થાન આપી શકાય.

તેમણે આરોપ લગાવ્યો કે પાંડેએ મુંબઈના ભૂતપૂર્વ પોલીસ વડા પરમબીર સિંહ અને કેટલાક રાજકીય વ્યક્તિઓને ફસાવવા માટે તેમના પર દબાણ કરવા માટે પોલીસ મશીનરીનો દુરુપયોગ કર્યો હતો.

ઉદ્યોગપતિએ એવો પણ દાવો કર્યો હતો કે જ્યારે તેઓ હૉસ્પિટલમાં દાખલ હતા, ત્યારે અધિકારીઓએ પાંડેની સૂચનાનો ઉલ્લેખ કરીને, તેમના પર તત્કાલીન નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ અને તે સમયના મુખ્ય પ્રધાન એકનાથ શિંદેને શહેરી જમીન ટોચમર્યાદા કૌભાંડમાં ખોટી રીતે ફસાવવા દબાણ કર્યું હતું અને બદલામાં તેમની સામેના આરોપો પાછા ખેંચી લેવાના હતા. (પીટીઆઈ)

# હાવડામાં બ્લાસ્ટ અને ગોળીબારના સૂત્રધાર સહિત ત્રણ મુંબઈમાં પકડાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ પશ્ચિમ બંગાળના હાવડા ખાતે બૉમ્બ બ્લાસ્ટ અને ગોળીબાર કરવાના કેસના મુખ્ય આરોપી સહિત ત્રણને મુંબઈ ક્રાઈમ બ્રાન્ચે દેવનાર વિસ્તારમાંથી પકડી પાડ્યા હતા.

ક્રાઈમ બ્રાન્ચ યુનિટ-૬ના અધિકારીઓએ તાબામાં લીધેલા આરોપીઓની ઓળખ શમીમ અહમદ અબ્દુલ રશીદ (૪૦), ઝમીલ અખ્તર અલી (૪૩) અને આફતાબ અન્વર ખુર્શીદ અન્વર (૪૪) તરીકે થઈ હતી. શમીમ હાવડાના શિબપુર ખાતેના જી. ટી. રોડ, જ્યારે બાકીના બે આરોપી શિબપુરના ઘાટ રોડ ખાતેના રહેવાસી હોવાનું તપાસમાં જણાયું હતું.

પોલીસના જણાવ્યા મુજબ ૭ મેના રોજ હાવડાના શિબપુર પોલીસની હદમાં બ્લાસ્ટ અને ગોળીબારની ઘટના બની હતી. આ ઘટનાનો સૂત્રધાર શમીમ તેના સાથીઓ સાથે છેલ્લા આઠ-દસ દિવસથી મુંબઈના દેવનાર પરિસરમાં સંતાયો હોવાની માહિતી પોલીસને મળી હતી. માહિતીને આધારે ક્રાઈમ બ્રાન્ચની ટીમે ગુરુવારે દેવનારની એકતા એસઆરએ બિલ્ડિંગના ૧૮મા માળે આવેલા ફ્લૅટ પર દરોડો પાડ્યો હતો. આરોપી તેના દૂરના સગાના ફ્લૅટમાં રહેતા હતા. ફ્લૅટમાંથી ત્રણેયને પકડી પાડવામાં આવ્યા હતા.

# ૨૦૦૮ના કેસમાં રાજ ઠાકરે નિર્દોષ

થાણેઃ થાણેની એક કોર્ટે ગુરુવારે મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (મનસે)ના વડા રાજ ઠાકરે સહિત તમામ આરોપીઓને ૨૦૦૮ માં કલ્યાણ રેલ્વે સ્ટેશન પર રેલ્વે ભરતી બોર્ડના પરીક્ષાર્થીઓ પર મનસે કાર્યકરો દ્વારા કરવામાં આવેલા કથિત હુમલાના કેસમાં નિર્દોષ જાહેર કર્યા છે.

આ કેસમાં ઠાકરે સહિત આઠ વ્યક્તિઓને આરોપી ગણવામાં આવ્યા હતા. બે આરોપીઓનું ટ્રાયલ દરમિયાન મૃત્યુ થયું હતું.

આરોપીઓનું પ્રતિનિધિત્વ કરતા એડવોકેટ શૈલેષ સાદેકરે મીડિયાને જણાવ્યું હતું કે મેજિસ્ટ્રેટે તેમને નિર્દોષ જાહેર કર્યા છે. જો કે, વિગતવાર આદેશ હજુ સુધી આવ્યો નથી.

ટ્રાયલ દરમિયાન, બચાવ પક્ષે દલીલ કરી હતી કે ચાર્જશીટ કે મૌખિક પુરાવાઓથી ૨૦૦૮ માં કલ્યાણ ખાતે રેલવે ભરતી બોર્ડના પરીક્ષાર્થીઓ પર થયેલા કથિત હુમલાના સ્થળે ઠાકરેની હાજરી સાબિત થતી નથી. એવી પણ દલીલ કરી હતી કે ફરિયાદ પક્ષ મનસેના વડા દ્વારા કથિત રીતે કરવામાં આવેલા ઉશ્કેરણીજનક ભાષણોના કોઈ પુરાવા રજૂ કરવામાં નિષ્ફળ રહ્યો છે. ફરિયાદ પક્ષના સાક્ષીઓ પણ કથિત આરોપીને ઓળખી શક્યા નથી. ■




LIKE & FOLLOW: /Mumbaisamachar4u

છેલ્લા પાનાનું ચાલુ

## ગોવામાં મહિલાની

પાડેલા આરોપીની ઓળખ સાગર રમેશ રાઉળ (૩૪) તરીકે થઈ હતી. ઓલ્ડ ગોવાના તિસવાડી ખાતે રહેતા સાગરને ઘોડબંદર રોડ પરના ચેના બ્રિજ નજીકની દ્વારકા હોટેલ પાસેથી તાબામાં લેવાયો હતો.

પોલીસના જણાવ્યા મુજબ ઉત્તર ગોવાના બિચોલિમમાં ચિકને કુડણે ખાતે રહેતી શૈલા ઘાડી (૫૮)ની મંગળવારે કરપીણ હત્યા કરવામાં આવી હતી. તપાસમાં જણાયું હતું કે શૈલાની નાની દીકરી સાથે સાગર લગ્ન કરવા માગતો હતો. આ માટે તેણે માગું પણ નાખ્યું હતું, પરંતુ શૈલાએ ઇનકાર કરી દેતાં સાગર રોષે ભરાયો હતો. કહેવાય છે કે લગ્નમાં અવરોધ ઊભો કરનારી શૈલા પર ગિન્નાયેલા આરોપીએ તેનો કાંટો કાઢવાનું નક્કી કર્યું હતું. બપોરના સમયે શૈલા ઘરમાં એકલી હતી ત્યારે આરોપી તીક્ષ્ણ હથિયાર સાથે ઘરમાં ઘૂસ્યો હતો. આરોપીએ શસ્ત્રથી હુમલો કરી શૈલાની હત્યા કરી હતી. કહેવાય છે કે આરોપીને એટલું ખુન્નસ હતું કે તેણે શૈલાની બન્ને આંખો ફોડી નાખી હતી.

હત્યા બાદ આરોપી સોનાની ચેન અને મોબાઈલ લૂંટી રફુચક્કર થઈ ગયો હતો. આ પ્રકરણે બિચોલિમ પોલીસે ગુનો નોંધી આરોપીની તપાસ હાથ ધરી હતી. આરોપીના સગા મહારાષ્ટ્રના વિરાર પરિસરમાં રહેતા હોવાથી તે ત્યાં આવવાની શક્યતાને ધ્યાનમાં રાખી ગોવા પોલીસે મીરા-ભાયંદર પોલીસનો સંપર્ક સાધ્યો હતો. ક્રાઈમ બ્રાન્ચ યુનિટ-૪ના અધિકારીઓએ આરોપીના વિરારમાં રહેતાં સગાંને ઘેર નજર રાખી હતી. દરમિયાન ટેક્નિકલ બાબતોનો અભ્યાસ કરી આરોપીને મીરા રોડ નજીક ઘોડબંદર રોડ પરથી તાબામાં લેવાયો હતો. બે દિવસના ટ્રાન્ઝિટ રિમાન્ડ પર આરોપીને ગોવા લઈ જવામાં આવ્યો હતો. વધુ કાર્યવાહી બિચોલિમ પોલીસ કરી રહી છે.

## રેલવે મુસાફરોને

આસપાસ વાડ બનાવવામાં આવશે. ત્યારબાદ, આગામી વર્ષોમાં બાંદ્રા ટર્મિનસને પૂર્વ તરફ વિકસાવવામાં આવશે. રેલ્વે સ્ટેશનો પર પ્લેટફોર્મની સંખ્યા વધારવાની સાથે, અન્ય માળખાકીય સુવિધાઓનો પણ વિસ્તાર કરવામાં આવશે.

હાલમાં બાન્દ્રા ટર્મિનસ સ્ટેશનથી ૨૨ મેલ-એક્સપ્રેસ ટ્રેનો ઉપડે છે. આગામી વર્ષોમાં આ સંખ્યામાં ૫૦ ટકાનો વધારો થવાની ધારણા છે. પશ્ચિમ રેલવેના મુંબઈ વિભાગમાંથી ૫૦ નવી મેલ-એક્સપ્રેસ ટ્રેનો શરૂ કરવાનો ઉદ્દેશ્ય છે. વર્ષોની કાનૂની કાર્યવાહી પછી, ગરીબનગરમાં અતિક્રમણ સફળતાપૂર્વક દૂર કરવામાં આવ્યું છે, એમ પશ્ચિમ રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારી વિનીત અભિષેકે માહિતી આપી હતી.

આ કાર્યવાહીથી બાંદ્રા ટર્મિનસના વિકાસ અને પશ્ચિમ રેલ્વેની ૫મી અને ૬ઠ્ઠી લાઇનના વિસ્તરણમાં પણ ઘણો ફાયદો થશે. સાંતાક્રુઝ અને મુંબઈ સેન્ટ્રલ સ્ટેશનો વચ્ચે ૫મી અને ૬ઠ્ઠી લાઇનનું બાંધકામ ઝડપી બનાવવામાં આવશે. આનાથી પશ્ચિમ રેલવે પર મેઇલ/એક્સપ્રેસ અને લોકલ ટ્રેનોને અલગ કરીને ટ્રાફિકની ભીડ ઘટાડવામાં મદદ મળશે. ઉપરાંત, નવા બુલેટ ટ્રેન પ્રોજેક્ટને પણ ઘણો ફાયદો થશે. આ અનધિકૃત બાંધકામો બાન્દ્રા કુર્લા કોમ્પ્લેક્સ તરફ જતા રૂટ પર હતા. તેથી, કોમ્પ્લેક્સમાં બની રહેલા બુલેટ ટ્રેન સ્ટેશન સાથે સરળ કનેક્ટિવિટી ઉપલબ્ધ થશે.

## એક વર્ષ પહેલાના

ભીષણ આગની દુર્ઘટના ટાળી શકાઈ હોત.

થાણેના જવાહરબાગ ફાયર સ્ટેશનના અધિકારક્ષેત્ર હેઠળ ગુરુવારે સવારના આગની ઘટના બની હતી. જવાહરબાગ ફાયર સ્ટેશન દ્વારા ૭ એપ્રિલ, ૨૦૨૫ ના રોજ એક ઈન્સ્પેકશન રિપોર્ટ બહાર પાડવામાં આવ્યો હતો, જેમાં કહેવામાં આવ્યું હતું કે, 'આખી ઇમારતમાં આગ નિવારણ અને જીવનરક્ષક પગલાં લેવામાં આવ્યાં નથી. જો ત્યાં કોઈ કટોકટી સર્જાય તો મોટા જાનમાલનું નુકસાન થઈ શકે છે. '

વર્ષ જૂના સત્તાવાર અહેવાલમાં બહુમાળી માળખામાં અનેક ક્ષતિઓ નોંધવામાં આવી હતી. રિપોર્ટમાં એવું પણ કહેવામાં આવ્યું હતું કે કોઈ દુર્ઘટના સર્જાય તો બચવાના રસ્તાઓ પણ બંધ થઈ ગયા છે. બેઝમેન્ટ બાઇક પાર્કિંગ જે દરરોજ ૪૫૦ વાહનોને સમાવી શકે છે, ત્યાંથી જતી એક મહત્ત્વપૂર્ણ સીડી, અનધિકૃત બાંધકામ દ્વારા સંપૂર્ણપણે બંધ કરી દેવામાં આવી હતી, જેના કારણે બેઝમેન્ટમાં ફક્ત એક જ પ્રવેશ અને બહાર નીકળવાનો માર્ગ હતો. રિપોર્ટમાં એમ પણ કહેવામાં આવ્યું હતું કે ગ્રાઉન્ડ ફ્લોર પર રેડીમેડ કપડાના સ્ટોલ ગેરકાયદેસર રીતે કાર્યરત હતા, જેમાં હાઇ-વોલ્ટેજ ઇલેક્ટ્રિકલ પેનલ, મોટર રૂમ અને મુખ્ય વીજળી મીટર રૂમની સીધી બાજુમાં જ અત્યંત જ્વલનશીલ કપડાં પ્રદર્શિત કરવામાં આવ્યા હતા. રિપોર્ટમાં એવું પણ ઉમેરવામાં આવ્યું હતું કે બિલ્ડિંગના ઉપરના માળે કૌશલ્ય વિકાસ કેન્દ્રની અંદરનાં અગ્નિશામક સાધનો, જ્યાં લગભગ ૩૦૦ વિદ્યાર્થીઓ અને સ્ટાફ વારંવાર આવતા હતા, તે ફરીથી ભરવામાં આવ્યા ન હતા.

રિપોર્ટમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે સંપૂર્ણ વહીવટી ખામીઓ હતી કારણ કે કૉમ્પ્લેક્સની અંદર આવેલી સક્રિય સરકારી કચેરીઓમાં, જેમાં ડેપ્યુટી રજિસ્ટ્રાર ઓફિસ (૩૯ કર્મચારીઓ) અને નૌપાડા વોર્ડ કમિટી ઓફિસ (૧૫૦ કર્મચારીઓ)નો સમાવેશ થાય છે, કોઈ આગ નિવારણ અથવા જીવન સલામતીનાં પગલાં લાગુ કરવામાં આવ્યા ન હતા. દરમિયાન આ ઘટના બાદ શિવસેના શાસિત થાણે મ્યુનિસિપલ કોર્પોરેશનની આકરી ટીકા થઈ રહી છે. પાલિકા પ્રશાસન પર ગુનાહિત બેદરકારીનો આરોપ લગાવતા સ્થાનિક કા કૉંગ્રેસના નેતાએ કહ્યું હતું કે બજારમાં લાગેલી આગ અમલદારશાહીની સુસ્તીને કારણે માનવસર્જિત આપત્તિ હતી. આ એક અકસ્માત હતો જે બનવાની રાહ જોવામાં આવી રહી હતી. નાગરિકોના જીવન સાથે રમત રમવા બદલ જવાબદાર નગરસેવકો સામે ખૂન નહીં પણ ગુનાહિત હત્યાનો કેસ નોંધવામાં આવે એવી માગણી પણ કૉંગ્રેસે કરી હતી.

કૉંગ્રેસે પાલિકા કમિશનર સૌરભ રાવને કૉમ્પ્લેક્સમાં ગંભીર સલામતી ખામીઓ, માળખાકીય ઉલ્લંઘનનો અને આગનાં જોખમો વિશે અગાઉ લેખિતમાં સ્પષ્ટપણે ચેતવણી આપી હતી, પરંતુ ચેતવણીઓને સંપૂર્ણ વહીવટી ઉદાસીનતાનો સામનો કરવો પડ્યો હોવાનો દાવો પણ આ સમયે કરવામાં આવ્યો હતો.

સ્થાનિક કૉંગ્રેસના નેતાના દાવા મુજબ ફાયર વિભાગના વિગતવાર અહેવાલમાં ગંભીર નબળાઈઓ દર્શાવવામાં આવી હોવા છતાં, અધિકારીઓએ ઊંઘવાનું પસંદ કર્યું. અનધિકૃત બાંધકામોને અવગણવામાં આવ્યાં, મૂળભૂત અગ્નિશામક પ્રણાલીઓ ક્યારેય સ્થાપિત કરવામાં આવી ન હતી, અને ઇમારતને ઓક્યુપન્સી સર્ટિફિકેટ (ઓસી) અથવા ફાઈનલ ફાયર એનઓસી વિના ચલાવવાની મંજૂરી આપવામાં આવી હતી. કૉંગ્રેસ નેતાએ માગ કરી કે જેમણે ફાયર વિભાગના સ્પષ્ટ સુધારણા આદેશોને અવગણ્યા છે તેઓ તાત્કાલિક ફોજદારી કાર્યવાહીનો સામનો કરે.

## પાક લોન માટે

બેઠક દરમિયાન કૃષિ લોન માફી અને કૃષિ ધિરાણ સંબંધિત મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. સરકારે વચન આપ્યું હતું એ કૃષિ લોન માફી યોજના ટૂંક સમયમાં અમલમાં મૂકશે. અમે આ લોન માફ કરીશું. પ્રધાનમંડળમાં ચર્ચા થઈ ચૂકી છે અને બાકીના જિલ્લાઓમાંથી માહિતી આવી ગયા પછી ૩૦ જૂન પહેલા લોન માફી લાગુ કરવામાં આવશે. મહારાષ્ટ્રનો ખરીફ વાવેતર વિસ્તાર આશરે ૧૫૨ લાખ હેક્ટર છે, જેમાં સોયાબીન અને કપાસનો હિસ્સો લગભગ ૮૮ લાખ હેક્ટર છે. મુખ્ય પ્રધાનનું કહેવું છે કે સરકાર સંભવિત મુશ્કેલ ચોમાસાની ઋતુ માટે તૈયારી કરી રહી છે. (પીટીઆઈ)

## વલસાડના

રાજન માછી (૩૩)નો મૃતદેહ મળી આવ્યો હતો. માથામાં સાતથી આઠ વાર હથોડી ફટકારી ઈતનેશની હત્યા કરવામાં આવી હતી. આ પ્રકરણે તલાસરી પોલીસે અજાણ્યા શખસ વિરુદ્ધ હત્યાનો ગુનો નોંધ્યો હતો, જેની સમાંતર તપાસ લોકલ ક્રાઈમ બ્રાન્ચે હાથ ધરી હતી.

તપાસ દરમિયાન ક્રાઈમ બ્રાન્ચના ઇન્ચાર્જ ઇન્સ્પેક્ટર પ્રદીપ પાટીલની ટીમને જાણવા મળ્યું હતું કે મૃતક ઉમરગામના અગરમોરા ફળિયામાં રહેતો હતો અને તેનું નજીકના જ ફળિયામાં રહેતી એક મહિલા સાથે સાત-આઠ વર્ષથી અફૅર હતું. પોલીસે મહિલાના પતિ જેરી બાબુ માછી (૩૬)ને તાબામાં લીધો હતો.

સૂત્રોના જણાવ્યા મુજબ મૃતકનું જેરીની ૩૨ વર્ષની પત્ની સાથે અફૅર હતું. મહિલા આ સંબંધનો અંત લાવવા માગતી હતી, પરંતુ મૃતક તેનો પીછો છોડતો નહોતો. પરિણામે મહિલાએ પતિ સાથે મળી પ્રેમીનો કાંટો કાઢવાનું કાવતરું ઘડ્યું હતું.

નક્કી થયા મુજબ મૃતકને તલાસરીના ડેમ પાસે ફરવાને બહાને બોલાવ્યો હતો. નિર્જન સ્થળે પહોંચ્યા પછી માથામાં હથોડી ફટકારી ઈતનેશની હત્યા કરવામાં આવી હતી. પ્રાથમિક તપાસ બાદ પોલીસે આરોપી જેરી અને તેની પત્નીની ધરપકડ કરી હતી. દંપતીને કોર્ટે પાંચ દિવસની પોલીસ કસ્ટડી ફટકારી હતી. તલાસરી પોલીસ આ મામલે વધુ તપાસ કરી રહી છે.

## મૃતકોના પરિવારને

ફાઇટરનાં મોત થયાં હતાં. આ ઘટનાની પૃષ્ઠભૂમિમાં, નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદે દ્વારા આપવામાં આવેલી સૂચના મુજબ થાણેના મેયર શર્મિલા પિંપળોલકર, સાંસદ અને થાણે પાલિકા કમિશનર સૌરભ રાવ સાથે સંયુક્ત બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં દુર્ઘટનામાં મૃત્યુ પામેલા સુરક્ષા ગાર્ડ કાલુ શંકર ગાડેકર (ઉંમર ૫૫) અને ફાયર સ્ટેશન ઓફિસર સાગર સૂર્યકાંત શિંદે (૪૨) ના પરિવારોને ૧૦ લાખ રૂપિયાની તાત્કાલિક સહાય અને જખમી સુજીત પષ્ટે (૪૫) અને સમીર જાધવ (૪૦) ના પરિવારોને એક લાખ રૂપિયાની આર્થિક મદદ કરવાનો સર્વાનુમતે નિર્ણય લેવામાં આવ્યો. સરકારી નિયમો મુજબ મૃતકોના પરિવારોને અનુકંપાને ધોરણે મ્યુનિસિપલ સેવામાં સમાવવામાં આવશે અને પહેલી જૂન સુધીમાં બજારમાંથી ૧૫૫ ગાળાધારકોનું પુનર્વસન તે જ સ્થળે કરવામાં આવશે. આ દુર્ઘટનામાં જખમી થયેલા બંનેને સારવાર માટે કલવાની છત્રપતિ શિવાજી મહારાજ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે અને ડોક્ટરોએ તેમની હાલત સ્થિર હોવાનું જણાવ્યું હતું. આ ઘટનામાં મૃત્યુ પામેલા સુરક્ષા ગાર્ડ કાલુ શંકર ગાડેકરના પરિવારમાં તેમની પત્ની અને બે બાળકો છે. સ્ટેશન ઓફિસર સાગર શિંદેના પરિવારમાં તેમની માતા, પત્ની અને બે મહિનાની પુત્રી છે.

ગાંવદેવી શાકભાજી માર્કેટમાં ૧૫૫ સ્ટોલ ધારકોને અસર થઈ છે અને પહેલી જૂન, ૨૦૨૬ ના રોજ આ સ્ટોલ ધારકોને તે જ જગ્યાએ ખસેડવામાં આવશે. હાલમાં ગાંવદેવી શાકભાજી માર્કેટમાં સફાઈનું કામ ચાલી રહ્યું છે અને ત્યારબાદ, આ ઇમારતનું સ્ટ્રક્ચર ઓડિટ અને ફાયર ઓડિટ કરવામાં આવશે. પેઇન્ટિંગ અને ઇલેક્ટ્રિકલ કામ પૂર્ણ થયા પછી, આ સ્ટોલ ધારકોને તે જ જગ્યાએ ખસેડવાનો, આવી ઘટનાઓ ફરીથી ન બને તે માટે પગલાં લેવાનો અને ઇમર્જન્સી અને ફાયર વિભાગમાં કામ કરતા કર્મચારીઓના વીમા કવરેજની રકમ વધારવાનો નિર્ણય પણ આજે યોજાયેલી બેઠકમાં સર્વાનુમતે લેવામાં આવ્યો હતો. ઉપરાંત, બેઠકમાં ક્ષતિગ્રસ્ત સ્થળનું પંચનામું કરવા અને જે કંઈ નુકસાન થયું છે તેનું વળતર આપવાના મુદ્દા પર ચર્ચા કરવામાં આવી હતી.આ પ્રસંગે, પદાધિકારીઓ અને કમિશનરે શાકભાજી વિક્રેતાઓના પ્રતિનિધિઓને પણ સાંભળ્યા. મહાનગરપાલિકા આ સ્થળે વિક્રેતાઓને વળતર મેળવવા માટે જરૂરી તમામ સહાય પૂરી પાડશે અને મહાનગરપાલિકા તેમને પહેલી જૂનના રોજ કામચલાઉ સ્થળાંતર કર્યા વિના તે જ જગ્યાએ સ્થાનાંતરિત કરશે. શાકભાજી વિક્રેતાઓએ આ સંદર્ભમાં સકારાત્મકતા દર્શાવી હતી.

નાયબ મુખ્યમંત્રી સમીક્ષા નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદેએ કમિશનર સૌરભ સાથે ચર્ચા કરી અને સમગ્ર ઘટનાની સમીક્ષા કરી હતી. આ સમયે, તેમણે મૃતકોના પરિવારોને મુખ્યમંત્રી રાહત ભંડોળમાંથી મદદ મેળવવા માટે દરખાસ્ત મોકલવા સૂચના આપી. રાજ્ય સરકારના કટોકટી વિભાગ દ્વારા મદદ મેળવવા માટે જિલ્લા કલેક્ટરને દરખાસ્ત મોકલવાની પણ સૂચના આપી. નાયબ મુખ્યમંત્રીએ શાકભાજી માર્કેટમાં સ્ટોલ ધારકોના સ્થળાંતર અંગે પણ કમિશનર સાથે ચર્ચા કરી હતી.

## લગભગ ૮૫%

છે. તેમણે વધુમાં ઊમેર્યું કે સ્થળ પર હાજર લોકોને ૨,૦૦૦ થી વધુ પાણીની બોટલો અને પેક્ડ ભોજનનું વિતરણ કરવામાં આવ્યું છે. અભિષેકે પુનરોચ્ચાર કર્યો કે હાઈ કોર્ટના આદેશના આધારે, ડિમોલિશન કામ હાથ ધરવામાં આવી રહ્યું છે. તેમણે સ્થળ પર થયેલા પથ્થરમારા અને પ્રદર્શનના મુદ્દા પર પણ વાત કરી અને કહ્યું, ''એક નાની સમસ્યા હતી, પરંતુ અમારી ટીમે તેને ખૂબ જ સારી રીતે હેન્ડલ કરી હતી. ૧૦-૧૫ મિનિટમાં, સમગ્ર પરિસ્થિતિનું નિરાકરણ લાવી,તેને નિયંત્રણમાં લાવવામાં આવી હતી.

દરમિયાન, અધિકારીઓએ જણાવ્યું હતું કે પશ્ચિમ રેલવેની જમીન પર રહેતા લગભગ ૧૦૦ પાત્ર પરિવારોનું આગામી ચાર મહિનામાં પુનર્વસન થવાની સંભાવના છે. પશ્ચિમ રેલવેએ તાજેતરમાં મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટીને પુનર્વસન દરખાસ્ત પર કાર્યવાહી કરવા માટે પત્ર લખ્યા બાદ આ ખાતરી આપવામાં આવી છે.

બાંદ્રા સ્ટેશન નજીક અતિક્રમણ વિરોધી ઝુંબેશ શરૂ થઈ ત્યારથી ભય અને અનિશ્ચિતતા હેઠળ જીવી રહેલા રહેવાસીઓને આથી આંશિક રાહત મળી છે. વસાહતમાં લગભગ ૫૦૦ ઝૂંપડા હતા, પરંતુ રેલવે અધિકારીઓએ પુનર્વસન માટે પાત્ર તરીકે ફક્ત ૧૦૦ પરિવારોની ઓળખ કરી છે.

## કોણ બલ્ક

ઉત્પાદન થતું હોય અથવા ૪૦,૦૦૦ લિટરથી વધુ પાણીનો વપરાશ થતો હોય એવી કોઈ પણ સંસ્થાને બલ્ક વેસ્ટ જનરેટર તરીકે વર્ગીકૃત કરવામાં આવશે, જેમાં ફરજિયાત પાલન કરવા માટે પૂરતો એક માપદંડ હશે.

## મુંબઈગરાને

ફરજિયાત બની છે. જે કિસ્સાઓમાં બલ્ક જનરેટરો સ્વતંત્ર રીતે કચરો પ્રક્રિયા કરવામાં અસમર્થ હોય, તો તેમને તેના નિકાલ માટે કચરો પાલિકાને સોંપવો પડશે. હાલમાં, મહાનગરપાલિકા કાંજુરમાર્ગ ડમ્પિંગ ગ્રાઉન્ડ પર કચરાના પરિવહન અને પ્રક્રિયા કરવા માટે પ્રતિ ટન લગભગ ૮૧૨ રૂપિયા ખર્ચ કરે છે. મોટાભાગના અન્ય પાલિકાથી વિપરીત, મુંબઈ મહાનગરપાલિકા હાલમાં આ સેવા માટે યુઝર ફી (વપરાશકર્તા ફી) વસૂલતું નથી, જોકે અધિકારીઓએ સંકેત આપ્યો છે કે ભવિષ્યમાં યુઝર ફી લાગુ કરવામાં આવી શકે છે.

## કચરાના બલ્ક

હોટલ અને કમર્શિયલ સંસ્થાઓને સ્વચ્છ ભારત મિશન (એસબીએમ) પોર્ટલ પર રજિસ્ટ્રેશન કરાવવું પડશે અને ભીના કચરાનું મૂળ સ્થાને અથવા અધિકૃત પાલિકાની સિસ્ટમ દ્વારા પ્રક્રિયા કરવાનું રહેશે. અન્યથા તેમને દંડનીય કાર્યવાહીનો સામનો કરવો પડશે. પાલિકા લાંબા ગાળે બલ્ક જનરેટરો પાસેથી યુઝર ફી વસૂલવાની યોજના પણ ધરાવે છે. કચરાના નિયમન માળખા (વેસ્ટ રેગ્યુલેશન ફ્રેમ વર્ક)ના વ્યાપક વિસ્તરણમાં પાલિકા આગામી છથી ૧૨ મહિનામાં લગભગ ૪,૬૮૦ સંસ્થાઓને ફરજિયાત રજિસ્ટ્રેશન અને નિયમનું પાલન કરાવવાની યોજના ધરાવે છે. પાલિકાએ તમામ ૨૬ પ્રશાસકીય વોર્ડના આસિસ્ટન્ટ કમિશનરોને આગામી ૧૫ દિવસમાં સ્વચ્છ ભારત મિશન (એસબીએમ)ની નોંધણી સુનિશ્ચિત કરવા નિર્દેશ આપ્યો છે. અધિકારીઓએ ચેતવણી આપી છે આ આદેશનું પાલન નહીં કરનારી સંસ્થાઓને નોટિસ જારી કરવામાં આવશે. શહેરમાં હાલ દરરોજ ૭,૦૦૦ મેટ્રિક ટન કચરો નીકળે છે. ભીના અને સૂકા કચરા સંગ્રહ ઉપરાંત પાલિકાએ સેનિટરી અને સ્પેશિયલ-કેર કચરા માટે સમર્પિત કલેકશન સિસ્ટમ શરૂ કરી છે, જેમાં રેસિડેન્શિયલ કૉમ્પ્લેક્સ, બ્યુટી પાર્લર, ઈન્સ્ટિટ્યૂટશન અને કન્યા છાત્રાલયો સહિત ૭,૦૦૦ થી વધુ સંસ્થાઓ પહેલેથી જ આ પહેલ હેઠળ નોંધાયેલી છે. વૈજ્ઞાનિક નિકાલ માટે સમર્પિત વોર્ડ-સ્તરનાં વાહનો દ્વારા ૧૧ વિકેન્દ્રિત પ્લાઝમા ઇન્સિનેરેશન સેન્ટરોમાં કચરાનું ટ્રાન્સપોર્ટેશન કરવામાં આવે છે. પાલિકાએ દેવનાર ખાતે એક વિશાળ કોમ્પ્રેસ્ડ બાયોગેસ (સીબીજી) પ્લાન્ટ સ્થાપવા માટે મહાનગર ગેસ લિમિટેડ સાથે ભાગીદારી પણ કરી છે, જે દરરોજ ૧,૦૦૦ મેટ્રિક ટન અલગ કરેલા ભીના કચરા પર પ્રક્રિયા કરશે, જે મુંબઈના કાર્બનિક કચરાને સ્વચ્છ વાહન બળતણ અને પાઇપ દ્વારા કુદરતી ગેસમાં રૂપાંતરિત કરશે અને શહેરની ઓવરફ્લો થતી કચરાના નિકાલ પ્રણાલી પર દબાણ ઘટાડશે.

### કચરાનું વિલીનીકરણ

ભીના કચરામાં રસોડામાં કચરો, ખોરાકનો કચરો, શાકભાજીનો કચરો, માંસનો કચરો, ફળોનો કચરો અને અન્ય બાયોડિગ્રેડેબલ કચરાનો સમાવેશ થાય છે. જ્યારે સૂકા કચરામાં રિસાયકલ કરી શકાય તેવો અને બિન-રિસાયકલ કરી શકાય તેવો કચરો, જેમાં સેનિટરી અને સ્પેશિયલ-કેર કચરો શામેલ છે. સેનિટરી કચરામાં ડાયપર, સેનિટરી ટુવાલ અથવા નેપકિન્સ, ટેમ્પન અને કોન્ડોમનો સમાવેશ થાય છે. સ્પેશિયર કેર કચરામાં કાઢી નાખેલા પેઇન્ટ ડ્રમ, જંતુનાશક કન્ટેનર, કોમ્પેક્ટ ફ્લોરોસન્ટ લેમ્પ (સીએફએલ), બલ્બ, એક્પાયર થયેલ દવાઓ, તૂટેલા પારો થર્મોમીટર, કચરાની બેટરી, વપરાયેલી સોય અને સિરીંજ અને અન્ય જોખમી ઘરગથ્થુ કચરાનો સમાવેશ થાય છે.

### કિચન વેસ્ટ પર દેવનારમાં પ્રક્રિયા

દેવનાર પ્લાન્ટમાં દરરોજ હૉસ્પિટલો અને હોટલોમાંથી અલગ કરાયેલ રસોડાના કચરા (કિચન વેસ્ટ)ને એકત્રિત કરવા માટે બે વાહનોને ખાસ તહેનાત કરવામાં આવશે. શરૂઆતમાં, લગભગ ૩૫૦ ટન રસોડાના કચરાને એકત્રિત કરવામાં આવશે, જેનું લક્ષ્ય આખરે દૈનિક ૧,૦૦૦ ટન સુધી વધારવામાં આવશે. કલેક્શન સર્વિસ ૩૦મેથી 'એન' વોર્ડ ઘાટકોપર અને 'એસ' વોર્ડ ભાંડુપમાં શરૂ થશે. વોર્ડમાં ચોક્કસ ઓપરેશનલ પડકારોનો સામનો કરવો પડી રહ્યો હોવાથી અમે ભાંડુપથી શરૂઆત કરવાનું નક્કી કર્યું હોવાનું પાલિકાના ઉચ્ચ અધિકારી કિરણ દિઘાવકરે જણાવ્યું હતું.

## મહારાષ્ટ્ર પર

વ્યક્ત કરી હતી. તેમણે આ સમયગાળા દરમિયાન કયા પગલાં લેવામાં આવશે તેની પણ વિગતવાર માહિતી આપી હતી. વધુમાં માહિતી આપતાં તેમણે જણાવ્યું કે, ગુરુવારે ખરીફ સિઝનની પૂર્વ તૈયારીઓ અને તે પહેલાં રાજ્ય સ્તરીય બેંકિંગ સમિતિની બેઠક યોજાઈ હતી. જેમાં ખેડૂતોને વધુમાં વધુ લોન મળી રહે તે માટેના આયોજન અને કુલ લોન વિતરણ અંગે ચર્ચા કરવામાં આવી હતી. જિલ્લા સહકારી અને ગ્રામીણ બેંકો ૬૭% ખેડૂતોને લોન આપે છે અને તેમનો ટાર્ગેટ ૮૦%થી વધુ છે, જ્યારે રાષ્ટ્રીયકૃત બેંકો માત્ર ૨૬% ખેડૂતોને લોન આપે છે અને તેમનો ટાર્ગેટ ૬૭% છે. તેથી, રાષ્ટ્રીયકૃત બેંકોને ટાર્ગેટ ૮૦%થી ઉપર લઈ જવા કડક સૂચના અપાઈ છે. સાથે જ, પાક ધિરાણ માટે સિબિલ સ્કોર ન માગવાનો આદેશ પણ આપવામાં આવ્યો છે, જેને આરબીઆઈ પણ સમર્થન આપ્યું છે, તેમણે જણાવ્યું હતું. તમામ બેંકો સાથે લોન માફી અંગે ચર્ચા કરવામાં આવી છે. જે કંઈ પણ લોન માફી કરવાની છે, તે સંદર્ભે વિગતવાર ચર્ચા થઈ છે. અમે લોન માફી અંગે જે નિર્ણય લીધો છે, તેને સમયસર પૂરો કરીશું તે રીતે તેનું આયોજન કરવામાં આવ્યું છે, તેમણે જણાવ્યું હતું.

## મરાઠા યુવાનો માટે

બજેટમાં આ મહામંડળ માટે ૭૫૦ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી હતી. હવે તેમાંથી પ્રથમ તબક્કાના ભંડોળની વહેંચણી શરૂ થઈ હોવાથી, મરાઠા સમાજના બેરોજગાર અને સ્વરોજગાર કરવા ઈચ્છતા યુવાનોને મોટો આધાર મળશે તેવું માનવામાં આવી રહ્યું છે. મનોજ જરાંગે પાટીલના આંદોલનની પૃષ્ઠભૂમિમાં આ નિર્ણય સામે આવ્યો હોવાથી તેને રાજકીય દ્રષ્ટિએ પણ મહત્ત્વનો માનવામાં આવી રહ્યો છે. અંતરવલ્લી સરાટી ખાતે આમરણ ઉપવાસની ચીમકી આપવામાં આવી હોવાથી સરકાર દ્વારા ભંડોળ વિતરણનો નિર્ણય જાહેર કરવામાં આવ્યો છે. આથી, મરાઠા સમાજ સાથે જોડાયેલા પ્રશ્નો પર સરકાર દ્વારા હલચલ શરૂ થઈ હોવાની ચર્ચા રાજકીય વર્તુળોમાં શરૂ થઈ છે.

## વિધાન પરિષદમાં

૨૨ જૂનના રોજ તેનું પરિણામ જાહેર થશે. આ ફોર્મ્યુલા અનુસાર, ભાજપના ફાળે ૧૨, શિવસેનાના ફાળે ૩ અને રાષ્ટ્રવાદી કૉંગ્રેસ (એનસીપી)ના ફાળે ૨ બેઠકો આવશે તેવી માહિતી મળી રહી છે.

કઈ બેઠક પર કયા પક્ષનો દાવો?: રાષ્ટ્રવાદી કૉંગ્રેસ - રાયગઢ-રત્નાગીરી-સિંધુદુર્ગ, હિંગોલી-પરભણી. શિવસેના - થાણે, નાસિક, યવતમાલ, ભાજપ - નાગપુર, વર્ધા - ચંદ્રપુર - ગઢચિરોલી, અહિલ્યાનગર, છત્રપતિ સંભાજીનગર - જાલના, સતારા - સાંગલી, પુણે, જલગાંવ, નાંદેડ, ભંડારા - ગોંદિયા, અમરાવતી, લાતુર - ધારાશિવ - બીડ, સોલાપુર

## હિન્દુ મરણ

**કડવા પાટીદાર**

વતનઃ ચાણસ્મા, હાલઃ મુંબઈ, સ્વ. રમણલાલ હરગોવિંદદાસ પટેલ તા. ૨૦/૫/૨૬ બુધવાર (ઉં.વ.૮૧) દુષ્યંત, આશા, પ્રજ્ઞા, દેવેન્દ્ર અને સોનલના પિતા. સલોની, ઘનશ્યામ, સંદીપ, નેહા, નિખિલના સસરા. તેમનું બેસણું તા. ૨૨/૫/૨૬ના શુક્રવાર સાંજે ૦૬:૦૦ થી ૦૮:૦૦. સ્થળઃ થક્રાઈ ભાટિયા શેવા ફંડ, હોલ નંબર ૩ ગેટ નંબર ૫ શ્રી ફતેહચંદ શેવારામ નગર, શંકર લેન અને એસ. વી. રોડના ખૂણે, કાંદિવલી વેસ્ટ.

**મોડાસા એકડા વિશા ખડાયતા કોવાડીયા**

ચંદ્રકાંત લલ્લુદાસ શાહ (ઉં.વ. ૮૫) ૧૯/૫/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. તે સ્વ. મધુબેનના પતિ. હેમંત, હેમેશ, ઈલાના પિતા. રાધી, દિવ્યા, જયેશકુમારના સસરા. સાક્ષી, નિયતિ, નીલ, યશના દાદા. પ્રાણજીવન, જગદીશ, સુધા, નિલમના ભાઈ. દિનેશભાઇ બચુભાઈના બનેવી. બંને પક્ષનું બેસણું ૨૩/૫/૨૬ના રોજ ૫ થી ૭. ૨૨૮, જવાહરનગર રોડ ન ૧૫, આર્યસમાજ મંદિર માર્ગ, ગોરેગાવ વેસ્ટ.

**કંડોળિયા બ્રાહ્મણ**

ઉપલેટાવાળા હાલ કાંદીવલી, સ્વ. ગુલાબબેન તથા સ્વ. છોટાલાલ ત્રિભોવનદાસ જોષીના સુપુત્ર રાજેન્દ્રના ધર્મપત્ની અ.સૌ. અરુણા (ઉં.વ. ૭૪) તે બ્રિજેશભાઈ તથા પિંકેશભાઈના માતૃશ્રી. અ.સૌ. નિકિતા તથા અ.સૌ. રૂપલના સાસુ. દૃષ્ટિ, પક્ષાલ તથા દિયાના દાદી. પિયરપક્ષે સ્વ. ગૌરીબેન તથા સ્વ. મનુભાઈ નારણજી અધ્વર્યુના દિકરી. મંગળવાર, તા. ૧૯/૫/૨૬ના શ્રી કૈલાસવાસી થયેલ છે. પ્રાર્થનાસભા શુક્રવાર, તા. ૨૨/૫/૨૬ના ૫.૦૦ થી ૭.૦૦. શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ, ૫ મે માળે એસ.વી. રોડ, કાંદિવલી પશ્ચિમ.

**કચ્છી ભાટીયા**

મુન્દ્રા-મુંબઈ, રાજેન્દ્ર (રાજેન) (ઉં.વ. ૭૨) તે ચંદ્રલતા (મધુરીબેન) તથા ચંદ્રસીહભાઈ બજરીયાના સુપુત્ર. નલીનીબેનના પતિશ્રી. ધવલના પિતાશ્રી. પૂજાના સસરાજી. બાલમકુન્દ તથા મુકેશના મોટાભાઈ. લીલાવંતીબેન તથા લક્ષ્મીદાસ આશરના જમાઈ. તા. ૨૦-૫-૨૬ના મુંબઈ શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૨૨-૫-૨૬ના ૫ થી ૭. કલ્બ હાઉસ, યુતોપીયા ગાર્ડન ગ્રો ફેસ ૨, પોડીયમ લેવલ, કાંતિ પાર્ક રોડ , સિમ્પોલી મેટ્રો સ્ટેશનની નજીક, બોરીવલી વેસ્ટ. લૌકિક વહેવાર બંધ છે.

**પરજીયા સોની**

શોભા વડલાવાળા હાલ દહીંસર, વસંતભાઈ મૂળજીભાઈ ધકાણના ધર્મપત્ની શારદાબેન ધકાણ (ઉં.વ. ૭૦) હાલ દહીસર તે વિરડીવાળા સ્વ. દેવરાજભાઈ રામજીભાઈ સતીકુંવરના દીકરી તા. ૨૦મી મે, ૨૦૨૬ બુધવારના શ્રીજીચરણ પામ્યા છે. વિરલભાઈ, જિગ્નેશભાઈ અને નિમિષાબેન દેવેનકુમાર થડેશ્વર મોટા દેવળીયાવાળાના માતુશ્રી. સ્વ. મગનભાઈ, સ્વ. મૂળજીભાઈ, સ્વ. ધીરુભાઈના બેન. રિધ્ધીબેન અને દેવના નાનીશ્રી. પ્રાર્થનાસભા શુક્રવાર, તા. ૨૨/૫/૨૬ના સાંજે ૫ થી ૬. એડ્રેસઃ સોની વાડી, શિમ્પોલી ક્રોસ રોડ, બોરીવલી પશ્ચિમ.

**મૌક્તિક બ્રાહ્મણ**

સનાતન વિશ્વકાંત ભટ્ટ (ઉં. વ. ૮૨) તા. ૨૦-૫-૨૬ના દેવલોક પામેલ છે. તે દર્શનાનાં પતિ. હર્ષિત અને ધ્વનિના પિતા. પ્રાર્થનાસભા શુક્રવાર તા. ૨૨-૫-૨૬ના રોજ ચવાણ સેન્ટર, ૪થે માળે, નરીમાન પોઇન્ટ, મુંબઇ ખાતે સાંજે ૫થી ૬.૩૦.

## થાણેની ભાજી માર્કેટ

જ્વલનશીલ પદાર્થ હોવાથી આગ નિયંત્રણમાં આવવાને બદલે વધુ ઉગ્ર સ્વરૂપ ધારણ કરી રહી હતી.

ભારે જહેમત બાદ ગુરુવારના છેક બપોરના ૧૨.૩૦ વાગ્યાની આસપાસ આગ પર નિયંત્રણ મેળવવામાં સફળતા મળી હતી. જોકે કુલિંગ ઓપરેશન મોડે સુધી ચાલ્યું હતું. શુક્રવારથી અહીં સફાઈનું કામ હાથ ધરવામાં આવશે. આગનું ચોક્કસ કારણ જાણી શકાયું નહોતું અને તપાસ ચાલી રહી હોવાનું ફાયરબ્રિગેડના અધિકારીને જણાવ્યું હતું. આગ લાગી ત્યારે માર્કેટ બિલ્ડિંગમાં રહેલી પાલિકાની પ્રભાગ સમિતિની ઓફિસના સુરક્ષા રક્ષક રહેલા ૫૩ વર્ષના કાળુ શંકર ગાડેકર પહેલા માળા પર ફસાઈ ગયા હતા. તેઓ આગ લાગ્યા બાદ ફાયરબ્રિગ્રેડ સાથે લગભગ એક કલાક સુધી તેઓ કઈ તરફ છે તે બાબતે સંપર્કમાં હતા. તેમને બચાવવા માટે ફાયરબ્રિગેડનો જવાન સાગર શિંદે એ તરફ ગયો હતો અને તેમને બહાર કાઢવામાં સફળતા પણ મળી હતી. જોકે આગે ભીષણ સ્વરૂપ ધારણ કર્યું હોવાથી તેમાંથી મોટા પ્રમાણમાં નીકળેલા ધુમાડાને કારણે બંને જણના શ્વાસમાં ધુમાડો જતા તેઓ બેહોશ થઈ ગયા હતા અને હૉસ્પિટલમાં લઈ જતા તેઓને મૃત જાહેર કરવામાં આવ્યા હતા. તો ભીષણ આગમાં સુજીત પષ્ટે અને સમીર જાધવ જખમી થયા હતા તેમના પર સારવાર ચાલી રહી છે.

માર્કેટમાં ગાળો ધરાવતા એક યુવકના જણાવ્યા મુજબ અહીં શાકભાજી કરતાં કપડાનું વેચાણ કરતી દુકાન વધુ હતી. તેમ જ દરરોજ રાતના ૨૫થી ૩૦ જેટલા વેપારીઓ અહીં જ સૂઇ જતા હતા. જોકે ગુરુવારના વહેલી સવારના આગ લાગ્યા બાદ તેઓ સુરક્ષિત રીતે બહાર નીકળવામાં સફળ રહ્યા હતા અને મોટી જાનહાનિ ટળી હતી. આ બિલ્ડિંગમાં જ નૌપાડા પ્રભાગ સમિતિની ઓફિસ છે. અહીં મોટા પ્રમાણમાં પાલિકાના અધિકારી, કર્મચારીઓ પણ હાજર રહેતા હોય છે પણ મોડી રાત બાદ લાગેલી આગને કારણે ઓફિસ બંધ હોવાથી મોટી દુર્ઘટના ટળી ગઈ હતી.

## પારસી મરણ

આદિલ હોસી ફૂલવાડીવાલા (ઉં. વ. ૪૧) પિતા-મરહૂમ હોસી નોશિર ફૂલવાડીવાલા. માતા - રેણુકા હોસી ફૂલવાડીવાલા, બ્રધર / સિસ્ટર ઇન લો. હિના અને ચંદ્રેશ ઝિન્ઝુવાડિયા, કૃણાલ અને નેહા સોની, ચાર્મી અને સિદ્ધાર્થ શ્રોફ, જહાન્વી અને જિનિશા, ગ્રાન્ડમધર-રાધા અદેનાની કઝિન્સ. ફરઝિન અને જિમી સરકારી, રોશની અને યાઝાદ સરકારી, અનાહિતા અને મેહરનોશ અમરોલી, નેવિલ અને પિનાઝ ગોટલા, એરિક ગોટલા, અસ્પી અને અરહાન સુબ્રમણ્યમ, આન્ટ / અન્કલ : દિનશા અને નાન્સી ફૂલવાડીવાલા, ઝરીન અને ફિરોઝ ગોટલા, રવી અને કાશ્મીરા સુબ્રમણ્યમ, ઇનલોઝ : મરહૂમ સુભાષ સોની, અને અનુપમા સુભાષ સોની.

## જૈન મરણ

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

જેતપુર નિવાસી હાલ બોરીવલી, સ્વ. વિનોદરાય ભાઈચંદ કામદારના ધર્મપત્ની રંજનાબેન (ઉં.વ. ૮૮) તે વાંકાનેર નિવાસી વનેચંદ રાઘવજી મહેતાના દીકરી. હિના શૈલેષ મહેતા, ધર્મેન્દ્ર તથા ઉમેશભાઈના માતુશ્રી. કિરણબેનના સાસુ. હીરા, ઇન્દુબેન, યશોમતિબેન, વસુબેન તથા મધુસુદનના બહેન. ૨૦/૫/૨૬ના રોજ અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઝાલાવાડી વિશાશ્રીમાળી સ્થાનકવાસી જૈન**

નાગનેશ નિવાસી હાલ ઘાટકોપર, સ્વ. કસ્તુરચંદ તલકશીભાઇ શેઠના પુત્ર ચંદ્રકાંતભાઇ (ઉં.વ. ૮૦) તે ઉષાબેનના પતિ. સ્વ. વીરચંદભાઇ, સ્વ. બાબુભાઇ, સ્વ. હિંમતભાઇ, સ્વ. મનસુખભાઇ, સ્વ. છબીલભાઇ, રસીકભાઇ, સ્વ. રમણીકભાઇ, મહેન્દ્રભાઇ, સ્વ. કાંતાબેન, સ્વ. સરલાબેનના ભાઈ. બોટાદ નિવાસી ભવાનજીભાઇ રાયચંદ ગોપાણીના જમાઇ. તા. ૧૬-૫-૨૬ના રોજ અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશાશ્રીમાળી સ્થાનકવાસી જૈન**

ભોકરવાનિવાસી હાલ કલ્યાણ, દીપકભાઈ ઝવેરચંદ લાખાણી (ઉં.વ. ૬૩) તા. ૨૦/૫/૨૬ના બુધવારે અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. જયાબેન ઝવેરચંદ વનમાળીદાસ લાખાણીના સુપુત્ર. દર્શનાબેનના પતિ. ધરાબેન તેજસભાઈ હેમાણી તથા પ્રિયાના પિતાશ્રી. જીતુભાઈ, જયશ્રીબેન દિક્ષીતભાઈ દોશીના, પ્રફુલાબેન બીપીનભાઈ ઘાટલીયાના ભાઈ. નિરૂપમાબેન કનુભાઈ બાવીશીના જમાઈ. પ્રાર્થનાસભા નથી. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

લાખાપુરના રાજેશ કુંવરજી સાવલા (ઉં.વ. ૬૮) તા. ૧૯-૫ના અવસાન પામેલ છે. ઉમરબાઈ કુંવરજીના પુત્ર. જયાના પતિ. વાસંતી, ધર્મિષ્ઠા, નીનાના ભાઈ. કસ્તુરબેન વીરજીના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. ચક્ષુદાન અને ત્વચા દાન કરેલ છે. નિ. રાજેશ સાવલા, ૧૨, કમલ કુંજ, લક્ષ્મીનારાયણ લેન, માટુંગા (સે.રે.) મુંબઈ -૧૯.

રાયણનાં ધનવંતીબેન જવેરચંદ રામજી સાવલા (ઉં.વ. ૮૪) તા. ૨૦-૫-૨૬નાં દેહ પરીવર્તન કરેલ છે. જેઠીબાઇ રામજી જેઠાના પુત્રવધૂ. જવેરચંદના ધર્મપત્ની. બાડા મુરીબાઇ દના રતનશીના સુપુત્રી. મીના, ચેતન, કૌશીકના માતુશ્રી. લાલજી પ્રેમજી લીલાધર કાંતીલાલ, પુરબાઇ નરશી, વીરબાઇ લક્ષ્મીચંદ, ઉમરબાઇ દેવજી, વિજયા હીરાલાલના બહેન. પ્રા. મા.ક.મુ.શ્વે.જૈન સંઘની નારાયણજી શામજી વાડી, માટુંગા. ટા. ૪ થી ૫.૩૦.

કોડાય હાલે બેંગ્લોરના પાનબાઇ ગડા (ઉં.વ. ૮૬) ૧૯-૫ના અવસાન પામેલ છે. ગંગાબાઇ હીરજી, કુંતાબાઇ દેવજી દેવરાજના પુત્રવધૂ. લક્ષ્મીચંદના પત્ની. લીલેશ, પ્રકાશ, તરૂણા, નંદા, પુનમના માતા. કાંડાગરા મઠાબાઇ ગાંગજી ગાલાના પુત્રી. વલભજી, ભવાનજી, દામજી, મુલચંદ, જયંતીના બેન. પ્રાર્થના બીજાપુર રાખેલ છે. ઠે. લીલેશ ગડા, બસપનગુડી, ઇટ સ્ટ્રીટ, બેંગલોર-૫૬૦૦૦૪.

વડાલાના પુરબાઇ ગાંગજી રાંભીયા (ઉં.વ. ૧૦૨) તા. ૧૭-૫-૨૬નાં દેશમાં અવસાન પામેલ છે. લાડબાઇ કાનજીના પુત્રવધૂ. ગાંગજી કાનજીના ધર્મપત્ની. શાંતિ, પ્રભા, નિર્મલા, નવિન, મુકેશ, અતુલના માતુશ્રી. સાડાઉ તેજબાઇ આસુના પુત્રી. હંસરાજ ડુંગરશી શામજી માવજી પોપટલાલ ઉમરબાઇ મણીબેનના બેન. પ્રાર્થના રાખેલ નથી. સરનામું : અતુલ રાંભીયા, સરીતા બીલ્ડીંગ, ૧૦૭, બી-વિંગ, અંબાડી રોડ, વિશાલનગર, વસઇ (વેસ્ટ).

**દિગમ્બર મુમુક્ષુ જૈન**

વઢવાણ નિવાસી, હાલ મુંબઇ પ્રવીણભાઇ પોપટલાલ વોરા (ઉં. વ. ૯૨) મંગળવાર, તા. ૧૯-૫-૨૬ના દેહ વિલય થયો છે. તે સ્વ. જસવંતીબેનના પતિ. તુષારભાઇ, કિરણભાઇના પિતા. મીનળબેન, વર્ષાબેનના સસરા. શ્રદ્ધા, રૂષભ, સંયમ તથા પ્રિયાંકના દાદા. અમેયા, રિદ્ધિબેન, સુનૈનાબેનના વડસસરા. પ્રાર્થનાસભા રવિવાર, તા. ૨૪-૫-૨૬ના સવારના ૧૦.૩૦થી ૧૨. ઠે. એફ.પી.એચ. ગરવારે હોલ, લાલા લજપતરાય માર્ગ, ૫મે માળે, એફપીએચ બિલ્ડિંગ, લાલા લજપતરાય કોલેજની બાજુમાં, ગવર્નમેન્ટ કોલોની, હાજીઅલી, મુંબઇ-૪૦૦૦૩૪.

**વિશા પોરવાડ પારચોલા સમાજ જૈન**

સ્વ. અલકાબેન જિતેન્દ્રભાઇ શાહ ગુરુવાર તા. ૨૧-૫-૨૬ના અવસાન થયેલ છે. તે જિતેન્દ્રભાઇના પત્ની. પ્રાચી, રૂચીના માતુશ્રી. બ્રિજેશભાઇ, નિલયભાઇના સાસુ. કિશ હિતાર્થના નાની. સ્વ. મુકેશભાઇ શાહ, ભદ્રિકાબેન, સ્વ. સુનીલભાઇ શાહ, કેટીબેનના બહેન. પ્રાર્થનાસભા શુક્રવાર તા. ૨૨-૫-૨૬ના સાંજે ૪.૩૦થી ૬.૩૦. ઠે. વનિતા વિશ્રામ શાળા પ્રાર્થના સમાજ, રિલાયન્સ હૉસ્પિટલની બાજુમાં રાખેલ છે.

**માંગરોળ દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

માંગરોળ નિવાસી હાલ મુંબઇ સ્વ. રજનીકાન્ત ગીરધરલાલ શાહના ધર્મપત્ની ગં. સ્વ. નલિનીબેન (ઉં. વ. ૭૯) તા. ૧૯-૫-૨૬ મંગળવારના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. કેશરબેન ગીરધરલાલના પુત્રવધૂ. સ્વ. રસીલાબેન, સ્મીતાબેનના ભાભી. મનીષ, સપનાના મામી. સ્વ. કાંતિલાલ (સુળી) સંઘાણીના સુપુત્રી. સ્વ. વાસંતીબેન, સ્વ. અશોકભાઇની બેન. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# મેટિની

કવર સ્ટોરી
હેમા શાસ્ત્રી

## રાતોરાત મળેલી સફળતાથી સંભાળવું, નહીંતર...

### નવી ફિલ્મને પ્રારંભમાં મળેલા આવકારથી રાજી થયેલી સારા અલી ખાન એની મમ્મી અમૃતા સિંહની આ વાત યાદ રાખી કારકિર્દીમાં સ્થિર રહી શકે છે...

૨૦૧૮માં 'કેદારનાથ' (સુશાંત સિંહ રાજપૂત) અને 'સિમ્બા' (રણવીર સિંહ) એમ ડબલ ધમાકાથી શાનદાર શરૂઆત કરનારી સારા અલી ખાન હાલ ખુશખુશાલ છે. એની નવીનક્કોર ફિલ્મ 'પતિ પત્ની ઔર વો દો'ને પ્રથમ ત્રણ દિવસમાં બૉક્સ ઑફિસ પર સારો આવકાર મળતાં પોતાના સોશ્યલ મીડિયા અકાઉન્ટ પર તેણે દર્શકોનો આભાર માન્યો છે. દર્શકોને ફિલ્મ પસંદ પડી છે અને સારાનું કામ પણ ગમ્યું છે એટલે સ્વાભાવિક છે કે અભિનેત્રી રાજીની રેડ થઈ ગઈ હોય. અલબત્ત, 'ધુરંધર' સ્ટાઇલનો વકરો નથી થયો અને વર્તમાન માહોલમાં રૉમેન્ટિક કૉમેડી ફિલ્મ માટે તો એ સંભવ પણ નથી. જોકે, પંચાવન કરોડ રૂપિયાના બજેટમાં બનેલી 'પતિ પત્ની ઔર વો દો'એ ત્રણ દિવસમાં ૨૫ કરોડનું કલેક્શન મેળવી લીધું છે. આ ફિલ્મ કમાણી કરશે એવો અણસાર જરૂર આપે છે. ફિલ્મ રિલીઝ થવા પૂર્વે પ્રમોશન દરમિયાન સારાએ એક ખૂબ જ સરસ વાત કરી જે કોઈ પણ કલાકારના જીવનમાં મહત્ત્વની સાબિત થઈ શકે છે.

'રાતોરાત મળેલી સફળતાથી સંભાળવું' એમ મમ્મી અમૃતા સિંહે પ્રારંભિક સફળતા મળ્યા પછી દીકરીને સલાહ કમ ચેતવણી આપી હતી.

ફિલ્મ રિલીઝ પહેલા પ્રચાર યાત્રામાં સારાએ સફળતા – નિષ્ફળતા અંગે થયેલી ડિબેટ સંદર્ભે મોકળા મને વાત કરી હતી. કારકિર્દીની શરૂઆતમાં જ મળેલી સફળતા સંદર્ભે મમ્મીએ આપેલી ચેતવણી યાદ કરી ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં સક્સેસ – ફેલ્યોરનો પોતે કઈ રીતે સામનો કરે છે એની પણ છણાવટ તેણે કરી હતી. આઠ વર્ષ પહેલાં પદાર્પણ વખતે સારી સફળતા મળ્યા પછી 'લવ આજ કલ' નિષ્ફળ નીવડી અને આ ઓછું હોય એમ કોવિડ કાળને કારણે એની ત્રણ ફિલ્મ 'કુલી નંબર વન', 'અતરંગી રે' અને 'ગેસલાઇટ' ઓટીટી પ્લૅટફૉર્મ પર રિલીઝ થઈ અને એને મોળો પ્રતિસાદ મળ્યો.

મમ્મી અમૃતા સિંહની વાત યાદ કરીને દીકરી સારાએ કહ્યું કે 'મને કારકિર્દીની શરૂઆતમાં જ દર્શકોનો ખૂબ પ્રેમ મળ્યો. રાતોરાત સફળતા મળતાં મમ્મીએ કહ્યું 'બેટા, સાચવીને. પછી આવેલી બે ફિલ્મને પહેલી બે ફિલ્મ જેટલી સિનેપ્રેમીઓની મોહબ્બત ન મળી અને હું રીતસરની ગભરાઈ ગઈ. જોકે, તરત જાતને સંભાળી લીધી. આ ઇન્ડસ્ટ્રીને બહુ નિકટથી જોઈ છે અને એટલું જરૂર શીખી છું કે તમે સારું કામ નિષ્ઠાપૂર્વક કરો તો દર્શકો તમને બે હાથે આવકાર જરૂર આપશે.' મમ્મીની સલાહ અને પોતાની કેળવેલી સમજણ સારા અલી ખાન કારકિર્દીના ઉતાર – ચઢાવ દરમિયાન સ્થિર રહી શકે છે.



સારા અલી ખાન

ટીકાથી મોઢું ન ફેરવી લેવું પણ એને ગંભીરતાથી લઈ આગળ વધવું એવું માનતી સારા અલીને હવે સફળતા મળી રહી છે.

૨૦૨૩માં રિલીઝ થયેલી વિકી કૌશલ સાથેની 'જરા હટકે જરા બચકે'ને બૉક્સ ઑફિસ પર સારો આવકાર મળ્યો હતો. સૌમ્યા ચાવલા દુબેનું હસમુખ અને જિંદાદિલ પાત્ર દર્શકોને બહુ પસંદ પડ્યું. અનુરાગ બસુની 'લાઈફ ઈન અ મેટ્રો'ની સ્પિરિચ્યુઅલ સિક્વલ 'મેટ્રો ઈન દિનો'ને પણ દર્શકોએ પસંદ કરી અને સારાનું નામ ફરી ગાજતું થઈ ગયું. જોકે, સારાને 'પતિ પત્ની ઔર વો દો' પાસેથી વધુ અપેક્ષા છે. એનું એક મહત્ત્વનું કારણ એ છે કે આજના દર્શકને ફિલ્મની શૈલી (રોમેન્ટિક, ઐતિહાસિક, બાયોપિક વગેરે) કરતાં એ ફિલ્મમાં રહેલી ઇન્ટેન્સિટી (આવેગ, ઉત્કટતા) વધારે પ્રભાવિત કરે છે. 'ધુરંધર' સ્ટાઇલની ફિલ્મોને મળતી ધૂંઆધાર સફળતાનું એ પ્રમુખ કારણ છે.

સારાનું કહેવું છે કે 'આ ફિલ્મ (પતિ પત્ની ઔર વો દો) તમે તમારાં બાળકો કે પછી દાદા-દાદી સાથે જોઈ શકશો. કોઈ સીન-સિક્વન્સ વખતે કે ગીત રેલાતું હોય ત્યારે આંખ-કાન બંધ નહીં કરવાં પડે, મોઢું નહીં ફેરવી લેવું પડે. થિયેટરમાં બેસી પરિવાર સાથે ચિત્રપટ જોઈ મનોરંજન મેળવ્યું હોય એ વાતને ઘણો સમય થઈ ગયો હશે. 'પતિ પત્ની ઔર વો દો' ટાઇટલ કદાચ ગેરમાર્ગે દોરી શકે છે, પણ ફિલ્મ નિર્ભેળ પારિવારિક મનોરંજન છે એની હું ગૅરંટી આપું છું.'

સારા અલી ખાન ૩૧ વર્ષની થઈ અને તેમ છતાં એકના બે થવા વિશે – લગ્ન કરવા વિશે કોઈ વાત વહેતી નથી થઈ કે નથી અભિનેત્રીએ કોઈ ઉત્સુકતા-ઇચ્છા દેખાડ્યા.

'શું આ વિશે પણ મમ્મીના સલાહ-સૂચન કામ કરી રહ્યાં છે?' સારાની કેફિયત એનો અણસાર જરૂર આપે છે. 'મુંબઈ સમાચાર'ના વાચકો તો એ વાતથી વાકેફ હશે જ કે અમૃતા સિંહનાં લગ્ન ઍક્ટર સૈફ અલી ખાન સાથે થયાં હતાં. ઉંમરમાં ૧૨ વર્ષના તફાવત છતાં ૧૯૯૧માં બંનેના નિકાહ થયા, પણ ૧૩ વર્ષના લગ્નજીવન પછી ૨૦૦૪માં છૂટાછેડા થયા. સૈફ તો ૨૦૧૨માં કરીના કપૂરને પરણી ગયો, પણ અમૃતા સિંહ આજની તારીખમાં પણ એકલી જ રહે છે. સારાની હમઉમ્રની અદાકારાઓએ લગ્ન કરી લીધાં છે, પણ સારાને કોઈ ઉતાવળ હોય એવું નથી લાગતું. ભૂતકાળમાં એકાદ ઍક્ટર સાથે એના અફેરની વાતો ચગી હતી, પણ એ પતંગ હવામાં ઓગળી ગયો કે કપાઈ ગયો, ખબર જ ન પડી. ફિલ્મ ઇન્ડસ્ટ્રી સાથે નાતો નહીં ધરાવતી વ્યક્તિ સાથે પણ ડેટિંગનું અફવા બજાર ગરમ હતું, પણ સારા તરફથી કોઈ સમર્થન નથી મળ્યું.

તાજેતરના એક અન્ય ઇન્ટરવ્યૂમાં અમૃતા પુત્રીએ જીવનસાથીની પસંદગીને બદલે ધીરજ રાખી ફિલ્મ કારકિર્દીને પ્રાધાન્ય આપવા વિશે વાત કરી હતી. ટીવી ચૅનલ સાથેની વાતચીતમાં સારાએ મોકળા મને જણાવ્યું હતું કે 'જીવનમાં તમે જે જુઓ છો, જેનો અનુભવ કરો છો એ તમારા ઘડતરમાં મહત્ત્વનો ભાગ ભજવે છે. લગ્નને નિષ્ફળ જતાં મેં જોયા છે. એટલે યોગ્ય સાથી મળે એની રાહ જોવામાં માનું છું. એ જ્યારે પણ બનશે, લગ્ન માટેનો શ્રેષ્ઠ સમય હશે. લગ્ન કરવાની ઇચ્છા છે, પણ લગ્ન કરવાં જ જોઈએ અને તો જ જીવનમાં પૂર્ણતા આવે એવું હું નથી માનતી. એવું પૂર્ણ જીવન જીવવાની મારી કોઈ તમન્ના નથી.'

મમ્મી અમૃતા સિંહના જીવનપાઠનું એક પ્રકરણ શીખેલી સારા ડેડી સૈફ અલી ખાન સામે પણ આડકતરી રીતે આંગળી ચીંધે છે. સૈફ-અમૃતાના છૂટા પડવા માટે જે કારણો આપવામાં આવ્યાં હતાં એમાં એક કારણ 'ઇન્ફિડેલિટી' (વિશ્વાસઘાત, બેવફાઈ) પણ હતું. અંગ્રેજીમાં 'ચીટર' શબ્દ પણ વપરાય છે. સારાની દલીલ હતી કે 'પાર્ટનર – જીવનસાથી દગો કરી – બેવફાઈ કરી અને મારાથી થઈ ગયું, હવે ફરી નહીં કરું એવી સફાઈ આપતા હોય છે. હા, કદાચ એ વ્યક્તિ ફરી બેવફાઈ નહીં કરે, એ કરશે જ એવું હું નથી કહેતી, પણ 'ચીટર'નું લાગેલું લેબલ દૂર નથી કરી શકાતું.' મતલબ સ્પષ્ટ છે – સારા એવી વ્યક્તિ સાથે ન રહી શકે.

સારા અલી ખાન ઍક્ટિંગ તો સારી કરે જ છે, એની વાતોમાં પણ ડહાપણ છલકાય છે. આવી ડાહીને કોઈ ડાહ્યો મળી જાય એવી શુભેચ્છા... ■

સ્ટાર-ચાર-કલાકાર
સંજય છેલ



## ફિલ્મી હીરોઃ સ્ટારમાંથી અવતાર ને પછી સરકાર ...

### આ બધા વચ્ચે હતો ખૂંખાર વિલનના રોલ કરતો સદાશિવ અમરાપુરકર નામે એક નખશીખ સદગૃહસ્થ અદાકાર...!

આમતૌર પર આપણી પ્રજા સામે ફિલ્મોવાળાઓની બે જ ઇમેજ હોય છે.

એક : સ્વિમિંગ પૂલમાં બિકીની પહેરેલી છોકરીઓ સાથે શરાબની જ્યાફત ઉડાડતાં નફ્ફટ લોકો.

બેઃ નિષ્ફળ થઇને ગુમનામીનાં અંધકારમાં ટૂંટિયુંવાળીને બેઠેલો કોઇ ભિખારી, જે એક જમાનામાં મોટો સ્ટાર હતો અને હાય, હવે તો શું હાલત થઇ છે!

આ રીતે લોકો માટે ફિલ્મવાળાઓ કાં તો ઐયાશ કાં તો ખલ્લાસ!

જોકે સાઉથ ઇંડિયામાં એક બીજી ઇમેજ છેઃ ભગવાનના અવતારની. તામિલનાડુમાં એમ.જી. રામચંદ્રન હોય કે તેલુગુભાષીઓ માટે એમ.ટી રામારાવ હોય, કરોડો લોકો એમને ઇશ્વરના અવતાર માનતા અને પછી એમાંથી એ બન્નેએ પોતાના પક્ષ બનાવ્યા- સી.એમ બન્યા અને આજે એમના જ વંશજો પાર્ટી ચલાવે છે. રજનીકાંત અહીં ઈશ્વરની જેમ પૂજાય છે તો ખૂશ્બુ જેવી સામાન્ય હીરોઇનના મંદિર બન્યા છે! ને એ બધાંમાં છેલ્લો દાખલો છે : વિજય જોસેફ. જે આજે તામિળનાડુનો સી.એમ. છે. કોઇને કલ્પના પણ નહોતી કે આટલી બહુમતી મેળવીને જુવાનીયાઓનો પ્યારો વિજય, છેક મુખ્ય મંત્રી બની જશે. ચલો, એમ.જી.આર. કે એન.ટી.રામારાવ તો ભગવાનના રોલ કરતા એટલે અભણ લોકો એમને ઈશ્વરી અવતાર ગણતા પણ રજનીકાંત અને વિજયની ઘેલછા અકલ્પ્ય છે. ફિલ્મ રિલીઝ વખતે એમના આદમકદ પોસ્ટરો પર લિટરો દૂધ ચઢાવવામાં આવે, નાળિયેરો ફૂટે, લોકો ઉપવાસ માનતા રાખે.

આ બધાંનું કારણ માત્ર ફિલ્મોની લોકપ્રિયતા નથી... આ બધાં સ્ટાર્સના ગામેગામ ફેનક્લબ હોય છે અને એ સ્ટાર લોકો ખૂબ દાનસખાવતના સારા કામ કરે છે અને શિક્ષણથી માંડીને કન્યાઓના સમૂહ લગ્નો કરાવે છે, જેની પબ્લિસિટી પણ થાય છે, જેથી એક અવતારી ઇમેજ ઘડાય, જેની સીધી અસર સ્ટારના બોક્સ ઓફિસ પર અને ચૂંટણી પર પણ થાય.

અહીં નવાઇની વાત છે કે સમાજ માટે ખૂબ સારાં કામ કરનારા સુનીલ દત્ત, શાહરુખ ખાન કે હૃતિક રોશન કે અનેક બોલિવૂડના સ્ટાર્સને આવું બધું ના આવડ્યું કે કદાચ એ લોકો ચૂપચાપ ચેરિટીનાં સારા કામ કરવામાં માનતા હશે?

૨૦૧૪માં જાણીતાં ફિલ્મ-નાટ્ય કલાકાર સદાશિવ અમરાપુરકરનું મૃત્યું થયું ત્યારે આ જ વિચાર આવેલો. 'અર્ધસત્ય' ફિલ્મનો વિલન રામા શેટ્ટી કે મહેશ ભટ્ટની સંજય દત્તવાળી 'સડક' ફિલ્મમાં મહારાણી તરીકે વ્યંઢળ બનેલો વિલન અદ્ભુત કલાકાર તો હતો જ, એ પણ ખૂબ સમાજસેવી માણસ હતો. સદાશિવ માત્ર વિલન કે કોમેડિયન નહોતો, પણ સમાજનાં શોષિત-દલિત-ગરીબ વર્ગ માટે કામ કરનારો પ્રતિબદ્ધ સમાજવાદી માણસ હતો. અમારો એક મિત્ર શશીકાંત સાવંત જૂનાં અલભ્ય પુસ્તકોનો સંગ્રાહક છે. ફિલ્મ લાઇનમાં બહુ ગણ્યા-ગાંઠ્યા લોકો એની પાસેથી મોંઘાભાવે બૂક્સ ખરીદે એમાંના એક એટલે સદાશિવ. એ ફિલ્મમાં રોલ ભલે નેગેટીવ કરે પણ માણસ ભારોભાર પોઝિટીવ. સદાશિવ જ્યારે મળે ત્યારે મને મિત્રભાવે પૂછે : 'તારી લખેલી કોઇ ફિલ્મમાં મને કેમ કોઇ રોલ નથી અપાવતો?'

આખરે એકવાર શાહરુખ ખાન, જૂહી ચાવલા દ્વારા નિર્મિત ફિલ્મ 'ફિર ભી દિલ હૈ હિંદુસ્તાની' માટે એક ખટપટી રાજકારણીના રોલ માટે એમનો મેં સંપર્ક કર્યો. રોલ સાંભળ્યો, પણ એક યુવાન યુવતી પર રેપ સીન એમાં એમણે ભજવવાનો હતો. સદાશિવે રોલ સાંભળીને તરત જ વિનય પૂર્વક ના પાડી કે હવે આવા રોલ નથી કરવા. જોકે એ સમયે સદાશિવને કામની બહુ ખૂબ જરૂર હતી અને એમના જિદ્દી સિદ્ધાંતવાદી સ્વભાવને લીધે કામ પણ ઓછું મળતું હતું, છતાંયે એક મોટી ફિલ્મમાં, મોટું મહેનતાણું ઠુકરાવીને ના કહેવાની ખુમારી સદાશિવે દાખવી, જે ફિલ્મ લાઇનમાં લગભગ અસંભવ છે.

ફિલ્મોમાં ગંદા, ભ્રષ્ટ કે વિલનનું કામ કરનાર સદાશિવ પોતે અંગત જીવનમાં ખૂબ જ પરગજુ માણસ હતાં. ગરીબો કે દલિતો માટેની સામાજિક ચળવળમાં ખૂબ ભાગ લેતા અને સત્તા અને સરકારો સામે બિંદાસ લડી પણ લેતાં. 'શિવસેના'ના સ્થાપક સ્વ.બાળ ઠાકરેએ જેની બોલવાની કળાની સ્ટાઇલ અપનાવી હતી એવાં મરાઠી વક્તા-લેખક



'અર્ધ સત્ય' ફિલ્મમાં ઓમપુરીની સાથે

સ્વ.આચાર્ય અત્રેનું રમૂજી નાટક છેઃ 'લગ્નાચી બેડી!' આ નાટકનાં અસંખ્ય શો, વિના મૂલ્યે ગાંઠનાં નાણાં ખર્ચીને સદાશિવે આખા મહારાષ્ટ્રમાં ગામે ગામ કર્યા અને એ જમાનામાં કરોડો રૂપિયા જમા કરીને એક ટ્રસ્ટ બનાવ્યું. એ ટ્રસ્ટમાંથી અનેક સામાજિક સંસ્થાઓ, સમાજ સેવકોને દર મહિને વરસોથી આર્થિક મદદ મળતી રહે છે. આ વાતના સદાશિવે કોઇ ઢંઢેરા પણ નહોતા પીટાવ્યા.

આજે અદાકાર સદાશિવ ભલે હયાત નથી પણ ઇન્સાન સદાશિવ એ સંસ્થાઓની મદદ પામતાં લોકોની આંખોમાં જીવે છે. મરાઠીમાં આવાં ઘણાં કલાકારો મળી આવે છે, જેમ કે- મરાઠી નાટકો ને ફિલ્મોના અદ્ભુત અભિનેતા નીળુ ફૂલે ('કૂલી' ફિલ્મનો વૃદ્ધ કૂલી કે 'સારાંશ' ફિલ્મમાં રાજનેતા) અને રીમા લાગુ જેવાં અનેક કલાકારો સદાશિવનાં સામાજિક કામોમાં સાથ અને સમય આપતાં. સદાશિવે, ગામડાંઓમાં નશામુક્તિ કરાવતી સંસ્થા-મુક્તાંગણ માટે પણ મરતાં દમ સુધી ખૂબ કામ કર્યું.

સદાશિવને જ્યારે જ્યારે મેં ફિલ્મી સેટ પર જોયાં ત્યારે એ હંમેશાં પુસ્તકો વાંચવામાં ખૂંપેલાં જ દેખાતાં. ફિલ્મના સેટ પર કોઇ સાથે ખા-ખા-ખી-ખી કરતાં નહીં, પણ ખૂણામાં બેસીને વિશ્વસાહિત્ય વાંચે રાખે. પુસ્તકોનો પ્રેમ તો ત્યાં સુધીનો હતો કે નાનાં ગામોમાં બૂકસેલરોને સપોર્ટ આપવાં પુસ્તકો ખરીદતાં ને પછી લોકોને ભેટમાં આપી દેતાં. 'ટ્યુસડે વિથ મોરી' નામની અંગ્રેજી નવલકથા સદાશિવને એટલી બધી ગમી કે પત્ની સુનંદા અમરાપુરકર પાસે મરાઠીમાં અનુવાદિત કરાવી અને પ્રગટ કરી, જે આજેય મરાઠી ભાષામાં બેસ્ટસેલર કિતાબ છે.

વ્યવસાયે વિલન એવા સદાશિવને ગાંધીવાદી અને બૌદ્ધ સાહિત્યનો પ્રેમ હતો. ગાંધીપ્રેમને લીધે એમણે મરાઠીમાં 'વાસ્તુ-પુરુષ' નામની ફિલ્મ પૈસો લીધાં વિના કરી, જેમાં એક ગાંધીવાદીની અદ્ભુત ભૂમિકા ભજવેલી. આજનાં જમાનામાં સદાશિવે બે રેંટિયાં વસાવેલાં અને પોતે ચરખો કાંતતા પણ! સમાન્ય પ્રજાને કયાંથી સમજાય કે ફિલ્મોમાં બળાત્કાર કે મર્ડર કરતો વિલન, અંગત જીવનમાં ગાંધીવાદી પણ હોઇ શકે!

આજે જાહેરજીવનમાં 'ગાંધી-ગાંધી' જપતા જૂઠ્ઠા નેતાઓ અંદરખાને ફિલ્મી વિલનને શરમાવે એવાં હોય છે અને ફિલ્મી વિલન ખરેખર ગાંધીવાદી નીકળી આવે છે! જોકે આપણે ત્યાં આવા કલાકારો પૂજાવાના તો છોડો, લોકોના દિમાગમાંથી સાવ ભુલાઇ જાય છે... આવી છે વિધિની વક્રતા! ■




અરવિંદ વેકરિયા

## અહીં સલાહો થોકબંધ ને સહયોગ વ્યાજ પર મળે...

'છોરી છેલછબીલી' નામકરણ બાદ હિન્દુજા થિયેટરમાં જ બે ગ્રાંડ રિહર્સલ પતાવ્યાં અને નાટકની જોરદાર રજૂઆત પણ કરી.

લોકોનો સુંદર પ્રતિસાદ મળ્યો. મને આનંદ તો થયો પણ મન અંદરથી કોચવાતું હતું કે સામાજિક નાટકોની ઑફર મને કેમ નહીં મળતી હોય? આ નાટકમાં મોનિકા પટેલને, માત્ર વર્તણૂકમાં 'બિન્દાસ' રજૂ કરી હતી, 'માણસ માત્ર...'ની અંજલિની જેમ 'ખુલ્લમ ખુલ્લા' નહોતી રજૂ કરી. નાટક બનાવતી વખતે 'સામાજિક' નાટક બનાવવાની વાત મનમાં ઘૂમરાતી હતી. કદાચ એ જ કારણે 'બોલ્ડ' બનાવ્યું, પણ મર્યાદામાં. હા, થોડા દ્વિઅર્થી સંવાદોથી વધુ કંઈ નહોતું. છતાં કહેવાવાળા નીકળી પડ્યા કે 'નાટક સારું છે પણ હવે આમાંથી બહાર નીકળ.' ખરેખર આ નાટક 'એવું' હતું જ નહીં. શું છે કે આ વિઘ્નસંતોષીઓ વિપક્ષના નેતા જેવા હોય છે, તમે ગમે તેટલું સારું કરો એ નિંદા જ કરશે. હવે જેની 'હથોટી' મારે મેળવવી નહોતી એમાં નાટકની સફળતાએ મને જાણે માસ્ટરી અપાવી દીધી એમાં મારો શું વાંક!! મારું માનવું છે કે આમ તો દરેક માણસ હોશિયાર જ હોય છે.

બધાના વિષય અલગ હોય છે. મારે માટે પણ એવું જ થઈ ગયું. આ લાઈનવાળાને કોણ સમજાવે? આમેય સમાજ એક એવું બજાર છે જ્યાં સલાહો થોકબંધ અને સહયોગ વ્યાજ પર મળે છે. નાટક બની ગયું, બહોળો પ્રતિસાદ પણ મળ્યો. હવે આવી વાતોને એક કાનેથી સાંભળી બીજા કાનેથી કાઢી નાખવા સિવાય બીજું શું કરી શકાય? મેં પણ એ જ કર્યું કારણ સાથી કલાકારોમાં સફળતાનો ઉત્સાહ પણ ટકાવી રાખવાનો હતો. આવી સલાહોની કોઈ 'આડઅસર' ન થવી જોઈએ.

એ જ ઉત્સાહથી 'છોરી...' ચાલતું રહ્યું. એક તો નિર્માતા જાણીતા હતા એટલે પ્રોડક્શનમાં કોઈ કસર નહોતી. થિયેટર મળશે કે નહીં એની જરા પણ ચિંતા ન રહેતી. સડસડાટ નાટકના પચ્ચીસ શો પણ પૂરા થઈ ગયા. ઉજવણી માટે બધા કલાકારોએ શિરડીના સાંઈબાબાનાં દર્શન કરવાનું નક્કી કર્યું. ત્યારે હજુ આજની જેમ પ્રાઇવેટ કે લક્ઝરી બસ શરૂ નહોતી થઈ. માત્ર એક એસ.ટી. બસ રાત્રે બોરીવલીથી ઊપડતી. એક દિવસ નક્કી કરી બધા મારે ઘરે મળ્યા. પત્ની ભારતીએ બધાને જમાડી રવાના કર્યા. બધા નાટકની સફળતા માણી રહ્યા હતા. શેખર શુક્લાને ત્રેવડી ભૂમિકા ભજવવા મળી એટલે વધુ ખુશ હતો. એને પણ નાટક વિશે વાતો મળી હતી અને થોડો ઉશ્કેરાયેલો પણ હતો. મને કહે, 'આ લોકોને આપણી સફળતા પચતી નથી. હવે તો હું કૉલર ઊંચા રાખીને ચાલીશ અને વાતે-વાતે 'હાઉસ ફૂલ'નાં બોર્ડ ઝુલાવતા આપણા નાટકની વાત માંડીશ... પૂછશે નહીં તો પણ ઊભા રાખીને કહીશ.'

મેં એને શાંત કરતાં કહ્યું, 'શેખર, શાંત થઈ જા ભાઈ. જો બહુ મોટા થવાની કોશિશ ન કરવી. મોટા થવાથી તો માતા પણ કેડેથી નીચે ઉતારી દે છે. જે મળ્યું છે એને આનંદથી માણીએ.' સાથી કલાકારો પણ સંમત થવા સાથે તાળીઓ પાડી. બોરીવલીથી બસ પકડી શિરડી જઈ દર્શન કરી હેમખેમ આવી ફરી પ્રયોગો ભજવવા માંડ્યા.

હવે હું સાવ 'ફ્રી' હતો. મારી અંદરનો કલાકાર હવે ઉધામા લઈ રહ્યો હતો. પત્ની ભારતીએ પણ કહ્યું કે 'હવે જરા ડિરેક્શનમાં બ્રેક મારી અભિનયના દરવાજા ખોલો.' મન તો મને પણ થતું હતું પણ રોલ મળવો જોઈએ ને !

એક દિવસ 'ઑલ ઇન્ડિયા રેડિયો' ઉપર નાટકનું રેકૉર્ડિંગ હતું. યાદ છે ત્યાં સુધી કિરીટ બારોટ કે દુર્ગાબેન એ વિભાગ સંભાળતાં. હું રેકૉર્ડિંગમાં પહોંચ્યો. સાથી કલાકારમાં અમારાં 'બહુરુપી'ના મામા-દીનું ત્રિવેદી પણ હતાં. મને કહે ' રેકૉર્ડિંગ પછી મારી સાથે આવજે' કારણ પૂછ્યું તો કહે 'જતીન કાણકિયાએ તને ખાસ યાદ કર્યો છે, નવા નાટક માટે.' જતીન સાથે મેં ત્રણ-ચાર ગુજરાતી સિરિયલ્સ કરેલી. ત્યારે ખબર નહીં, પણ મને પૂછ્યા કરતો કે કેમેરાની સામે જોવાનું કે ડાબે-જમણે? મારી મજાક કરતો હશે કે ખરેખર નહીં જાણતો હોય. કદાચ આ સિરિયલોને કારણે અમારું બાન્ડિંગ સારું હતું. રેકૉર્ડિંગ પૂરું થયું કે હું મામા-દીનું ત્રિવેદી સાથે નીકળ્યો, હું કંઈ પૂછું એ પહેલાં જાણવાની મારી આતુરતા જોઈ એમણે જ મને સામેથી કહ્યું, 'આઈ.એન.ટી.માંથી સુરેશ રાજડા એક સરસ નાટક કરી રહ્યા છે. હું, દીપક ઘીવાલાં, રાગિણી, જતીન, ઈલા દોશી, કિરણ ભટ્ટ અને સુરેશ રાજડા પોતે પણ એક ભૂમિકા ભજવી રહ્યાં છે. એમાં રાગિણીના બાપના રોલ માટે વાત નીકળી તો જતીને તારું નામ જણાવ્યું. સુરેશ પાસે મેં આજના રેકૉર્ડિંગ માટે રજા માગી અને જતીનને ખબર પડી કે તું પણ ત્યાં સાથે છે તો મને કહે કે દાદુને કહેજો કે એકવાર સુરેશને મળી લે અને સુરેશે પણ એની વાતને સમર્થન આપ્યું. મળી લે, જો બધું બરાબર બેસી ગયું તો કરી લે, આમ પણ કલાકાર તરીકે તારું નામ વાંચવામાં આવતું નથી...'

જે રાગિણીબેન સાથે મેં 'બહુરૂપી' સંસ્થાનું નાટક 'અભિષેક'માં એમના સસરાનો રોલ ભજવેલો, જો બધું સમુંસૂથરું પાર પડ્યું તો આ નાટકમાં એમના પિતાનું પાત્ર ભજવવા મળશે. આઈ.એન.ટી.નો મોભો ત્યારે અલગ હતો. માતબર સંસ્થા સાથે કામ કરવા મળશે એ વાતે જ હું રોમાંચિત થઈ ગયો. પત્ની ભારતીએ કરેલી ઇચ્છા પૂરી થશે એવું વિચારતો હું દીનુ ત્રિવેદી સાથે ગ્રાન્ટ રોડ સ્ટેશને ઊતર્યો... ■

ડબલ રિચાર્જ

*પત્નીઃ ક્યાં છો?*
*પતિઃ દુકાને છું. કેમ શું હતું?*
*પત્નીઃ કંઈ નહીં... બાજુવાળી હીના કોઈ સાથે ભાગી ગઈ.*

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

હેન્રી શાસ્ત્રી

## ફ્લેશ બેક

# હિન્દી ફિલ્મોમાં નર્સના વિવિધ ચહેરા

### ચિત્રપટોમાં દર્દીની સારવારમાં દવા સાથે દુઆ કામ કરી જાય છે એમ મેડિકલ ટ્રીટમેન્ટ સાથે નર્સનું મમત્વ પણ મહત્ત્વ ધરાવે છે

ફ્લોરેન્સ નાઈટિંગેલ... તબીબી વિજ્ઞાનમાં માનવ સારવારનું એક અમર પાત્ર. સંતાન માટે જેટલું મમત્વ માને હોય છે એટલું કહેવામાં અતિશયોક્તિ થઈ શકે છે, પણ એ પ્રકારનું મમત્વ નર્સને દર્દી માટે હોય છે- હોવું જોઈએ. ૧૮૫૩થી ૧૮૫૬ દરમિયાન બ્રિટન અને રશિયા વચ્ચે થયેલા યુદ્ધ સમયે ઘાયલ સૈનિકોની સારવારમાં કરુણામૂર્તિ બનેલી અને 'લેડી વિથ ધ લેમ્પ'નો ખિતાબ બ્રિટિશ નર્સ ફ્લોરેન્સને મળ્યો હતો. યુદ્ધ પત્યા પછી ફ્લોરેન્સે નર્સિંગ સ્કૂલની સ્થાપના કરી અને મોડર્ન નર્સિંગનો પાયો નાખ્યો. આજની તારીખમાં હોસ્પિટલમાં અને જરૂર પડ્યે ઘરમાં પણ મમત્વ સાથેની નર્સની સારવારનો લાભ મેળવી શકીએ છીએ એ ફ્લોરેન્સ નાઈટિંગેલને આભારી છે.

૧૨ મેના ફ્લોરેન્સ નાઈટિંગેલનો જન્મ દિવસ હોય છે અને આ દિવસ 'આંતરરાષ્ટ્રીય નર્સ દિન' તરીકે મનાવવામાં આવે છે. તબીબી સમસ્યા - સારવારને કેન્દ્રમાં રાખી ઘણી હિન્દી ફિલ્મો બની છે, જેમાં ડોક્ટર અને નર્સનાં પાત્રો વિવિધ કલાકારોએ કુશળતાથી નિભાવ્યા છે. આજે આપણે નર્સનાં પાત્રોની એક ઝલક જાણીએ.



યામી ગૌતમ

ગયા વર્ષે રિલીઝ થયેલી આદિત્ય ધર દિગ્દર્શિત 'ધુરંધર'ની સિક્વલ 'ધુરંધર: ધ રિવેન્જ' આ વર્ષે રિલીઝ થઈ અને પહેલી ફિલ્મ કરતાં વધુ સફળ થઈ. આ ફિલ્મ વિશે અને એના કલાકારો વિશે ઘણી વાત થઈ. આદિત્યની પત્ની અને કુશળ અભિનેત્રી તરીકે કાઠું કાઢનારી યામી ગૌતમના નાનકડા પણ મહત્ત્વના રોલની પણ ચર્ચા થઈ. ફિલ્મમાં અભિનેત્રીએ શાઝિયા બાનો નામની નર્સનો રોલ કર્યો છે, જે હકીકતમાં એક છૂપા વેશમાં એજન્ટ છે અને હમઝા અલી જેને મારી નાખવા ધારે છે એ પૈકી એકને ખતમ કરી નાખે છે. જોગાનુજોગ તો નહીં હોય, પણ આદિત્ય ધરએ ચોક્કસ કારણસર એ નર્સનું નામ શાઝિયા બાનો રાખ્યું છે, જે ઈમરાન હાશ્મી સાથેની ફિલ્મ 'હક'માં યામી ગૌતમના પાત્રનું નામ હતું.

'ધુરંધર: ધ રિવેન્જ'માં યામી ખરા અર્થમાં નર્સ નથી પણ નર્સના ઓઠા હેઠળ કામ કરતી જાસૂસ છે. હિન્દી ફિલ્મોમાં નર્સનાં જૂજ પાત્રો યાદગાર બની ગયા છે, જેમકે ...

### મીનાકુમારી- દિલ અપના ઔર પ્રીત પરાઈ

સહન કરતી ભારતીય સન્નારીનાં પાત્રો મીના કુમારીએ સાકાર કરવાના શરૂ કર્યા એ દોરની આ પ્રારંભિક ફિલ્મના નિર્માતા મીનાજીના પતિ કમાલ અમરોહી હતા. લગ્નજીવનમાં પડેલી તિરાડો પહોળી થઈ



રહી હતી અને અભિનેત્રીનું અંગત જીવન કરુણાથી છલકાઈ રહ્યું હતું. કિશોર સાહુ ('ગાઈડ'માં રોઝી - વહિદા રેહમાનના પુરાતત્વવિદ પતિ માર્કો યાદ છે?) લિખિત અને દિગ્દર્શિત આ ફિલ્મમાં મીના કુમારી નર્સ કરુણાના રોલમાં છે. હોસ્પિટલમાં ફરજ બજાવતી કરુણા અને ડોક્ટર સુશીલ (રાજકુમાર) લાગણીના પુલ બંધાય છે, પણ સુશીલના લગ્ન અન્ય યુવતી સાથે થાય છે અને 'દિલ અપના ઔર પ્રીત પરાઈ' ટાઈટલ સાર્થક થાય છે. કારુણ્યમૂર્તિ તરીકે મીના કુમારી દર્શકોની અનુકંપા મેળવવામાં સફળ રહે છે. નર્સ કરુણા પર પિક્ચરાઈઝ થયેલું 'અજીબ દાસ્તાં હૈ યે' ગીત અમર બની જાય છે.

### વહિદા રેહમાન - ખામોશી



ચિત્રપટના ક્લાઈમેક્સમાં મનોરુગ્ણની હોસ્પિટલમાં કામ કરતાં લલિતા પવાર કેદીઓના નંબર બોલે છે : નંબર બાઈસ, નંબર તેઈસ... નંબર ચોવીસ લલિતા પવાર નથી બોલી શકતાં અને એમની આંખો સજળ થાય છે. કેમેરા ઘૂમે છે અને માનસિક સંતુલન ખોઈ બેઠેલી - પાગલ થઈ ગયેલી નર્સ રાધા (વહિદા રેહમાન) પર ફોકસ થાય છે અને થિયેટરમાં બેઠેલા અનેક દર્શકો ખિસ્સામાંથી રૂમાલ કાઢે છે. માનસિક રીતે અસ્થિર દર્દીઓની સારવારમાં કુશળ ગણાતી નર્સ રાધા જ દર્દી બની જાય છે અને ચિત્રપટ પર પડદો પડે છે. હોસ્પિટલમાં ફરજ બજાવતા ડોક્ટર હોય કે નર્સ કે બીજી કોઈ વ્યક્તિ, છેવટે તો એક માનવી જ છે. એને પણ સંવેદના હોય, એનું પણ ભાવવિશ્વ હોય એ વાત નર્સ રાધાના પાત્ર દ્વારા વેધક રીતે વ્યક્ત થાય છે.

### ઐશ્વર્યા રાય - ગુઝારિશ

સંવેદનશીલ ફિલ્મો સંજય લીલા ભણસાલીનો ટ્રેડ માર્ક છે. વિધુ વિનોદ ચોપડાના યુનિટમાં સહાયક દિગ્દર્શક તરીકે કામનો અનુભવ મેળવ્યા બાદ સંજય ભાઈ ૧૯૯૬માં 'ખામોશી: ધ મ્યુઝિકલ'થી સ્વતંત્ર દિગ્દર્શક બન્યા. 'બ્લેક' ફિલ્મ માટે શ્રેષ્ઠ દિગ્દર્શકનો નેશનલ એવોર્ડ મેળવ્યા બાદ સંજય ભણસાલીએ ભણસાલી પ્રોડક્શન્સનું બેનર શરૂ કરી 'ગુઝારિશ' (૨૦૧૦) ફિલ્મ બનાવી. બોક્સ ઓફિસ પર નિષ્ફળ નીવડેલા આ ચિત્રપટમાં



ઐશ્વર્યા રાય નર્સ સોફિયાના રોલમાં જોવા મળી. ફિલ્મનાં કેટલાંક દૃશ્યોમાં પોતે ફક્ત રૂપાળી હિરોઈન નથી પણ એક કુશળ અદાકારા પણ છે એ ઐશ્વર્યાએ સિદ્ધ કર્યું છે. શેરનાઝ પટેલ સાથેના તેમજ આદિત્ય રોય કપૂર સાથેના વારાફરતી આવતાં દૃશ્યોમાં ઐશ્વર્યાએ નર્સની કડકાઈ તેમજ એના મૃદુ હૃદયને આબાદ વ્યક્ત કર્યું છે.

### લલિતા પવાર - આનંદ



હોસ્પિટલમાં નર્સ સ્ટાફની અધ્યક્ષ અંગ્રેજીમાં મેટ્રન તરીકે ઓળખાય છે. હિન્દી ફિલ્મોમાં જે જૂજ મેટ્રનના પાત્ર જોવા મળ્યાં છે એ આકરા - કડક સ્વભાવની અને શિસ્તની અતિ આગ્રહી વ્યક્તિ તરીકે નજરે પડ્યા છે. આ બધામાં સૌથી યાદગાર મેટ્રનનું મિસિસ ડિસાનું પાત્ર લલિતા પવારનું ઋષિકેશ મુખર્જીની અવિસ્મરણીય ફિલ્મ 'આનંદ' ફિલ્મમાં જોવા મળ્યું. ફિલ્મમાં એન્ટ્રીની થોડી ક્ષણો પછી મેટ્રન આનંદ (રાજેશ ખન્ના)ને 'શટ અપ' ધમકાવતી અને પોતાનો રૂઆબ દેખાડતી અને 'હું કહું એમ જ કરવાનું છે' એમ જાણે કે ઠસાવવા માગતી હોય એવું દેખાડે છે. થોડી વાર પછી આવતા એક સંવાદમાં આનંદ જ્યારે લલિતા પવારને 'મધર મેટ્રન' કહીને સંબોધે છે આકરા સ્વભાવની ચાડી ખાતા ચહેરા પર હેતાળ સ્મિત ફરકે છે એ રૂપાંતર લલિતાજીએ આબાદ ભજવ્યું છે. ફિલ્મ દિગ્દર્શક - એક્ટરની જુગલબંદી પાત્રનો પ્રભાવ દર્શકોના દિલ દિમાગ સુધી પહોંચાડી દેવામાં સફળ રહે છે. શિસ્ત માટે કડક આગ્રહ રાખતી મેટ્રન પાસે કેવું કોમળ હૃદય પણ હોય છે એ લલિતા પવારે સરસ રીતે દર્શાવ્યું છે.

આ સિવાય પણ હિન્દી ફિલ્મોમાં અભિનેત્રી (હીરોઈન અથવા અન્ય એક્ટ્રેસ) નર્સના રોલમાં જોવા મળી છે, પણ મોટાભાગના એ રોલ કથાની જરૂરિયાત અનુસાર ખાલી જગ્યા પૂરવા માટેના હોવાથી દર્શકોના સ્મરણમાં નથી રહ્યા. 'સત્તે પે સત્તા'માં હેમા માલિની નર્સના પાત્રમાં છે, પણ અમિતાભ બચ્ચન સાથે રોમેન્સમાં નિમિત્ત બનવા માટે છે. 'અગ્નિપથ'માં માધવી (મેરી મેથ્યુ) સુધ્ધાં નર્સ છે, પણ માત્ર વિજય દીનાનાથ ચૌહાણ (અમિતાભ)ની સારવાર માટે અને વિજયના જીવનમાં સૌમ્યતા લાવવા માટે. ૨૦૨૦માં આવેલી અનુરાગ બાસુની ફિલ્મ 'લ્યુડો'માં બે નર્સ છે જે સારસંભાળ કે માવજતનું પ્રતીક કરતા વિચિત્ર સ્વરૂપને દર્શાવે છે. રૂઢ અર્થમાં નર્સ નથી.

## શો-શરાબા

દિવ્યકાંત પંડ્યા

# બોલિવૂડને લાગ્યું છે નોસ્ટેલ્જિયાનું વ્યસન

### જૂના ડાયલૉગ્સ - જૂનાં ગીતો અને ખૂટતી ક્રિએટિવિટીમાં પીસાતું સિનેમા

એક સમય હતો જ્યારે બોલિવૂડમાં નોસ્ટેલ્જિયા ખરેખર દિલથી અનુભવાતું હતું. કોઈ જૂનું ગીત અચાનક ફરી સાંભળવા મળે, કોઈ આઇકોનિક પાત્ર પાછું આવે અથવા કોઈ જાણીતો ડાયલૉગ ફરી વપરાય તો દર્શકોને સાચી ખુશી થતી, કારણ કે એ બધું એક લાગણી સાથે જોડાયેલું હતું. જોકે આજનું બોલિવૂડ નોસ્ટેલ્જિયાને લાગણી તરીકે નહીં, માર્કેટિંગ સ્ટ્રેટેજી તરીકે વાપરી રહ્યું છે. આજે એવું લાગે છે કે ઇન્ડસ્ટ્રી પાસે નવા અને ઓરિજિનલ આઇડિયાઝની કમી છે એટલે જૂનાં ડાયલૉગ્સ, જૂનાં ગીતો, જૂનાં ટાઇટલ્સ અને જૂની યાદોને ફરી રિ-પૅક કરીને વેચવામાં આવી રહ્યાં છે.






'દિલબર'






'ટિપ ટિપ'




તાજેતરનાં ઘણાં ઉદાહરણો આ વાત સ્પષ્ટ રીતે સાબિત કરે છે. 'વેલકમ ટુ ધ જંગલ'ના પ્રમોશનમાં મિરેકલ! મિરેકલ! અથવા આલૂ લે લો, કાંદા લે લો જેવા ડાયલૉગ્સનો ઉપયોગ થયો, પરંતુ ફિલ્મનું મૂળ 'વેલકમ' સાથે એવું કોઈ ભાવનાત્મક કે સ્ટોરી લેવલનું જોડાણ દેખાતું નથી, છતાં પણ માર્કેટિંગ એ રીતે કરવામાં આવ્યું જાણે માત્ર આ જૂનાં ડાયલૉગ્સ સાંભળવાથી જ લોકો થિયેટર સુધી પહોંચી જશે એટલે ફિલ્મ શું નવી વાત કહે છે એ કરતાં લોકોને શું યાદ અપાવે છે એ વધુ મહત્ત્વનું બની ગયું છે.

એ જ રીતે 'ભૂત બંગલા'ના પ્રોમોમાં 'બહેન ડર ગઈ' જેવા જૂના પ્રિયદર્શન સ્ટાઇલના કૉમિક ડાયલૉગનો ઉપયોગ કરીને તરત જ નોસ્ટેલ્જિયા જગાડવાનો પ્રયાસ થયો. ઉપરાંત રાજપાલ યાદવના જાણીતા ડાયલૉગ 'મૈં ક્યા મંદિર કા ઘંટા હૂં, જો સબ આ કે બજા કે ચલે જાતે હૈ' થકી પણ એ ફિલ્મમાં દર્શકોને આકર્ષવાનો પ્રયાસ થયો હતો. આ પ્રકારના પ્રયાસ સર્જનાત્મકતાની ઉણપ તો દર્શાવે જ છે, પણ દર્શકોની પસંદગીની કિંમતને પણ ઓછી આંકે છે. મેકર્સને અહીં ફિલ્મ શું નવી દુનિયા બનાવી રહી છે એ બતાવવા કરતાં લોકોના જૂના કૉમેડી અનુભવને ટ્રિગર કરવાનું વધારે મહત્ત્વનું લાગ્યું.

આ સમસ્યા માત્ર સિક્વલ્સ સુધી સીમિત નથી. આજે તો ઘણી ફિલ્મ્સ એવી પણ આવે છે જેનો જૂની ફિલ્મ સાથે કોઈ સંબંધ જ નથી, છતાં પણ જાણીતાં ટાઇટલ્સ કે જૂની યાદોનો ઉપયોગ કરવામાં આવે છે. 'બડે મિયાં છોટે મિયાં' તેનું મોટું ઉદાહરણ છે. જૂની 'બડે મિયાં છોટે મિયાં' એક મસ્ત કૉમેડી ફિલ્મ હતી. નવી ફિલ્મ સંપૂર્ણ અલગ પ્રકારની ઍક્શન ફિલ્મ હતી, છતાં પણ એ જ ટાઇટલ રાખવામાં આવ્યું, કારણ કે લોકોના મનમાં પહેલાંથી જ એ નામની એક ઓળખ હતી.

એટલે નવી ઓળખ બનાવવાની જગ્યાએ જૂની ઓળખ ઉધાર લેવામાં આવી.

બોલિવૂડનું મ્યુઝિક તો હવે વર્ષોથી નોસ્ટેલ્જિયાનો સૌથી મોટો શિકાર બની ગયું છે. 'ટિપ ટિપ,' 'આંખ મારે,' 'દિલબર,' 'સાકી સાકી,' 'મુકાબલા,' 'ચમ્મા ચમ્મા,' 'ધ હમ્મા સોંગ,' 'મસક્કલી ૨.૦' જેવાં અનેક રિક્રિએટેડ સોંગ્સ એનો પુરાવો છે. આ ગીતો સ્ટોરીની જરૂરિયાતને કારણે નથી આવતાં. એ એટલા માટે આવે છે કારણ કે લોકો પહેલી જ સેકન્ડમાં ગીત ઓળખી જાય. સોશ્યલ મીડિયા પર રીલ્સ બને, લગ્નમાં વાગે અને ફિલ્મને ફ્રી પબ્લિસિટી મળે.

ઘણી વખત તો આ ગીતો ફિલ્મમાં સંપૂર્ણ બિનજરૂરી રીતે ઘુસાડવામાં આવે છે. ગીત અને સ્ટોરી વચ્ચે કોઈ ભાવનાત્મક જોડાણ જ નથી હોતું. માત્ર એક જાણીતી ટ્યુન સાંભળીને લોકો થોડી સેકન્ડ માટે એક્સાઇટ થાય એ માટે આખા ગીતો ફરી બનાવવામાં આવે છે.

જોકે આ બધાની વચ્ચે 'ધુરંધર' જેવા અપવાદરૂપ કિસ્સાઓ પણ છે કે જ્યાં કમ્પોઝર શાશ્વતે જૂનાં ગીતોનો વપરાશ બહુ જ કલાત્મક અને કર્ણપ્રિય નવા કંપોઝિશન સાથે કર્યો છે.

હોરર-કૉમેડી ફ્રેન્ચાઇઝિસમાં પણ આ જ ફૉર્મ્યુલા ચાલે છે. 'ભૂલ ભુલૈયા' સિરીઝ સતત જૂની 'ભૂલ ભુલૈયા'ની યાદો પર જીવતી દેખાય છે. આમી જે તોમાર, જૂની હવેલી, મંજુલિકા વગેરે બધું ફરી ફરી વપરાય છે, કારણ કે મેકર્સ જાણે છે કે લોકો માટે આ થાળી પહેલેથી જ જાણીતી છે એટલે તે ચોક્કસ તેને આરોગશે. એ બહાને તેમને નવો સ્વાદ આપવાનું જ મોટાભાગે ટાળવામાં આવે છે.

આજે બોલિવૂડમાં યુનિવર્સ બનાવવાનો ટ્રેન્ડ પણ ઘણી વાર સર્જનાત્મકતા કરતાં ધંધાકીય નિર્ણય વધારે લાગે છે.

ફિલ્મ્સમાં અચાનક કેમિયોઝ, જૂના બૅકગ્રાઉન્ડ સ્કોર્સ, જાણીતા એન્ટ્રી શૉટ્સ કે ડાયલૉગ્સ ફક્ત થિયેટરમાં સીટી અને સોશ્યલ મીડિયા પર ચર્ચાય એ માટે નાખવામાં આવે છે.

પ્રોડ્યુસર્સને લાગે છે કે જો કંઈક પહેલેથી જાણીતું નહીં હોય તો લોકો સ્વીકારશે નહીં. એટલે નવા ડાયલૉગ્સ બનાવવાની જગ્યાએ જૂની પંચલાઇન્સ ફરી લાવવામાં આવે છે. નવાં ગીતો બનાવવા કરતાં જૂનાં હિટ્સ રિમિક્સ થાય છે. નવી ફિલ્મ્સને અલગ ઓળખ આપવાની જગ્યાએ જૂની ફિલ્મ્સની યાદોનો સહારો લેવામાં આવે છે. મહત્ત્વની બાબત એ છે કે જે જૂની ફિલ્મ્સને આજે બોલિવૂડ સતત યાદ કરે છે, એ ફિલ્મ્સ પોતાના સમયમાં ઓરિજિનલ હતી. 'હેરા ફેરી' કોઈ જૂની ફિલ્મના ડાયલૉગ્સ પર જીવતી નહોતી. 'વેલકમ'એ પોતાની આગવી કૉમેડી દુનિયા બનાવી હતી. 'ધૂમ'એ સ્ટાઇલિશ ઍક્શનનો નવો અનુભવ આપ્યો હતો. 'ભૂલ ભૂલૈયા'એ કંઈક એવું કર્યું હતું જે મેનસ્ટ્રીમ બોલિવૂડમાં બહુ ઓછું જોવા મળતું હતું.

નોસ્ટેલ્જિયા મસાલા તરીકે સારું લાગે, પરંતુ જ્યારે આખું જ ભોજન નોસ્ટેલ્જિયા બની જાય ત્યારે ક્રિએટિવિટી ધીમે ધીમે ગાયબ થવા લાગે છે! ■

### લાસ્ટ શોટ

*'વેલકમ ટુ ધ જંગલ' ફિલ્મના ટીઝર અને ટાઇટલ સૉન્ગને જૂના ડાયલૉગ્સ અને નબળા નિર્માણના કારણે લોકોએ બહોળા પ્રમાણમાં ઑનલાઇન માધ્યમો પર અસ્વીકાર કર્યો છે.*

## ક્લેપ એન્ડ કટ..!

સિદ્ધાર્થ છાયા

### 'ધર્મા'એ ટિકિટની કિંમતનો ધર્મ બદલ્યો...




આમિર ખાને નવી ફિલ્મોના ફર્સ્ટ ડે માટે નિયમો બદલવાનો પ્રયાસ કર્યો અને તેને જરાક જેટલી સફળતા પણ મળી. આ જરાક જેટલી સફળતા કેમ મળી એની પાછળનું કારણ એ છે કે તેણે શો ટાઇમમાં ફેરફાર કરાવ્યા, નહીં કે ટિકિટની કિંમતમાં.

હવે કરન જૌહરનું 'ધર્મા પ્રોડક્શન' ટિકિટની કિંમતનો આખો ધર્મ બદલવા તૈયાર થયું છે. આજે 'ધર્મા'ની 'ચાંદ મેરા દિલ' રિલીઝ થવાની છે. આ ફિલ્મ માટે 'ધર્મા'એ પહેલા દિવસની ટિકિટના ભાવ ઐતિહાસિક કહી શકાય એવા રાખ્યા છે.

રુકો ઝરા, ઐતિહાસિક શબ્દનો અર્થ કાયમ વધારા તરફ જ ઇશારો નથી કરતો. કરન જોહરના પ્રોડક્શન હાઉસે પોતાની આ ફિલ્મ માટે ફક્ત પહેલા દિવસે સાંજે પાંચ વાગ્યાના શોઝ માટે ફક્ત ૧૪૯ રૂપિયાની ટિકિટ રાખી છે તો પાંચ વાગ્યા પછીના શોમાં આ ફિલ્મ ફક્ત ૧૯૯માં... આમ આપણા બધાનાં ખિસ્સાંને પોસાય એવી કિંમતમાં જોઈ શકાશે. સ્વાભાવિક છે કે આ ભાવ પ્રિમિયમ સ્ક્રીન્સ અને પ્રિમિયમ સીટ્સ માટે ઉપલબ્ધ નથી, પરંતુ ફિલ્મનો ટોન યંગ છે અને જો યુવાનોને ફિલ્મ તરફ આકર્ષવા હોય તો આ પ્રકારનો ભાવ રાખવાથી છેવટે તો કલેક્શનમાં વધારો જ થવાનો છે. ઇન્ડસ્ટ્રીના માંધાતાઓ 'ધર્મા'ના આ નિર્ણયથી આશ્ચર્ય સાથે આનંદમાં ડૂબેલા છે. એક તરફ બોલિવૂડની ફિલ્મો ઓવર બજેટ હોય છે અને પછી ટિકિટના ભાવ વધુ હોય એટલે બૉક્સ ઑફિસ પર ટકી શકતી નથી. આથી, આ પ્રકારે બજેટ ફ્રેન્ડલી ટિકિટ રાખવાથી છેવટે તો ઇન્ડસ્ટ્રીને જ ફાયદો છે.

### સફળતાનો જાદુ... બધા મતભેદ ગાયબ!

લગભગ સોળ વર્ષ અગાઉ 'બેન્ડ બાજા બારાત' દ્વારા 'યશરાજ' ફિલ્મ્સે રણવીર સિંહને લૉન્ચ કર્યો હતો. રણવીરમાં એ ટૅલેન્ટ હતું કે ધીરેધીરે તેણે અન્ય પ્રોડ્યુસર્સ સાથે પણ કામ કર્યું અને સફળતા મેળવી. જોકે ઘણીવાર એવું બને છે કે કલાકારને એમ લાગે છે કે ફક્ત તેના ટૅલેન્ટને લીધે તેને સફળતા મળી છે. તો બીજી તરફ પ્રોડક્શન હાઉસને એવું લાગે છે કે, અમે ન હોત તો આનું પાંચિયું પણ ન આવત. આવી સ્થિતિ 'યશરાજ' અને રણવીર સામે પણ એક સમયે આવી હતી. એ સમયે બંનેના મન ખાટાં થઈ ગયાં હતાં. આથી આદિત્ય ચોપરા અને રણવીરે એકબીજા સાથે કામ ન કરવાનું નક્કી કર્યું.

પછી, સમયનું ચક્ર 'ધુરંધર'ની બૉક્સ ઑફિસ તોડી નાખતી સફળતા સાથે ફર્યું. ફક્ત ચાર મહિનાની અંદર રણવીરે બે બ્લૉક બસ્ટર ફિલ્મો આપી, જેણે નહીં નહીં તો ત્રણ હજાર કરોડનો બિઝનેસ કર્યો. પછી તો આદિત્ય ચોપરા માટે 'હા, સફળતા વિપુલ ઝરણું ધુરંધરમાંથી ઊતર્યું છે' જેવી સ્થિતિ થઈ. એક વ્યાપારી તરીકે આદિત્ય ચોપરાને સમજાઈ ગયું કે જંગલમાં રહીને સિંહ સાથે વેર ન કરાય.

આ અઠવાડિયાની શરૂઆતમાં રણવીર અને આદિત્ય ચોપરા બંને 'યશરાજ'ની ઑફિસમાં મળ્યા ને બંનેએ કલાકો સુધી 'બંધ બારણે' ચર્ચા કરી હતી. આ લાંબી ચર્ચાનું ફળ એવું આવ્યું છે કે છ મહિનાની અંદર આદિત્ય ચોપરા રણવીર સિંહને 'લાયક' એવી એક સ્ક્રિપ્ટ બનાવશે અને તેને દેખાડશે. પછી જો બધું સમુંસૂતરું પાર પડ્યું તો વર્ષો પછી રણવીર 'યશરાજ'ના બૅનર હેઠળ કામ પણ કરશે, આ છે સફળતાનો પાવર!

### અમારી સ્ટોરી 'ઓરિજિનલ' છે હોં!



ડેવિડ ધવન

ડેવિડ ધવન અને જૂની ફિલ્મોની રીમેક આ બંને વચ્ચેનો સંબંધ ખૂબ પુરાણો છે. ડેવિડભાઈની 'આંખે' મહેમૂદની 'દો ફૂલ' પરથી 'પ્રેરિત' હતી તો 'હીરો નંબર વન' હૃષીકેશ મુખર્જીની 'બાવર્ચી'ની મૉડર્ન આવૃત્તિ હતી. ટૂંકમાં ડેવિડ ધવન બીજી સ્ટોરીમાંથી પ્રેરણા લઈને ફિલ્મ બનાવે તેમાં કોઈને નવાઈ લાગવી ન જોઈએ.

જોકે આ અઠવાડિયે એક મજાની ઘટના બની ગઈ.

ડેવિડ ધવનની આગામી ફિલ્મ 'હૈ જવાની તો ઈશ્ક હોના હૈ' માટે તેના પ્રોડ્યુસર્સ 'ટિપ્સ' દ્વારા એક જાહેર ખુલાસો કરવામાં આવ્યો છે કે માર્કેટમાં જે વાતો ફેલાઈ રહી છે કે અમારી આ ફિલ્મની વાર્તા કોઈ જૂની ફિલ્મની વાર્તા સાથે મૅચ ખાય છે તો તે માત્ર અફવા જ છે...

અમે આ ખુલાસામાં થોડું ખોદકામ કર્યું અને ખબર પડી કે જે વાતો ફરી રહી છે એ એમ છે કે ડેવિડ ધવને પોતાની જ ફિલ્મ 'બીવી નંબર વન'ની વાર્તામાં થોડો ફેરફાર કરીને આ નવી ફિલ્મ બનાવી નાખી છે.

માર્કેટમાં ફરી રહેલી આ વાર્તા કેટલી સાચી, કેટલી ખોટી એમાં ન પડીએ તો ડેવિડ ધવનની ફિલ્મોની 'રિમીક્સ' કરવાની જૂની લતને કેમ ભૂલી શકાય? બની શકે કે બીજાની રિમેક કરવાને બદલે પોતાની જ ફિલ્મ 'બીવી નંબર વન' પરથી આ નવી ફિલ્મ તો નહીં બનાવી નાખી હોય ને... ક્યા બોલતી હૈ પબ્લિક?! ■

### કટ એન્ડ ઓકે...


*આ વર્ષે આવનારી 'રામાયણ'માં રામની ભૂમિકા અદા કરનારા રણબીર કપૂરે ભગવાન રામની જન્મભૂમિ અયોધ્યામાં ઊભા થઈ રહેલા 'સરયુ પ્રોજેક્ટ'માં લગભગ સાડાત્રણ કરોડ રૂપિયાની જમીન ખરીદી છે....*

ફિલ્મનામા
નરેશ શાહ

# વેકેશનમાં ફટાફટ ટાઈમપાસ કરી દેતી ફિલ્મ્સ

*ઉકળાટથી છલોછલ વેકેશનના આ વાતાવરણમાં મજેદાર તરીકાથી સમય પસાર કરવો હોય તેમના માટે થોડી રસપ્રદ ફિલ્મોની વાત કરવી છે, આ એ ફિલ્મો છે...*

## મૃત્યુની ‘અસંભવ’ અદલાબદલી




ગમે તેવી ખરાબ હોય છતાં માણસનો પોતાની જિંદગી માટેનો મોહ એવરગ્રીન જ હોય છે. યમરાજ ડેલી ખખડાવે તો છુપાઈ જવાનું મન થાય, પણ એમ થોડું બચી શકાય છે? પરિવારની આવી જ પાકટ વ્યક્તિ (સઈદ ઝાફરી)ને પણ મૃત્યુના દેવતા લેવા આવે છે ત્યારે પાકટ વ્યક્તિ અનેક દુહાઈ આપીને યમરાજને ટાળે છે, પણ યમરાજે તો આજે કોઈને લઈ જઈને ‘ટાર્ગેટ’ પૂરો જ કરવાનો છે... ‘તમે મારી બદલે ઉપલા માળે એકલા રહેતા (મનમોહન ક્રિષ્ના) ને લઈ જાઓ તો હું અધૂરી ઇચ્છાઓ-જવાબદારી પૂરી કરી શકું!’

સઈદ ઝાફરીની આ ઑફર સ્વીકારી લઈને યમરાજ પેલા વૃદ્ધને ઊંચકી જાય છે અને તેની જિંદગીના દિવસો સઈદ ઝાફરીને મળે છે, પણ પછી... ૧૯૮૪માં બનેલી ‘અસંભવ’ ફિલ્મની થીમ ખૂબ સરસ છે. રોહિણી હટંગડી, રામેશ્વરી જેવી સ્ટારકાસ્ટ ધરાવતી આ ફિલ્મ કોઈને ધ્યાન ચડી નહોતી, પરંતુ તેમાં એક સબક-બોધપાઠ છે, એ સમજવો હોય તો ફિલ્મ યુટયૂબ પર ઉપલબ્ધ છે.

## અંજલિ સીબીઆઈઃ સરપ્રાઈઝ... સરપ્રાઈઝ




તામિલ રાઇટર-ડિરેક્ટર આર. અજય ગ્યાનમુથુની (હિન્દી ડબ નામ) ‘અંજલિ સીબીઆઇ’ ફિલ્મની હાઇલાઇટ્સ તો જોકે રાઇટર-ડિરેક્ટર-ઍક્ટર અનુરાગ કશ્યપ છે. ફિલ્મમાં તેણે રૂદ્રા નામના સિરિયલ કિલરનું કિરદાર ભજવ્યું છે. પાંચેક વરસ પહેલાં અંજલિ (નયનતારા) એ જ એન્કાઉન્ટરમાં રૂદ્રા નામના સિરિયલ કિલરને શૂટ કરી દીધો હતો પણ ફરી પાછો એ પ્રગટ થયો છે. આ રૂદ્રા (અનુરાગ કશ્યપ)ની વિશેષતા એ છે કે એ જાણ કર્યા પછી પોતાના શિકાર પર તરાપે છે. તેને છોડવાના બે કરોડ વસૂલે છે અને પછી અપહૃત વ્યક્તિની લાશ જ મળે છે... સિરિયલ કિલર દરેક વખતે ઇચ્છે છે કે ઑફિસર અંજલિ જ મિડલ-વુમન રહે. બે કલાક અને પચાસ મિનિટની અવધિ ધરાવતી ‘અંજલિ સીબીઆઇ’માં અનેક ટર્ન ઍન્ડ ટવિસ્ટ આવે છે અને તમે બાંધેલી તમામ ધારણાઓથી અલગ જ હકીકત છતી રહે છે. ફિલ્મ ‘એમેઝોન પ્રાઇમ’ પર છે. દિલધડક, થ્રિલર, સસ્પેન્સ ઉપરાંત અનુરાગ કશ્યપ માટે આ ફિલ્મ જોઈ શકાય.

## બુલેટ ટ્રેન : ગતિશીલ અકસ્માતો




મારિયા બિટલેની આ જ નામની નોવેલ પરથી હૉલિવુડ ડિરેક્ટર ડેવિડ લિત્ચે બનાવેલી ‘બુલેટ ટ્રેન’ ફિલ્મની મજા એ છે કે તેમાં મુસાફરી કરનારા લગભગ પોણા ડઝન જેટલા મુસાફરો પોતપોતાનો ‘એજન્ડા’ પૂરો કરવા મુસાફરી કરી રહ્યા છે અને એ બધા આપસમાં, એક પછી એક અથડાય છે. જાણીતા અભિનેતા બ્રેડ પીટ આ બુલેટ ટ્રેનમાં ચઢે છે, કારણ કે તેણે મિલિયન ડૉલર ભરેલી બૅગ તફડાવવાની છે. એક પિતા પણ મુસાફર બને છે, કારણ કે એ પોતાના પુત્રને ઊંચાઈ પરથી ફેંકી દેનારની હત્યા કરીને બદલો લેવા માગે છે. બે ક્રિમિનલ પણ આ ‘બુલેટ ટ્રેન’માં છે. તેણે એક ડૉનના અપહરણ થયેલા પુત્રને છોડાવી લીધો છે અને તેને જીવતો ડૉન-પિતાને સોંપવાનો છે, મિલિયન ડૉલર ભરેલી બૅગ સાથે. ટિપિકલ ફિલ્મ રિવ્યૂની ભાષામાં લખીએ તો, ‘બુલેટ ટ્રેન’ ફિલ્મ (ઝી ફાઇવ પર જોવા મળશે) દિમાગને ખિસ્સામાં મૂકીને એન્જૉય કરવાની રાઇડ છે, કારણ કે આ ઍક્શન થ્રિલરને કૉમડીનો તડકો મારવામાં આવ્યો છે.

## ગોડસે : ટાઈમપાસ થ્રિલર




મની હાઇસ્ટ વેબસિરીઝને કારણે ફેમસ બની ગયેલાં માસ્ક પહેરીને શહેરના ધનાઢ્ય ગણાતા બે-ચાર લોકોનાં અચાનક અપહરણ થઈ જાય છે. પોલીસ તેને શોધે કે રોકે એ પહેલાં જ અપહરણકર્તા વીડિયો કૉલ કરીને બધાની સમક્ષ હાજર થઈ જાય છે, પણ પોતાની સાથે નેગોશિએશન કરવા માટે એક મહિલા ઇન્વેસ્ટિગેશન ઑફિસરની ડિમાન્ડ મૂકે છે. લાચારીવશ એક મહિલા ઑફિસરને નેગોશિએટર તરીકે બેસાડવી પડે છે અને પછી એક પછી એક રહસ્ય ખૂલવા માંડે છે. ‘ગોડસે’ ફિલ્મ અપહરણકર્તા વિશ્વનાથ રામચંદ્રન (સત્યદેવ કંચારાણા) અને નેગોશિએટર બનતી ઑફિસર વૈશાલી (ઐશ્વર્યા લક્ષ્મી) વચ્ચેની કહાણી બનવી જોઈએ પણ બિઝનેસમેનમાંથી અપહરણકર્તા બનેલા હીરોની કથા બની જાય છે. ઠીક છે. સમય મળે અને કોરિયન ફિલ્મ ન જોઈ હોય તો જોઈ લેવાય. હા, ‘ગોડસે’ નામથી છેતરાવું નહીં અમારી જેમ. ■

## ક્વિક ફિલ્મી ક્વિઝ

નીલા સુનીલ મહેતા

### ક્વિઝ (૧૭૫)

આ ગીત કઈ ફિલ્મના છે અને આશા ભોસલે સાથેની બીજી ગાયિકા કોણ છે?

૧) રેશમી સલવાર કુર્તા જાલી કા રૂપ સહા નહીં જાયે નખરે વાલી કા
૨) મન ક્યું બેહકા રી બેહકા આધી રાત કો બેલા મેહકા હો બેલા
૩) જાનુ જાનુ રે કાહે ખનકે હૈં તોરા કંગના
૪) હુઝૂરેવાલા જો હો ઈઝાઝત તો હમ યે સારે જહાં સે કેહદેં
૫) દાદી અમ્મા દાદી અમ્મા માન જાઓ
૬) યે આંખે, યે આંખે જુકી જુકી સી કે સાસે રુકી રુકી સી
૭) આઈ લવ યુ, ક્યાં ખુશી ક્યાં ગમ,જબ તક હૈં દમ મેં દમ

### ક્વિઝ (૧૭૬)

આ કલાકારોની એવી ફિલ્મનું નામ જણાવો જેમાં ઈન્ડિયા શબ્દ હોય



૧) સુનિલ દત્ત
૨) અર્જુન કપૂર
૩) ઈમરાન હાશ્મી
૪) શાહરુખ ખાન
૫) અનિલ કપૂર
૬) અજય દેવગન
૭) આમિર ખાન

જવાબ માટે જુઓ ‘ફન વર્લ્ડ’

મનોરંજનનું મેઘધનુષ
ઉમેશ ત્રિવેદી

# જહોન અબ્રાહમ

## ડેનિયલ ક્રેગ પછી હવે જેમ્સ બોન્ડ બનવાનું સદ્ભાગ્ય એ મેળવશે?

બોલિવૂડ અને હોલિવૂડના ખૂબ જ જાણીતા નિર્માતા - દિગ્દર્શક શેખર કપૂરે હાલમાં જ એક ચર્ચાને વેગ આપ્યો છે. તેમણે પોતાના ‘એક્સ’ એકાઉન્ટ પર એમ જણાવ્યું છે કે હોલિવૂડમાં જેમ્સ બોન્ડની ફિલ્મની સિરીઝમાંથી ડેનિયલ ક્રેગે નીકળી જવાનો વિચાર કર્યો છે, તો આગામી જેમ્સ બોન્ડ તરીકે જહોન અબ્રાહમની પસંદગી થવી જોઈએ. આ પાત્ર માટે એ એકદમ ‘ફિટ’ છે.



શેખર કપૂરની વાતમાં ‘દમ’ છે અને તેમની વાતનું હોલિવૂડમાં વજન પણ પડે છે, તેનું કારણ એ છેકે તેમની ફિલ્મ ‘એલિઝાબેથ’માં મુખ્ય પાત્રમાં ડેનિયલ ક્રેગને જોયા પછી જ જેમ્સ બોન્ડ તરીકે તેની પસંદગી થઈ હતી.

શેખર કપૂરની ‘એલિઝાબેથ’ ફિલ્મ ૨૩ ઓક્ટોબર ૧૯૯૮ના રિલીઝ થઈ હતી અને ડેનિયલ ક્રેગની જેમ્સ બોન્ડ તરીકે પહેલી ફિલ્મ ‘કેસિનો રોયલ’ ૨૦૦૬માં રિલીઝ થઈ હતી. ત્યાર બાદ તેમણે ક્વોન્ટમ ઓફ સોલાસ (૨૦૦૬), સ્કાયફોલ (૨૦૧૨), સ્પેક્ટ્રે (૨૦૧૫) અને નો ટાઈમ ટુ ડાય (૨૦૨૧) જેવી જેમ્સ બોન્ડની ફિલ્મો કરી હતી.

હવે તેણે જેમ્સ બોન્ડ બનવાનો ઈનકાર કર્યો છે. અત્યારે તેની ઉંમર ૫૮ વર્ષ છે, જ્યારે જહોન અબ્રાહમ ૫૩ વર્ષનો છે અને તે એકદમ ‘ફિટ’ છે.

શેખર કપૂરના આ પ્રતિભાવ પછી જહોન અબ્રાહમે પ્રત્યુતર આપતાં જણાવ્યું હતું કે ‘તમે જે કહ્યું તેનો આભાર. તમારા આ શબ્દોથી મને ખૂબ જ ઉત્સાહ મળ્યો છે. ડેનિયલ ક્રેગને લોકોએ ‘જેમ્સ બોન્ડ’ તરીકે જોયો, તે પહેલાં તમે તેની પ્રતિભા ઓળખી હતી, તમે ફિલ્મોમાં વાર્તા અનોખી રીતે રજૂ કરવામાં માહિર છો અને તમારા શબ્દોની મને ખૂબ જ કિંમત છે. આભાર!!’

આવો આ જહોન અબ્રાહમ ૧૯૭૨માં મુંબઈમાં ૧૭ ડિસેમ્બરે જન્મેલો. એણે બોલિવૂડમાં એક નિર્માતા અને એક અભિનેતા તરીકે ખૂબ લાંબી મઝલ કાપી છે. તેનાં પિતા મલયાલી ખ્રિસ્તી છે અને તેની માતા ઈરાનની પારસી છે. મુંબઈની સ્કોટીશ સ્કૂલમાં અને ત્યારબાદ જયહિંદ કોલેજમાં ભણીને જહોન અબ્રાહમે એમબીએની ડિગ્રી મેળવી છે.

કોલેજકાળ દરમિયાન જ તેને મોડેલિંગની ઓફર મળવા લાગી હતી. દરમિયાન તેને હંસરાજ હંસ અને પંજાબી ગાયક જેઝી બીના મ્યુઝિક આલ્બમમાં પણ તક મળી હતી. ૧૯૯૯માં તે ‘ગ્લેડરેગ્સ મેનહન્ટ’ સ્પર્ધા જીત્યો હતો અને તેના પગલે જ ‘મેનહન્ટ ઈન્ટરનેશનલ’માં ભાગ લેવા ફિલિપાઈન્સ ગયો હતો. આ સ્પર્ધામાં તે બીજા નંબરે આવતાં હોંગકોંગ, લંડન અને ન્યૂયોર્ક સિટીમાં તેને મોડેલિંગના કામ મળ્યાં હતાં. ત્યાર પછી તેણે મુંબઈ પાછા આવીને કિશોર નમિત કપૂરની એક્ટિંગ ઈન્સ્ટિટ્યૂટમાં પ્રવેશ મેળવ્યો હતો.

આ સમયગાળામાં તેની ગણના દેશના ટોચના મોડેલ તરીકે થતી હતી. તેના પગલે જ તેને ૨૦૦૩માં આવેલી ફિલ્મ ‘જિસ્મ’માં હીરોની ભૂમિકા મળી હતી. બિપાશા બાસુ સાથેની આ ફિલ્મ ‘સુપર ડુપર હિટ’ સાબિત થઈ હતી અને ત્યારથી જહોન અબ્રાહમની કારકિર્દીને પણ વેગ મળ્યો હતો.

આ સુપરડુપર હિટ ફિલ્મ પછી તેની કેટલીક ફિલ્મો બોક્સ ઓફિસ પર ધબાય નમઃ થઈ હતી. ‘જિસ્મ’ પછી સાયા, પાપ, ઐતબાર, લકીર, મદહોશી જેવી ફિલ્મો જરાય ન ચાલી. ત્યાં ૨૦૦૪માં ‘યશરાજ’ બેનરની મલ્ટીસ્ટારર ફિલ્મ ‘ધૂમ’ આવી. આ ફિલ્મમાં તેન ભૂમિકા નેગેટિવ હતી, પણ આ ફિલ્મથી તેની કારકિર્દીને વેગ મળ્યો હતો. ક્યારેક વિલન, ક્યારેક એન્ટી હીરો તો ક્યારેક કોમેડી ભૂમિકા... આમ અલગ - અલગ પ્રકારની ફિલ્મોમાં જહોન સતત દેખાયા કરતો હતો.

૨૦૦૩થી ૨૦૧૧ સુધી લગભગ ૩૦ જેટલી ફિલ્મ કર્યા પછી જહોન અબ્રાહમે ૨૦૧૨માં નિર્માતા તરીકે શરૂઆત કરી હતી. આ ફિલ્મમાં તેણે પોતે નાનકડી ભૂમિકા કરી હતી પણ આયુષ્યમાન ખુરાના અને યામી ગૌતમ અભિનીત ફિલ્મ ‘વિકી ડોનર’ એ બોક્સ ઓફિસ ગજાવી હતી. ત્યાર પછી નિર્માતા તરીકે તેણે અલગ - અલગ પ્રકારની ફિલ્મો બનાવી અને મોટાભાગની ફિલ્મો ‘હિટ’ સાબિત થઈ હતી.

તેણે નિર્માતા તરીકે રજૂ કરેલી ફિલ્મોમાં મદ્રાસ કેફે, રોકી હેન્ડસમ, ફોર્સ ટુ, બાટલા હાઉસ, સરદાર કા ગ્રાં સન, એટેક, તારા વર્સિસ બિલાલ, વોહ ભી દિન થે, વેડ જેવી ફિલ્મોનો સમાવેશ થાય છે.

નિર્માતા તરીકે તેણે એક મરાઠી ફિલ્મ ‘સવિતા દામોદર પરાંજપે’ અને એક મલયાલમ ફિલ્મ ‘માઈક’નું નિર્માણ કર્યું છે. ‘સત્યમેવ જયતે’ નામની ફિલ્મમાં તો તેણે ટ્રીપલ રોલ પણ કર્યો છે. ‘એટેક’ જેવી ફિલ્મમાં તો તેણે લેખન પર પણ હાથ અજમાવ્યો હતો.

જહોન એ બોલિવૂડનો ‘હેન્ડસમ હન્ક’ ગણાય છે. એક સમયે બિપાશા બાસુ, તારા સુતરિયા જેવી અભિનેત્રીઓ સાથે તેનું નામ સંકળાયું હતું, પણ ૨૦૧૦માં તેની ઓળખાણ ઈન્વેસ્ટમેન્ટ બેન્કર પ્રિયા રૂચાંલ સાથે થઈ હતી અને લગભગ ચાર વર્ષ બાદ એટલે કે ત્રીજી જાન્યુઆરી ૨૦૧૪માં તેનાં અને જહોનનાં લગ્ન થયાં હતાં.

જહોન પોતે બોડી બિલ્ડર છે અને ફિટનેસમાં માને છે. તેને ધુમ્રપાન અને દારૂની જરાય લત નથી એટલે તે ફિલ્મોની પાર્ટીમાં જવાનું ટાળે છે. જહોનને સ્પોર્ટસ બાઈકનો ખૂબ જ શોખ છે અને તેનાં પાસે બાઈકનું સારું એવું કલેકશન છે. ઘણી વાર તે પોતાની બાઈક પર જ શૂટિંગમાં જાય છે.

જહોનનું માનું નામ ફરહાન અબ્રાહમ છે. તેના પિતાનું નામ અબ્રાહમ જહોન છે એટલે આ નામ તેણે અપનાવીને ફિલ્મોમાં પોતાનું નામ જહોન અબ્રાહમ રાખ્યું છે. ■

OTTનું હોટસ્પોટ

### ૨૩ મેથી ૨૯ મેઃ નવી સિરીઝ તથા ફિલ્મોનું આગમન

આવતા અઠવાડિયા દરમિયાન આઈપીએલની મેચમાં ‘નોકઆઉટ’ની રસપ્રદ મેચ માણવા મળશે. આઈપીએલ ફાઈનલ ૩૧ મેએ છે, તે અગાઉ આ રસપ્રદ મુકાબલા જોવા મળશે. શુક્રવારે થિયેટરમાં નવી ફિલ્મો રજૂ થતી હોય છે એ જ રીતે ઓટીટી પર પણ શુક્રવારે નવી ફિલ્મો - નવી સિરીઝનું પ્રસારણ શરૂ કરવામાં આવે છે.

* **એમેઝોન પ્રાઈમ વીડિયોઃ** આ ઓટીટી ચેનલ પર આજે (શુક્રવારે) સોનાક્ષી સિંહા, જ્યોતિકા અને આશુતોષ ગોવારીકરને મુખ્ય ભૂમિકામાં ચમકાવતી ફિલ્મ ‘સિસ્ટમ’નું પ્રસારણ શરૂ થશે. કોર્ટ રૂમ ડ્રામા ધરાવતી આ ફિલ્મના દિગ્દર્શક અશ્વિની ઐયર તિવારી છે.

* **ઝી ફાઈવઃ** અહીં આજે ૨૨ મેએ ‘સતરંગી - બદલે કા ખેલ’ નામની સિરીઝ શરૂ થઈ રહી છે.

* **જિયો હોટસ્ટારઃ** અહીં ૨૫ મેના દિવસે જેટ-લી નામની કોમેડી એક્શન ફિલ્મનું પ્રસારણ શરૂ થઈ રહ્યું છે.

* **નેટફ્લિક્સઃ** સાઉથના ખૂબ જ જાણીતા અભિનેતા નાનીને મુખ્ય ભૂમિકામાં ચમકાવતી એક્શન ફિલ્મ ‘હીટ -ધ થર્ડ કેસ’ ૨૯ મેના રોજ જોવા મળશે.

* **જિયો સિનેમાઃ** ૨૯ મેના અહીં કોમેડી સિરીઝ ‘જિના દિલ સે’ શરૂ થઈ રહી છે. ■




ટૂંકું ને ટચ
ડી.જે. નંદન

# કેમ ઓસરી રહ્યો છે હોરર ફિલ્મોનો જાદુ?

એક સમય હતો જ્યારે ડરામણી હવેલીઓ, સૂસવાટા મારતો પવન અને અચાનક દેખાતા પડછાયાઓ પ્રેક્ષકોમાં ધ્રુજારી પેદા કરી દેતા હતા. હોરર ફિલ્મો માત્ર મનોરંજન પૂરતી મર્યાદિત નથી હોતી, તે સામૂહિક ડરનો અનુભવ છે, પરંતુ લાગે છે કે ૭૦ અને ૮૦ના દાયકામાં હોરર ફિલ્મોનો જે જાદુ પ્રેક્ષકોના માથે ચડીને બોલતો હતો, તે ક્યાંક ખોવાઈ ગયો છે. ઘણીવાર લાગે છે કે હવે ફિલ્મો પ્રેક્ષકોને ડરાવી શકતી નથી. શું ખરેખર હવે લોકો આટલા નીડર થઈ ગયા છે કે પછી હોરર ફિલ્મો બનાવનારાઓએ તેમની કલ્પનાશક્તિ ગુમાવી દીધી છે? ચાલો આ પાસા પર વિગતવાર વિચારીએ.

**હોરરથી કોમેડી સુધીની સફર**

બોલિવૂડમાં હોરર ફિલ્મોની સફર ખૂબ જ રસપ્રદ રહી છે. ૧૯૮૦ થી ૯૦ના દાયકામાં જ્યાં રામસે બ્રધર્સ પોતાની હોરર સિરીઝ દ્વારા ઓછા બજેટ હોવા છતાં સફળતાનો ડંકો વગાડી રહ્યા હતા, ત્યાં ૯૦ પછીના દાયકાઓમાં બીજા ઘણા ફિલ્મ નિર્માતાઓ ભારે બજેટ ખર્ચવા છતાં પ્રેક્ષકોને ડરાવી શક્યા નહીં. રામસે બ્રધર્સે પોતાની ડરામણી કલ્પનાશક્તિ, અજીબોગરીબ સેટ અને ધ્રુજારી પેદા કરે તેવા યાદગાર મ્યુઝિક બેકગ્રાઉન્ડ દ્વારા ‘દો ગઝ જમીન કે નીચે’, ‘દરવાજા’, ‘પુરાના મંદિર’, ‘તહખાના’, ‘વીરાના’, ‘પુરાની હવેલી’ અને ‘બંધ દરવાજા’ જેવી પોતાની ફિલ્મોથી બોલિવૂડના પ્રેક્ષકોને ખૂબ ડરાવ્યા અને તેમનું મનોરંજન પણ કર્યું. તેમણે ડરામણાં પાત્રોથી લોકોને ભયભીત કર્યા, અંધારી ટનલ દ્વારા તેમનામાં ગભરાટ પેદા કર્યો અને હવેલી તથા બંધ દરવાજા પાછળના મનોવિજ્ઞાનથી જે શૈતાની શક્તિઓનું કાલ્પનિક ચિત્રણ ઊભરી આવે છે, તેનાથી લોકોને ખૂબ ડરાવ્યા. દેખીતી રીતે જ, ઓછા બજેટ હોવા છતાં રામસે બ્રધર્સે પોતાની કલાથી ખૂબ કમાણી કરી. પરંતુ જ્યારે બીજા લોકો તેમના જ માર્ગે ચાલ્યા, ત્યારે મોટાભાગના લોકો ઊંધા માથે પટકાયા, જેનું પરિણામ એ આવ્યું કે તાજેતરના દાયકાઓમાં બોલિવૂડના હોરરનો ટેસ્ટ જ બદલાઈ ગયો છે. હવે તે ‘હોરર કોમેડી’ બની ગઇ છે.

‘સ્ત્રી’, ‘ભૂલ ભુલૈયા-૨’ અને ‘રૂહી’ જેવી ફિલ્મોએ ડર અને હાસ્યનું જે મિશ્રણ રજૂ કર્યું, તેનાથી કેટલાક દર્શકોએ આ કોકટેલની મજા તો માણી, પરંતુ તેનાથી ડરનું મનોવિજ્ઞાન ધીમે-ધીમે ખતમ થવા લાગ્યું. જો તાજેતરની કોઈ હોરર ફિલ્મની વાત કરીએ તો, ‘ભૂત-પોલીસ’ અને ‘છોરી’ જેવી ફિલ્મો પણ શુદ્ધ ડર રજૂ કરી શકી નથી. આમાં સામાજિક સંદેશ આપીને ડરાવવાને બદલે તેને મનોરંજક બનાવી દેવામાં આવી. પરિણામે, એ વાત ન બની શકી જે ક્યારેક સિનેમાઘરોમાંથી બહાર નીકળતી વખતે પ્રેક્ષકો ડરેલા અને ડરામણી યાદોમાં ખોવાયેલા રહેતા હતા. છેલ્લા કેટલાક વર્ષોની છેલ્લી સુપરહિટ હોરર ફિલ્મ જો કોઈને કહી શકાય, તો તે ‘સ્ત્રી’ હતી, પરંતુ તે શુદ્ધ હોરર નહીં પણ હોરર અને કોમેડીનું મિશ્રણ હતી. તે જ સમયે વૈશ્વિક સિનેમા જોઈએ તો, ત્યાં હજુ પણ હોરરનો ક્રેઝ માત્ર જળવાયો જ નથી, પરંતુ નવી રીતે વિકસિત થયો છે. ‘ધ કન્જ્યુરિંગ’ અને ‘ગેટ આઉટ’ જેવી ફિલ્મોએ સાબિત કર્યું છે કે દર્શકો હજુ પણ ખુશીથી ડરવા માંગે છે. તેમને ફક્ત એક સારા દિગ્દર્શકની જરૂર છે જે તેમને ડરાવી શકે.

જ્યાં સુધી પરંપરાગત ડરામણી થીમ્સની વાત છે, તેની અસર હવે એટલી રહી નથી જેટલી પહેલા હતી. આનું એક મોટું કારણ સમય, ટેક્નોલોજી અને લોકોનું વધતું સામાન્ય જ્ઞાન છે. એક સમય હતો જ્યારે અંધારાને જોતા જ રહસ્યની અનુભૂતિ થતી હતી, આજે એવું નથી થતું. આજે અંધારું જોતા જ એવું લાગે છે કે અહીં લાઈટની અછત છે. એક સમય હતો જ્યારે અવાજના ઉતાર-ચઢાવ અને તેના વિવિધ પ્રકારોને આત્મા માની લેવામાં આવતા હતા, આજે એવું નથી. આજે અવાજના અનેક સ્વરૂપોને સમજવા માટે આપણી પાસે પૂરતા વૈજ્ઞાનિક કારણો છે. પહેલા ગંભીર અને જટિલ બીમારીઓ શ્રાપનો પર્યાય બની જતી હતી, આજે આપણે જાણીએ છીએ કે આ મનોવૈજ્ઞાનિક સમસ્યાઓ છે. તેથી ડરનો જે કુદરતી આધાર હતો, હવે તે અમુક અંશે ઓછો થઈ ગયો છે. ■

# ભ્રષ્ટાચારના આરોપો વચ્ચે ક્રિકેટ કેનેડાના પ્રમુખના ઘર પર ફાયરિંગઃ પરિવારનો બચાવ

સરે (કેનેડા): કેનેડાના બ્રિટિશ કોલંબિયા પ્રાંતના સરે શહેરમાંથી એક અત્યંત ચોંકાવનારા સમાચાર પ્રકાશમાં આવ્યા છે. ક્રિકેટ કેનેડાના નવા ચૂંટાયેલા પ્રમુખ અરવિંદર ખોસાના ઘરને નિશાન બનાવવામાં આવ્યું હતું. વહેલી સવારે અંધાધૂંધ ગોળીબાર કરવામાં આવ્યો હતો. આ હુમલાથી સમગ્ર વિસ્તારમાં ભારે ડરનો માહોલ સર્જાયો હતો. પ્રાથમિક તપાસમાં આ ઘટના ખંડણી સાથે જોડાયેલી હોવાનું જાણવા મળ્યું છે.

આ ઘટના ગઈ કાલે પરોઢિયે લગભગ ૪.૪૦ વાગ્યે સરેના ન્યૂટન વિસ્તારમાં બની હતી. અરવિંદર ખોસાએ પોતે આ હુમલાની પુષ્ટિ કરી હતી. હુમલાખોરોએ ઘર પર એટલું ભયાનક ફાયરિંગ કર્યું હતું કે ઓછામાં ઓછી પાંચ ગોળીઓ ઘરના મુખ્ય દરવાજા અને બારીઓના કાચ ચીરીને અંદર ઘૂસી ગઈ હતી. ફાયરિંગની ઘટનામાં અરવિંદર ખોસા અને તેમના આખા પરિવારના સભ્યો ઘરની અંદર જ સૂતા હતા, પરંતુ કોઈને ઈજા પહોંચી નથી કે કોઈ જાનહાનિ નોંધાઈ નથી. ફાયરિંગની માહિતી મળતાની સાથે જ સરે પોલીસની ટીમ ઘટનાસ્થળે દોડી ગઈ હતી અને સમગ્ર વિસ્તારને કોર્ડન કરીને તપાસ શરૂ કરી છે.

સ્થાનિક સરે પોલીસના જણાવ્યા પ્રમાણે આ હુમલાના થોડા સમય પહેલા જ ખંડણી માટેની ધમકીઓ મળી હતી. આથી પોલીસની સ્પેશિયલ 'એક્સટોર્શન રિસ્પોન્સ ટીમ' દ્વારા આ કેસની તપાસ હાથ ધરવામાં આવી છે. કેનેડા ક્રિકેટ અસોસિયેશનની ક્રિકેટ કેનેડા તરીકે જાણીતી સંસ્થામાં થોડા સમય પહેલા જ ભ્રષ્ટાચાર, નાણાકીય ગેરરીતિઓ અને મેચ ફિક્સિંગ જેવા ગંભીર આરોપો અંગે એક મોટો ખુલાસો થયો હતો. પોલીસે હાલમાં ઘટનાસ્થળના સીસીટીવી અને ડિજિટલ પુરાવાઓ એકત્રિત કરીને હુમલાખોરોની ઓળખ મેળવવાના ચક્રો ગતિમાન કર્યા છે. આ હુમલો એવા સમયે થયો છે જ્યારે થોડા દિવસો પહેલા જ કેનેડિયન મીડિયાના અહેવાલોમાં ક્રિકેટ કેનેડાના વહીવટમાં સંગઠિત ક્રાઈમ નેટવર્કની સંડોવણી હોવાનો દાવો કરાયો હતો. અહેવાલો મુજબ, બ્રિટિશ કોલંબિયા ક્રિકેટના પ્રમુખ રહી ચૂકેલા અરવિંદર ખોસાનું નામ પણ આ વિવાદમાં આવ્યું હતું. આરોપ છે કે ખોસા એવા સ્થાનિક ખેલાડીઓના સંપર્કમાં હતા, જેમણે પોતાને કુખ્યાત લોરેન્સ બિશ્નોઈ ગેંગના સભ્યો ગણાવ્યા હતા. આ તત્ત્વો દ્વારા ટી૨૦ વર્લ્ડ કપ પહેલા કેનેડિયન રાષ્ટ્રીય ટીમના ખેલાડીઓ અને ઓફિશિયલ્સને ટીમ સિલેક્શન અને કેપ્ટન બદલવા માટે ધમકી આપવામાં આવી હોવાની તપાસ ચાલી રહી છે. જોકે, અરવિંદર ખોસા આ તમામ આરોપોને પાયાવિહોણા ગણાવીને ફગાવી ચૂક્યા છે અને તેને પોતાની વિરુદ્ધનો રાજકીય પ્રચાર તરીકે ગણાવ્યા હતા. ■



**પગે લાગુ છું:** પશ્ચિમ બંગાળના હાવડા જિલ્લાના બેલુરુ મઠના સાધુઓને જાહેરમાં રસ્તા પર ચંપલ કાઢીને પગે લાગતા મુખ્ય પ્રધાન શુભેન્દુ અધિકારી. (પીટીઆઈ)

# રાંચીમાં ૨૭ માઓવાદીએ આત્મસમર્પણ કર્યું



**શરણાગતિઃ** 'ઓપરેશન નવજીવન' અંતર્ગત પોલીસને શરણે આવ્યા બાદ ઝારખંડના રાંચીમાં ગુરુવારે યોજાયેલા કાર્યક્રમ દરમિયાન બાળકને ઊંચકીને ઊભેલા શરણે આવેલા માઓવાદી સાથે એસપી ચૈબાસા અમિત રેણુ (ડાબે). (એજન્સી)

રાંચી : અધિકારીઓએ જણાવ્યું હતું કે ગુરુવારે ઝારખંડના ડીજીપી તાદાશા મિશ્રાની હાજરીમાં કુલ ૨૭ માઓવાદીઓએ પોલીસ સમક્ષ આત્મસમર્પણ કર્યું હતું.

પ્રતિબંધિત સીપીઆઈ (માઓવાદી) સાથે જોડાયેલા આ ઉગ્રવાદીઓએ ઝારખંડ પોલીસ, ઝારખંડ જગુઆર અને સીઆરપીએફ સહિત અન્ય એકમોના વરિષ્ઠ અધિકારીઓ સમક્ષ હથિયારો મૂક્યા હતા, એમ તેમણે જણાવ્યું હતું.

"ઓપરેશન નવજીવન" હેઠળ મોટી સંખ્યામાં કેસોમાં વોન્ટેડ ૨૭ માઓવાદીએ પોલીસ સમક્ષ આત્મસમર્પણ કર્યું હતું. ૨૦૨૬માં કુલ ૨૨ માઓવાદી માર્યા ગયા, ૪૪ની ધરપકડ કરવામાં આવી અને ૨૯ માઓવાદીએ આત્મસમર્પણ કર્યું હતું. બાકીના થોડા માઓવાદીઓને મુખ્ય પ્રવાહમાં પાછા ફરવાની અમે અપીલ કરીએ છીએ," તેવું એક વરિષ્ઠ પોલીસ અધિકારી મિશ્રાએ જણાવ્યું હતું. મિશ્રાએ જણાવ્યું હતું કે રાજ્યમાં ઉગ્રવાદને નાબૂદ કરવા માટે સુરક્ષા દળો દ્વારા સંયુક્ત પ્રયાસો ચાલુ રહેશે અને ગુરુવારે આત્મસમર્પણ કરનારા ૨૭ માઓવાદીનું સંપૂર્ણ સમર્થન સાથે પુનર્વસન કરવામાં આવશે. સીઆરપીએફના આઈજી સાકેત સિંહે જણાવ્યું હતું કે, "જે લોકોએ શરણાગતિ સ્વીકારી નથી તેમને હિંસાનો માર્ગ છોડીને મુખ્ય પ્રવાહમાં આવવાની અપીલ કરીએ છીએ." ■

# અમેરિકાના નાગરિકોને ઠગતું કૉલ સેન્ટર બેંગલૂરુમાં પકડાયું

બેંગલૂરુ: અમેરિકાસ્થિત અકાઉન્ટ કંપનીના નામે ઑપરેટ કરી અમેરિકાના નાગરિકોને ઠગતું બનાવટી કૉલ સેન્ટર બેંગલૂરુમાંથી પકડાયું હોવાનું પોલીસે ગુરુવારે કહ્યું હતું.

આ મામલે દિલ્હીના રહેવાસી પ્રશાંત અને ઉત્તર પ્રદેશના રહેવાસી આકાશ એમ બે જણની ધરપકડ કરવામાં આવી હોવાનું પોલીસે કહ્યું હતું.

મળેલી બાતમીને આધારે પોલીસે બેંગલૂરુસ્થિત ચાર સ્થળે દરોડા પાડ્યા હતા. આ સ્થળે બનાવટી કૉલ સેન્ટર કાર્યરત હોવાનું જણાઈ આવ્યું હતું.

પોલીસના જણાવ્યા અનુસાર આ કૉલ સેન્ટર અમેરિકાની જાણીતી અકાઉન્ટ સૉફ્ટવેઅર કંપની ઈન્ટ્યુઈટ ક્વિકબુક્સના નામે ઑપરેટ કરવામાં આવતા હતા અને બનાવટી ટૅક્સ ઍડવાઈસ, બનાવટી લાઈસન્સ તેમ જ રિન્યુઅલ સર્વિસ મારફતે અમેરિકાના નાગરિકો સાથે ઠગાઈ કરતા હતા.

આ પ્રકારની છેતરપિંડી મારફતે આરોપીઓ ગ્રાહકો પાસેથી મોટી ફી વસૂલતા હતા. કૉલ સેન્ટરના અધિકારીઓ અમેરિકન અધિકારીઓના નામ સાથે મળતા આવતા નામનો ઉપયોગ કરી અમેરિકાના નાગરિકો સાથે ઠગાઈ કરતા હતા, એમ ડીજીપી (ક્રાઈમ કમાન્ડ) પ્રણવ મોહંતી દ્વારા બહાર પાડવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું.

ધરપકડ કરાયેલા આરોપીઓ પાસેથી છેતરપિંડી માટે ઉપયોગમાં લેવાયેલાં ઉપકરણો જપ્ત કરવામાં આવ્યા હોવાનું તેમણે કહ્યું હતું. (એજન્સી) ■

# દિલ્હી એરપોર્ટ પર ચોકલેટના પેકેટમાંથી ૩૯૬ ગ્રામ સોનું જપ્ત

નવી દિલ્હીઃ દિલ્હીના ઇન્દિરા ગાંધી આંતરરાષ્ટ્રીય વિમાનમથક પર કસ્ટમ અધિકારીઓએ રિયાધથી આવેલા બે મુસાફરો પાસેથી ચોકલેટના પેકેટમાં છુપાવીને લાવેલું ૩૯૬ ગ્રામ દાણચોરીનું સોનું જપ્ત કર્યું હતું. આ જાણકારી અધિકારીઓએ ગુરૂવારે આપી હતી.

એક સત્તાવાર નિવેદનમાં જણાવ્યા મુજબ ગ્રીન ચેનલ પર 'સ્પોટ પ્રોફાઇલિંગના આધારે' બંને મુસાફરોને રોકવામાં આવ્યા હતા. સ્ક્રીનિંગ દરમિયાન બંને મુસાફરોને તેમના સામાનની એક્સ-રે તપાસ માટે અલગ મોકલી દેવામાં આવ્યા હતા.

નિવેદનમાં જણાવાયું છે કે સ્કેન દરમિયાન મુસાફરો દ્વારા લઇ જવામાં આવતા ચોકલેટ પેકેટની અંદર કેટલીક શંકાસ્પદ તસ્વીરો જોવા મળી હતી. જેને પગલે પેકેટોમાં પાઉડરના સ્વરૂપમાં સોનું છૂપાવ્યું હોવાની શંકાના આધારે તેને જપ્ત કરવામાં આવ્યા હતા અને વિસ્તૃત તપાસ માટે મોકલવામાં આવ્યા હતા.

કસ્ટમ વિભાગે જણાવ્યું કે બંને મુસાફરો પાસેથી ચોકલેટની અંદર છૂપાવીને લાવવામાં આવેલું કુલ ૩૯૬ ગ્રામ(૯૯૯.૯ શુદ્ધતા) સોનું, ૨૦૦ ગ્રામ અને ૧૯૬ ગ્રામના બે ભાગમાં જપ્ત કરવામાં આવ્યું હતું. આ સોનું કસ્ટમ્સ એક્ટ, ૧૯૬૨ની જોગવાઇઓ હેઠળ જપ્ત કરવામાં આવ્યું હતું. તેમજ મુસાફરો સામે કેસ નોંધવામાં આવ્યા હોવાનું નિવેદનમાં જણાવાયું છે. ■

# ઉત્તરાખંડના નૈનિતાલમાં મોટી દુર્ઘટના, ખીણમાં કાર ખાબકતાં પાંચનાં મોત

નૈનિતાલ (ઉત્તરાખંડ) : ઉત્તરાખંડ નૈનિતાલ જિલ્લાના ભવાલી વિસ્તારમાં ગુરુવારે એક ભયાનક અકસ્માત થયો હતો. યાત્રાળુઓને લઈને જતી એક કારના ડ્રાઈવરે સેનેટોરિયમ-રાતિઘાટ બાયપાસ રોડ પર ઢેલા ગામ પાસે કાબૂ ગુમાવી દેતા કાર ૫૦૦ મીટર ઉંડી ખીણમાં ખાબકી ગઈ હતી. આ અકસ્માતમાં કારમાં સવાર પાંચ લોકોનાં મોત થયાં. મૃતકોમાં બે પુરુષો, બે મહિલાઓ અને એક બાળકનો સમાવેશ થાય છે.

પોલીસે જણાવ્યું કે અકસ્માતમાં લખનઉના એક પરિવારના ચાર સભ્યોનાં મોત થયાં હતાં. સ્થાનિક લોકોની મદદથી પોલીસ અને એસડીઆરએફની ટીમોએ બચાવ કામગીરી શરૂ કરી હતી. જોકે, અકસ્માતમાં કોઈ પણ વ્યક્તિ બચી શક્યો ન હતો.

નૈનિતાલના પોલીસ અધિક્ષક (ક્રાઈમ) જગદીશ ચંદ્રએ જણાવ્યું હતું કે, પરિવાર સેનેટોરિયમ-રાતિઘાટ બાયપાસ રોડ દ્વારા કૈંચી ધામ જઈ રહ્યો હતો ત્યારે ઢેલા ગામ નજીક ડ્રાઈવરે કાર પરથી કાબૂ ગુમાવી દીધો હતો. વરિષ્ઠ પોલીસ અધિક્ષક મંજુનાથ ટીસીએ જણાવ્યું હતું કે બચાવ ટીમોને તાત્કાલિક ઘટનાસ્થળે મોકલવામાં આવી હતી. મૃતકોની ઓળખ ભૂપેન્દ્ર સિંહ ચુફાલ (૪૮), સીમા કૈડા ચુફાલ (૪૫), વાસુ ચુફાલ (૧૯), રવિ ચુફાલ (૧૨) અને ડ્રાઇવર અનુજ કુમાર મિશ્રા (૩૪) તરીકે થઈ છે. ■

---

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શનિવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ફન વર્લ્ડ

## ભાષા વૈભવ...

હિન્દી - ગુજરાતી જોડી જમાવો

| A | B |
|---|---|
| दास्तान | આડંબર |
| दाह | જમણું |
| दाहिना | મુશ્કેલી |
| दिक्कत | બળતરા |
| दिखावा | વૃતાંત |

## જાણવા જેવું

અભિનેતા જીવનને નારદના રોલમાં પ્રથમ મોકો ફિલ્મ નિર્માતા - દિગ્દર્શક વિજય ભટ્ટએ આપ્યો હતો. એ ફિલ્મનું નામ હતું 'ભક્ત ધ્રુવ' જે ૧૯૪૭માં રિલીઝ થઈ હતી. ટ્રિક સિનેમેટોગ્રાફીના નિષ્ણાત બાબુભાઈ મિસ્ત્રીની શરૂઆત પણ ભટ્ટ સાહેબની ફિલ્મ 'ખ્વાબ કી દુનિયા'થી શરૂ થઈ હતી.

## ગુજરાત મોરી મોરી રે

ત્રીસથી વધુ ફિલ્મોમાં સંગીત આપ્યા પછી કાર્યક્ષેત્ર બદલી કઠપૂતળીના શો કરી લોકપ્રિયતા મેળવનારા કલાકારનું નામ જણાવો.

અ) શાંતિલાલ દેસાઈ
બ) કીકુભાઈ યાજ્ઞિક
ક) મૂળરાજ કાપડિયા
ડ) માધુલાલ માસ્તર

## નોંધી રાખો

*'એક મહલ હો સપનોં કા' સિરિયલથી કૌટુંબિક પાત્રોના લાગણીના સંબંધોમાં નાટ્યાત્મકતા દર્શાવતી સિરિયલો શરૂ થઈ.*

## શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | ■ | ■ | ૪ | | | ૫ |
| ૬ | | | ■ | ૭ | | | ■ | ■ | |
| | ■ | ૮ | ૯ | | ■ | ૧૦ | | ૧૧ | ■ |
| ■ | ■ | ■ | | ■ | ૧૨ | | ■ | | ■ |
| ૧૩ | ■ | ૧૪ | | ૧૫ | | ■ | ૧૬ | | ૧૭ |
| ૧૮ | ૧૯ | | ■ | ૨૦ | | ૨૧ | | ■ | |
| ■ | | ■ | ૨૨ | | ■ | | ■ | ■ | ■ |
| ■ | ૨૩ | | | ■ | ૨૪ | | ૨૫ | ■ | ૨૬ |
| ૨૭ | ■ | ■ | ૨૮ | | | ■ | ૨૯ | ૩૦ | |
| ૩૧ | | | | ■ | ■ | ૩૨ | | | |

### આડી ચાવી

૧. વિઘ્ન, અડચણ (૪)
૪. અકલમંદ, બુદ્ધિશાળી (૪)
૬. રાક્ષસ (૩)
૭. કેળવણી, શિક્ષણ (૩)
૮. મશ્કરુ, મજાકમસ્તી કરે તેવું (૩)
૧૦. કમળ (૩)
૧૨. વગર (૨)
૧૪. સુંદર આંખોવાળું (૪)
૧૬. ધનુષની દોરી (૩)
૧૮. વિશ્વ, દુનિયા (૩)
૨૦. રાજાઓનો રાજા (૪)
૨૨. એક ફૂલવેલ (૨)
૨૩. ફકીર (૩)
૨૪. ચંચળ, સુંદર (૩)
૨૮. રાજગાદી, સિંહાસન (૩)
૨૯. ધીરજ (૩)
૩૧. શોરબકોર (૪)
૩૨. શિક્ષણ (૪)

### ઊભી ચાવી

૧. અડસટ્ટો (૩)
૨. દેહ, શરીર (૨)
૩. નાનો તંબૂ (૩)
૪. ઘાંટાઘાંટ, બૂમાબૂમ (૪)
૫. સ્ત્રીઓના નાકની વાળી (૨)
૭. જે બે હાથ વગર ન પડે તે (૨)
૯. મુકદ્દમો (૩)
૧૧. નાવ, મોટો મછવો (૩)
૧૨. વિવેક, નમ્રતા (૩)
૧૩. પથારી (૨)
૧૪. દીકરો (૨)
૧૫. ઢોર ચારવાનું મહેનતાણું (૩)
૧૬. પારકું (૨)
૧૭. કપટ, છેતરપિંડી (૨)
૧૯. ઊનું (૩)
૨૧. એક મહાકાય વૃક્ષ (૩)
૨૨. જાગ્રત, સાવચેત (૪)
૨૪. ધન, દ્રવ્ય (૨)
૨૫. લોભે --- જાય (૩)
૨૬. હાર (૩)
૨૭. અભિમાન, તોર (૨)
૩૦. અભિપ્રાય (૨)

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ હ | ર | ૨ ગિ | જ | ■ | ■ | ૩ વૈ | ૪ ક | લ્પિ | ૫ ક |
| રા | ■ | રિ | ■ | ૬ હ | ર | દ | મ | ■ | દ |
| મ | ■ | રા | ■ | ળ | ■ | ■ | ૭ ની | ડ | ર |
| ■ | ૮ કું | જ | ■ | ૯ પ | રા | ૧૦ જ | ય | ■ | ■ |
| ■ | કુ | ■ | ૧૧ ખ્યા | તિ | ■ | હા | ■ | ૧૨ જં | ગી |
| ૧૩ હો | મ | ■ | પ | ■ | ૧૪ વ | ન | ■ | જી | ■ |
| ■ | ■ | ૧૫ ચે | ન | ચા | ળા | ■ | ૧૬ ચો | ર | ■ |
| ૧૭ સા | બૂ | ત | ■ | ■ | વિ | ■ | ખ | ■ | ૧૮ ચો |
| ર | ■ | ૧૯ વ | ૨૦ સ | વા | યો | ■ | વ | ■ | વ |
| ૨૧ પ | રિ | ક્ષી | ત | ■ | ■ | ૨૨ ખ | ટ | પ | ટ |

## ઓળખાણ પડી?



૧૯૭૦ના દાયકામાં વિક્રમ નામના અભિનેતા સાથે હિન્દી ફિલ્મ કરનારી લક્ષ્મીની ફિલ્મની ઓળખાણ પડી? ગીતો સુપરહિટ હતાં.

અ) સદમા બ) અભિનેત્રી ક) જુલી ડ) હમજોલી

## ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

સાઉથની ફિલ્મોમાં શરૂઆત કરી ૭૫ વર્ષ પહેલાં 'બહાર' ફિલ્મથી હિન્દી ચિત્રપટ સૃષ્ટિમાં પ્રવેશેલી અભિનેત્રીનું નામ જણાવો.

અ) બી. સરોજાદેવી બ) પદ્મિની ક) રાગિણી ડ) વૈજયંતિમાલા

## માઈન્ડ ગેમ

રાજ કપૂરની 'બરસાત'થી લોકપ્રિય બનેલા ને વિવિધ રોલ કરનારા પ્રેમનાથે કઈ ફિલ્મમાં હીરોનો રોલ કર્યો હતો એ જણાવો.

અ) રુસ્તમ સોહરાબ બ) શોર ક) આન ડ) નયા દૌર

## સુડોકુ-૯૨૮૪

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | ૯ | | | | ૨ | | | |
| | | | ૯ | | ૫ | ૬ | | |
| | | ૭ | | | | | | ૮ |
| ૨ | | | | ૧ | | | | ૩ |
| ૩ | | | ૪ | | ૭ | | | ૨ |
| ૮ | | | | ૨ | | | | ૫ |
| ૧ | | | | | | ૮ | | |
| | | ૬ | ૭ | | ૧ | | | |
| | | | ૫ | | | | ૩ | ૬ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

## સુડોકુ-૯૨૮૩

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | ૯ | ૨ | ૫ | ૬ | ૧ | ૪ | ૩ | ૭ |
| ૭ | ૧ | ૪ | ૩ | ૨ | ૯ | ૫ | ૮ | ૬ |
| ૫ | ૩ | ૬ | ૪ | ૮ | ૭ | ૨ | ૧ | ૯ |
| ૯ | ૪ | ૭ | ૨ | ૫ | ૩ | ૧ | ૬ | ૮ |
| ૧ | ૮ | ૫ | ૬ | ૯ | ૪ | ૩ | ૭ | ૨ |
| ૬ | ૨ | ૩ | ૭ | ૧ | ૮ | ૯ | ૪ | ૫ |
| ૩ | ૬ | ૯ | ૧ | ૭ | ૫ | ૮ | ૨ | ૪ |
| ૨ | ૫ | ૧ | ૮ | ૪ | ૬ | ૭ | ૯ | ૩ |
| ૪ | ૭ | ૮ | ૯ | ૩ | ૨ | ૬ | ૫ | ૧ |

## ગયા શુક્રવારના જવાબ

| A | B |
|---|---|
| दारु | લાકડું |
| दारुण | ભયંકર |
| दारोगा | થાણેદાર |
| दालान | વરંડો |
| दावत | મિજબાની |

**ગુજરાત મોરી મોરી રેઃ** હેલ્લારો

**ઓળખાણ પડી?** આલિશા ચિનોય

**માઈન્ડ ગેમ :** દીવાના

**ચતુર આપો જવાબ માથું ખંજવાળો :** મોતીલાલ

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૩) મુલરાજ કપૂર (૪) વિપીન શાહ (૫) નૂતન વિપીન શાહ (૬) ભારતી બુચ (૭) હર્ષા મહેતા (૮) શ્રદ્ધા આશર (૯) ખુશરૂ કાપડિયા (૧૦) મહેશ સંઘવી (૧૧) જ્યોતિ ખાંડવાલા (૧૨) મીનળ કાપડિયા (૧૩) કમલ માતલિયા (૧૪) ભરત કજરિયા (૧૫) પ્રવીણ વોરા (૧૬) મનીષા શેઠ (૧૭) ફાલ્ગુની શેઠ (૧૮) જયવંત પદમશી ચિખલ (૧૯) ભાવના કર્વે (૨૦) વિણા સંપટ (૨૧) દેવેન્દ્ર સંપટ (૨૨) અરવિંદ કામદાર (૨૩) અંજુ ટોલિયા (૨૪) નિતીન જયંતીલાલ બજરિયા (૨૫) પુષ્પા ખોના (૨૬) અલકા વાણી (૨૭) ડાયના સંતોકે (૨૮) ડો. પ્રકાશ કટકિયા (૨૯) સુભાષ મોમાયા (૩૦) નીતા દેસાઈ (૩૧) લજિતા ખોના (૩૨) તાહેર ઔરંગાબાદવાલા (૩૩) શીરીન ઔરંગાબાદવાલા (૩૪) પુષ્પા પટેલ (૩૫) પ્રતીમા પમાણી (૩૬) ધીરેન ઉદેશી (૩૭) મહેન્દ્ર લોઢાવિયા (૩૮) મહેશ દોશી (૩૯) જ્યોત્સના ગાંધી (૪૦) રમેશભાઈ દલાલ (૪૧) ઈનાક્ષીબેન દલાલ (૪૩) હિનાબેન દલાલ (૪૪) વિરલભાઈ ઉદય શેઠ (૪૫) પ્રીતિ ચંદ્રાબેન શશીકાંત ધોળકિયા (૪૬) નયના ગિરીશ મિસ્ત્રી (૪૭) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી

## આજની ક્વિક ફિલ્મી ક્વિઝનાં જવાબ

ક્વિઝ ૧૭૫ જવાબ ૧) નયા દૌર - શામશાદ બેગમ ૨) ઉત્સવ - લતા મંગેશ્કર ૩) ઇન્સાન જાગ ઉઠા - ગીતા દત્ત ૪) યે રાત ફિર ના આયેગી - મીનુ પુરુષોત્તમ ૫) ઘરાના - કમલ બારોટ ૬) કબ ક્યુ ઔર કહા - ઉષા ખન્ના ૭) હરે રામ હરે ક્રિષ્ના - ઉષા ઉથુપ

ક્વિઝ ૧૭૬ જવાબઃ ૧) મધર ઇન્ડિયા ૨) ઇન્ડિયાસ મોસ્ટ વોન્ટેડ ૩) વાઈ ચિટ ઇન્ડિયા ૪) ચક દેં ઇન્ડિયા ૫) મી ઇન્ડિયા ૬) ભુજઃ ધ પ્રાઈડ ઓફ ઇન્ડિયા ૭) લગાનઃ વન્સ અપોન ઇન ઇન્ડિયા

# રાજકોટ અને સાબરકાંઠામાંથી ૨૦૦૦ કિલો સડેલાં ડ્રાયફ્રૂટ અને ભેળસેળવાળો માવો જપ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ/રાજકોટ: જાહેર જનતાના આરોગ્ય સાથે ચેડાં કરતા ભેળસેળયુક્ત અને હલકી ગુણવત્તાવાળા ખાદ્યપદાર્થો ગુજરાતમાંથી મળતા જ આવે છે. ગુરુવારે રાજકોટમાંથી ૨૦૦૦ કિલો સડેલાં ડ્રાયફ્રૂટ જ્યારે સાબરકાંઠાના તાલોદમાંથી ૨૫૦૦ કિલો જેટલો માવો જપ્ત કરવામાં આવ્યો હતો.

આરોગ્ય રાજ્ય પ્રધાન પ્રફુલ પાનશેરિયાએ આ કાર્યવાહી અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે, ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગની ગાંધીનગર ફ્લાઈંગ સ્કોડને મળેલી ચોક્કસ બાતમીના આધારે ભોલેનાથ ડેરી પર અચાનક દરોડા પાડવામાં આવ્યા હતા. ફૂડ સેફ્ટી અધિકારીઓએ સ્થળ પરથી કાયદેસરની કાર્યવાહી કરીને ખુલ્લા માવા તથા બરફીના નમૂના લીધા છે, જેને લેબોરેટરીમાં તપાસ માટે મોકલવામાં આવ્યા છે. આ સાથે ડેરીમાંથી અંદાજે રૂ. ૫.૧૦ લાખની કિંમતનો ૨,૫૪૮ કિલોગ્રામ ભેળસેળયુક્ત માવાનો જથ્થો જપ્ત (સીઝ) કરવામાં આવ્યો છે.

તપાસ દરમિયાન ડેરીમાં અત્યંત ગંદકી જોવા મળી હતી. આવી ખરાબ પરિસ્થિતિમાં બનાવેલો અન્ય ૫૫૦ કિલોગ્રામ માવો લોકોના સ્વાસ્થ્ય માટે ખૂબ જ હાનિકારક હોવાથી, તેનો સ્થળ પર જ તાત્કાલિક નાશ કરવામાં આવ્યો હતો. નિયમોના ભંગ બદલ કડક પગલાં લેતા વિભાગ દ્વારા ભોલેનાથ ડેરીને 'ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ એક્ટ' હેઠળ ઇમ્પ્રુવમેન્ટ નોટિસ ફટકારવામાં આવી છે. વધુમાં આ પેઢીનું ફૂડ લાઇસન્સ તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરી દેવાયું છે. લેબોરેટરીમાંથી સેમ્પલનો રિપોર્ટ આવ્યા બાદ આ ડેરી સામે આગળની કડક કાનૂની કાર્યવાહી કરવામાં આવશે.

રાજકોટ મહાનગરપાલિકાના ફૂડ વિભાગ દ્વારા સર્વેલન્સ ચેકિંગ દરમિયાન યોગી ઇન્ડસ્ટ્રીયલ એરિયા, માધાપર ચોકડી પાસે, જામનગર રોડ, રાજકોટ મુકામે આવેલ ''હીર એન્ટરપ્રાઇઝ'' (ઉત્પાદક)પેઢીની તપાસ કરતા પેઢીમાં સંગ્રહ કરેલ બદામ (ડ્રાયફ્રૂટ)નો અંદાજિત ૨,૦૦૦ કી.ગ્રા જથ્થો સડેલો તથા જીવાત વાળો માલૂમ પડતા પેઢીમાં બદામની કતરણ પ્રોસેસિંગ કરી મીઠાઇ, આઈસક્રીમ તથા ગોલા જેવી ખાદ્યચીજોનો વિતરણ કરતાં વેપારીઓને વેચાણ કરતાં હોવાનું માલૂમ પડ્યું હતું. આ ઉત્પાદક પેઢીના ભાગીદાર પ્રદીપભાઇ દૂધાત્રાને સ્થળ પર પૂછપરછ કરતાં તેઓ ફૂડ લાઇસન્સ કે જીએસટી સર્ટિફિકેટ ધરાવતા ન હોવાનું જણાવ્યું હતું. જે અંગે પેઢીને યોગ્ય સ્ટોરેજ તથા લાઇસન્સ બાબતે નોટિસ આપવામાં આવી હતી, તેમજ વેચાણ માટે રાખેલ જથ્થામાંથી ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ હેઠળ બદામ (લૂઝ)નો નમૂનો લેવામાં આવ્યો હતો. બાદમાં બદામનો જથ્થો માનવ વપરાશ માટે યોગ્ય ન હોય તેવો આશરે ૨,૦૦૦ કિલોગ્રામ બદામનો જથ્થો સ્થળ પર એસડબલ્યુએમ શાખાના વાહનમાં નાશ કરવામાં આવ્યો હતો, તેમ વિભાગે અખબારી યાદીમાં જણાવ્યું હતું.

# અમિતાભ, આમિર, રણવીર સાથે કામ કરી ચૂકેલો ગુજરાતી અભિનેતા વોન્ટેડ હત્યારો નીકળ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: જેલમાંથી ભાગી ગયેલા કે પેરાલ પર છૂટ્યા બાદ રફુચક્કર થઈ ગયેલા ઘણા કેદીઓ અલગ સ્વાંગ રચી બીજાં રાજ્યોમાં છુપાઈને રહેતા હોય છે, પરંતુ ગુજરાતના હત્યાના કેસના વોન્ટેડ આરોપીએ માત્ર નામ બદલી પોતાના ચહેરાને સહારે હિન્દી તેમ જ ગુજરાતી ફિલ્મોમાં રોલ ભજવી લીધા અને કોઈને ખબર સુધ્ધાં ન પડી. જોકે તેની આ ફિલ્મનો ધ એન્ડ થઈ ગયો કારણ કે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે તેને દબોચી લીધો હતો.

ઘટનાની બહાર આવેલી વિગતો અનુસાર વર્ષ ૨૦૦૫માં હેમંત મોદી નામના એક શખસે નરોડા વિસ્તારમાં એક હત્યા કરી હતી અને કોર્ટે તેને આજીવન કેદની સજા ફટકારી હતી. ત્યારબાદ તેનાં છૂટાછેડા પણ થયા હતા અને તે જેલમાં જ જીવન વિતાવતો હતો. દરમિયાન વર્ષ ૨૦૧૪માં તેને કોર્ટે પેરોલ આપ્યા હતા.

જોકે પેરાલો પૂરા થયા બાદ તે ફરી જેલમાં જવાને બદલે ફરાર થઈ ગયો અને મુંબઈ ભાગી ગયો.

મુંબઈ આવી તે સ્ટ્રગલિંગ એક્ટર સ્પંદન મોદી બની ગયો અને ઘણી ફિલ્મો, ટીવી સિરિયલ અને નાટકોમાં તેણે કામ કર્યું. આમિર ખાન અને અમિતાભ બચ્ચનની ઠગ્સ ઓફ હિન્દુસ્તાન, રણવીર સિંહની જયેશભાઈ જોરદાર, ૫૩મું પાનું, કોઠી-૧૯૪૭, ફુલસ્ટોપ, લાલી જેવી ફિલ્મોમાં તેણે જૂનિયર આર્ટિસ્ટ તરીકે રોલ કર્યા હતા. અહીં ૧૨ વર્ષ તે રહ્યો, પરંતુ પોલીસ સહિત કોઈને ભનક ન પડી. થોડા દિવસો પહેલા અમદાવાદ પોલીસને બાતમી મળી હતી કે ફરાર આરોપી હેમંત મોદી અમદાવાદ આવી રહ્યો છે. પોલીસે વોચ ગોઠવી ઘી કાંટા મેટ્રો સ્ટેશન પરથી તેને દબોચી લીધો હતો. પહેલા તો તેણે પોતે હેમંત નહીં પણ સ્પંદન હોવાનો દાવો કર્યો હતો, પરંતુ પોલીસ પૂછપરછમાં ભાંગી પડ્યો હતો. જોકે ૧૨ વર્ષ સુધી હત્યાનો ફરાર આરોપી આ રીતે મોટા પડદાથી માંડી ટીવી અને સ્ટેજ પર દેખાતો રહ્યો અને પોલીસની નજરથી બચી ગયો તે વાતથી પોલીસ પણ આશ્ચર્યમાં મુકાઈ ગઈ હતી. પોલીસે તેને મહેસાણા ડિસ્ટ્રિક્ટ જેલના હવાલે કર્યો હતો.

# ગુજરાત પોલીસે ગુમ થયેલા ૭૦૧ લોકોને માત્ર બે અઠવાડિયામાં શોધી કાઢ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાત પોલીસે તાજેતરમાં વર્ષ ૨૦૦૭થી ગુમ થયેલા લોકોને શોધવા માટે ઓપરેશન મિલાપ લોન્ચ કર્યું હતું અને માત્ર બે અઠવાડિયામાં જ ૭૦૧ લોકોને શોધી કાઢવામાં આવ્યા છે. આ મામલે માહિતી આપતા નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કેગુજરાત પોલીસે ગુમ થયેલા વ્યક્તિઓને શોધી કાઢવા માટે વિશેષ અભિયાન હાથ ધર્યું છે. પોલીસને આ માટે જરૂરી તમામ સંશાધનો ઉપલબ્ધ થાય તેની વ્યવસ્થા કરી છે. અભિયાનની સફળતા એ છે કે, રાજ્યભરના પોલીસ સ્ટેશનો દ્વારા ૭ મે થી ૨૧ મે દરમિયાન કુલ ૭૦૧ લોકોનો શોધી કાઢવામાં આવ્યા છે. તેમને પરિવારો સાથે મિલન કરાવ્યું છે. મે મહિનાનાં પ્રથમ સપ્તાહમાં શરૂ કરાયેલા આ વિશેષ અભિયાન હેઠળ ગુજરાતના દરેક પોલીસ કમિશનર અને જિલ્લા પોલીસ અધિક્ષકોને લાંબા સમયથી બાકી રહેલા ખોવાયેલા લોકોનાં કેસોને ફરી ખોલવા, તેમની સમીક્ષા કરવા અને ઊંડાણપૂર્વક રીતે તપાસ કરવા સૂચના આપી હતી.

ગુજરાત પોલીસના જણાવ્યા મુજબ, વર્ષ ૨૦૦૭થી અત્યાર સુધી રાજ્યભરમાં ૨૪,૭૬૭થી વધુ લોકો ગુમ થયાના કેસ નોંધાયા છે.

# આજથી શરૂ થનારી ભુજ-દિલ્હી ટ્રેનનું સમયપત્રક જાહેર: ૨૪ કલાકમાં સફર પૂરી કરશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છથી દેશની રાજધાની દિલ્હી વચ્ચે દોડનારી ત્રીજી નવી ટ્રેનની આતુરતાનો અંત આવ્યો છે અને રેલવે બોર્ડ દ્વારા તેનું સત્તાવાર સમયપત્રક જાહેર કરી દેવામાં આવ્યું છે.

રેલવેના સત્તાવાર સૂત્રોના જણાવ્યા અનુસાર, ટ્રેન નંબર ૧૯૪૦૩ અને ૧૯૪૦૪નો આગામી ૨૨મી મે (શુક્રવાર)ના રોજ સાંજે ૪:૩૦ કલાકે ભુજ રેલવે સ્ટેશનથી ઉદ્ઘાટન પ્રવાસ (ઈનોગ્રલ રન) શરૂ કરાવવામાં આવશે.

નિયમિત સમયપત્રક મુજબ, ૨૩મી મેથી ટ્રેન નંબર ૧૯૪૦૩ દરરોજ ભુજથી સવારે ૧૧:૧૫ કલાકે રવાના થશે અને બીજા દિવસે સવારે ૧૧:૪૫ કલાકે દિલ્હી પહોંચશે. જ્યારે પરતીમાં ટ્રેન નંબર ૧૯૪૦૪ દિલ્હીથી સાંજે ૪:૪૦ કલાકે ઉપડીને બીજા દિવસે સાંજે ૭:૩૫ કલાકે ભુજ પરત ફરશે. આ ટ્રેન બંને દિશાઓમાં મુસાફરી દરમિયાન અંજાર, ગાંધીધામ, ભચાઉ, ભીલડી, ધાનેરા, રાનીવાડા, મારવાડ ભીનમાલ, મોદરણ, ઝાલોર, મોકલસર, સમદડી, લુણી, પાલી મારવાડ, બ્યાવર, અજમેર, કિશનગઢ, જયપુર, ગાંધીનગર જયપુર, બાંદીકુઈ, અલવર અને રેવાડી સહિતનાં મુખ્ય સ્ટેશનો પર થોભશે. આ નવી ટ્રેન સેકન્ડ એસી, થર્ડ એસી અને સ્લીપર કલાસ સહિત કુલ ૧૮ કોચની સુવિધા સાથે પાટે દોડશે.

રેલવેના આધારભૂત સૂત્રોના જણાવ્યા અનુસાર, આજે ૨૨મી મેના રોજ સાંજે ૫:૦૦ વાગ્યાના અરસામાં ભુજ રેલવે સ્ટેશન ખાતેથી પશ્ચિમ રેલવેના જનરલ મેનેજર રામાશ્રેય પાંડે આ નવી ટ્રેનને લીલી ઝંડી બતાવી પ્રસ્થાન કરાવશે, જેના માટે રેલવે તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ આરંભી દેવાઈ છે.

# કચ્છમાં થશે ચિત્તાની એન્ટ્રી: કુનોથી ત્રણ ચિત્તા આવશે બન્નીના મહેમાન બનવા!

અમદાવાદ: ગુજરાતમાં ટૂંક સમયમાં ચિત્તાનું આગમન થશે. જે બાદ રાજ્યમાં સિંહ, દીપડા, વાઘ અને ચિત્તા એમ ચારેયની હાજરી જોવા મળશે. રાજ્યમાં ચિત્તાને લાવવા નેશનલ ટાઈગર કન્ઝર્વેશન ઓથોરિટીએ મંજૂરી આપી હોવાની માહિતી સૂત્રોએ આપી હતી. એનટીસીએ દ્વારા બોત્સ્વાનાથી કુનો નેશનલ પાર્ક લાવવામાં આવેલા ત્રણ ચિત્તાઓને કચ્છના બન્ની ગ્રાસલેન્ડ વિસ્તારમાં છોડવાનો નિર્ણય કર્યો છે. આ સિવાય, આ વર્ષના અંતમાં કેન્યાથી વધુ ચાર ચિત્તાઓ આવે તેવી સંભાવના છે. બે માદા અને એક નર સહિત ત્રણેય ચિત્તાઓને કુનો ખાતે ક્વોરેન્ટાઇન કરવામાં આવ્યા છે અને ટૂંક સમયમાં જ તેમને કચ્છ લાવવામાં આવશે. તેમણે ઉમેર્યું કે, આ ત્રણેય ચિત્તાઓ ચોમાસા પહેલા અથવા ચોમાસાની સિઝન પૂરી થયા પછી તરત જ આવી પહોંચે તેવી પૂરેપૂરી શક્યતા છે. બન્ની ખાતે આવેલી આ સુવિધા દેશનું સૌપ્રથમ ચિત્તા કન્ઝર્વેશન બ્રીડિંગ સેન્ટર છે. તેનો ૫૦૦ હેક્ટરનો મુખ્ય એન્કલોઝર કેન્યાના સવાન્ના જેવા ખુલ્લા પર્યાવરણને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવ્યો છે, જે ચિત્તાઓને અહીંના વાતાવરણમાં ઢળવામાં અને તેમના પ્રજનન માટે અત્યંત સાનુકૂળ રહેશે.

# અકસ્માતમાં પરિવારના કમાઉ સભ્યના મૃત્યુના કેસમાં હાઇ કોર્ટે વળતર બમણું કર્યું!

અમદાવાદ: રાજકોટ જિલ્લાના ગોંડલના એક ૨૪ વર્ષ જૂના માર્ગ અકસ્માતના કેસમાં ગુજરાત હાઈ કોર્ટે પીડિત પરિવારને મોટી રાહત આપીને વળતરની રકમ બમણી કરી હતી. વર્ષ ૨૦૦૧માં થયેલા ગમખ્વાર માર્ગ અકસ્માત બાદ છ વર્ષ સુધી કોમામાં રહ્યા પછી મૃત્યુ પામનાર ટ્રાન્સપોર્ટ કોન્ટ્રાક્ટર ભગવાનજી ભૂતાણીના પરિવારને અગાઉ વર્ષ ૨૦૧૪માં ગોંડલની મોટર એક્સિડન્ટ ક્લેમ્સ ટ્રિબ્યૂનલ દ્વારા અપાયેલા રૂ. ૫.૧૩ લાખના વળતરને હાઈ કોર્ટે અપૂરતું ગણાવ્યું હતું. હાઇ કોર્ટે જસ્ટિસ નિશા ઠાકોરની બેંચે ટ્રિબ્યૂનલના ચુકાદાને સુધારીને મૃતકના પત્નીને ચૂકવવા પાત્ર કુલ વળતરની રકમ વધારીને રૂ. ૧૨.૧૨ લાખ કરી હતી. કોર્ટે સ્પષ્ટપણે જણાવ્યું હતું કે આ કેસને ઈજાનો દાવો નહિ પણ જીવલેણ અકસ્માત ગણવો જોઈએ, કારણ કે પોસ્ટમોર્ટમ રિપોર્ટ મુજબ મૃત્યુ અકસ્માતમાં માથામાં થયેલી ગંભીર ઈજાના કારણે જ થયું હતું. ૨૦૦૧માં મૃતક બાઈક લઈને નેશનલ હાઇવે પર જઈ રહ્યા હતા ત્યારે એક પૂરપાટ આવતા મેટાડોર ચાલકે તેમને અડફેટે લીધા હતા. ટક્કર એટલી ભયાનક હતી કે બાઈક મેટાડોરના પૈડાં વચ્ચે ૧૫ ફૂટ સુધી ઢસડાયું હતું.

# સૌરાષ્ટ્રમાં ડીઝલ કટોકટી: કૉંગ્રેસે કરી સરકારની ટીકા, અમરેલીમાં ખેડૂતોનો ચક્કાજામ, રાજકોટમાં કોમર્શિયલ વાહનોનાં પૈડાં થંભ્યાં

અમદાવાદ: સૌરાષ્ટ્રમાં ઊભી થયેલી ડીઝલ અને પેટ્રોલની અછતની ફરિયાદો મામલે કૉંગ્રેસના પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાએ સરકારની ટીકા કરતાં કહ્યું હતું કે ભાજપ સરકારની નિષ્ફળતાને કારણે આજે ખેડૂતો, યુવાનો અને સામાન્ય જનતા હેરાન છે. યુદ્ધની પરિસ્થિતિ હતી તેની આગોતરી જાણ હોવા છતાં બધુ સલામત હોવાનું અને પૂરતો જથ્થો હોવાના દાવાઓ કરવામાં આવ્યા, પરંતુ આજે ગુજરાતના ગામડાઓમાં એકબાજુ ખેતીની સિઝન છે અને બીજી તરફ ખેડૂતો કલાકો સુધી પેટ્રોલ પંપ પર જઈને ઊભા રહે છે છતાં ડીઝલ નથી મળી રહ્યું. પેટ્રોલ પંપ પર નિશ્ચિત રકમનું જ પેટ્રોલ મળશે તેવા દિવસોનો લોકો સામનો કરી રહ્યા છે. તેમણે આ સ્થિતિને સરકારની નિષ્ફળતા ગણાવી સરકાર તાત્કાલિક પેટ્રોલ, ડીઝલ અને ખાતરની પૂરતી વ્યવસ્થા કરવા માગ કરી હતી. સાથે તેમણે કહ્યું હતું કે જનતાએ લાઈનોમાં ઊભા રહેવા માટે તમને મત નથી આપ્યા. વિવિધ માધ્યમો દ્વારા મળતા અહેવાલો અનુસાર ગુજરાતના અનેક જિલ્લામાં ડીઝલની અછત સર્જાઇ છે. ખાસ કરીને સૌરાષ્ટ્રના જૂનાગઢ, પોરબંદર અને અમરેલી જિલ્લામાં ડીઝલની ભારે અછતની સીધી અસર ખેડૂતો અને સામાન્ય વાહનચાલકો પર પડી રહી છે. અમરેલી જિલ્લાનાં અનેક પેટ્રોલ પંપો પર મોટાં વાહનો અને ટ્રેક્ટરોની લાંબી લાઈનો લાગી હતી. તો બીજી તરફ રાજકોટમાં અંદાજે ૫૦ ટકા જેટલા કોમર્શિયલ વાહનો ડીઝલના અભાવે ઓફ-રોડ થઈ ગયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. સૌરાષ્ટ્રના અમરેલી, જૂનાગઢ, રાજકોટ, જામનગર અને પોરબંદર સહિતના અન્ય જિલ્લાઓમાં ડીઝલની ભારે અછત સર્જાતા ખેડૂતો અને વાહનચાલકોની હાલત કફોડી બની છે. ખાસ કરીને અમરેલી પંથકમાં ડીઝલ માટે વહેલી સવારથી પંપો પર લાઈનો લગાવતા ખેડૂતોનો ધીરજનો અંત આવતા આક્રોશ ફાટી નીકળ્યો હતો. છેલ્લા પાંચ દિવસથી ૪૦ ડિગ્રી જેટલા કાળઝાળ તાપમાનમાં એક કિલોમીટર લાંબી કતારોમાં ઊભા રહેવા છતાં ડીઝલ ન મળતા ખેડૂતોએ રાજુલા-સાવરકુંડલા હાઇવે પર ટ્રેક્ટરો આડા રાખીને ચક્કાજામ કર્યો હતો. ચોમાસું નજીક છે અને ઉનાળુ પાકને સિંચાઈની તાતી જરૂર છે, ત્યારે બરાબર સીઝન સમયે જ જમીન ખેડવા અને પંપસેટ ચલાવવા માટે પૂરતું ઈંધણ ન મળતાં પાક સુકાઈ જવાની ભીતિથી ખેડૂતોમાં રોષ વ્યાપી ગયો છે, તેમ ખેડૂત વર્તુળો જણાવે છે.

ડીઝલની આ કટોકટી માત્ર અમરેલી પૂરતી સીમિત નથી, પરંતુ જૂનાગઢના માળિયાહાટીના અને પોરબંદર શહેરમાં પણ અનેક પેટ્રોલ પંપ રવિવાર સાંજથી જ ખાલીખમ થઈ ગયા હતા. આસપાસના પંપો પર જથ્થો ન હોવાથી ચાલુ પંપો પર વાહનોની ભારે ભીડ ઉમટી પડી હતી. ડીઝલ ન મળવાથી રોષે ભરાયેલા ખેડૂતોએ પંપ પર એકઠા થઈને 'ભારત માતાની જય' તથા 'વંદે માતરમ્'ના નારા લગાવી ઉગ્ર સૂત્રોચ્ચાર કર્યા હતા. આ સમગ્ર મામલે અમરેલી જિલ્લા પુરવઠા અધિકારી પ્રતીક કુંભાણીએ સ્પષ્ટતા કરતા જણાવ્યું હતું કે, ઉપરથી જ ડીઝલનો સપ્લાય ઓછો આવી રહ્યો હોવાને કારણે જિલ્લામાં અછતની આ સ્થિતિનું નિર્માણ થયું છે. આ ઉપરાંત ગુજરાત અને ખાસ કરીને સૌરાષ્ટ્રમાં ડીઝલની ભારે અછત સર્જાતા ટ્રાન્સપોર્ટ ઉદ્યોગ ગંભીર કટોકટીમાં મુકાયો છે.

# આજથી સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં ફરી વરસાદી માહોલ ઊભો થશે

અમદાવાદ: રાજ્યમાં ચોમેર ગરમીનું સામ્રાજ્ય છે ત્યારે સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં વરસાદી માહોલ સર્જાયો હતો. રાજ્યના મોટાભાગના ભાગોમાં ઉનાળાની તીવ્ર સ્થિતિ ચાલુ રહેવાની ધારણા છે અને આગામી અઠવાડિયા દરમિયાન છૂટાછવાયા સ્થળોએ તાપમાન ૪૦ ડિગ્રીથી ઉપર રહેશે, ત્યારે ભારતીય હવામાન વિભાગે આગામી દિવસોમાં દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક ભાગોમાં હળવાથી મધ્યમ વરસાદ અને ગાજવીજ સાથે વરસાદની આગાહી કરી છે. ૨૧ મેના રોજ જારી કરાયેલ હવામાન ખાતાની સાત દિવસની આગાહી અનુસાર, દક્ષિણ ગુજરાતના નવસારી, વલસાડ, તાપી અને ડાંગમાં ૨૨ મે અને ૨૩ મે દરમિયાન હળવાથી મધ્યમ વરસાદ અથવા ગાજવીજ સાથે વરસાદ પડવાની શક્યતા છે. દમણ, દાદરા અને નગર હવેલીમાં પણ આ સમયગાળા દરમિયાન સમાન હવામાન પ્રવૃત્તિ જોવા મળે તેવી શક્યતા છે. સૌરાષ્ટ્રમાં, અમરેલી અને ગીર સોમનાથ સહિતના જિલ્લાઓમાં આજથી વરસાદ પડવાની સંભાવના છે, જ્યારે ૨૩ મેના વરસાદની આગાહીમાં ભાવનગરનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. આ જ સમયગાળા દરમિયાન દીવમાં છૂટાછવાયા વરસાદની શક્યતા છે. હવામાન વિભાગે જણાવ્યું હતું કે વરસાદના ટૂંકા ગાળા પહેલા અને પછી ગુજરાતના મોટાભાગના ભાગોમાં શુષ્ક હવામાન રહેવાની સંભાવના છે. આગામી સાત દિવસ દરમિયાન કોઈપણ જિલ્લા માટે હવામાન ચેતવણી જારી કરવામાં આવી નથી. દરમિયાન, રાજ્યભરમાં તાપમાન ઊંચું રહેવાની શક્યતા છે, આગામી અઠવાડિયામાં કોઈ મોટા ફેરફારની આગાહી નથી. હવામાન વિભાગે જણાવ્યું હતું કે ગુજરાતના અલગ અલગ ભાગોમાં મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રીથી વધુ રહેવાની શક્યતા છે.

# અમદાવાદમાં થિયેટર વેચવાના બહાને બિલ્ડર પાસેથી ૨.૪૨ કરોડ પડાવી મિલકત બીજાને વેચી દીધી, પાંચ સામે ફરિયાદ!

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: અમદાવાદના નવરંગપુરા વિસ્તારમાં જમીન લે-વેચનો ધંધો કરતા બિલ્ડર સાથે મિલકત ખરીદવાના બહાને રૂપિયા ૨.૪૨ કરોડની છેતરપિંડી થવાની ઘટના પોલીસ ચોપડે નોંધાઈ હતી. બોડકદેવમાં રહેતા ભાવેશભાઈ જાનીએ પાંચ શખ્સો સામે સીઆઈડી ક્રાઈમમાં વિશ્વાસઘાત અને ઠગાઈની ફરિયાદ નોંધાવી હતી. પોલીસ ફરિયાદમાં કરવામાં આવેલા આક્ષેપ અનુસાર, ૨૦૧૬માં આરોપી મનુભાઈ કનૈયાલાલ શાહ, વિરેન્દ્રભાઈ કનૈયાલાલ શાહ, સ્વ. જીતેન્દ્રભાઈ કનૈયાલાલ શાહ અને બિંદેશ મનુભાઈ શાહ ફરિયાદીની ઓફિસે આવ્યા હતા. તેઓએ પોતાની પેઢીની માલિકીની આમ્રપાલી થિયેટર તથા અપ્સરા-આરાધના થિયેટરવાળી મિલકતો રૂપિયા ૧૨ કરોડમાં વેચાણ આપવાનો સોદો નક્કી કર્યો હતો. આ મિલકતોના બાના અને વેચાણ અવેજ પેટે ફરિયાદીએ ટુકડે ટુકડે રોકડા રૂપિયા ૭૨ લાખ અને પોતાની કંપનીના બેંક ખાતામાંથી રૂપિયા ૧.૭૦ કરોડના ચેક મળીને કુલ રૂપિયા ૨.૪૨ કરોડ આરોપીઓને ચૂકવી આપ્યા હતા.

થોડા સમય બાદ, આરોપીઓએ તેમના અન્ય ભાગીદારો આ સોદાથી સહમત ન હોવાનું કહીને મિલકતનો સોદો રદ્દ કર્યો હતો. ફરિયાદીને રકમ પરત આપવા માટે આરોપીઓએ લખાણ કરી આપ્યું હતું અને બેંકના ચેક પણ આપ્યા હતા, પરંતુ અપૂરતા ફંડના કારણે તે ચેકો બાઉન્સ થયા હતા. આટલું જ નહીં, આરોપીઓએ એકબીજા સાથે કાવતરું રચી આમ્રપાલી થિયેટરવાળી મિલકત પાંચમા આરોપી મહમ્મદ ફારૂક અબ્દુલ હમીદ શેખને વેચી દીધી હતી. મિલકત અન્ય વ્યક્તિને વેચ્યા બાદ પણ સમજુતી કરાર મુજબ ફરિયાદીને તેમના નાણાં પરત કરવામાં આવ્યા ન હતા.

જ્યારે ફરિયાદી ભાવેશભાઈએ પોતાની કાયદેસરની લેણી રકમ પરત માંગવા માટે આરોપીઓનો સંપર્ક કર્યો, ત્યારે આરોપીઓએ તેમને ગાળો બોલીને જાનથી મારી નાખવાની ધમકીઓ આપી હતી. વધુમાં, મિલકત ખરીદનાર મહમ્મદ ફારૂક શેખ માથાભારે ઈસમ હોવાનો ડર બતાવી પૈસા પાછા નહીં મળે તેમ કહી દીધું હતું. આ સમગ્ર મામલે આર્થિક ગુન્હા નિવારણ શાખા, સી.આઈ.ડી. ક્રાઈમ દ્વારા કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આ કેસમાં પોલીસ દ્વારા કલમ ૪૦૬, ૪૦૯, ૪૨૦, ૫૦૬(૨), ૧૨૦ બી અને ૧૧૪ હેઠળ ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# થરાદમાં એમડી ડ્રગ્સ સાથે ત્રણ શખસ ઝડપાયા, આરોપીઓના રાજકીય તારની ચર્ચાથી ખળભળાટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: વાવ-થરાદ જિલ્લાના થરાદમાં સ્પેશિયલ ઓપરેશન ગ્રૂપ (એસઓજી) પોલીસે ડ્રગ્સ માફિયાઓ સામે સૌથી મોટી કાર્યવાહી કરતા અંદાજે રૂ. ૭,૧૨,૭૫૦ નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. બાતમીના આધારે પોલીસે થરાદ ટાઉન વિસ્તારમાં વાહન ચેકિંગ દરમિયાન એક કારમાંથી ૬૬,૭૫૦ ગ્રામ મેફેડ્રોન (એમડી) ડ્રગ્સ ઝડપી પાડ્યું હતું. જેની આંતરરાષ્ટ્રીય બજારમાં કિંમત અંદાજિત રૂ. ૨.૨૦ લાખ જેટલી થાય છે. આ ડ્રગ્સના જથ્થા સાથે કાર અને મોબાઈલ કબજે કરી પોલીસે ત્રણ શખ્સોની ધરપકડ કરતા સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી હતી.

જિલ્લા પોલીસ વડા અને રેન્જ આઈજીના માર્ગદર્શન હેઠળ એસઓજીની ટીમે વાવ-થરાદ હાઇવે પરથી આવતી કાર શંકાના આધારે રોકી હતી. તપાસ કરતા કારમાં બેઠેલા રાણારામ (જગા) ચૌધરી પાસેથી આ મેફેડ્રોન ડ્રગ્સ મળી આવ્યું હતું. આ ડ્રગ્સ મંગાવવા અને પહોંચાડવાના સંદર્ભમાં પોલીસે રાણારામ ઉપરાંત સુરેશ ડાયા ત્રિવેદી અને બાબુ હીરા રાઠોડ (પઢીયાર)ની સ્થળ પરથી જ અટકાયત કરી હતી. હાલમાં પોલીસે આ ત્રણેય આરોપીઓ વિરુદ્ધ થરાદ પોલીસ સ્ટેશનમાં એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો નોંધીને કાયદેસરની ધરપકડ કરી હતી.

આ ડ્રગ્સકાંડમાં પકડાયેલા આરોપીઓના ભાજપ સાથેના તાર કથિત રીતે જોડાયેલા હોવાના આક્ષેપો થઈ રહ્યા છે.

# હવે મનપા ગૂગલ મેપ્સના ઉપયોગથી રોડ મેનેજમેન્ટ કરી ટ્રાફિક હળવો કરશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (મનપા) એ ગૂગલ મેપ્સના રોડ મેનેજમેન્ટ ઇન્સાઇટ્સ (આરએમઆઈ) નો ઉપયોગ કરીને એક પાયલોટ પ્રોજેક્ટ શરૂ કર્યો છે. આ પ્રોજેક્ટમાં શહેરના ટ્રાફિક મેનેજમેન્ટ અને લાંબા ગાળાના રોડ પ્લાનિંગ બંને માટે લાઇવ ટ્રાફિક ઇન્ટેલિજન્સ અપનાવવામાં આવ્યું છે.

આ પ્રોજેક્ટ હેઠળ, એસજી હાઇવે, સરદાર પટેલ રિંગ રોડ, નારોલ-નરોડા હાઇવે અને શહેરના અન્ય ગીચ અને વ્યસ્ત રૂટ્સ સહિત મુખ્ય કોરિડોર પર રીઅલ-ટાઇમ ટ્રાફિક ડેટાનો ઉપયોગ કરવામાં આવશે.

રોડ મેનેજમેન્ટ ઇન્સાઇટ્સ એ એક ગૂગલ મેપ્સ પ્લેટફોર્મ પ્રોડક્ટ છે જે શહેરોને નવા કેમેરા કે રોડસાઇડ સેન્સર ઇન્સ્ટોલ કરવાની જરૂર વગર રીઅલ-ટાઇમ ટ્રાફિકની માહિતી પૂરી પાડે છે. અમદાવાદને ચાર મુખ્ય ડેટા સ્ટ્રીમ મળશે, તેવી માહિતી સૂત્રોએ આપી હતી.

# 'વન નેશન, વન ઈલેક્શન' મામલે જેપીસીની ગુજરાત મુલાકાત પૂર્ણ: શિક્ષણ, મીડિયા, ઉદ્યોગ ક્ષેત્રએ રજૂ કર્યા સૂચન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: દેશમાં એક સાથે લોકસભા અને વિધાનસભાની ચૂંટણીઓ એકસાથે યોજવા અંગેના 'વન નેશન, વન ઈલેક્શન' (એક દેશ-એક ચૂંટણી) પ્રસ્તાવ અંગે પરામર્શ કરવા રચાયેલી જોઈન્ટ પાર્લામેન્ટરી કમિટી (જેપીસી) દ્વારા ગુજરાતની ત્રણ દિવસીય મુલાકાત દરમિયાન વિવિધ રાજકીય પક્ષો, અધિકારીઓ અને સંસ્થાઓ સાથે વ્યાપક ચર્ચા કરવામાં આવી હતી. અંતિમ દિવસે બેઠક પૂર્ણ થયા બાદ જેપીસી અધ્યક્ષ પી.પી. ચૌધરીએ સ્પષ્ટતા કરતા જણાવ્યું હતું કે, જો આ સુધારો ૨૦૨૯માં અમલમાં આવે તો ૨૦૨૯ પહેલા યોજાનારી તમામ ચૂંટણીઓની ટર્મ ૫ વર્ષની જ રહેશે. આ ગણતરી મુજબ જો ગુજરાતમાં ૨૦૨૭માં વિધાનસભા ચૂંટણી યોજાય, તો આગામી ચૂંટણી ૨૦૩૪માં થઈ શકે છે.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે વારંવાર ચૂંટણીઓ યોજાવાથી દેશને અંદાજે રૂ. સાત લાખ કરોડનું નુકસાન થાય છે, જે એકસાથે ચૂંટણી યોજવાથી બચાવી શકાશે. રાજીનામા કે પક્ષાંતર ધારા હેઠળ સભ્ય ગેરલાયક ઠરે તેવી સ્થિતિમાં પેટાચૂંટણીઓ લોકશાહી ઢબે રાબેતા મુજબ જ થશે તેમ પણ તેમણે સ્પષ્ટ કર્યું હતું.

આ બેઠકો દરમિયાન વિપક્ષો દ્વારા સરકારના આ પ્રસ્તાવનો સખત વિરોધ નોંધાવવામાં આવ્યો હતો. કોંગ્રેસના નેતા તુષાર ચૌધરીએ નારાજગી વ્યક્ત કરતા કહ્યું કે તેમના વિરોધના મુદ્દાઓને સાંભળવા છતાં તેમને સમજાવવા કોઈ ખાસ પ્રયત્નો કરાયા નથી અને પાર્ટીએ આ સમગ્ર પ્રક્રિયાને સત્તાના કેન્દ્રીકરણનો પ્રયાસ ગણાવ્યો હતો. રાજકીય પક્ષો ઉપરાંત શિક્ષણ, ઉદ્યોગ અને પત્રકારત્વ જગતના પ્રતિનિધિઓએ પણ કમિટી સમક્ષ પોતાના સકારાત્મક અને નકારાત્મક પાસાઓ રજૂ કર્યા હતા.

# ઈસ્ટ બેંગાલ આઈએસએલમાં ચૅમ્પિયન

કોલકાતાઃ ઇસ્ટ બેંગાલની ટીમ પહેલી જ વખત ઇન્ડિયન સુપર લીગ (આઇએસએલ) ફૂટબૉલનું ટાઇટલ જીતી છે. આ ટોચની ટીમે બાવીસ વર્ષની ઇન્તેજારીનો અંત લાવી દીધો છે. ઇસ્ટ બેંગાલે ઇન્ટર કાશીને ૨-૧થી હરાવીને આ સિદ્ધિ મેળવી અને મોહન બગાન જેવી ટીમ આ વિજેતાપદથી દૂર રહી ગઈ. ■

# ગુજરાત ટૉપ-ટૂમાં વધુ મજબૂત, ચેન્નઈ આઉટ

અમદાવાદઃ ગુજરાતે અહીં ગુરુવારે ચેન્નઈને ૮૯ રનથી હરાવીને પૉઇન્ટ્સ-ટેબલના ટૉપ-ટૂમાં સ્થાન મજબૂત કર્યું હતું. બીજી તરફ, ચેન્નઈની ટીમ પ્લે-ઑફની રેસની બહાર થનારી મુંબઈ અને લખનઊ પછીની ત્રીજી ટીમ બની છે. ગુજરાતે ચાર વિકેટે ૨૨૯ રન બનાવ્યા પછી ચેન્નઈની ટીમ ૧૪મી ઓવરમાં ૧૪૦ રનના સ્કોર પર આઉટ થઈ ગઈ હતી.

ચેન્નઈએ ઇનિંગ્સના છેલ્લા ૧૦ બૉલમાં ચાર વિકેટ ગુમાવી હતી. શિવમ દુબેના ૪૭ રન ટીમમાં હાઇએસ્ટ હતા. ગુજરાત વતી સિરાજ, રબાડા અને રાશીદ ખાને ત્રણ-ત્રણ વિકેટ લઈને ચેન્નઈની ટીમને સ્પર્ધાની બહાર કરી દીધી હતી. ટાઇટલ માટે ફેવરિટ ગુજરાતે બેંગ્લૂરુ જેટલા ૧૮ પૉઇન્ટ સાથે લીગ રાઉન્ડ પૂરો કર્યો છે.

### ટોચના ત્રણેય બૅટ્સમેનની હાફ સેન્ચુરી

એ પહેલાં, ગુજરાતે ૨૦ ઓવરમાં ચાર વિકેટે ૨૨૯ રન બનાવીને ચેન્નઈ સામે ૨૩૦ રનનો પડકારરૂપ લક્ષ્યાંક મૂક્યો હતો. ફરી એક વખત ગુજરાતના ટૉપ-ઑર્ડરે અસાધારણ પર્ફોર્મ કર્યું. સાઇ સુદર્શન (૮૪ રન, ૫૩ બૉલ, ચાર સિક્સર, સાત ફોર), કૅપ્ટન શુભમન ગિલ (૬૪ રન, ૩૭ બૉલ, ત્રણ સિક્સર, સાત ફોર) અને વિકેટકીપર જોશ બટલર (૫૭ અણનમ, ૨૭ બૉલ, ચાર સિક્સર, પાંચ ફોર)ની હાફ સેન્ચુરીએ પુરવાર કર્યું કે આ વખતની ટૂર્નામેન્ટમાં તેમનો ટૉપ-ઑર્ડર સર્વશ્રેષ્ઠ છે.

ઓપનર ગિલ-સુદર્શન વચ્ચે ૧૨૫ રનની ભાગીદારી થઈ હતી. સ્પેન્સર જૉન્સન, મુકેશ ચૌધરી અને અંશુલ કમ્બોજે એક-એક વિકેટ લીધી હતી. ■

**આજે કઈ મૅચ?**
**હૈદરાબાદ વિરુદ્ધ બેંગ્લૂરુ**
**હૈદરાબાદમાં, સાંજે ૭.૩૦**

# પાન્ડેના પર્ફોર્મન્સથી કોલકાતાની આશા જીવંત

કોલકાતાઃ બુધવારે અહીં ઈડનમાં વરસાદના વિઘ્ન વચ્ચે કોલકાતાએ મુંબઈને લૉ-સ્કોરિંગ મુકાબલામાં ચાર વિકેટે હરાવીને પ્લે-ઑફની આશા જીવંત રાખી હતી. જોકે કોલકાતાએ હજી અન્ય ટીમોના પરિણામો પર ઘણો આધાર રાખવો પડશે. શરૂઆતની તમામ છ મૅચ હાર્યા પછી કોલકાતા હવે છેલ્લી સાતમાંથી છ મૅચ જીત્યું છે. બીજી બાજુ, મુંબઈ ૧૩માંથી ૯ મૅચમાં પરાજિત થયું છે. બેંગ્લૂરુ, ગુજરાત અને હૈદરાબાદ પ્લે-ઑફમાં પહોંચી ગયા છે.

બુધવારે મુંબઈએ કોર્બીન બોશ્ચના ૩૨ રનની મદદથી ૨૦ ઓવરમાં આઠ વિકેટે ૧૪૭ રન કર્યા હતા. કોલકાતાએ ૧૮.૫ ઓવરમાં (સાત બૉલ બાકી રાખીને) છ વિકેટના ભોગે ૧૪૮ રન કરીને વિજય મેળવ્યો હતો. મનીષ પાન્ડે (૪૫ રન, ૩૩ બૉલ, ૬ ચોગ્ગા)ને ટીમમાં સર્વશ્રેષ્ઠ પર્ફોર્મન્સ બદલ મૅન ઑફ ધ મૅચનો પુરસ્કાર આપવામાં આવ્યો હતો. પાન્ડે અને પૉવેલ (૪૦ રન, ૩૦ બૉલ, બે સિક્સર, ચાર ફોર) વચ્ચે ચોથી વિકેટ માટે ૬૪ રનની જે ભાગીદારી થઈ હતી એ મુંબઈને સૌથી વધુ ભારે પડી હતી. રિન્કુ સિંહ (નવ અણનમ) અને અનુકૂલ રૉય (ચાર અણનમ)ની જોડીએ કોલકાતાને ૧૯મી ઓવરમાં જીત અપાવી હતી. બુમરાહે તેમ જ દીપક ચાહર અને અલ્લાહ ગઝનફરને એક-એક વિકેટ મળી હતી. કોર્બીન ત્રણ વિકેટ લેવામાં સફળ થયો હતો, પરંતુ તેના ઑલરાઉન્ડ પર્ફોર્મન્સ છતાં છેવટે મુંબઈએ હાર જોવી પડી. ■

# ક્લાસિફાઈડ

**૨૩. મનોરંજન**

**નાટક પીક્ચર**
મ્યુઝિકલ- સોશ્યલ 16 ગ્રુપોઃ મુંબઈ- પાર્લા- મલાડ- બોરીવલીમાંઃ ફ્રીમાં મેમ્બરશીપ- 7021276622. (૧૦૭૯-એ)

**૯. લગ્ન સંબંધી**

■ ખુશહિત મેરેજબ્યુરો યોગ્ય જીવનસાથી માટે સંપર્ક ઉર્મિલાબેન 8879576963. (દહેજ નહીં). (૧૦૮૦-એ)

**૩૩. ધંધાદારી**

**''પ્રતાપ પેકર્સ - મુવર્સ''**
52 વર્ષથી ઓફિસ/ ઘરસામાન, ફેરવવા - ૯૮૨૧૦૭૦૩૨૦, ૯૮૨૧૫૪૩૮૧૬, ૨૩૪૮૧૬૪૭. લલિતભાઈ ઠક્કર. (એસએ/૨૬૨૧-એ)

**૧૨. યાત્રા સહેલગાહ**



(બી-૧૭૫૬૫)

**Datta Trimurti Tours**
DADAR www.dattatrimurtitours.com
9821756942
9702056942
BHUTAN
PARO-THIMPU-PUNAKHA
24th May (7 days)
LEH-LADAKH
KASHMIR 15/31 July (8 days)
AYODHYA-KASHI
-PRAYAGRAJ 09 July (7 days)
CHARDHAM
GANGOTRI-YAMUNOTRI-KEDARNATH-BADRINATH-HARIDWAR-RISHIKESH
4/15 June (14 days)
FAMILY - COUPLES TOURS
•DARJEELING-SIKKIM •SHIMLA-MANALI
•ASSAM-MEGHALAYA •NAINITAL-MUSSOORIE
•MYSORE OOTY •MAHABALESHWAR-PANCHGANI
(B-17566)

**WATER PROOFING**
ટેરેસ, આઉટસાઈડ વોલ, છજ્જા, બિલ્ડિંગ - ક્રેક ફીલીંગ, ફુલ કોટિંગ- પેઈન્ટિંગ. 9987687944, 7977141377. (૧૦૭૪-એ)

**૩૫. જ્યોતિષ ભવિષ્ય**

**સચોટ જ્યોતિષ**
જન્મતારીખ, સમય વોટ્સઅપ કરો. લગ્નયોગ ક્યારે - કયા મહિનામાં - સાલમાં થશે? તેનું માર્ગદર્શન. (ફી લેવામાં નથી આવતી). વાતો ન કરો, રિઝલ્ટ માંગો. 7304586200. (૧૦૯૬-એ)

**મહાલક્ષ્મી જ્યોતિષ**
સમસ્યાઓનું સમાધાન. લવ પ્રોબ્લેમ પતિથી દુઃખી સાસ બહુનો ઝઘડો સંતાન કેવામાં નથી કામ ધંધોમાં રુકાવટ એકતરફી પ્રેમ (ફિસ કામ પછી) 9321554879. (બી-૧૭૫૬૭)

**૧૪. નોકરી ખાલી છે**

**ACCOUNTS CLERK**
Required by a firm at Fort, should know Hindi, English. Knowledge of Accounts, Computer, email is must. Email: mdesaico3@gmail.com (B-17580)

**૪૬. વૉટર પ્રુફિંગ**

**WATERPROOFING SPECIALIST**
Terrace, Chajja, Bathroom, Building Repairing, Tar. 7 Years Warranty. -9004827175. (B-17616)

**૧૭. જગ્યા આપવી છે**

**કાંદિવલી (વેસ્ટ)**
બાલાસિનોર સોસાયટીમાં ફક્ત 2 બંગલા- વહેલો તે પહેલો. REDEVELOPMENT by TDR possible- વ્યાજબી ભાવ. સંપર્ક જલારામ- ઈન્દ્રપ્રસ્થ બોરીવલી. 9820441711. (૧૦૯૭-સી)

**JVPD SCHEME, 1ST ROAD, 1 BHK for Sale, Contact 8369884960. (B-17545)**

**૫૨. કુરીઅર્સ**

**ફોરેન**
પાર્સલ માટે એક માત્ર જુનું વિશ્વસનીય નામ રમેશભાઈ - 9702251440 / 9224320626. (બી-૧૬૮૩૫)

**૨૦. ધંધાદારી જગ્યા**

**VIKHROLI (WEST)**
Zero Maintenance, 1200 square feet, Indraprastha Commercial, Lal Bahadur Shashtri Marg, Second Floor, 2 Lifts, Close to Railway Station, Upcoming Metro, Next to Hiranandani & Other 3 IT Parks @ 3.10 Cr. Contact: Owner Dinesh 9820155784. (B-17625)

**મુંબઈ સમાચાર**
વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઇ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com

**૨૭. ઔષધ ઉપચાર**



(B-17464)

# 'ટૅન્શન નહીં લેને કા': ૧૫ વર્ષનો વૈભવ સૂર્યવંશી ચિંતાગ્રસ્ત સંગકારાને આવું કહીને બૅટિંગ કરવા ગયો

જયપુરઃ ૧૫ વર્ષનો બિહારી વન્ડરબૉય વૈભવ સૂર્યવંશી ફટકાબાજી કરીને મેદાન પરથી તો પોતાની ટીમ (રાજસ્થાન રૉયલ્સ) અને એના કોચિંગ સ્ટાફના મન પરથી બોજ હળવો કરતો જ હોય છે, તેણે તાજેતરમાં બૅટિંગ માટે મેદાન પર જતાં પહેલાં હેડ-કોચ કુમાર સંગકારાની ચિંતા દૂર કરવાનો પ્રયત્ન કર્યો હતો.

મંગળવાર, ૧૯મી મેએ જયપુરમાં રાજસ્થાન અને લખનઊ વચ્ચે મૅચ રમાઈ હતી. લખનઊની ટીમ ઘણા દિવસ પહેલાં જ પ્લે-ઑફની રેસની બહાર થઈ ચૂકી છે, પરંતુ રાજસ્થાન માટે આ મૅચ જીતવી અત્યંત જરૂરી હતી અને વૈભવે ટીમને એ મૅચ જિતાડી આપી હતી. લખનઊએ પાંચ વિકેટે ૨૨૦ રન કર્યા એના જવાબમાં રાજસ્થાને ૧૯.૧ ઓવરમાં ત્રણ વિકેટે ૨૨૫ રન બનાવ્યા હતા જેમાં વૈભવ સૂર્યવંશી (૯૩ રન, ૩૮ બૉલ, દસ સિક્સર, સાત ફોર)નો સૌથી મોટો ફાળો હતો. તેણે યશસ્વી જયસ્વાલ (૪૩ રન) સાથે ૭૫ રનની ઓપનિંગ પાર્ટનરશિપ અને ધ્રુવ જુરેલ (૫૩ અણનમ) સાથે બીજી વિકેટ માટે ૧૦૫ રનની ભાગીદારી કરી હતી.



વૈભવ સૂર્યવંશીએ ૯૩ રનની ઈનિંગ્સ રમીને રાજસ્થાનનું અને કૉચ સંગકારાનું ટેન્શન દૂર કર્યું હતું.

તાજેતરમાં ભારતને અન્ડર-૧૯ વર્લ્ડ કપનું ટાઇટલ અપાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવનાર અને હવે આઇપીએલમાં ભલભલા બોલરની બોલિંગમાં આસાનીથી ફટકાબાજી કરનાર વૈભવ સૂર્યવંશીએ મંગળવારે (રાજસ્થાનને જીતવા ૨૨૧ રનનો લક્ષ્યાંક મળ્યો ત્યાર બાદ) ઓપનિંગમાં રમવા માટે મેદાન પર જતા પહેલાં ચિંતિત સંગકારાને કહ્યું, 'હો જાયેગા...ટેન્શન નહીં લેને કા.'

વૈભવે રાજસ્થાનને વિજય અપાવ્યા બાદ ટીમના મૅનેજર રૉમી ભિંડરને ૪૮ વર્ષીય સંગકારા વિશેની ચર્ચામાં કહ્યું, 'વો ઍક્ચ્યૂલી દો-તીન મૅચ સે હમારા (ટાઇમ) અચ્છા નહીં જા રહા થા. હમ હાર રહે થે મૅચીઝ. ઉનકો મૈં દેખ રહા થા, કાફી પ્રેશર મેં રહેતે થે. આજ ભી જબ મૈં ૨૨૦ કા સ્કોર કે લિયે પૅડ અપ કર રહા થા તબ ઉનકે ફેસ પર કાફી ટેન્શન ઔર સ્ટ્રેસ થા. પર મુઝે આજ કૉન્ફિડન્સ થા કિ આજ મૈં વાપસ અપને ગેમ કો બૅક કરુંગા ઔર અચ્છા કરુંગા. તો મૈં ઉનકો બોલા કિ 'હો જાયેગા'. ઝ્યાદા બડા સ્કોર નહીં હૈ ઇસ વિકેટ કે ઍકોર્ડિંગ. ટેન્શન નહીં લેને કા.'

વૈભવે આ વખતની આઇપીએલમાં કુલ ૫૩ સિક્સર ફટકારી છે અને રવિવારે વાનખેડેમાં મુંબઈ સામેની મૅચમાં જો સાત છગ્ગા ફટકારશે તો એક આઇપીએલ સીઝનમાં સૌથી વધુ ૫૯ છગ્ગા મારવાનો ક્રિસ ગેઇલનો વિક્રમ તોડી નાખશે. વૈભવ એક આઇપીએલમાં ૫૦ સિક્સર ફટકારનાર પ્રથમ ભારતીય ખેલાડી છે. એટલું જ નહીં, સૌથી નાની ઉંમરે એક ટી-૨૦ ટૂર્નામેન્ટમાં ૫૦૦ રન બનાવનાર ખેલાડી પણ બન્યો છે. ■

# પ્લે-ઑફના છેલ્લા સ્થાન માટે કોલકાતા, રાજસ્થાન, પંજાબ વચ્ચે હરીફાઈ

મુંબઈઃ આઇપીએલ-૨૦૨૬ની સીઝનમાં છેલ્લી પાંચ લીગ મૅચ બાકી છે, ત્રણ ટીમ પ્લે-ઑફમાં પહોંચી ગઈ છે અને એના ચોથા સ્થાન માટે હવે ખાસ કરીને ત્રણ ટીમ વચ્ચે ખરી હરીફાઈ છે. રૉયલ ચૅલેન્જર્સ બેંગ્લૂરુ, ગુજરાત ટાઇટન્સ અને સનરાઇઝર્સ હૈદરાબાદ પ્લે-ઑફમાં પહોંચી ગયા છે, જ્યારે મુંબઈ ઇન્ડિયન્સ, લખનઊ સુપર જાયન્ટ્સ અને ચેન્નઈ સુપર કિંગ્સની ટીમ હરીફાઈની બહાર થઈ ગઈ છે. દિલ્હી કૅપિટલ્સ (જે પ્લે-ઑફની રેસમાંથી હજી પૂર્ણપણે બહાર નથી) તેમ જ બીજી ત્રણ ટીમને પ્લે-ઑફમાં પહોંચવા કેટલી તક છે, કોના કેટલા પૉઇન્ટ છે અને કોનો રન-રેટ કેવો છે તેમ જ કોને ચોથું સ્થાન ભરવા માટે વધુ મોકો છે એ સમીકરણ ખૂબ રસપ્રદ છે.


રહાણેના સુકાનમાં કોલકાતાની ટીમ છેલ્લી સાતમાંથી છ મૅચ જીતી છે.

### હવે કઈ ચાર લીગ મૅચ બાકી છે?

(૧) આજે (સાંજે ૭.૩૦ વાગ્યાથી) હૈદરાબાદ વિરુદ્ધ બેંગ્લૂરુ (૨) શનિવારે (સાંજે ૭.૩૦ વાગ્યાથી) પંજાબ વિરુદ્ધ લખનઊ (૩) રવિવારે (બપોરે ૩.૩૦ વાગ્યાથી) મુંબઈ વિરુદ્ધ રાજસ્થાન અને (૪) રવિવારે (સાંજે ૭.૩૦ વાગ્યાથી) કોલકાતા વિરુદ્ધ દિલ્હી. ત્રણ મૅચનો પ્લે-ઑફ રાઉન્ડ ૨૬મી મેએ શરૂ થશે. ૩૧મી મેએ અમદાવાદમાં ફાઇનલ રમાશે.

### કઈ ટીમને પ્લે-ઑફનો કેટલો મોકો?

**કોલકાતા નાઇટ રાઇડર્સ (૧૩ મૅચ, ૧૩ પૉઇન્ટ, +૦.૦૧૧નો રનરેટ):** અજિંક્ય રહાણેના સુકાનમાં આ ટીમે બુધવારે ઈડન ગાર્ડન્સમાં મુંબઈ સામે વિજય મેળવ્યો એને લીધે પ્લે-ઑફના એના ચાન્સ વધી ગયા છે અને રનરેટ સકારાત્મક સ્થિતિમાં આવી ગયો છે. કોલકાતા જો રવિવારે ઈડનમાં દિલ્હી સામેની મૅચ પણ જીતશે તો પ્લે-ઑફની એની સંભાવના ખૂબ વધી જશે. જોકે રાજસ્થાન અને પંજાબ પોતપોતાની મૅચ હારી જાય એ પણ કોલકાતા માટે જરૂરી છે. રવિવારે મુંબઈ સામે જો રાજસ્થાન જીતી જશે તો કોલકાતાની પ્લે-ઑફમાં એન્ટ્રી નહીં થઈ શકે. જો રાજસ્થાન હારી જશે અને પંજાબે શનિવારે લખનઊને હરાવ્યું હશે તો કોલકાતાએ રવિવારે દિલ્હીને તોતિંગ માર્જિનથી હરાવવું જ પડશે.

**રાજસ્થાન રૉયલ્સઃ (૧૩ મૅચ, ૧૪ પૉઇન્ટ, +૦.૦૮૩નો રનરેટ):** રાજસ્થાનને પ્લે-ઑફમાં પોતાની તાકાત પર પહોંચવાની તક છે. રવિવારે રાજસ્થાન જો મુંબઈને વાનખેડેમાં હરાવશે ૧૬ પૉઇન્ટ સાથે પ્લે-ઑફમાં પહોંચી જશે અને એ માટે એણે બીજા કોઈ પણ પરિણામો પર આધાર નહીં રાખવો પડે. જો ગુજરાત અને હૈદરાબાદ પોતાની અંતિમ લીગ મૅચ હાર્યા હશે તો રાજસ્થાનને ટૉપ-ટૂમાં પહોંચવાનો પણ મોકો મળશે.

**પંજાબ કિંગ્સઃ (૧૩ મૅચ, ૧૩ પૉઇન્ટ, +૦.૨૨૭નો રનરેટ):** છેલ્લી તમામ છ મૅચ હારી જનાર આ ટીમ જો શનિવારે લખનઊને હરાવશે અને રનરેટમાં કોલકાતાથી ઉપર રહેશે તો પ્લે-ઑફમાં પહોંચી શકશે. જોકે એ માટે જરૂરી છે કે રવિવારે વાનખેડેમાં રાજસ્થાનને મુંબઈ હરાવી દે. રનરેટની ગણતરી થશે તો કોલકાતા કરતાં પંજાબનો ઘોડો આગળ જ રહેશે એની પાક્કી સંભાવના છે.

**દિલ્હી કૅપિટલ્સઃ (૧૩ મૅચ, ૧૨ પૉઇન્ટ, -૦.૮૭૧નો રનરેટ):** મંગળવારે લખનઊ સામે રાજસ્થાન જીતી ગયું એ સાથે દિલ્હીની પ્લે-ઑફની સંભાવનાનો મોટા ભાગે અંત આવી ગયો છે. કોઈ ચમત્કાર જ દિલ્હીને લાસ્ટ-ફોરમાં પહોંચાડી શકે. ■

# મોહમ્મદ શમીને એક લાખ રૂપિયાના ચેક-બાઉન્સ કેસમાં ચાર વર્ષે ક્લીન ચિટ

નવી દિલ્હીઃ ભારતીય પેસ બોલર મોહમ્મદ શમી એક લાખ રૂપિયાના ચેક-બાઉન્સ કેસમાં ચાર વર્ષે નિર્દોષ જાહેર થયો છે. શમી અને તેની પત્ની હસીન જહાં ઘણા વર્ષોથી અલગ રહે છે અને ૨૦૨૨માં હસીન જહાંએ શમી વિરુદ્ધ ચેક-બાઉન્સનો કેસ નોંધાવ્યો હતો.


શમી વિરુદ્ધ પત્ની હસીન જહાંએ ૨૦૨૨માં ચેક-બાઉન્સનો કેસ નોંધાવ્યો હતો.

શમીને ઘણા મહિનાઓથી ભારતીય ટીમમાં વાપસી નથી કરવા મળી. આ વિશે તેની અપૂરતી ફિટનેસ કારણરૂપ હોવાનું કહેવાય છે, પરંતુ ડોમેસ્ટિક ક્રિકેટમાં તેણે ઘણા સારા પર્ફોર્મન્સ આપ્યા છતાં ફરી ટીમ ઇન્ડિયામાં સામેલ નથી કરવામાં આવ્યો.

શમી વિરુદ્ધનો પત્ની હસીન જહાંનો ચેક બાઉન્સનો કેસ અલીપોર શહેરની અદાલતમાં ચાલી રહ્યો હતો. બુધવારે ચીફ જ્યૂડિશ્યલ મૅજિસ્ટ્રેટે શમીને આ કેસમાં નિર્દોષ જાહેર કર્યો હતો.

શમીએ કહ્યું હતું કે 'મને ન્યાયતંત્ર પર ભરોસો રહ્યો છે. મને વિશ્વાસ હતો કે આ કેસમાં મારો જ વિજય થશે. મારે જે કંઈ પૈસા ચૂકવવાના હતા એ મેં ચૂકવી દીધા હતા.' જોકે અદાલતમાં શમી અને પત્ની વચ્ચે બીજા કેટલાક કેસ પણ ચાલી રહ્યા છે. ખાસ કરીને હસીન જહાંએ તેની સામે ઘરેલું હિંસાનો તેમ જ પૂરતી આર્થિક સહાયતા ન મળી રહી હોવાનો કેસ પણ નોંધાવ્યો છે. ■

# રવિવારે કૉમનવેલ્થ ગેમ્સ ડે ઉજવાશે, અમદાવાદમાં ખાસ ઈવેન્ટ

અમદાવાદઃ રવિવાર, ૨૪મી મેએ દેશભરમાં કુલ ૮,૦૦૦ સ્થળે 'કૉમનવેલ્થ ગેમ્સ ડે' ઉજવવામાં આવશે જેમાં દેશના જાણીતા અને ઊભરતા અસંખ્ય ઍથ્લીટો ભાગ લેશે. આ કાર્યક્રમના ભાગરૂપે અમદાવાદમાં મુખ્ય ઇવેન્ટ યોજાશે જેમાં કેન્દ્રના ખેલકૂદ પ્રધાન મનસુખ માંડવિયા અને ગુજરાતના નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવી હાજરી આપશે. આ પ્રસંગે 'ફિટ ઇન્ડિયા સન્ડેઝ ઑન સાઇકલ્સ'નો ૭૫મો રાઉન્ડ પણ યોજવામાં આવશે. ૨૦૨૬ની કૉમનવેલ્થ ગેમ્સ સ્કૉટલૅન્ડના ગ્લાસગો શહેરમાં અને ૨૦૩૦ની કૉમનવેલ્થ ગેમ્સ અમદાવાદમાં યોજાવાની છે. ■

# હાર્દિકને દંડઃ ગુસ્સામાં ફટકો મારીને બેલ્સ નીચે પાડી દીધી



કોલકાતાઃ મુંબઈ ઇન્ડિયન્સ (એમઆઇ)નો કૅપ્ટન હાર્દિક પંડ્યા ઈજાને કારણે ત્રણ મૅચ ન રમ્યો, બુધવારે રહીસહી આબરૂ બચાવવાની તક હતી ત્યારે કોલકાતાએ મુંબઈને હરાવીને વધુ એક આંચકો આપ્યો અને આ સ્થિતિમાં હાર્દિકને મૅચ રેફરીએ ૧૦ ટકા દંડ કર્યો છે એટલે તે વધુ ચર્ચામાં છે. તેને ૧૦ ટકા મૅચ ફીનો દંડ કરવા ઉપરાંત તેના નામે એક ડીમેરિટ પૉઇન્ટ પણ લખવામાં આવ્યો હતો. આ નિયમ મૅચ દરમ્યાન ક્રિકેટના કોઈ સાધનનો અનાદર કરવા અથવા એને નુકસાન પહોંચાડવા સંબંધિત છે. કોલકાતાની ઇનિંગ્સની ૧૦મી ઓવર ખુદ હાર્દિકે કરી હતી જેના ચોથા બૉલ વખતે આ અનિચ્છનીય ઘટના બની હતી. હાર્દિક રન-અપ પર પાછો આવી રહ્યો હતો ત્યારે તેણે ગુસ્સામાં ફટકો મારીને સ્ટમ્પ્સ પરની બેલ્સ નીચે પાડી દીધી હતી. મૅચ રેફરી રાજીવ શેઠે હાર્દિકને આ કૃત્ય બદલ વાતચીત માટે બોલાવ્યો હતો અને એ દરમ્યાન હાર્દિકે ગુનો કબૂલ્યો હતો. ■

# ઍથ્લીટોને પ્રતિબંધિત ડ્રગ્સ પૂરી પાડનારાઓનું હવે આવી બન્યુંઃ પાંચ વર્ષ સુધીની જેલ થશે

નવી દિલ્હીઃ પ્રતિબંધિત કેફીદ્રવ્યોની હેરાફેરી કરનારાઓ તેમ જ આ પદાર્થો પૂરા પાડતા લોકોની વિરુદ્ધમાં તાજેતરમાં નૅશનલ ઍન્ટિ ડૉપિંગ ધારામાં ફેરફાર કરવામાં આવ્યો ત્યાર બાદ હવે એમાં વધુ સુધારો કરવામાં આવશે જે અનુસાર પ્રતિબંધ હેઠળના નશીલા પદાર્થોની હેરાફેરી કરતા તેમ જ ઍથ્લીટોને આ પદાર્થો પૂરા પાડતા લોકોને પાંચ વર્ષ સુધીની જેલની સજા કરવામાં આવશે. જો મેડિકલ પ્રૅક્ટિશનરો જાણી જોઈને પ્રતિબંધિત ડ્રગ્સ લેવાની સલાહ આપશે તો તેમને પણ આ આકરી સજા કરવામાં આવશે.

સૂચિત સુધારાની વિગતો ખેલકૂદ મંત્રાલયની વેબસાઇટ પર અપલૉડ કરવામાં આવી છે અને એ સંબંધમાં જાહેર જનતા ૧૮મી જૂન સુધીમાં પોતાના જરૂરી સલાહ-સૂચનો અને મંતવ્યો આપી શકશે. માંડવિયાએ જણાવ્યું હતું કે જનતાના અભિપ્રાયો મેળવ્યા પછી સંસદમાં ચોમાસુ સત્ર દરમ્યાન આ સુધારિત ખરડો રજૂ કરવામાં આવશે.

સૂચિત સુધારામાં જણાવાયું છે કે 'ખેલકૂદમાં ડ્રગ્સનો ઉપયોગ કરાવવાના હેતુથી જે કોઈ વ્યક્તિ ઍથ્લીટને પ્રતિબંધિત કેફીદ્રવ્ય પૂરું કપાડશે અથવા સૂચવશે તે વ્યક્તિને પાંચ વર્ષ સુધીની જેલની સજા કરવામાં આવશે અથવા બે લાખ રૂપિયા સુધીનો દંડ ફટકારવામાં આવશે અથવા બન્ને (સજા તથા દંડ) કરવામાં આવશે.'

માંડવિયા પ્રતિબંધિત દ્રવ્યોનાં દૂષણ વિરુદ્ધ જાગૃતિ લાવવામાં ઘણા સમયથી ઝુંબેશ ચલાવી રહ્યા છે. તેમણે પાટનગર દિલ્હીમાં પત્રકારો સાથેની વાતચીત દરમ્યાન કહ્યું હતું કે 'ડ્રગ્સના વેપાર તથા એ પૂરાં પાડતા દૂષણને ગુનો ગણીને એ સંબંધમાં જેલની સજા સહિતના કડક કાયદાની ખાસ જરૂર હતી. ડોપિંગ માત્ર ખેલકૂદ ક્ષેત્રે થતો ભંગ જ નથી, ઍથ્લીટોનું શોષણ કરતી એક પ્રકારની સંગઠિત અર્થવ્યવસ્થા પણ છે. અત્યાર સુધી પ્રતિબંધિત કેફીદ્રવ્યોનું સેવન કરતા લોકોને જ સજા કરાતી હતી, પરંતુ એ કેફીદ્રવ્યો પૂરા પાડનારાઓને પણ કડક સજા થવી જોઈએ. એ જોતાં, જો હવેથી કોઈ કોચ, મૅનેજર, સાથી ઍથ્લીટ કે બીજી કોઈ પણ વ્યક્તિનો પ્રતિબંધિત નશીલા પદાર્થો સાથે સીધો સંબંધ હશે અને તેમનો ગુનો સાબિત થશે તો તેને કેદની સજા થશે.'

વૈશ્વિક સ્તરે ડોપિંગ-વિરોધી ઝુંબેશની આગેવાની વર્લ્ડ ઍન્ટિ-ડૉપિંગ એજન્સી (ડબ્લ્યૂએડીએ-વાડા) સંભાળે છે અને ભારતમાં એ જવાબદારી નૅશનલ ઍન્ટિ-ડોપિંગ એજન્સી (એનએડીએ-નાડા) પાસે છે. માંડવિયાએ તાજેતરમાં એક જાગતિક પરિષદમાં જ જાહેર કર્યું હતું કે ભારત સરકારે ડ્રગ્સના દૂષણને અંકુશમાં લેવા કસૂરવારોને જેલની સજા કરવા સહિતની યોજના ઘડી છે.

ડ્રગ્સ સંબંધિત કાનૂનનો ભંગ કરનારાઓ વિશે વાડાએ છેલ્લાં ત્રણ વર્ષમાં જે યાદી બહાર પાડી છે એમાં ભારતીય ઍથ્લીટોની સંખ્યા સૌથી વધુ રહી છે. ૨૦૩૦ની કૉમનવેલ્થ ગેમ્સ અમદાવાદમાં યોજાવાની છે અને ભારતે ૨૦૩૬ની ઑલિમ્પિક ગેમ્સ માટે પણ દાવો કર્યો છે એ જોતાં ડોપિંગની બાબતમાં જો ભારતનો રેકૉર્ડ ખરાબ જ રહે તો યજમાનપદ મળવામાં મુશ્કેલી આવી શકે. આ બધી બાબતો ધ્યાનમાં લઈને સરકાર ડોપિંગના ગુના આચરનારાઓને આકરી સજા કરવાના મૂડમાં છે. ■

# સેન્સેક્સ ૯૫૦ પોઈન્ટની અફડાતફડી બાદ નેગેટીવ ઝોનમાં સરકી ગયો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ અખાતી દેશોમાં હાલ સીઝફાયર હોવા છતાં અનિશ્ચિત વાતાવરણ વચ્ચે રોકાણકારોમાં સાવચેતીનું માનસ હોવાથી સત્ર દરમિયાન ૯૫૦ પોઇન્ટની અફડાતફડી બાદ ઇન્ડેક્સ હેવીવેઇટ શેરોમાં પ્રોફિટ બુકીંગને કારણે બેન્ચમાર્ક અંતે નેગેટીવ ઝોનમાં સરકી ગયો હતો. સેન્સેક્સ ૧૩૫.૦૩ પોઈન્ટ અથવા ૦.૧૮ ટકા ઘટીને ૭૫,૧૮૩.૩૬ પર સ્થિર થયો હતો. દિવસ દરમિયાન, આ બેન્ચમાર્ક ૯૪૯.૦૧ પોઈન્ટની અફડાતફડીમાં ૭૫,૯૪૫.૭૯ પોઇન્ટની ઊંચી સપાટી અને ૭૪,૯૯૬.૭૮ પોઇન્ટની નીચી સપાટીને અથડાયો હતો. દરમિયાન, એનએસઈ નિફ્ટી ૪.૩૦ પોઈન્ટ અથવા ૦.૦૨ ટકા ઘટીને ૨૩,૬૫૪.૭૦ પર બંધ થયો હતો.

બજાજ ફાઇનાન્સ, ટેક મહિન્દ્રા, હિંદુસ્તાન યુનિવીલર, ઇન્ફોસિસ, બજાજ ફિનસર્વ અને ભારતી એરટેલ ટોચના ઘટનારા શેરોની યાદીમાં હતા, જ્યારે સેન્સેક્સના ટોચના વધનારા શેરોમાં ઇન્ટરગ્લોબ એવિએશન, ટ્રેન્ટ, ભારત ઇલેક્ટ્રોનિક્સ અને અદાણી પોર્ટનો ટોચના વધનારા શેરોમાં સમાવેશ હતો. અદાણી પાવરે જયપ્રકાશ પાવર વેન્ચરમાં ૨૪ ટકા હિસ્સો હાંસલ કરવા અને જયપ્રકાશ એસોસિએટ્સ પાસેથી અન્ય થર્મલ એસેટ મેળવવા માટે અંદાજે રૂ. ૪૧૯૩.૫૯ કરોડના કરાર કર્યા છે.

ભારતના હીટ એક્સ્ચેન્જર્સ અને એચવીએસી સોલ્યુશન્સના અગ્રણી ઉત્પાદકોમાંના એક, કેઆરએન હીટ એક્સ્ચેન્જર એન્ડ રેફ્રિજરેશન લિમિટેડે તેની નીમરાણા ઉત્પાદન સુવિધા માટે રાજસ્થાન ઇન્વેસ્ટમેન્ટ પ્રમોશન સ્કીમ હેઠળ મુખ્ય પ્રોત્સાહન મંજૂરી મેળવી છે. તેની સંપૂર્ણ માલિકીની પેટાકંપની કેઆરએન એચવીએસી પ્રોડક્ટ્સ પ્રાઇવેટ લિમિટેડને આપવામાં આવેલી મંજૂરી, રૂ. ૧૮૨.૯૫ કરોડના એલીજીબલ ફિક્સ્ડ કેપિટલ ઇન્વેસ્ટમેન્ટ સાથે જોડાયેલી છે. ઇમામીના ચોખ્ખા નફામાં ૧૨ ટકા જેવો ઘટાડો થયો છે.

સમવર્ધન મધરસનનો ચોથા ક્વાર્ટરનો નફો ૪૬ ટકા વધ્યો છે. ટાટા પાવર ઇવી ચાર્જીંગ સોલ્યુશન્સે દિલ્હી-મુંબઇ એક્સપ્રેસવે પર ઇન્ડિયન ઓઇલ કોર્પોરેશનના સહયોગ સાથે ચાર્જીંગ સ્ટેશનનું વિસ્તરણ કર્યું છે. ઓલા ઇલેક્ટ્રિકે વાર્ષિક ધોરણે રૂ. ૫૦૦ કરોડની ચોખ્ખી ખોટ અને ૫૭ ટકાના ઘટાડા સાથે રૂ. ૨૬૫ કરોડની આવક નોંધાવી છે. નેશનલ કોમોડિટી એન્ડ ડેરિવેટિવ્ઝ એક્સચેન્જે ભારતના પ્રથમ એક્સચેન્જ-ટ્રેડેડ વેધર ડેરિવેટિવ કોન્ટ્રેક્ટ રેઇનમુંબઇના લોન્ચની જાહેરાત કરી છે.

સત્રની શરૂઆતમાં બેન્ચમાર્કમાં સારો સુધારો જોવા મળ્યો હતો પરંતુ પાછળથી પ્રોફિટ બુકિંગ વચ્ચે સુધારો ધોવાઇ ગયો હતો. ઇરાને નવો પ્રસાતવ મોકલ્યો છે અને ટ્રમ્પ હાલ તત્કાલ હુમલો નહીં કરશે એવી ધારણા વચ્ચે વિશ્વના એકંદર ઇક્વિટી માર્કેટમાં સુધારો જોવા મળયો હતો, પરંતુ ઇઝરાયલ અને અમેરિકા બંને દેશ પર ભરોસો કરી શકાય એમ પણ ના હોવાથી અનિશ્ચિતતાના વાતાવરણમાં બજારમાં સાવચેતીનું માનસ જોવા મળ્યું હતું.

નિફ્ટી આઇટી ઇન્ડેક્સ સતત બીજા સત્રમાં નેગેટીવ ઝોનમાં બંધ થયો હતો. કોફોર્જે તેના ઇન્ટ્રાડે લાભનો નોંધપાત્ર ભાગ ભૂંસી નાખ્યો, જે દિવસના ઉચ્ચતમ સ્તરથી લગભગ ચાર ટકા નીચે બંધ થયો હતો. દરમિયાન ગીફ્ટ નિફ્ટી બપોરના સત્રમાં ૭૬ પોઈન્ટ અથવા ૦.૩૨ ટકા ઘટીને ૨૩,૫૮૯ પોઇન્ટની સપાટી પર બંધ થયો, જે શુક્રવારે ભારતીય બેન્ચમાર્ક સૂચકાંકો માટે સંભવિત નરમ શરૂઆત સૂચવે છે. ફોરેક્સ માર્કેટમાં ગુરુવારે યુએસ ડોલર સામે રૂપિયો તીવ્રપણે મજબૂત થયો, જે બુધવારના રેકોર્ડ બંધ ૯૬.૮૨ની નીચી સપાટી સામે ૯૬.૨૦ પ્રતિ ડોલર પર બંધ થયો. ક્રૂડ ઓઇલની ચિંતાઓ ઓછી થવા અને રિસ્ક સેન્ટિમેન્ટમાં સુધારો થવાને કારણે સત્ર દરમિયાન સ્થાનિક ચલણમાં ૬૨ પૈસાની રિકવરી જોવા મળી હતી.

એકંદરે સેન્સેક્સ અને નિફ્ટી ગુરુવારે અસ્થિર સત્ર પછી મામૂલી ફેરફાર સાથે બંધ થયા, કારણ કે રિયલ્ટી, હેલ્થકેર અને પસંદગીના ઓટો શેરોમાં જોવા મળેલો સુધારો નાણાકીય, આઇટી અને એફએમસીજી કાઉન્ટર્સમાં નબળાઈને કારણે સરભર થઇ ગયો હતો. ટેકનોલોજી અને એફએમસીજી શેરોમાં મુખ્ય ઘટાડો રહ્યો, જેમાં નિફ્ટી આઇટી ઇન્ડેક્સમાં ૦.૫૦ ટકાનો અને નિફ્ટી એફએમસીજી ઇન્ડેક્સમાં ૦.૬૧ ટકાનો ઘટાડો નોંધાયો હતો. દરમિયાન, આની સામે નિફ્ટી સ્મોલકેપ ૧૦૦ ઇન્ડેક્સ ૦.૬૨ ટકા વધ્યો હતો.

રિયલ્ટી અને વપરાશ-સંબંધિત ક્ષેત્રો અંતમાં વેપારમાં સૌથી મજબૂત પ્રદર્શન કરનારાઓમાં સામેલ હતા.

નિફ્ટી રિયલ્ટી ઇન્ડેક્સ ૧.૦૪ ટકા વધ્યો, જ્યારે કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ ઇન્ડેક્સ ૦.૫૩ ટકા વધ્યો હતો અને નિફ્ટી ઓટો ૦.૩૩ ટકા વધ્યો હતો. બજારનો અંડરટોન જોકે એકંદરે મક્કમ રહ્યો હતો. કુલ ટ્રેડેડ શેરોમાંથી ૧,૬૮૮ સ્ક્રીપ્સના ઘટાડા સામે ૨,૩૦૭ શેરમાં સુધારો જોવા મળ્યો હતો. સેકટરલ ધોરણે રિયલ્ટી શેરો સારી લેવાલી સાથે આગળ રહ્યા હતા, જ્યારે આઇટી અને એફએમસીજી ઇન્ડેક્સમાં પીછેહઠ જોવા મળી હતી. વ્યાપક બજારોએ મુખ્ય બેન્ચમાર્ક સૂચકાંકો કરતાં વધુ સારો દેખાવ કર્યો, જેમાં નિફ્ટી સ્મોલકેપ ૧૦૦ ઇન્ડેક્સ ૦.૬૩ ટકા વધ્યો હતો. આ તરફ ઇન્ડિયા વીઆઇએક્સ ત્રણ ટકાથી વધુ ઘટ્યો હતો, જે અસ્થિરતામાં ઘટાડો દર્શાવે છે.

# મથકો પાછળ ખાંડમાં વધુ રૂ. ૧૦ની આગેકૂચ

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્મોલ ગ્રેડની ખાંડનાં ટેન્ડરોમાં મહારાષ્ટ્રની સ્થાનિક માગ ઉપરાંત દેશાવરોની માગ પ્રબળ રહેતાં ભાવમાં ક્વિન્ટલે રૂ. ૧૦નો સુધારો આવ્યાના પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં પણ મથકો પરના પ્રોત્સાહક અહેવાલ સાથે સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગ જળવાઈ રહેતાં હાજરમાં અને નાકા ઔદ્યોગિક વપરાશકારો અને સ્થાનિક ડીલરોની માગ જળવાઈ રહેતાં ભાવમાં ક્વિન્ટલે રૂ. ૧૦ની આગેકૂચ જળવાઈ રહી હતી. આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની માગને ટેકે ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો. તેમ જ મથકો પરના પ્રોત્સાહક અહેવાલે હાજરમાં બન્ને ગ્રેડની ખાંડના ભાવમાં ક્વિન્ટલે રૂ. ૧૦નો સુધારો આવ્યો હતો, જેમાં સ્મોલ ગ્રેડની ખાંડના ભાવ ક્વિન્ટલે રૂ. ૩૯૬૨થી ૪૦૦૨ અને મિડિયમ ગ્રેડની ખાંડના ભાવ ક્વિન્ટલે રૂ. ૪૦૭૨થી ૪૧૬૨ના મથાળે ગુણવત્તાનુસાર ધોરણે રહ્યા હતા.

## ધાતુમાં મિશ્ર વલણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ક્રૂડતેલના વધેલા ભાવને કારણે વૈશ્વિક સ્તરે ફુગાવાલક્ષી દબાણ જોવા મળે તેવી શક્યતા અને તેને કારણે આર્થિક વૃદ્ધિની અનિશ્ચિતતા સપાટી પર રહેતાં આજે લંડન ખાતે સત્રના આરંભે વિવિધ ધાતુઓમાં એકંદર મિશ્ર વલણ રહ્યું હોવાના અહેવાલો સાથે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ વપરાશકાર ઉદ્યોગ તથા સ્ટોકિસ્ટોની લે-વેચ અનુસાર મિશ્ર વલણ જોવા મળ્યું હતું. સૂત્રોના જણાવ્યાનુસાર આજે મુખ્યત્વે ટીન, નિકલ અને કોપર વાયરબારમાં સ્ટોકિસ્ટોની વેચવાલી પ્રબળ રહેતાં ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૪૨, રૂ. ૧૫ અને રૂ. ૧૦ ઘટી આવ્યા હતા અને નિરસ માગે એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ અને ઝિન્ક સ્લેબમાં કિલોદીઠ રૂ. એકનો ઘટાડો આવ્યો હતો. આ સિવાય કોપર કેબલ સ્ક્રેપ, કોપર આર્મિચર, કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ અને બ્રાસ શીટ કટિંગ્સમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી અને સાર્વત્રિક સ્તરેથી માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ત્રણથી નવ વધી આવ્યા હતા અને અન્ય ધાતુઓમાં ટકેલું વલણ રહ્યું હતું.

BRIHANMUMBAI MAHANAGARPALIKA

**ઈ-ટેન્ડર નોટિસ**

| | |
|---|---|
| ટેન્ડર સંદર્ભ નં : | ફાઈલ નં.: MGC/F/૮૪૪૬/તા. ૨૩.૦૪.૨૬૨૫<br>ટેન્ડર કોડઃ ૨૦૨૬_MCGM_૧૩૦૪૫૧૦_૧<br>વર્ક કોડ :-HE-C-WS-IMPRO-૨૩ |
| સંસ્થાનું નામ | બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન |
| વિષય | (HE-C-WS-IMPRO-૨૩) પશ્ચિમ રેલવે (૨૦૨૫-૨૬)માં સ્થળો માટે વિવિધ ડાયા. વોટર મેઈન્સ અને અન્ય સંલગ્ન કામોની જોગવાઈ, બિછવણી અને બદલવા. પશ્ચિમ પરાં વિસ્તારમાં ઝોન - IV (K/પશ્ચિમ, P/સાઉથ & P/નોર્થ વોર્ડ) & ઝોન- VII (R/સાઉથ, R/સેન્ટ્રલ & R/નોર્થ વોર્ડ)માં વોટર સપ્લાયના સુધારણા માટે અન્ય સંલગ્ન કામો તથા ૧૫૦ મીમી, ૩૦૦ મીમી, ૪૫૦ મીમી, ૬૦૦ મીમી, ૭૫૦ મીમી, ૯૦૦ મીમી & ૧૨૦૦ મીમી ડાયાની જોગવાઈ, બિછવણી અને બદલવા. |
| ટેન્ડર ફી | રૂ. ૩૩,૨૭૫.૦૦ + ૧૮% GST |
| ઈ-ટેન્ડરની કિંમત (અંદાજિત કિંમત) | રૂ. ૩૦,૯૬,૦૨,૨૧૨.૦૦/- (GST સિવાય) |
| બીડ સુરક્ષા ડિપોઝિટ/બારડી | રૂ. ૩૦,૯૬,૧૦૦.૦૦/- (ઓનલાઈન પેઈમેન્ટ) |
| બીડ માન્ય મુદત | ૧૮૦ દિવસ (બીડની પાકતી તારીખ સુધી) |
| ટેન્ડર ઈશ્યૂ કરવાની અને વેચાણની તારીખ | ૨૨/૦૫/૨૦૨૬ ૧૧.૦૦ ક. થી |
| ટેન્ડરના વેચાણ માટે છેલ્લી તારીખ & સમય | ૧૨/૦૬/૨૦૨૬ ૧૬.૦૦ ક. સુધી |
| પેકેટ A,B & પેકેટ Cની સુપ્રતિ (ઓનલાઈન) & બીડ સુરક્ષા ડિપોઝિટની પ્રાપ્તિ (બારડી) | ૧૨/૦૬/૨૦૨૬ ૧૬.૦૦ ક. સુધી |
| પ્રી-બીડ મિટિંગ | ૦૨/૦૬/૨૦૨૬ ૧૫.૦૦ ક. પછી |
| પેકેટ A ખૂલશે | ૧૬/૦૬/૨૦૨૬ ૧૨.૦૦ ક. પછી |
| પેકેટ B ખૂલશે | ૧૮/૦૬/૨૦૨૬ ૧૨.૦૦ ક. પછી |
| પેકેટ C ખૂલશે | ૩૦/૦૬/૨૦૨૬ ૧૫.૦૦ ક. પછી |
| સંચાર માટેનું સરનામું | એક્ઝિક્યૂટિવ એન્જિનિયર વોટર વર્કસ (કંન્સ્ટ્ર.) પશ્ચિમ પરાંની ઓફિસ, હાઈડ્રોલિક એન્જિનિયરનો વિભાગ, સદભાવ એક્સેસ એસ્ટેટ, C વિંગ, ગોવિંદજી શ્રોફ રોડ, ઓફ S.V. રોડ, ગોરેગાંવ (પ), મુંબઈ - ૪૦૦૧૦૪.<br>ઈમેલ: eewwconstws.he@mcgm.gov.in<br>સંપર્ક નં.: (૦૨૨) ૨૮૭૯૧૨૪૧/૪૫/૪૮ |
| બીડ ખોલવા મોટનું સ્થળ | એક્ઝિક્યૂટિવ એન્જિનિયર વોટર વર્કસ (કંન્સ્ટ્ર.) પશ્ચિમ પરાંની ઓફિસ, હાઈડ્રોલિક એન્જિનિયરનો વિભાગ, સદભાવ એક્સેસ એસ્ટેટ, C વિંગ, ગોવિંદજી શ્રોફ રોડ, ઓફ S.V. રોડ, ગોરેગાંવ (પ), મુંબઈ - ૪૦૦૧૦૪. |

**ટેન્ડર દસ્તાવેજ ટ્રાન્સફર પાત્ર નથી.**

BMC કોઈપણ તબક્કે કોઈપણ જણાવ્યા વિના ઉપરોક્ત વિષય માટે મળેલ કોઈપણ કે તમામ અરજી નકારવા કે કોઈપણ અરજી સ્વીકારવાના હક્કો અનામત રાખે છે.

સહી/-

PRO/416/ADV./2026-27 E.E.W.W. (કંન્સ્ટ્ર.) WS (i/c)

**પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.**

# ચાંદીમાં ₹ ૨૬૨૩નો ઘટાડો, સોનામાં ₹ ૧૭નો ઘસરકો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકા-ઈરાન વચ્ચે શાંતિ કરાર થવાના આશાવાદ સાથે ક્રૂડતેલના ભાવમાં પીછેહઠ ઉપરાંત આંતરરાષ્ટ્રીય વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ તથા અમેરિકી ટ્રેઝરીની યિલ્ડ વધી આવતાં આજે લંડન ખાતે સત્રના આરંભે સોના તથા ચાંદીના ભાવમાં ઘટાડાતરફી વલણ જળવાઈ રહ્યું હોવાના નિરુત્સાહી અહેવાલે સ્થાનિક ઝવેરી બજારમાં પણ મુખ્યત્વે ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૨૬૨૩નો ઘટાડો આવ્યો હતો. જોકે, આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં ઘટ્યા મથાળેથી ૫૦ પૈસાનું બાઉન્સબૅક જોવા મળતાં સોનાની આયાત પડતર ઘટવાથી સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૭નો સાધારણ ઘસરકો આવ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ખાસ કરીને ચાંદીમાં સ્ટોકિસ્ટોની સટ્ટાકીય વેચવાલીના દબાણ સામે માત્ર ઔદ્યોગિક વપરાશકારોની ખપપૂરતી માગ રહેતાં હાજરમાં વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૨૬૨૩ના ઘટાડા સાથે રૂ. ૨,૬૪,૬૭૯ની સપાટીએ રહ્યા હતા. તેમ જ આજે હાજરમાં વેરારહિત ધોરણે ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૭ના ઘટાડા સાથે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૧,૫૭,૯૦૩ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૧,૫૮,૫૩૮ના મથાળે રહ્યા હતા. જોકે, સોનામાં રોકાણકારો, જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ શુષ્ક રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

ગઈકાલે તહેરાને જણાવ્યું હતું કે અમે વૉશિંગ્ટનની તાજેતરની પ્રતિક્રિયાઓની સમીક્ષા કરી રહ્યાં છીએ અને અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે સૂચવ્યું હતું કે તેઓ તહેરાન પાસેથી યોગ્ય જવાબ માટે થોડા દિવસો રાહ જોઈ શકે છે અને સાથે સાથે હુમલા કરવા પણ તૈયાર હોવાનું જણાવ્યું હતું. ગઈકાલે ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જના કૉમેક્સ વિભાગ પર એક તબક્કે હાજરમાં સોનાના ભાવમાં એક ટકા જેટલો ઉછાળો આવ્યો હતો. જોકે, આજે ભૂરાજકીય તણાવ હળવો થવાની સાથે ક્રૂડતેલના ભાવમાં ઘટાડો અને ફુગાવો પણ ઘટે તેવા આશાવાદ અને ડૉલર ઈન્ડેક્સમાં પણ મજબૂત વલણ રહેતાં હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૨ ટકા ઘટીને ઔંસદીઠ ૪૫૩૬.૭૨ ડૉલર અને જૂન ડિલિવરી વાયદામાં ભાવ ૦.૧ ટકાના સુધારા સાથે ૪૫૩૭.૯૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ૦.૫ ટકાના ઘટાડા સાથે ઔંસદીઠ ૭૫.૬૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. મધ્યપૂર્વના દેશોમાં વિવાદ શરૂ થયો ત્યારથી ક્રૂડતેલના ભાવમાં જોવા મળેલો વધારો અને તેને કારણે ફુગાવામાં વધારાની શક્યતાને ધ્યાનમાં લેતાં સોનામાં નરમાઈનું વલણ જોવા મળી રહ્યું છે અને આગામી દિવસોમાં પણ સોનાના ભાવ ઔંસદીઠ ૪૦૦૦થી ૪૫૦૦ ડૉલર આસપાસની રેન્જમાં રહે તો કોઈ આશ્ચર્ય નહીં થાય એમ બાયબીટનાં ચીફ માર્કેટ એનાલિસ્ટ હૅન ટાને જણાવતાં ઉમેર્યું હતું કે ગઈકાલે અમેરિકી ફેડરલ રિઝર્વની છેલ્લી નીતિવિષયક બેઠકની મિનિટ્સમાં પણ તંગ નાણાનીતિનો સંકેત આપવામાં આવ્યો હોવાથી સોનામાં મોટી માત્રામાં સુધારાની શક્યતા મર્યાદિત થઈ ગઈ છે. વૈશ્વિક સ્તરે જ્યાં સુધી ભૂરાજકીય અનિશ્ચિતતાઓ રહેશે ત્યાં સુધી સોનામાં તેજીના ખેલાડીઓએ ઝઝૂમવું પડશે કેમ કે વ્યાજદરમાં વધારાની શક્યતાઓ રૂંધાતી રહેશે, એમ તેમણે ઉમેર્યું હતું.

BRIHANMUMBAI MAHANAGARPALIKA

વિભાગઃ ચીફ એન્જિનિયર (SWD)/ડે.ચી.એ. (M&E) SWD પ્રોજેક્ટસ

**ઈ-ટેન્ડર નોટીસ**

બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (BMC) નીચેના કામ માટે ઈ-ટેન્ડર મંગાવે છે.

| ઈ-ટેન્ડર નં. | કામનું વર્ણન | ઈ-ટેન્ડરની કિંમત | બીડ સુરક્ષા ડિપોઝીટ/ બારડી | પ્રારંભ તારીખ & સમય | અંતિમ તારીખ & સમય |
|---|---|---|---|---|---|
| ૨૦૨૬_MCGM_૧૩૦૪૬૫૯_૧ | ૦૭ વર્ષ (૧૬.૧૦.૨૦૨૬ થી ૧૫.૧૦.૨૦૨૬) માટે K/W વોર્ડમાં ગઝદર બંધ ખાતે સ્ટોર્મ વોટર પમ્પિંગ સ્ટેશનની વ્યાપક સંચાલન અને જાળવણી માટે સર્વિસોની જોગવાઈ | રૂ. ૩૩,૨૭૫/- + ૧૮% GST | રૂ. ૫૪,૭૦,૦૦૦/- | ૨૫/૦૫/૨૦૨૬ સ. ૧૧.૦૦ ક. થી | ૧૨/૦૬/૨૦૨૬ સાં. ૦૪.૦૦ ક. સુધી |

સંપર્ક માટે ઈ-મેલ ID: dyche01mne.swd@mcgm.gov.in

ઈ-ટેન્ડરની અન્ય વિગતો પાકતી તારીખથી ૨૨/૦૫/૨૦૨૬ સુધી BMC પોર્ટલ 'https://portal.mcgm.gov.in' & મહાટેન્ડર પોર્ટલ 'https://mahatenders.gov.in' પર પ્રદર્શિત કરાયેલ છે.

સહી/-

PRO/411/ADV./2026-27 E.E. (M & E) SWD પ્રોજેક્ટ-I

**પાણી બચાવો, પાણીનો દુવ્યર્ચ ટાળો.**

# માર્કેટ કેપમાં ₹ ૧.૦૬ લાખ કરોડનો વધારો

મુંબઇઃ શેરબજારમાં ગુરુવારના સત્રમાં ખાસ કરીને સર્વિસીસ, કેપિટલ ગુડ્સ અને ઈન્ડસ્ટ્રિયલ્સ ઈન્ડેક્સમાં સુધારો જોવા મળ્યો હતો, જ્યારે આઈટી, ફોકસ્ડ આઈટી અને મિડસ્મોલ પ્રાઈવેટ બેન્ક ઈન્ડેક્સમાં ઘટાડો રહ્યો હતો. સત્રને અંતે એક્સચેન્જના માર્કેટ કેપમાં રૂ.૧.૦૬ લાખ કરોડનો વધારો નોંધાયો હતો. ગુરુવારે સેન્સેક્સ બુધવારના ૭૫,૩૧૮.૩૯ પોઈન્ટના બંધની સરખામણીએ ૧૩૫.૦૩ પોઈન્ટ કે ૦.૧૮ ટકા ઘટ્યો હતો. ૩૦ શેરો ધરાવતો સેન્સેક્સ ૭૫,૭૩૨.૪૨ પોઈન્ટે ખૂલ્યો હતો, જે ઉપરમાં ૭૫,૯૪૫.૭૯ પોઈન્ટ સુધી ગયો હતો તથા નીચામાં ૭૪,૯૯૬.૭૮ પોઈન્ટ સુધી પહોંચ્યા બાદ અંતે ૭૫,૧૮૩.૩૬ બંધ રહ્યો હતો.

આજે માર્કેટ કેપિટલાઈઝેશન રૂ.૪૬૨.૧૧ લાખ કરોડ રહ્યું હતું, જે અગાઉના કારોબારી દિવસે રૂ.૪૬૧.૦૫ લાખ કરોડ હતું. આમ માર્કેટ કેપમાં રૂ.૧.૦૬ લાખ કરોડનો વધારો થયો હતો. એસએન્ડપી બીએસઈ સેન્સેક્સની ૧૩ કંપનીઓમાં વધારો થયો હતો જ્યારે ૧૭ કંપનીઓમાં ઘટાડો થયો હતો. બીએસઈ પર કુલ ૪,૩૬૨ સ્ક્રિપ્સમાં સોદા થયા હતા.

BRIHANMUMBAI MAHANAGARPALIKA

ACRS/૫૯૬૦/ AEM તા. ૨૧.૦૫.૨૦૨૬

**ક્વોટેશન નોટીસ**

R/સાઉથ વોર્ડના આસી. મ્યુનિસિપલ કમિશનર R/સાઉથ વોર્ડમાં કાંદિવલી (પૂર્વ)માં HBT દિનદયાળ ઉપાધ્યાય મેદાન, HBT પોઈસરની આસપાસ દેબ્રીસ દૂર કરવા અને કોન્ટ્રાક્ટ નાના રિપેર કામ (પ્લમ્બિંગ રિપેર વર્ક, વોટર ટેન્ક, ગેટ રિપેર વર્ક, વિન્ડો રિપેક વર્ક વગેરે) ફેન્સીંગ કામની નિમણૂક માટે સિલબંધ ક્વોટેશન્સ મંગાવે છે. ક્વોટેશન R/સાઉથ વોર્ડમાં કાંદિવલી (પૂર્વ)માં HBT દિનદયાળ ઉપાધ્યાય મેદાન HBT, પોઈસરની આસપાસ દેબ્રીસ દૂર કરવા અને કોન્ટ્રાક્ટ નાના રિપેર કામ (પ્લમ્બિંગ રિપેર વર્ક, વોટર ટેન્ક, ગેટ રિપેર વર્ક, વિન્ડો રિપેર વર્ક વગેરે) ફેન્સિંગ વર્કની ક્વોટેશન નિમણૂક તરીકે અને આસીસ્ટન્ટ મ્યુનિસિપલ કમિશનર R/સાઉથ વોર્ડને સંબોધીને સુપરસ્ક્રાઈબ કરવામાં આવશે.

| ક્ર. નં. | કામનું નામ | બાના રકમ ડિપોઝીટ (રૂ.) | સ્ક્રુટીની ફી (રૂ.) | નીચેની તા.થી ફોર્મનું વેચાણ શરૂ થશે | સુપ્રતિની પાકતી તારીખ |
|---|---|---|---|---|---|
| ૦૧ | R/સાઉથ વોર્ડમાં HBT દિનદયાળ ઉપાધ્યાય મેદાન HBT પોઈસર કાંદિવલી (પૂ)ની આસપાસ દેબ્રીસ દૂર કરવા અને કોન્ટ્રાક્ટ નાના રિપેર કામ (પ્લમ્બિંગ રિપેર વર્ક, વોટર ટેન્ક, ટેન્ક, ગેટ રિપેર વર્ક, વિન્ડો રિપેર વર્ક, વગેરે) ફેન્સિંગ વર્કની નિમણૂક | રૂ. ૧૨,૮૦૦/- | ૧૬૦૦/- + ૧૮% GST (૨૮૮/-) = કુલ રૂ. ૧૮૮૮/- | ૨૨.૦૫.૨૦૨૬ સં. ૧૧.૦૦ ક. થી ૨૯.૦૫.૨૦૨૬ બ. ૧.૦૦ ક. સુધી | ૨૯.૦૫.૨૦૨૬ બ. ૧.૦૦ ક. સુધી |

બ્લેન્ક ક્વોટેશન ફોર્મ, નિયમો અને શરતો સાથે, અરજી ફોર્મ રૂ. ૧૮૮૮/- ચૂકવણી પર ૨૨.૦૫.૨૦૨૬ @ સ. ૧૧.૦૦ ક.થી ૨૯.૦૫.૨૦૨૬ @ બ. ૧.૦૦ ક. સુધી ઉપરોક્ત સરનામે H.C. (Exp.) સુધી ખરીદી શકાય છે. (રજા સિવાય)

રોકડ/ ડિમાન્ડ ડ્રાફ્ટમાં રૂ. ૧૨,૮૦૦/- નો ક્વોટેશન ડિપોઝીટ (બારડી) ઉપરોક્ત દર્શાવેલ સરનામે સુપ્રતિ તારીખ પહેલા ચૂકવવી આવશ્યક છે. બારડી ડિપોઝીટ ચેકના રૂપમાં સ્વીકારવામાં આવશે નહીં. લેકર સીલબંધ અરજી ફોર્મ અને તમામ જરૂરી દસ્તાવેજો ૨૨.૦૫.૨૦૨૬ @ સ. ૧૧.૦૦ ક.થી ૨૯.૦૫.૨૦૨૬ @ બ. ૧.૦૦ ક. સુધી સ્વીકારવામાં આવશે.

યોગ્ય રીતે સીલ કરેલ ટેન્ડર્સ તા. ૨૯.૦૫.૨૦૨૬ના બ. ૦૧.૦૦ ક.માં સુપ્રત કરવાના રહેશે અને તેજ ૨૯.૦૫.૨૦૨૬ના બ. ૩.૦૦ ક. ખુલશે.

આસીસ્ટન્ટ કમિશનર R/સાઉથ વોર્ડ કોઈપણ કારણ આપ્યા વિના કોઈપણ અથવા તમામ ક્વોટેશન સ્વીકારવા અથવા નકારવાનો અધિકાર અનામત રાખે છે.

સહી/-

PRO/415/ADV./2026-27 આસી. કમિશનર R/S વોર્ડ

**પાણી બચાવો, પાણીનો દુવ્યર્ચ ટાળો**

# PUBLIC NOTICE પબ્લિક નોટીસ

## પશ્ચિમ રેલવે - અમદાવાદ ડિવિઝન

**પખવાડિક ટેન્ડર જાહેરાત**

**ટેન્ડર નોટીસ નં. એડીઆઈ/એસ/પી/ટેન્ડર પબ્લીકેશન/૨૦૨૬/૦૯ તા.૨૦.૦૫.૨૦૨૬**

ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી Sr.DMM અમદાવાદ સામગ્રીઓની આપૂર્તિ માટે નીચે જણાવેલ ઈલેક્ટ્રોનિક ઓપન ટેન્ડર આમંત્રિત કરે છે.

| અનું. નં. | સામગ્રીનું ટૂંકુ વર્ણન | જથ્થો | ટેન્ડર બંધ થવાની તારીખ |
|---|---|---|---|
| ૧. | PVC કેબલ સહિત ૧૪ મીટર લાંબો રેલ જમ્પર | ૧૨૦૦ સેટ્સ | ૨૪-૦૬-૨૦૨૬ |
| ૨. | ટ્રેક મશીન માટે પંપની પ્રાપ્તિ | ૦૩ નંગ | ૨૫-૦૬-૨૦૨૬ |

ખરીદીના નિયંત્રણો અને વિગતવાર ટેન્ડરની શરતો સમાવતી વિગતવાર ટેન્ડર નોટીસ અંગે કૃપા કરીને વેબસાઈટ www.ireps.gov.in ની મુલાકાત લેશો. મેન્યુઅલ ઓફરો ધ્યાનમાં લેવામાં આવશે નહીં. ADI-040

અમને લાઇક કરોઃ facebook.com/WesternRly • અમને ફોલો કરોઃ twitter.com/WesternRly

## મુંબઈ ખાતે ન્યાયાધિકારીની વડી અદાલતમાં ટેસ્ટામેન્ટરી એન્ડ ઈન્ટેસ્ટેટ હકુમત ૨૦૨૫ની પીટીશન નં. ૧૬૧

સ્વ. વાલીબેન ખેંગાર રાઠોડ, પરિણીત, મુંબઈના ભારતીય રહેવાસી, વ્યવસાયઃ ગૃહિણી, નિવાસસ્થાનઃ મુંબઈ, તેણીના અવસાન સમયે તેઓ ૧૧, ત્રિભુવન હાઉસિંગ સોસાયટી, ૨૧૪, હિંગવાલા લેન, ઘાટકોપર (પૂર્વ), મુંબઈ-૪૦૦૦૭૭ ખાતે રહેતા હતા. તેણીની માલિકીની મિલકત અને ક્રેડિટ સાથે જોડાયેલા વીલ સાથે વહીવટીના પત્રો માટેની અરજી.

....મરહુમ

ભારતી શાંતિલાલ ટાંક, વયઃ ૭૩ વર્ષ, મુંબઈના ભારતીય રહેવાસી, પરિણીત, નિવાસસ્થાનઃ મુંબઈ, વ્યવસાયઃ ગૃહિણી, ૧૧, ત્રિભુવન હાઉસિંગ સોસાયટી, ૨૧૪, હિંગવાલા લેન, ઘાટકોપર (પૂર્વ), મુંબઈ-૪૦૦૦૭૭ ખાતે રહેનાર ઉપરોકત નામવાળા મરહુમના છેલ્લા વીલ એન્ડ ટેસ્ટામેન્ટ હેઠળ નામ અપાયેલ સોલ લેગાટી હોઈ.

.... અરજદાર

**સાઈટેશન**

પ્રતિ,

(૧) શાંતાબાઈ મુરાર પરમાર (૨) નર્મદા નરસી સોલંકી (૩) લક્ષ્મી હીરાજી ચૌહાણ (કાયદેસરના વારસદારો ક્યાં છે તે ખબર નથી)

જો આપ ઉપરોક્ત નામ વાળા મરહુમની એસ્ટેટમાં કોઈપણ હિત ધરાવવાનો દાવો કરતા હોઈ તો આથી આપને આવવા અને જોડાયેલા વિલ સાથે વહીવટના પત્રોની મંજૂરી પહેલા કાર્યવાહી જોવા પ્રશસ્તિ છે.

જો આપ જોડાયેલા વિલ સાથે વહીવટના પત્રોની મંજૂરીનો વિરોધ કરવા ઈચ્છતા હોય તો આપે આ સાઈટેશન આપ પર બજાવ્યાની તારીખથી ૧૪ દિવસમાં પ્રોથોનોટરી એન્ડ સિનિયર માસ્ટરની ઓફિસમાં એક કેવિએટ નોંધાવી જોઈશે.

આથી આપને જાણ કરવામાં આવે છે કે લાયકાતની શરતો મુજબ સ્ટેટ લીગલ સર્વિસીઝ ઓથોરીટીઝ, હાઈ કોર્ટ લીગલ સર્વિસીઝ કમિટીઝ, ડિસ્ટ્રિક્ટ લીગલ સર્વિસીઝ ઓથોરિટીઝ તથા તાલુકા લીગલ સર્વિસીઝ કમિટીઝ પાસેથી નિઃશુલ્ક લીગલ સર્વિસીઝ આપની માટે ઉપલબ્ધ છે અને જો આપ લાયક ઠરશો અને ફ્રી લીગલ સર્વિસીઝનો લાભ લેવા ઈચ્છુક હશો તો તેવી બાબતમાં આપ ઉપરોક્ત લીગલ સર્વિસીઝ ઓથોરિટિઝ/કમિટીઝમાંથી કોઈપણનો સંપર્ક કરી શકો છો.

સાક્ષીઃ "શ્રી. શ્રી. ચંદ્રશેખર", ઉપરોક્ત જણાવેલ મુંબઈ ખાતેના મુખ્ય ન્યાયાધીશ, આજ તા. ૧લી એપ્રિલ, ૨૦૨૬.

સહી/-
પ્રોથોનોટરી એન્ડ સિનિયર માસ્ટર માટે
સીલર

સીલ

આજ તા. ૨૨મી મે, ૨૦૨૬

મિનલ એન.દોશી
અરજદારો માટેના એડવોકેટ્સ

## મુંબઈ સ્થિત બોમ્બે સિટી સિવિલ કોર્ટમાં ૨૦૨૫ના અમલીકરણ અરજી નં. ૧૯૩ ૨૦૦૦ના એસ.સી. સૂટ નં. ૮૩૫૮માં (૨૦૦૦ના ઉચ્ચ કોર્ટ સૂટ નં. ૨૨૦૨)

~~૧. જયંતિલાલ ભાણજી મૈંથિયા) બોમ્બે ભારતીય નિવાસી) રહેણાકઃ ફ્લેટ નં. એ-૭૩, ૭મો માળ, હાઈવે એપાર્ટમેન્ટ,) હિંદ સી.એચ.એસ. લિમિટેડ, ઈસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે,) સાયન, મુંબઈ ૪૦૦ ૦૨૨.)~~

૧ (એ) શ્રીમતી ચંદ્રા જયંતિલાલ મૈંથિયા) વિધવા, વયઃ ૮૫ વર્ષ.)

૧ (બ) શ્રી નીતિન જયંતિલાલ મૈંથિયા) પુત્ર, ૬૦ વર્ષ,) બંને રહેણાકઃ A-૭૩, હાઈવે એપાર્ટમેન્ટ્સ,) સાયન (પૂર્વ), મુંબઈ - ૪૦૦ ૦૨૨.)

1 (c) શ્રીમતી વિનયા કમલ ગણાત્રા) પરિણીત પુત્રી, વય 62 વર્ષ,) રહેણાકઃ પ્રશાંત, પહેલો માળ,) વાલજી લધા રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-400 080.)

2. શશીકાંત ભાણજી મૈંથિયા,) રહેણાકઃ 75-69, 13મી સ્ટ્રીટ, ફોરેસ્ટ હિલ્સ,) ન્યૂ યોર્ક - 11375.)

3. મહાલક્ષ્મી ઉર્ફે મીનાબેન માધવજી તન્ના,) બોમ્બે ભારતીય રહેવાસી) રહેણાકઃ 506-A, પ્રભુ એપાર્ટમેન્ટ, ૫મો માળ, રાજાવાડી,) ઘાટકોપર, મુંબઈ - 400 077.)

૪. શ્રીમતી વસુધા ઉર્ફે વસુંધરા શશિકાંત મૈંથિયા) યુનાઈટેડ સ્ટેટ ઓફ અમેરિકાનો એક હિંદુ રહેવાસી) રહેણાકઃ ૭૫/૬૯, ૧૧૩મી સ્ટ્રીટ, ક્વીન્સ, ફોરેસ્ટ હિલ્સ NY ૧૧૩૭૫, હાલમાં રહેણાકઃ ૪૫બી, નવ દરિયા મહેલ, ૮મો માળ, ૮૦ નેપિયન સી રોડ,) મુંબઈ - ૪૦૦ ૦૦૬.) ...વાદીઓ

-વિરુદ્ધ-

~~૧. મગનલાલ ભાણજી મૈંથિયા (બોમ્બે ભારતીય નિવાસી) રહેઠાણઃ ફ્લેટ નં. એ-૯૫, ૯મા માળે, હાઈવે એપાર્ટમેન્ટ,) હિંદ સી. એચ. એસ. લિ., ઈસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે, સાયન,) મુંબઈ - ૪૦૦ ૦૨૨.)~~

૨. રમેશકુમાર મગનલાલ મૈંથિયા (બોમ્બે ભારતીય નિવાસી) રહેઠાણઃ ફ્લેટ નં. એ-૯૫, ૯મા માળે, હાઈવે એપાર્ટમેન્ટ,) હિંદ સી. એચ. એસ. લિ., ઈસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે, સાયન,) મુંબઈ - ૪૦૦ ૦૨૨.)

૩. શીલા રમેશકુમાર મૈંથિયા (બોમ્બે ભારતીય નિવાસી) રહેઠાણઃ ફ્લેટ નં. એ-૯૫, ૯મા માળે, હાઈવે એપાર્ટમેન્ટ,) હિંદ સી. એચ. એસ. લિ., ઈસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે, સાયન,) મુંબઈ - ૪૦૦ ૦૨૨.)

૪. દેવબાલા ઉર્ફે દેવીબેન મગનલાલ મૈંથિયા) (બોમ્બે ભારતીય નિવાસી) રહેઠાણઃ ફ્લેટ નં. એ-૯૫, ૯મા માળે, હાઈવે એપાર્ટમેન્ટ,) હિંદ સી. એચ. એસ. લિ., ઈસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે, સાયન,) મુંબઈ - ૪૦૦ ૦૨૨.)

~~૫. જીતેન્દ્ર મગનલાલ મૈંથિયા )... (કાઢી નાખેલ) (બોમ્બે ભારતીય નિવાસી) રહેઠાણઃ ફ્લેટ નં. એ-૯૫, ૯મા માળે, હાઈવે એપાર્ટમેન્ટ,) હિંદ સી. એચ. એસ. લિ., ઈસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે, સાયન,) મુંબઈ - ૪૦૦ ૦૨૨.)~~

૫એ. શ્રીમતી. લતા જીતેન્દ્ર મૈંથિયા (બોમ્બે ભારતીય નિવાસી) રહેઠાણઃ ફ્લેટ નં. એ-૯૫, ૯મા માળે, હાઈવે એપાર્ટમેન્ટ,) હિંદ સી. એચ. એસ. લિ., ઈસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે, સાયન,) મુંબઈ - ૪૦૦ ૦૨૨.)

૫બી. શ્રીમતી નિધિ મનીષ વાડેકર (બોમ્બે ભારતીય નિવાસી) રહેઠાણઃ ફ્લેટ નં. એ-૯૫, ૯મા માળે, હાઈવે એપાર્ટમેન્ટ,) હિંદ સી. એચ. એસ. લિ., ઈસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે, સાયન,) મુંબઈ - ૪૦૦ ૦૨૨.)

~~૬. પુષ્પા મગનલાલ મૈંથિયા (બોમ્બે ભારતીય નિવાસી) રહેઠાણઃ ફ્લેટ નં. એ-૯૫, ૯મા માળે, હાઈવે એપાર્ટમેન્ટ,) હિંદ સી. એચ. એસ. લિ., ઈસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે, સાયન,) મુંબઈ - ૪૦૦ ૦૨૨.)~~

૬(એ). શ્રી મેહુલ ઠક્કર (બોમ્બે ભારતીય નિવાસી) રહેઠાણઃ એ-૯૬, હાઈવે એપાર્ટમેન્ટ્સ,) રોડ નં. ૨૯, સાયન (પૂર્વ)) મુંબઈ - ૪૦૦ ૦૨૨.)

૭. કાશ્મીરા અનિલ ભીડે (બોમ્બે ભારતીય નિવાસી) રહેઠાણઃ ફ્લેટ નં. ૭૪, બિલ્ડીંગ નં. ૧૭, યુનિટ ટ્રસ્ટ ઓફ ઈન્ડિયા,) ઓફિસર્સ કવાર્ટર્સ એમ. એચ. બી. કોલોની,) બાંદ્રા રિક્લેમેશન, બાંદ્રા (પશ્ચિમ), મુંબઈ.)

~~૮. શ્રીમતી વસુધા ઉર્ફે વસુંધરા શશિકાંત મૈંથિયા) રહેઠાણઃ 75/69, 113મી સ્ટ્રીટ, ક્વીન્સ ફોરેસ્ટ) હિલ્સ એનવાય 11375)~~ ...પ્રતિવાદીઓ

**બોમ્બે સિટી સિવિલ એન્ડ સેશન્સ કોર્ટ રૂલ્સ ૧૯૪૮ના નિયમ ૩૪૨ હેઠળ જપ્ત કરેલી મિલકત પર દાવા ધરાવતા તમામ સંબંધિત વ્યક્તિઓને નોટિસ**

૨૮ એપ્રિલ, ૨૦૨૬ના રોજ સ્થાવર મિલકતના વેચાણ માટેના વોરંટના અનુસંધાનમાં, શેરિફને ઉપરોક્ત નામાંકિત વાદીઓના કહેવા પર જાહેર હરાજી દ્વારા વેચાણ કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે;

ઉપરોક્ત નામાંકિત પ્રતિવાદીઓના હક, માલિકી અને હિત એટલે કે.

(a) ફ્લેટ નં. A-95, 9માં માળે, હાઈવે એપાર્ટમેન્ટ, હિંદ સી.એચ.એસ. લિમિટેડ, સાયન હિલ ગાર્ડન પાછળ, સાયન, મુંબઈ - 400 022 પર સ્થિત.

(b) ફ્લેટ નં. D-8, ગ્રાઉન્ડ ફ્લોર પર, હાઈવે એપાર્ટમેન્ટ, હિંદ સી.એચ.એસ. લિમિટેડ, સાયન હિલ ગાર્ડન પાછળ, સાયન, મુંબઈ - 400 022 પર સ્થિત.

(c) ફ્લેટ નં. A-93, 9માં માળે, હાઈવે એપાર્ટમેન્ટ, હિંદ સી.એચ.એસ. લિમિટેડ, સાયન હિલ ગાર્ડન પાછળ, સાયન, મુંબઈ - 400 022 પર સ્થિત.

ઉપરોક્ત મિલકત પર હકો ધરાવતા અથવા દાવાઓ વસૂલતા તમામ વ્યક્તિઓને સૂચના આપવામાં આવે છે (જપ્ત કરવા સામે વાંધો ઉઠાવવા અથવા તેને દૂર કરવાની માંગણી કરવા સિવાય), કે તેઓએ 29 જૂન, 2026ના રોજ અથવા તે પહેલાં, આ ઓફિસમાં આવા અધિકારો, હિતો, દાવાઓ અથવા ચાર્જિસના શપથ અથવા ગંભીર પ્રતિજ્ઞા દ્વારા ચકાસાયેલ સોગંદનામું રજૂ કરવું જોઈએ.

તારીખ 8 મે, 2026.

આપનો વિશ્વાસુ,

(શ્રીમતી શોનાલી કે. દિઘે)
કમિશનર ફોર ટેકિંગ એકાઉન્ટ્સ હાઈકોર્ટ, બોમ્બે
રૂમ નં. 505, 506, 511,
5મો માળ, વોકહાર્ટ, બિલ્ડીંગ નં. 5, જી. ટી. હોસ્પિટલ કમ્પાઉન્ડ,
એલ. ટી. માર્ગ, પોલીસ સ્ટેશનની સામે, બોમ્બે - 400 001.

નોંધઃ તમને આથી જાણ કરવામાં આવે છે કે રાજ્ય કાનૂની સેવા સત્તામંડળો, હાઇ કોર્ટ કાનૂની સેવા સમિતિઓ, જિલ્લા કાનૂની સેવા સત્તામંડળો અને તાલુકા કાનૂની સેવા સમિતિઓ તરફથી મફત કાનૂની સેવાઓ, પાત્રતા માપદંડો મુજબ તમારા માટે ઉપલબ્ધ છે અને જો તમે લાયક છો અને મફત કાનૂની સેવાઓ મેળવવા માંગતા હો, તો તમે ઉપરોક્ત કોઈપણ કાનૂની સેવા સત્તામંડળો/સમિતિઓનો સંપર્ક કરી શકો છો.

# થાણેની ભાજી માર્કેટની આગમાં બેનાં મોતઃ બે જખમી, ૧૫૫થી વધુ સ્ટોલને નુકસાન



(અમારા પ્રતિનિધિ તરફથી)

થાણેઃ રાજ્યના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેના હોમગ્રાઉન્ડ કહેવાતા થાણેની બજારમાં લાગેલી ભીષણ આગે બેનો ભોગ લીધો હતો. થાણે (પશ્ચિમ)માં રેલવે સ્ટેશન નજીક ગોખલે રોડ પર આવેલા ગાંવદેવી શાકભાજી માર્કેટમાં બુધવાર મોડી રાત બાદ ૧.૩૦થી ૧.૪૫ વાગ્યાની આસપાસ લાગેલી ભીષણ આગમાં સુરક્ષા રક્ષક અને ફાયર બ્રિગેડના જવાન સાગર શિંદેનું ગૂંગળાઈ જવાથી મૃત્યુ થયું હતું. જ્યારે બે અન્ય ફાયર કર્મચારીઓ ઘાયલ થયા હતા. સદ્નસીબે વહેલી સવારના આગ લાગી હોવાથી પાલિકાની વોર્ડ ઓફિસની સાથે જ માર્કેટ બંધ હોવાથી મોટી જાનહાનિ ટળી હતી.

આ આગમાં માર્કેટમાં રહેલા ૧૫૫ જેટલા સ્ટોલ બળીને ખાખ થઈ ગયા હતા. માર્કેટમાં રહેલા કપડા સહિતના અનેક સામાનને કારણે આગે ભીષણ સ્વરૂપ ધારણ કર્યું હતું અને આગને કારણે નીકળતી ભારે જ્વાળાઓ અને ગાઢ ધુમાડાને કારણે વિસ્તારમાં ગભરાટ ફેલાયો હતો. માર્કેટ બિલ્ડિંગમાં લાગેલી ભીષણ આગને પગલે ઘટના સ્થળે પાંચ ફાયર એન્જિન, ત્રણ જમ્બો વોટર ટેન્કર બે વોટર ટેન્કર, સહિત ચાર રેસ્ક્યુ વેહિકલ સહિત ખાનગી વોટર ટેન્કર પહોંચી ગયાં હતાં. માર્કેટમાં કપડા સહિત અનેક (જુઓ પાનું ૪) ▶▶

## એક વર્ષ પહેલાના ફાયર ઓડિટ રિપોર્ટની અવગણના ભારે પડી

(અમારા પ્રતિનિધિ તરફથી)

થાણેઃ થાણેમાં ભાજી માર્કેટમાં લાગેલી આગે બેનો ભોગ લીધો છે ત્યારે આ બહુમાળીય શાકભાજી માર્કેટનો એક વર્ષ પહેલા થયેલા ઓડિટ રિપોર્ટમાં સ્પષ્ટપણે જણાવવામાં આવ્યું હતું કે બિલ્ડિંગમાં કોઈ હોનારાત સર્જાય તો જીવ-બચાવવા માટે કોઈ પ્રકારના સુરક્ષાનાં સાધનો કે ઉપાયયોજના અહીં અમલમાં મૂકવામાં આવી નથી અને કટોકટીની સ્થિતિમાં મોટા પાયા પર જાન-માલનું નુકસાન થઈ શકે છે એવી ચેતવણી પણ આપવામાં આવી હતી. જો આ રિપોર્ટ મુજબ યોગ્ય પગલાં લેવામાં આવ્યા હોત તો ગુરુવારે (જુઓ પાનું ૪) ▶▶

## મૃતકોના પરિવારને ૧૦ લાખ

### અનુકંપાને ધોરણે મૃતકના પરિવારને પાલિકાની નોકરીમાં સમાવી લેવામાં આવશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

થાણેઃ થાણેની ગાંવદેવી ભાજી માર્કેટની આગમાં મૃત્યુ પામેલા બંનેના પરિવારજનોને ૧૦ લાખ રૂપિયા અને જખમીઓને એક લાખ રૂપિયાની આર્થિક મદદની જાહેરાત થાણે પાલિકા પ્રશાસન દ્વારા કરવામાં આવી છે. તેમ પહેલી જૂન સુધી તમામ ફેરિયાઓનું આ જ સ્થળે પુનર્વસન કરવામાં આવશે એવી જાહેરાત પણ પ્રશાસન દ્વારા કરવામાં આવી હતી.

ગુરુવારે વહેલી સવારના ગાવદેવી ભાજી માર્કેટમાં લાગેલી ભીષણ આગમાં થાણે પાલિકાના એક સુરક્ષા ગાર્ડ અને એક ફાયર (જુઓ પાનું ૪) ▶▶

### અધિકારીને સસ્પેન્ડ કરો

મળેલ માહિતી મુજબ આગ લાગ્યા બાદ અહીંના એક વેપારીએ દાદોજી કોંડદેવ સ્ટેડિયમ પાસે રહેલા ફાયર બ્રિગેડના કર્મચારીને જાણ કરી હતી પણ તેઓએ કોઈ હિલચાલ કરી નહોતી. અહીંનું જવાહરબાગ ફાયર બ્રિગેડ અન્ય સ્થળે ખસેડવામાં આવ્યું હોવાથી છેક બાળકુમથી ફાયરબ્રિગેડને આવતા અડધા કલાકથી વધુ સમય જતા આગ વધુ વકરી ગઈ હતી. ગાંવદેવી માર્કેટમાં રહેલી સુરક્ષા ખામી પ્રત્યે દુર્લક્ષ કરનારા આસિસ્ટન્ટ કમિશનરને સસ્પેન્ડ કરવાની માગણી રાજકીય સ્તરે થઈ રહી છે. ■

### બે ફાયરબ્રિગેડની ગાડી ઊભી કરાશે

ગયા વર્ષે આપેલા ફાયર ઓડિટ રિપોર્ટની અવગણાને પગલે થયેલી ભીષણ આગની દુર્ઘટના બાદ જાગેલી પાલિકા પ્રશાસને ગામદેવી ભાજી માર્કેટના ગાળાધારકોના પુનર્વસન કરવા પહેલા આ ઠેકાણે ફાયરસેફટી સિસ્ટમ બેસાડવાની તેમ જ સુરક્ષાની દૃષ્ટિએ ફાયરબ્રિગેડની બે ગાડીઓ નજીક આવેલા દાદા કોંડદેવ સ્ટેડિયમ પાસે ઊભી રહે તે દૃષ્ટિએ આયોજન કરવા બાબતે બે ત્રણ દિવસમાં નિર્ણય લેવામાં આવશે એવું થાણે કમિશનરે કહ્યું હતું. ■

### બિલ્ડિંગનું સ્ટ્રક્ચર ઓડિટ અને ફાયર ઓડિટ થશે

ભાજી માર્કેટના ૧૫૫ ગાળાધારકોના સ્ટોલ બળીને ખાખ થઈ ગયા હોઈ ગાળાધારકોનું એ જ ઠેકાણે પહેલી જૂન, ૨૦૨૬ સુધીમાં સ્થળાંતર કરવાનું આશ્વાસન પ્રશાસને આપ્યું છે. માર્કેટમાં સફાઈ થયા બાદ બિલ્ડિંગનું સ્ટ્રક્ચર ઓડિટ તેમ જ ફાયર ઓડિટ પણ કરવામાં આવવાનું છે. તેમ જ ભવિષ્યમાં આવી ઘટના બને તે દૃષ્ટિએ ઉપાયયોજના કરવા તેમ જ આપાતકાલીન, ફાયરબ્રિગેડ ડિપાર્ટમેન્ટના આ ઠેકાણે કામ કરનારા કર્મચારીઓના વીમા સંરક્ષણની રકમમાં વધારો કરવાનો નિર્ણય પણ લેવામાં આવ્યો છે. ■




૨૧ મે, ૨૦૨૬, ગુરુવાર, નાશિક જિલ્લામાં આંતરરાષ્ટ્રીય જૈવિક વિવિધતા દિવસની પૂર્વસંધ્યાએ, નાંદુર મધ્યમેશ્વર વન્યજીવન અભયારણ્યમાં એક નર પર્પલ સનબર્ડ તેના બચ્ચાઓને ખવડાવે છે.

## બાંદ્રા ગરીબ નગર ડિમોલિશન

# રેલવે મુસાફરોને મોટો ફાયદો

## ૫૦ નવી એક્સપ્રેસ ટ્રેનો

## બાંદ્રા ટર્મિનસનું વિસ્તરણ થશે?



બાંદ્રા રસ્તા રોકો વિરોધ દરમિયાન નાગરિકો પર લાઠીચાર્જ થયા બાદ આજે સતત ત્રીજા દિવસે પણ ડિમોલિશન ઝુંબેશ ચાલુ રહી. ગેરકાયદે મસ્જિદ તોડી પાડવાનો નાગરિકો વિરોધ કરી રહ્યા હતા. સતત બીજા દિવસે, પશ્ચિમ રેલ્વે અને બીએમસીના કર્મચારીઓએ સંયુક્ત રીતે બાંદ્રા પૂર્વના ગરીબ નગરમાં અતિક્રમણ વિરોધી ડિમોલિશન ઝુંબેશ હાથ ધરી હતી.

મુંબઈઃ પશ્ચિમ રેલવે દ્વારા બાંદ્રા પૂર્વમાં ગરીબનગરમાં અતિક્રમણ દૂર કરવા માટે ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. ગેરકાયદે રીતે રહેતા હજારો નાગરિકોએ આ સમયે પોતાનો રોષ વ્યક્ત કર્યો હતો. થોડા સમય માટે તણાવપૂર્ણ પરિસ્થિતિ પણ સર્જાઈ હતી અને પોલીસે પરિસ્થિતિને કાબૂમાં લેવી પડી હતી.

છેલ્લા ઘણા વર્ષોમાં આ અતિક્રમણો ઘણી વખત દૂર કરવામાં આવ્યા હતા. પરંતુ રેલવેની જમીન ખાલી રહેતા, સ્થાનિકો ફરીથી ત્યાં પોતાના ઝૂંપડા ઉભા કરી દેતા હતા. પરંતુ આ વખતે, પશ્ચિમ રેલવે બાંદ્રા રેલવે સ્ટેશનનું વિસ્તરણ થવા જઈ રહ્યું છે.

અતિક્રમણ દૂર કરવાની પ્રક્રિયા ૨૩ મે સુધીમાં પૂર્ણ કરવામાં આવશે. આ કાર્યવાહી પૂર્ણ થતાંની સાથે જ, સૌ પ્રથમ, ગરીબનગરમાં લગભગ ૫૩૦૦ ચોરસ મીટરના વિસ્તારની (જુઓ પાનું ૪) ▶▶

## લગભગ ૮૫% કામ પૂર્ણ

મુંબઈ : મુંબઈના બાંદ્રામાં ગરીબ નગર ખાતે અનધિકૃત બાંધકામ તોડી પાડવાની ઝુંબેશ ચાલી રહી છે, ત્યારે પશ્ચિમ રેલવેએ જણાવ્યું છે કે અત્યાર સુધીમાં ૮૫ ટકા કામ પૂર્ણ થઈ ગયું છે, અને ઉમેર્યું છે કે આ કામગીરી ''માનવતાવાદી અભિગમ'' સાથે સંવેદનશીલતાથી હાથ ધરવામાં આવી રહી છે. મીડિયા સાથે વાત કરતા, પશ્ચિમ રેલવેના જનસંપર્ક અધિકારી, વિનીત અભિષેકે જણાવ્યું હતું કે, ''ડિમોલિશનનું કામ સતત ચાલી રહ્યું છે અને આજે, લગભગ ૮૫% ડિમોલિશન પૂર્ણ થઈ ગયું છે.'' તેમણે એમ પણ ઉમેર્યું હતું કે આ સંવેદનશીલ મામલો હોવાથી અધિકારીઓ આ કામગીરીને કાળજીપૂર્વક સંભાળી રહ્યા છે. અધિકારીઓ ખાતરી કરી રહ્યા છે કે ભારે મશીનરીના ઉપયોગ દરમિયાન સલામતીના નિયમોનું પાલન કરવામાં આવે અને કોઈને મુશ્કેલી હોય તો તેમને મદદ કરવાનો પ્રયાસ કરી રહ્યા (જુઓ પાનું ૪) ▶▶

## પોલીસ પર હુમલા બાદ તોફાનીઓની ધરપકડ

મુંબઈઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે ગુરુવારે જણાવ્યું હતું કે બાંદ્રા પૂર્વ વિસ્તારમાં ચાલી રહેલા અતિક્રમણ હટાવ અભિયાન દરમિયાન લોકોએ પોલીસ પર પથ્થરમારો કરતા કેટલાક લોકોની ધરપકડ કરવામાં આવી હતી. સંવાદદાતાઓ સાથેની વાતચીતમાં સીએમએ જણાવ્યું હતું કે બુધવારે અતિક્રમણ વિરોધી ઝુંબેશ દરમિયાન કેટલાક લોકોએ પોલીસ પર પથ્થરમારો કર્યો હતો. પરિસ્થિતિ નિયંત્રણમાં લાવવામાં આવી હતી અને પથ્થરમારા કરનારાઓની ધરપકડ કરવામાં આવી હતી.

મુંબઈ હાઈ કોર્ટના નિર્દેશોને અનુસરીને પશ્ચિમ રેલવે બાંદ્રા રેલવે સ્ટેશનની પૂર્વ બાજુએ આવેલી ગરીબ નગર ઝૂંપડપટ્ટીમાં લગભગ ૫૦૦ ગેરકાયદે બાંધકામો ધરાવતા વિસ્તારમાં એક મોટા પાયે અતિક્રમણ વિરોધી ઝુંબેશ ચલાવી રહી છે.

બુધવારે અધિકારીઓએ કથિત સ્વરૂપે એક ગેરકાયદેસર મસ્જિદ તોડી પાડ્યા બાદ પથ્થરમારા દરમિયાન ત્રણ પોલીસ કર્મચારીને ઈજા થઈ હતી. હિંસાના બનાવ અંગે ૧૦ લોકોની ધરપકડ કરવામાં આવી હતી. (પીટીઆઈ) ■

## વારકરી સંપ્રદાયના અગ્રણીઓ વિરુદ્ધ ટિપ્પણીઃ એનસીપી (એસપી)ના પ્રવક્તાની ધરપકડ

પુણેઃ વારકરી સંપ્રદાયના કેટલાક આધ્યાત્મિક અગ્રણીઓ વિરુદ્ધ વિવાદાસ્પદ ટિપ્પણી કરવા બદલ ગુરુવારે પુણેમાં એનસીપી (એસપી) ના પ્રવક્તા વિકાસ લવાંડેની ધરપકડ કરવામાં આવી હોવાનું અધિકારીઓએ જણાવ્યું હતું. લવાંડેને ૨૦ મે સુધી કોર્ટ તરફથી વચગાળાનું રક્ષણ મળ્યું હતું. તેમણે દાવો કર્યો હતો કે તેમની વિરુદ્ધ કોઈ પુરાવા ન હોવા છતાં તેમને કસ્ટડીમાં લેવામાં આવ્યા હતા.

વારકરી સંપ્રદાયના કેટલાક આધ્યાત્મિક અગ્રણીઓને નિશાન બનાવવા બદલ પુણેના વાઘોલી પોલીસ સ્ટેશનમાં લવાંડે વિરુદ્ધ ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. લવાંડેએ સંપ્રદાયના કેટલાક આધ્યાત્મિક અગ્રણીઓ અને સભ્યોને ઘૂસણખોર ગણાવતા તીખી પ્રતિક્રિયાઓ આપી હતી.

એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે 'અદાલત દ્વારા આપવામાં આવેલી વચગાળાની સુરક્ષા બુધવારે પૂરી થયા બાદ લવાંડેની ધરપકડ કરવામાં આવી છે.'નવમી મેના દિવસે કીર્તનકાર સંગ્રામ ભંડારે અને તેમના અનુયાયીઓએ પુણે જિલ્લાના મ્હાતોબાચી આળંદીમાં લવાંડેએ કરેલી ટિપ્પણીઓ પર કથિત રીતે કાળી શાહી રેડી હતી. 'વારકરી' શબ્દનો ઉપયોગ પંઢરપુરના ભગવાન વિઠ્ઠલના ભક્તો માટે થાય છે જેઓ વાર્ષિક યાત્રાધામ પગપાળા આ મંદિર નગરીમાં જાય છે. (પીટીઆઈ)

## મહારાષ્ટ્ર પર અલ નીનોનું મોટું સંકટઃ ફડણવીસ

મુંબઈઃ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસની અધ્યક્ષતામાં ગુરવારે મળેલી મહત્ત્વની બેઠક બાદ તેમણે કૃષિ ક્ષેત્ર પરના સંભવિત સંકટ અને તેના ઉપાયો અંગે માહિતી આપી હતી. ખરીફ પાકની મોસમમાં ખેડૂતોને પૈસાની તંગી ન પડે તે માટે બેંકોને સૂચના આપવામાં આવી છે, તેમજ ખેડૂતોની દેવામાફી ૩૦ જૂન સુધીમાં કરી દેવામાં આવશે એમ તેમણે જણાવ્યું હતું. આ પ્રસંગે મુખ્ય પ્રધાને અલ નિનોના સંભવિત ખતરા અંગે પણ ચિંતા (જુઓ પાનું ૪) ▶▶

કેરાલા
કુર્ગ
ઉટી
આંદમાન
•••• મહારાજ સાથે ••••
Heena Tours & Travels
9833515645 / 8104068685

## કચરાના બલ્ક જનરેટર માટે રજિસ્ટ્રેશન, સેગ્રીગેશન અને યુઝર ચાર્જિસ ફરજિયાત થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈમાં કચરાની સમસ્યા વધુ ગંભીર બની રહી છે ત્યારે મુંબઈ મહાનગરપાલિકાએ સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ (એસડબ્યુએમ) નિયમ ૨૦૨૬ હેઠળ ફરજિયાત રીતે કચરાનું ચાર શ્રેણીમાં વિભાજન કરવાનું અમલમાં લાવીને જથ્થાબંધ કચરાનું ઉત્પાદન કરનારા (બલ્ક વેસ્ટ જનરેટર) પર કડક કાર્યવાહી કરવા તરફ પગલું ભર્યું છે. રહેણાંક સોસાયટીઓ, મૉલ, (જુઓ પાનું ૪) ▶▶

### કોણ બલ્ક જનરેટરમાં આવે છે?

પાલિકાના અધિકારીને જણાવ્યું હતું કે ૨૦,૦૦૦ ચોરસ મીટરથી વધુ બિલ્ટ અપ વિસ્તાર, દરરોજ ૧૦૦ કિલોથી વધુ કચરાનું (જુઓ પાનું ૪) ▶▶

### મુંબઈગરાને ચુકવવી પડશે યુઝર ફી

સુધારેલા નિયમો હેઠળ પાલિકાએ બલ્ક વેસ્ટ જનરેટર (બીડબ્યુજી) ને કચરાના પરિવહન માટે થર્ડ પાર્ટી એજેન્સીનો ઉપયોગ કરવા પર પ્રતિબંધિત મુકયો છે, જેનાથી સ્થળ પર ભીના કચરાની પ્રક્રિયા (જુઓ પાનું ૪) ▶▶

## પાક લોન માટે સીબીલ સ્કોર આવશ્યક નહીંઃ ફડણવીસ

મુંબઈઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે ગુરવારે જણાવ્યું હતું કે બૅન્કોને પાક લોન માટેની મંજૂરીને ખેડૂતોના 'સિબિલ સ્કોર (ખેડૂતની લોન ચુકવવાની ક્ષમતા) સાથે ન જોડવા માટે કહેવામાં આવ્યું છે. આગામી ખરીફ પાક સિઝનની તૈયારીઓની સમીક્ષા કરવા માટે યોજાયેલી બેઠક બાદ તેમણે ખેડૂતોને વધારાના ઉત્પાદનો ખરીદવા માટે દબાણ કરનારા ખાતર ડીલરો સામે કડક કાર્યવાહી કરવાની ચેતવણી પણ આપી.

મુખ્ય પ્રધાને જણાવ્યું હતું કે 'મુખ્યાલયથી લઈને શાખા સ્તર સુધી દરેક બૅન્કને કહેવામાં આવ્યું છે કે પાક લોનને સિબીલ શરતો સાથે જોડવી જોઈએ નહીં. રિઝર્વ બૅન્કના અધિકારીઓએ પણ આ વાતની પુષ્ટિ કરી છે. સિબિલ સ્કોર મુદ્દાઓને કારણે કોઈપણ ખેડૂતની હેરાનગતિ ન થવી જોઈએ.' નાણાકીય સંસ્થાઓ દ્વારા વ્યક્તિની લોન ચૂકવવાની ક્ષમતા માપવા સિબિલ સ્કોરનો ઉપયોગ કરવામાં આવે છે.

ફડણવીસે વધુમાં જણાવ્યું હતું કે (જુઓ પાનું ૪) ▶▶

## વલસાડના પ્રેમીને પતિ સાથે મળીને પતાવ્યો

### ૨૪ કલાકમાં દંપતી પકડાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વલસાડ જિલ્લાના ઉમરગામ ખાતે રહેતા પ્રેમીને તલાસરીના ડેમ નજીક બોલાવી પત્નીએ પતિની મદદથી પતાવી નાખ્યો હોવાની ઘટના સામે આવી હતી. મૃતદેહ મળ્યાના ૨૪ કલાકમાં જ પોલીસે આરોપી દંપતીની ધરપકડ કરી હતી. પાલઘર જિલ્લાના તલાસરી પોલીસ સ્ટેશનની હદમાંથી બુધવારે ઈતનેશભાઈ (જુઓ પાનું ૪) ▶▶

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

## ગોવામાં મહિલાની આંખો ફોડી કરપીણ હત્યા કરનારો ઘોડબંદર રોડ પરથી પકડાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ગોવામાં લગ્ન આડે આવતી યુવતીની માતાની નિર્દયતાથી હત્યા કરી ફરાર થયેલા આરોપીને મીરા-ભાયંદર વસઈ-વિરાર પોલીસની ક્રાઈમ બ્રાન્ચે ઘોડબંદર રોડ પરથી પકડી પાડ્યો હતો. આરોપીએ તીક્ષ્ણ હથિયારથી હુમલો કરીને મહિલાની બન્ને આંખો ફોડી નાખી હતી અને પછી લૂંટ ચલાવી હતી. ગોવાના મુખ્ય પ્રધાનના મતદાર ક્ષેત્રમાં બનેલી આ ઘટનાએ ભારે ચકચાર ફેલાવી હતી.

ક્રાઈમ બ્રાન્ચ યુનિટ-૪ના ઇન્ચાર્જ ઇન્સ્પેક્ટર પ્રમોદ બડાખની ટીમે પકડી (જુઓ પાનું ૪) ▶▶

## વિધાન પરિષદમાં બેઠકોની વહેંચણી ફાઈનલ

### ભાજપના ફાળે સૌથી વધુ બેઠકો, અમુક સ્થાનો પર અદલાબદલી સંભવ

મુંબઈઃ રાજ્યની ૧૭ બેઠકો માટે યોજાનારી વિધાન પરિષદની ચૂંટણી માટે મહાયુતિની બેઠક વહેંચણીની ફોર્મ્યુલા નક્કી થઈ ગઈ હોવાની માહિતી સૂત્રો દ્વારા મળી છે. પ્રાથમિક માહિતી અનુસાર, ભાજપના ફાળે સૌથી વધુ એટલે કે ૧૨ બેઠકો, શિવસેનાને ૩ બેઠકો જ્યારે રાષ્ટ્રવાદી કૉંગ્રેસ (એનસીપી) ને બે બેઠકો મળશે. મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ અને બંને નાયબ મુખ્ય પ્રધાનોની બેઠકમાં આ બેઠક વહેંચણી પર અંતિમ મહોર મારવામાં આવશે તેવી માહિતી મળી રહી છે. વિધાન પરિષદની ૧૭ બેઠકો માટે ૧૮ જૂનના રોજ મતદાન થવાનું છે, જ્યારે (જુઓ પાનું ૪) ▶▶

## મરાઠા યુવાનો માટે સરકારનો મોટો નિર્ણય

મુંબઈઃ મરાઠા સમાજના યુવાનો માટે રાજ્ય સરકાર દ્વારા મોટો રાહત આપનારો નિર્ણય લેવામાં આવ્યો છે. મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસના નેતૃત્વ હેઠળ અણ્ણાસાહેબ પાટીલ આર્થિક પછાત વિકાસ મહામંડળ માટે ૧૫૦ કરોડ રૂપિયાનું ભંડોળ વિતરિત કરવામાં આવ્યું છે. આ અગાઉ ૨૦૨૫-૨૬ના (જુઓ પાનું ૪) ▶▶

Cool સમર Cool માથેરાન


• રિસોર્ટ તેમજ રૂમમાં ફ્રિ Wi-Fi • લકઝરિયસ રૂમ • સ્વાદિષ્ટ ભોજન
• વિશાળ સ્વિમિંગ પુલ • પુલ સાઈડ યાદગાર સાંજનો માહોલ • રેઈનફોરેસ્ટમાં ઝુમી ઉઠસો
USHA ASCOT SM
Booking: 022 - 69314433
Matheran: +91 9637275605
Nr. Jain Temple, Matheran
booking@ushaascot.com | ushaascot.com
Booking Office Sunday Open
marisha

"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. RNI Registration No. 1563/1957. ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ samachar.bombay@gmail.com ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. R.N.I. No. 1563/1957.